દાસત્વમૂર્તિ

સદ્.શ્રીશુકાનંદસ્વામી કૃત

ગ્રંથાદિ



:: પ્રકાશક ::

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

INDEX

દાસત્વમૂર્તિ

સદ્.શ્રીશુકાનંદસ્વામી કૃત

ગ્રંથાદિ

INDEX

દાસત્વમૂર્તિ

સદ્.શ્રીશુકાનંદસ્વામી કૃત ગ્રંથાદિ

પ્રેરક : પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી

સંશોધક : સંશોધન સમિતી

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સંવત્ ૨૦૭૦, અષાઢ સુદ ગુરુપૂર્ણિમા, તા.૧૨/૭/૧૪

આર્થિક સહયોગ : **શ્રીસ્વામિનારાયણ ભગવાન, દેવો તથા ગુરુજનોની પ્રસન્નતાર્થે એક હરિભક્ત**

આવૃત્તિ : પહેલી

પ્રત : ૩૦૦૦

કિંમત : રૂા. ૬૦/-


ISBN : 978-93-83456-58-1

: પ્રાપ્તિસ્થાન :

- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧ / ૨
- **વડોદરા** : શ્રીસ્વા.ના. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વા. મં. 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર સમાજની વાડીની
  સામે, વેડ રોડ. રમેશભાઈ જેતાણી મો.૯૬૦૧૨ ૯૧૨૫૨



શ્રીહરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ



સદ્.શ્રીગોપાળાનંદસ્વામી

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી...

ગામ .... **તા.**.............................. **જિ.** ....

પરાત્પર શ્રીપુરુષોત્તમનારાયણના અતિશય કૃપાપાત્ર વિદ્વાન હોવા છતાં દાસત્વમૂર્તિ સદ્.શ્રીશુકાનંદસ્વામી રચિત આ નાના ગ્રંથો અને વાતો આપણા દોષો મિટાવે, અજ્ઞાન હટાવે અને શ્રીજી-સંતમાં સ્નેહ પ્રગટાવે એવા અનુપમ છે.

આ સદ્ગ્રંથ આપ તથા આપના પરિવારજનોને સંસ્કાર, સદ્ગુણ અને ભક્તિભીના કરે તથા શ્રીહરિ અને સંતો-ભક્તોની પ્રસન્નતાનું પાત્ર બનાવે એવી શુભેચ્છા સહ સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

તારીખ ....

સમર્પણ

સદ્.શ્રીગોપાળાનંદસ્વામી આદિક મોટા સંતોની મરજીના

મરજીવા સંત, દાસત્વમૂર્તિ, ત્યાગ-વૈરાગ્યમૂર્તિ,

નિષ્કામતાની મૂર્તિ, સેવા-શ્રદ્ધાની મૂર્તિ,

વિનય-વિવેક તથા નમ્રતાની મૂર્તિ અને

આજીવન શ્રીહરિ અને સંતો પ્રત્યેનો

મહિમા, સુહૃદ્ભાવ, નિર્દોષભાવ અને

આત્મીયતાનો રંગ સદા ચડતો ને ચડતો જ

રાખનાર એવા

મહામુક્તરાજ સદ્.શ્રીશુકાનંદસ્વામીના

કરકમળોમાં એમના જ રચેલા આ ગ્રંથાદિ સમર્પણ કરી

અમે ધન્યતા અનુભવીએ છીએ.

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ

કુંડળધામ

પ્રસ્તાવના

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં આજીવન દાસત્વના દસ્તાવેજ જેવી જિંદગી જીવનાર સિદ્ધહસ્ત લેખક, વિદ્વાન અને શ્રીહરિના જમણા હાથનું બિરુદ પ્રાપ્ત કરનાર સંતવર્ય સદ્ગુરુ શ્રીશુકાનંદસ્વામી શ્રીજીમહારાજનું અતિ પ્રિય પાત્ર હતા. શ્રીહરિની માળાના મણકા તથા હૃદયસમાન વહાલા હતા.

તેમની વિદ્વત્તા, સાધુતા અને લેખનશૈલીથી શ્રીહરિ તેમના ઉપર સદા પ્રસન્ન રહેતા. તેથી જ મહારાજે અક્ષરઓરડીની બાજુમાં જ તેમને ઓરડી આપેલી. સ્વામીએ સતત શ્રીહરિનાં પ્રાયઃ પત્રોનું તથા ગ્રંથોનું લેખનકાર્ય કર્યું છે. તેમની આવી નિઃસ્વાર્થ, નિખાલસ સેવા-પ્રવૃત્તિથી પ્રસન્ન થઈને એકવાર શ્રીહરિ સભામાં સ્વામીનો હાથ ઊંચો કરીને બોલેલા, “કોઈ ધારણાં-પારણાં કરે, કોઈ ચાંદ્રાયણ કરે પણ આ શુકમુનિ તુલ્ય થાય નહીં.” ટૂંકમાં સ્વામીએ સાધુતામય જીવન સફળ કર્યું. અને શ્રીજી-સંતોનો અનેક વાર અનેક રીતે અઢળક રાજીપો પ્રાપ્ત કર્યો છે. કોઈવાર મોજમાં આવી મહારાજ કહેતા કે, “અમને ડભાણની ત્રણ વસ્તુ બહુ ગમે : આ શુકમુનિ, આંબો અને બળદ.”

સદ્.શ્રીશુકાનંદસ્વામી દેહાતીત સ્થિતિવાળા હોવા છતાં આપણને શીખવવા દેહાધ્યાસ ટાળવાના નિમિત્તે સતત ૧૨ વર્ષ સુધી શરીરમાં મંદવાડને સ્થાન આપ્યું હતું. સ્વામીશ્રીનું જીવન સમુદ્ર નજીક પહોંચેલા ગંગાના પ્રવાહની જેમ અતિ ગહેરું અને નિર્મળ હતું. તે સાચું સમર્પણ, શુદ્ધ પ્રેમ, દૃઢ નિષ્ઠા અને શ્રીજીમહારાજનું કર્તાપણું સ્વીકારી મોટાની મરજીના મરજીવા બનીને વહેવાનું આપણને શીખવે છે.

શ્રીજીમહારાજ તથા સદ્.શ્રીગોપાળાનંદસ્વામી ધામમાં ગયા પછી આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે શ્રીશુકમુનિને સદ્ગુરુની પદવી આપી હતી. પછી તેઓ વાતો કરી સંતો તથા સત્સંગીઓને અપૂર્વ બળ આપતા. સાહિત્યક્ષેત્રે તેમણે સંસ્કૃતમાં અને ગુજરાતીમાં ઘણા ગ્રંથો રચ્યા છે. તે પૈકી પ્રાયઃ જેટલા પ્રાપ્ત થયા તેમાથી સંસ્કૃત અને ગુજરાતી ગ્રંથોનો આમાં સમાવેશ કરેલો છે. જેમ સ્વામીનું જીવન પરાભક્તિથી, મહિમાથી, સમર્પણથી અને નિર્વિકલ્પ નિશ્ચયથી સુંગધિત થઈ સુખ-શાંતિની ફોરમ લહેરાવે છે, તેમ જ તેમણે રચેલું સાહિત્ય પણ આપણા અંતરમાં સદ્ગુણોની સુંગધ ફેલાવે અને અનુભવી ભોમિયાની ગરજ સારે એવું છે.

સ્વામીએ વચનામૃત, વેદરસ, દેશવિભાગનો લેખ, ખગોળ-ભૂગોળનો ખરડો તથા અનેક પત્રો લખ્યાં છે. અને વાર્તાપ્રસંગ, દેહોત્સવલીલાનો ખરડો તે ગુજરાતી ગ્રંથ છે. તેમજ સત્સંગિજીવન આદિ સંસ્કૃત ગ્રંથો ઉપર ટીકાઓ પણ કરી છે. તથા દશમસ્કંધ, વેદસ્તુતિ, શ્રીવાસુદેવવિમલામૃતધામ...સ્તોત્ર એ આદિકની ગુજરાતી ટીકા કરી છે. તે તો શ્રીજીમહારાજનો અતિશય મહિમા સમજાવનારી અને રહસ્યપૂર્ણ છે. અને પ્રાર્થનામાળા, બુદ્ધિપ્રદિપ વિગેરે ગ્રંથો પોતે સંસ્કૃત રચી અને ગુજરાતી અનુવાદ પણ પોતે જ કર્યો છે.

આ રીતે સદ્.શ્રીશુકાનંદસ્વામીનો સાહિત્યક્ષેત્રે બહુ મોટો ફાળો છે.

બુદ્ધિપ્રદીપ : આ સંસ્કૃત ગ્રંથ શુભાશુભ દેશકાળાદિક સેવનની વિગત સમજાવે છે. તે ગ્રંથનું ગુજરાતી પણ પોતે જ ખૂબ સરસ અને સરળ ભાષામાં કર્યું છે.

શ્રીહરિસ્વરૂપજ્ઞાનદીપ : આ ગ્રંથમાં સ્વામીએ મહારાજનાં અસાધારણ તેર લક્ષણોની વિગત સહિત વાત કરી છે.

પ્રાર્થનામાળા : આ ગ્રંથમાં મહારાજને કેવી તથા કેવી રીતે પ્રાર્થના કરવી ? તે સમજાવ્યું છે.

વાર્તા-વિવેક : આ ગ્રંથમાં સંતોએ બીજા સંતો સાથે અને હરિભક્તો સાથે કેવી રીતે અને શું શું વાતો કરવી તેની સમજ આપેલી છે.

વિશ્વમંગલસ્તોત્ર : આ ગ્રંથમાં જનમંગલસ્તોત્રની જેમ મહારાજનાં મુખ્ય મુખ્ય ગુણ, પ્રતાપ અને કાર્યને અનુરૂપ શ્રીહરિનાં ૧૦૮ નામ લખેલાં છે. તેનો પાઠ અંતરમાં શાંતિ આપે છે.

આવા ઘણા ગ્રંથો નાના છતાં અભ્યાસ કરવા જેવા છે. તેમાં અમુક ગ્રંથો સંસ્કૃત મુળમાત્ર છે. તેનો સહુ ભક્તો આસ્વાદ માણી શકે તેવા હેતુથી ગુજરાતી ભાવાનુવાદ પણ મૂક્યો છે. તેમાં કાંઈક ક્ષતી જણાય તો નીર-ક્ષીર ન્યાયે વાંચવા વિનંતી છે.

આ ગ્રંથોની પ્રાયઃ હસ્તપ્રતો અમને વડતાલ સાધુસમાજની લાયબ્રેરીમાંથી મળી હતી. તે ઉપરથી આ **"સદ્.શ્રીશુકાનંદસ્વામી કૃત ગ્રંથાદિ"** પુસ્તક શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે. આ સાહિત્યસેવાથી શ્રીહરિ તથા સત્સંગપ્રેમી સર્વે નાના-મોટા સંતો-ભક્તો અમારા ઉપર પ્રસન્ન થાય એ જ અભ્યર્થના સહ...

- *લિ. સ્વામી જ્ઞાનજીવનદાસના*
અતિ ભાવથી જય સ્વામિનારાયણ



સદ્. શ્રીશુકાનંદસ્વામીનું જીવનકવન

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયના મુખ્ય ગ્રંથ વચનામૃત કા.૩માં જેની પ્રશંસા કરતાં શ્રીમુખે કહ્યું છે કે, **“આ શુકમુનિ તો બહુ મોટા સાધુ છે. અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એમનો ચડતો ને ચડતો રંગ છે, પણ મંદ પડતો નથી. માટે એ તો મુક્તાનંદસ્વામી જેવા છે.”**

શ્રીહરિના જમણા હાથનું બિરુદ પ્રાપ્ત કરનાર સદ્.શ્રીશુકમુનિને યોગીરાજ સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ “ॐश्रीशुकानंदमुनीन्द्राय नमः” આ મંત્ર દ્વારા મહાપૂજામાં સ્થાન આપી यावत् चंद्रदिवाकरौ ગૌરવવંતા બનાવ્યા છે. સંપ્રદાયના ઈતિહાસમાં આજીવન દાસત્વના દસ્તાવેજ જેવી જિંદગી જીવનાર સદ્ગુરુવર્ય શ્રીશુકાનંદસ્વામી, મહારાજના અતિ વહાલા સંતોમાંનું એક પ્રિયપાત્ર હતા. તે વાત આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ શ્રીહરિલીલામૃત ગ્રંથના પ્રારંભમાં વંદના કરતાં કહે છે -

શિખરિણી : સદા શ્રીજી પાસે, રહી રહી રહસ્યો સુણી લિધાં,
દયા આણી વાણી, વદિ સુજનને જ્ઞાન જ દિધાં;
સદા શાંતાકારં, મહત ગુણવંતં મુનિવરં,
શુકાનંદસ્વામી, પ્રણમું પ્રતિપન્ન પ્રિયકરં.

જેમણે સદા શ્રીહરિની સાથે રહી તેમના અંતરનો હૃદ્‌ગત અભિપ્રાય જાણ્યો હતો. પછી એ બધાં રહસ્યો દયા આણી સારા સારા સંતો-ભક્તોને જેણે ખૂબ સમજાવ્યાં. અર્થાત્ જીવનપર્યંત જેણે કથાવાર્તા કરી શ્રીહરિના ગુણો ગાયા, સાંભળ્યા અને સત્સંગનું ખૂબ પોષણ કર્યું હતું. વળી, જેઓ માન-અપમાનમાં સદા શાંત રહ્યા હતા. જેમના જીવનમાં હર્ષ અને શોકની એડકી આવી નહિ અને જેમણે પોતાને શરણે આવેલાનું સદા પ્રિય કર્યું છે, એવા મોટા-મોટા સદ્‌ગુણોના નિધિ સમાન સદ્.શ્રીશુકાનંદસ્વામીને અમારા વંદન છે.

પરોક્ષને પ્રસન્ન કરવા તે બહુ કઠણ કામ નથી. કેમ જે, તેમાં અહંને ઘસારો આવતો નથી. પરંતુ પ્રગટ હરિ કે પ્રગટ સંતને પ્રસન્ન કરવા તે કામ ઘણું કઠણ છે. કેમ જે, **પ્રગટને રાજી કરવામાં અહં અને આસક્તિ બંને છોડવાં પડે છે.** (સદ્.શ્રીશુકાનંદસ્વામી આ બંને દોષથી મુક્ત હતા. માટે) પુરુષોત્તમનારાયણના પરમહંસોમાંનું એક અતિ પ્રિય પાત્ર હતા. એવા આ સદ્.શ્રીશુકાનંદસ્વામીનો જન્મ ક્યાં થયો હતો? તેમના માતા-પિતાનું નામ શું હતું ? કેવી રીતે દીક્ષા લીધી ? કેવી રીતે અને ક્યાં તેઓ ધામમાં ગયા ? તે હવે ટૂંકમાં જોઈએ.

❋ જન્મ પરિચય તથા સંતસેવા ...

દોહા : ધન્ય ધન્ય ગુજરાતને, ધન્ય ધન્ય ડભાણ ગામ;
ધન્ય ધન્ય બ્રાહ્મણ કુળને, ધન્ય જગન્નાથ નામ...૦૧
ધન્ય ધન્ય માતા સદાબા, ધન્ય પિતા પ્રભાશંકર;
એમને આંગણ જનમ્યા, શુકમુનિ અતિ સુંદર...૦૨

જેઓ પૂર્વજન્મમાં વ્યાસ ભગવાનના પુત્ર શુકદેવજી હતા. જેમણે ભાગવતની કથા સંભળાવી સાત દિવસમાં પરીક્ષિત રાજાનો મોક્ષ કર્યો હતો. આવા સિદ્ધયોગી શુકમુનિનો જન્મ ગુજરાત પ્રાંતમાં ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ડભાણ ગામે બ્રાહ્મણ કુળમાં થયો હતો. તેમની માતાનું નામ સદાબા હતું. પિતાનું નામ પ્રભાશંકર હતું.

આ સદાબા મૂળ વડોદરાનાં હતાં. તેમના લગ્ન ડભાણના પ્રભાશંકરભાઈ સાથે થયા હતા. આ બંને દંપતિ પરમાત્માના પરમ ભક્ત અને સંતપ્રેમી હતાં. નિત્ય લાલજીની પૂજા કરતાં હતાં. ભિક્ષાવૃત્તિ કરીને જીવન નિર્વાહ કરતાં હતાં. ડભાણના ઘણા પટેલો બ્રાહ્મણોમાં ખૂબ શ્રદ્ધા રાખનારાં હતાં. તે પૈકીના એક બ્રાહ્મણપ્રિય જેસંગ પટેલે પ્રભાશંકરભાઈને એક આંબો દાનમાં આપ્યો હતો. તેથી તે આંબાને જ્યારે કેરીઓ આવે ત્યારે પ્રભાશંકરભાઈ કેરીઓને ઘેર લાવે. તે કેરીનો રસ કાઢી સદાબા લાલજીને થાળ ધરાવે ને ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરતાં કહે,

ચોપાઈ : આવો નાથ પ્રગટ ભગવંત રે, આવો પ્યારા પ્રભુજીના સંત રે;
આવી રસ જમો તો કેવું સારું રે, થાય હૈયું અતિ ટાઢું મારું રે..૦૩

અંતરના ઊંડાણથી થયેલી પ્રાર્થના પ્રભુ જરૂર સાંભળે છે. સદાબાની આવી પ્રાર્થના શ્રીહરિએ એકવાર સાંભળી. પ્રભુ પોતે દિવ્ય રૂપે તેમના ઘેર જમવા પધાર્યા હતા. આવા શ્રીહરિ તથા સંતપ્રેમી સદાબા પરોક્ષના કોઈ સાધુ-સંન્યાસી આવે તોપણ અતિ આગ્રહ કરી ઘેર લઈ જતાં અને તેને ભાવથી ભોજન કરાવતાં, શ્રદ્ધાથી સેવતાં અને સહુનો રાજીપો લેતાં. આવા અતિ દયાળુ હૃદયનાં સદાબા હતાં.

તેઓ એકવાર પ્રેમથી પ્રભુઆરાધના કરતા સૂતાં હતાં. તે રાત્રીએ સદાબાને અલૌકિક સ્વપ્ન આવ્યું. (તે સ્વપ્નમાં શ્રીહરિએ યોગીરૂપે દિવ્ય દર્શન આપ્યું.) તે સ્વપ્ન પૂર્ણ થતાં તેઓ જાગ્રત થયાં.અને સ્વપ્નાની

વાત પોતાના પતિને કહેવા લાગ્યાં, "સ્વામીનાથ ! આજે સ્વપ્નામાં મને એમ જણાણું કે, આપણે ઘેર કોઈ મહાયોગી આવ્યા અને રાત રહ્યા. તેમણે મને કહ્યું કે, 'હે દેવી ! તમારે ઘેર થોડા દિવસોમાં 'શુકદેવજી'નો જન્મ થશે. અને તમારી બધી જ પેઢીનો ઉદ્ધાર કરશે.' તે યોગી કોઈ મહા તપસ્વી હોય તેવા જણાતા હતા. વળી તેઓ જતાં જતાં એમ બોલ્યા જે, 'સદાબા ! પુત્રના જન્મ પહેલાં તમારે એકવાર આપત્કાળ આવશે, પણ તમે મૂંઝાશો નહીં; અમો તમારી રક્ષા કરીશું.' હે પતિદેવ ! તે આપત્કાળ કેવો હશે ?"

ત્યારે પ્રભાશંકરભાઈ કહે, "તે અત્યારથી આપણને કેમ જણાય ? અને બધી વાતો અત્યારથી જાણી લેવાથી પણ જીવન સુખમય રહેતું નથી. ઘણું અજ્ઞાન પણ સુખમય જિંદગી પસાર કરવામાં ઉપયોગી છે. માટે એ જાણવાની કોશિષ કરશો નહીં. જે રહસ્ય તમને યોગીએ જણાવ્યું નથી તે આપણે જાણવું નહીં. કેમ જે, એમાં જ આપણું ભલું છે."

વળી સદાબા કહે, "સ્વામીનાથ ! તે યોગીએ એમ પણ કહ્યું કે, **'જે શુકજી તમારે ત્યાં જન્મશે તે અમારા ધામના નિવાસી આવશે. માટે તે બાળક તમો અમને આપશો ને ?'** ત્યારે મેં કહ્યું, હે યોગીરાજ ! સુખેથી તમે રાખજ્યો. એ પ્રમાણે આજે મને સ્વપ્નું આવ્યું." વાત સાંભળીને પ્રભાશંકરભાઈએ સદાબાને કહ્યું, "હે સતિ ! તમારાં મોટાં ભાગ્ય છે. કેમ જે, સ્વપ્નમાં તમને આવી રીતે ઘણીવાર મોટા યોગી કે સંતનાં દર્શન થાય છે. વળી, આપણે ઘેર ઘણા સંન્યાસી આવે છે. તમો તેને પ્રેમથી જમાડો છો, સેવા કરો છો એટલે પ્રભુએ રાજી થઈ તમને આવું સ્વપ્નું આપ્યું છે."

પછી સદાબા હરે-ફરે, દેહક્રિયા કરે, રસોઈ કરે પણ સ્વપ્નમાં જે યોગીનાં દર્શન થયાં હતાં અને જે વાત કહી હતી તેને તેઓ વારંવાર યાદ કર્યા કરે છે અને એ દિવસની રાહ જોયા કરે છે.

દોહા : સોણે દેખ્યા જે શ્રીહરિ, નથી વિસરતા પળવાર;
સદાબાને નિત જોગીમાં, વધતો જાય છે પ્યાર...૦૪

આમ, દિવસો ઉપર દિવસો જતાં પ્રભુની ઈચ્છાથી સદાબાના ગર્ભમાં તે મુક્તાત્મા એવા **'શુકમુનિ'** પધાર્યા. તેને સાત માસ થયા. તે સમયે પ્રભાશંકરભાઈને નાકમાં માળણ કહેતા નાની ફોડકી થઈ અને તે ફોડકી ફૂટી એટલે એવી નજીવી બીમારીમાં તે ધામમાં જતા રહ્યા. ત્યારે સદાબાને સ્વપ્નની વાત યાદ આવી કે, 'જોગીએ કહ્યું હતું કે તમારે એક આપત્કાળ આવશે' તે આ આવ્યો. પરંતુ આ અચનાક આવેલા રંડાપાથી અંતરમાં ઘણું દુઃખ થયું. ત્યારે શ્રીહરિએ તેમના અંતરમાં પ્રવેશ કરીને ખૂબ ધીરજ આપી.

દોહા : અંતરે રહી ધીરજ દૈ, કરાવ્યું દુઃખ સહન;
મદદે રહ્યા પરમાત્મા, સદાય કર્યું જતન...૦૫

શ્રીહરિએ આપેલી ધીરજના કારણે તેઓ આવો મોટો આપત્કાળ પણ સહેજે પાર ઊતરી ગયાં. પછી સદાબાને નવ માસ પૂરા થતાં સં.૧૮૫૨, શ્રાવણ સુદ પૂનમ(રક્ષાબંધન)ને દિવસે મધ્યાહ્ન સમયે પુત્રનો જન્મ થયો. પુત્રજન્મ સમયે કુટુંબીઓ તથા ગામનાં સર્વે માણસોને ખૂબ આનંદ થયો. જ્યારે આ પુત્રનો જન્મ થયો ત્યારે તે દિવસે ગામમાં એક સુખી પરિવારે મહોદય પર્વ રાખ્યું હતું. મહોદય પર્વ એટલે શ્રવણ નક્ષત્રનો મધ્યભાગ અને વ્યતિપાતનો છેલ્લો ભાગ આવે એવો એક પુન્યયોગ. તે સમયે પુણ્ય કરવાથી બહુ જ ફળ મળે છે. તેથી ગામમાં સૌ બ્રહ્મણો ભોજન કરતાં હતાં. આવા પવિત્ર સમયે સ્વામીનો જન્મ થયો. આ તેમનું મહાભાગ્ય સૂચવે છે.

દોહા : મહોદય પર્વમાં જનમ્યા, મુક્ત આત્મા પાવન;
સોણું સંભારી સદાબા, રાજી થયાં નિજ મન...૦૬
પુત્ર આપ્યો જગન્નાથે, નામ રાખ્યું જગન્નાથ;
વિઘ્ન ટાળ્યાં જગન્નાથે, ભજતા રહ્યા જગન્નાથ...૦૭

હવે દિવસે દિવસે **જગન્નાથ** મોટા થવા લાગ્યા. તે શરીરે અતિશય રૂપાળા હતા. તેમના લાલ હોઠ હતા, તેજસ્વી દાંત હતા, ઊપડતા નખ હતા, પગના તળા ચકલાની જીભ જેવા લાલ હતા અને નેત્રો વિશાળ હતાં. નાનપણથી જ તેઓ મૃદુભાષી અને ઘણા જ વાચાળ હતા. કદી કોઈને દુઃખ લાગે એવી કડવી કે કર્કશ વાણી બોલતા નહિ, જૂઠું બોલતા નહિ, વિશ્વાસઘાત કરતા નહિ.

જ્યારે જગન્નાથ વિપ્ર આશરે અઢી વર્ષના હતા ત્યારે સદાબા વડોદરા પોતાના પિયર મળવા ગયાં હતાં. તે વખતે સદાબાને નીલકંઠવર્ણીનાં દર્શન અને પ્રસાદનો લાભ મળ્યો હતો.

વિ.સં.૧૮૫૫ ફાગણ સુદ આઠમને મંગળવારે મહારાજ વર્ણીવેશે વડોદરા પધાર્યા હતા. અને શહેરના મધ્યમાં આવેલ માંડવીના સોળ થાંભલા પૈકી બીજી હરોળના બીજા થાંભલાને ટેકે નીલકંઠ પ્રભુ બિરાજ્યા હતા. ત્યારે સંધ્યાનો સમય હતો. નીલકંઠવર્ણીમાં અનોખું તેજ હતું. આ તેજસ્વી સ્વરૂપ વર્ણીરાજને જોઈને લોકોને અનેરું આકર્ષણ થયું. તેથી માંડવી દરવાજા આગળ લોકોની ભીડ થવા લાગી. સદાબાના પિતાશ્રીનું ઘર પણ માંડવીની નજીક જ હતું. તેથી ત્યારે સદાબાએ વર્ણીરાજના દર્શન કર્યાં હતાં.

પછી તેઓ ડભાણ આવ્યાં. પરંતુ નાના જગન્નાથને સદાબા ઘણીવાર આ જોગીનાં દિવ્ય દર્શનની વાતો કરતાં હતાં. નાનપણથી તેમાં સત્સંગ અને ધર્મના સંસ્કારો રેડ્યા હતા. તેથી જગન્નાથ બાળપણથી જ ધર્મનિયમમાં અતિ કુશળ થયા હતા. નિત્ય લાલજીની પૂજા કરતા હતા.

જગન્નાથ જ્યારે પાંચ વર્ષના થયા ત્યારે ડભાણ ગામની નિશાળમાં જ અભ્યાસ શરૂ કર્યો. અભ્યાસ કરતાં કરતાં આઠ વર્ષના થયા ત્યારે માતા સદાબાએ પુત્ર જગુને ઉપવીત સંસ્કાર કરાવ્યા.જગન્નાથ કોઈ પણ સાધુ-સંતોની શ્રદ્ધાથી સેવા કરતા. નાનપણથી સત્સંગીઓ અને સંતોના

સહવાસથી તેમને સત્સંગનો રંગ ખૂબ લાગ્યો. શ્રીહરિના શબ્દોમાં કહીએ તો આ લાગેલો રંગ તેમને છેલ્લા શ્વાસ સુધી ચડતો ને ચડતો રહ્યો હતો, ક્યારેય ગૌણ પડ્યો ન હતો.

નવમા વર્ષે પોતે સંધ્યાગાયત્રી તથા રુદ્રમહિમ્નસ્તોત્ર ભણતા, ત્યારે એક દિવસ સદાબાએ વહાલથી પૂછ્યું, 'બેટા જગન્નાથ ! તું મોટો થઈને શું ધંધો કરવા શીખીશ ?' ત્યારે તે કહે, 'હે મા ! લખવાનો ધંધો કરીશ.' સદાબા કહે, 'શું લખીશ ?' જગન્નાથ કહે, 'હે મા ! મહાપ્રભુ જે લખવાની આજ્ઞા કરશે તે લખીશ.' તે સાંભળી સદાબા વિચારે ચડી ગયાં કે આ પુત્ર મહાપ્રભુ સાથે નિત્ય રહેશે..?! આમ મીઠા સંવાદ થતાં જગન્નાથનું ચૌદમું વર્ષ બેઠું. તે વર્ષે શ્રીહરિએ ડભાણમાં મોટો યજ્ઞ કર્યો.

દોહા : અઢારસો ને છાસઠમાં, હરિએ ડભાણ ગામ;
મહાન જગન આદર્યો, ત્યાં આવ્યા વિપ્ર તમામ...૦૮
યજ્ઞે હવિષ્યાન્ન હોમવા, બેસાર્યા વિપ્ર બાળ;
જગન્નાથ પણ ત્યાં આવ્યા, તેને બેસાર્યા દયાળ...૦૯

પછી મહારાજે યજ્ઞશાળામાં આવી બધા સામે જોયું અને અંતે જગન્નાથ પાસે જઈ ઊભા રહ્યા. પ્રેમથી તેની સામે જોઈને શ્રીહરિએ કહ્યું, 'તારે હવે ક્યાં સુધી ઘરમાં રહેવું છે ?' એમ કહી મહારાજ તળાવ ઉપર મોટો મંડપ હતો તે તરફ ચાલ્યા. પછી ગામમાં આવતાં રસ્તામાં જગન્નાથ વિપ્રનું ઘર આવ્યું. ત્યાં સદાબા ઊભાં હતાં. તે મહારાજને પગે લાગ્યાં. ત્યારે મહારાજ તેમને કહે જે, 'મને ઓળખો છો ? સ્વપ્નમાં જે યોગી આવ્યા હતા તે જ અમે પોતે છીએ.'

દોહા : વાત સાંભળી સદાબાને, આનંદ થયો અપાર;
સ્વપ્નમાં મને આવ્યા'તા, પ્રભુ પ્રગટ કિરતાર...૧૦
વળી વડોદરે જોયા'તા, તે જ પ્રભુ છે એહ;
રોમાવલી ખડી થઈ, નેણે વરસ્યા નેહ...૧૧

શ્રીહરિની વાત સાંભળતાં સદાબાના અંતરમાં આનંદનો ધોધ વહેવા લાગ્યો. આંખમાંથી હરખના આંસુની ધારા થઈ. ત્યારે ધીમાં રહી મહારાજ કહે, 'અમે વાત કહી હતી તે યાદ છે ?' ત્યારે સદાબા કહે, 'હા મહારાજ ! બધું યાદ છે. તમારા કહેવા પ્રમાણે જ થયું.' મારો પુત્ર જગન્નાથ શુકજી જેવો જ છે અને મને આપત્કાળ પણ આવી ચૂક્યો. જગન્નાથ સાત માસનો મારા ઉદરમાં હતો ત્યારે હું વિધવા થઈ. મારા પતિ ધામમાં ગયા, પરંતુ આપે મારી ખૂબ રક્ષા કરી.

કરી રક્ષા તમે બહુ મારી રે, સદા સાથે રહી અવતારી રે;
પળે પળે પાલન મારું કીધું રે, જે જે જોઈએ તે સરવે દીધું રે...૧૨
સોણે કહ્યું હતું નાથ મને રે, પુત્ર આપજો તમે અમને રે;
માટે હવે તમે જગન્નાથ રે, લઈ જાઓ મારો જગન્નાથ રે...૧૩
તમે સાથે રાખજો સદાય રે, એમાં રાજી છું હું મારા રાય રે;
દીધો તમારો તમને નાથ રે, રહેજો અંતરમાં સદા સાથ રે...૧૪

સદાબાને લાખો ધન્યવાદ છે ! એકનો એક દીકરો છે, વિધવા છે, છતાં હસતા મોઢે હરિને અર્પણ કર્યો. માટે તેમને ધન્યવાદ છે ! તેમની સમજણને તથા પ્રભુપ્રેમને ધન્યવાદ છે ! પછી ડભાણનો યજ્ઞ પૂરો થયો. મહારાજ થોડા દિવસ વડતાલ વગેરે ગામોમાં ફરીને વળી પાછા ડભાણ ગામે પધાર્યા. ત્યારે ત્યાંના વિદ્વાન વિપ્ર મયારામ ભટ્ટ પાસે મહારાજે ભાગવતની કથા વંચાવી. તે વખતે જગન્નાથ વિપ્ર પણ સાંભળવા આવતા હતા.

એક દિવસ કથામાં મહારાજે વિપ્રને પ્રશ્ન કર્યો. ત્યારે કથાકાર વિપ્રે શ્રીહરિના પ્રશ્નનો ઉત્તર આપ્યો. આ દૃશ્ય જોઈને જગન્નાથ વિપ્રને વિચાર થયો, 'હું પણ અભ્યાસ કરી વિદ્વાન બનું અને મહારાજની સમક્ષ કથા વાંચું. પછી મહારાજ મને પ્રશ્ન પૂછે ત્યારે હું તેનો ઉત્તર કરી મહારાજને અતિ રાજી કરું.' આમ, પોતાનો આ શુભ સંકલ્પ સફળ થાય તે માટે મનોમન તેણે પ્રભુને પ્રાર્થના કરી.

તે જ સમયે મહારાજ સંતોને કહે, 'અમારે ભણેલો ગણેલો હોંશિયાર એક છોકરો જોઈએ છે.' ત્યારે સંતોએ તરત જગન્નાથને બોલાવ્યો અને કહ્યું, **'મહારાજ, આ છોકરો તમારે જોઈએ તેવો જ છે.'** તેથી મહારાજે તેને સાથે આવવા પૂછ્યું. ત્યારે તેણે હા પાડી. એટલે મહારાજ કહે 'ગઢડા આવજે.' ત્યારે તે કહે, 'અત્યારે જ આપની ભેળો આવું ?' મહારાજ કહે, 'ના, અત્યારે આમ ઉતાવળે નહિ. હું ગઢડા જાઉં પછી ત્યાં આવજે.' પછી ડભાણમાં કથા પૂર્ણ કરી મહારાજ ફરતા ફરતા અનેક જીવોને દર્શન આપી ગઢપુર પધાર્યા.

❋ જગન્નાથનો ગૃહત્યાગ અને સત્સંગમાં પ્રવેશ...

હવે જગન્નાથને શ્રીહરિનાં દર્શન અને સેવા-સમાગમની અંતરમાં તીવ્ર લગની લાગી. તેથી ચૌદ વર્ષના જગન્નાથે એકલા ઘરેથી નીકળી જવાનું નક્કી કર્યું. પછી એક દિવસ વૈરાગ્યના વેગથી ગૃહત્યાગ કરીને ચાલી નીકળ્યા. ધીરે ધીરે ચાલતા ચાલતા ડભાણથી બોટાદ પહોંચ્યા. ત્યાં ગામના પાદરમાં સત્સંગી અદાભાઈ વણિકનો ભેટો થયો. તેમને ઘેર રાત રહ્યા.

સવારે વહેલા ઊઠી પૂજાપાઠ કરી જગન્નાથ તેમનાં નોકરની સાથે ત્યાંથી ચાલ્યા, તે દિવસના દસ વાગ્યે ગઢપુરની સીમમાં પહોંચ્યા. તે સમયે જગન્નાથે ધોળી ધોતી અને લાંબી ચાળનું ધોળું અંગરખું પહેર્યું હતું. માથે ધોળો ફેટો બાંધ્યો હતો. ખંભે એક ફાળિયું ને ધાબળી હતાં. એક હાથમાં લોટો, દોરી અને એક લૂગડામાં બાંધેલી પૂજાની પોટલી હતી અને બીજા હાથમાં લાકડી હતી. અને વહાલા પ્રભુજીને મળવા અતિ ઉત્સાહથી ચાલ્યા આવતા હતા.

તે વખતે મહારાજે અંતર્યામીપણે જાણ્યું કે પોતાનો એક વહાલો મુક્ત આવી રહ્યો છે. તેથી મૂળજી બ્રહ્મચારીને કહે, 'અમારાં દર્શન કરવા શુકદેવજી આવે છે. માટે તમો પૂજાનો સામાન, ચંદન, હાર વગેરે પૂજાપો તૈયાર કરો. ચોખા અને કંકુ લેજો, એક બાજોઠ લેજો,

આસન લેજો; આ બધું જલદી તૈયાર કરો.' પછી દાદા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, અલૈયા ખાચર, મામૈયો પટગીર, નાજા જોગિયા વગેરે ભક્તોને બોલાવીને કહ્યું,

દોહા : મુજ દર્શન ને સેવામાં, આવે છે શુકદેવ;
એનું સ્વાગત કરવા સામે, ચાલો જઈએ તતખેવ...૧૫
આદરથી લઈ આવીએ, આપી જોગીને માન;
ધન્ય ધન્ય એવા મુક્તને, જેને પ્રગટ પહેચાન...૧૬

જેને પ્રગટ પ્રભુની ઓળખાણ હોય, જે પ્રગટને સોંપાવા તત્પર હોય તેને સામાન્ય ન ગણાય. તેથી જ મહારાજ પોતે જગન્નાથ વિપ્રને સન્માનવા તૈયાર થયા. અને પાર્ષદ રતનજીને કહ્યું, 'ફૂલમાળ ઘોડી તૈયાર કરીને લાવો, અમો પણ સ્વાર થઈને સાથે ચાલશું.'

પછી મહારાજ દશ-બાર સ્વારો ને દશ-બાર સાધુઓ તથા બે બ્રહ્મચારી વગેરેને સાથે લઈ સામૈયું કરવા માટે ગઢપુરની બજારમાંથી નીકળ્યા. તે ભક્તિબાગે જતાં સુરા ખાચર અને અલૈયા ખાચર શુકદેવજી કેવા હશે ? એમ ધારી ઘોડા દોડાવીને બધાની આગળ સીમ સુધી ગયા.

આ બાજુ જગન્નાથ ચાલ્યા આવે છે. તે તેને સામા મળ્યા પણ ઓળખી શક્યા નહિ. અને જગન્નાથને મનમાં એમ થયું કે દરબારો ઘોડા દોડવીને આવે છે તે હું એને નડીશ. એમ માની તેને માર્ગ આપી એક બાજુ પાળે ચડી ગયા. તેથી તે બંને ઘોડા દોડવીને આગળ નીકળી ગયા. પછી તે જગન્નાથ આગળ ચાલ્યા. ત્યાં તેમને મહારાજ, સંતો તથા સ્વારો સામા મળ્યા.

ત્યારે શ્રીજીમહારાજ કહે, 'સોમલા ખાચર ! ઓલ્યો સુરો ને અલૈયો ઘોડા દોડવે જાય છે અને શુકજી તો અહીં આવી ગયા. માટે તેને બૂમ પાડીને તમે પાછા બોલાવો.'

ત્યારે સોમલા ખાચરે બૂમ પાડી ને કહ્યું, 'એ સુરા..! તમે ક્યાં દોડ્યા જાઓ છો ? શુકદેવજી તો અહીં આવી ગયા છે. માટે પાછા વળો.' તેમ કહી પાછા બોલાવ્યા.

ત્યારે સુરો ખાચર અલૈયા ખાચરને કહે, 'ભણે, હમણાં આપણા દેખતા ઓલ્યો ભામણનો છોકરો વયો ગયો, તેને મહારાજે શુકજી ઠેરાવ્યો. માટે મહારાજ ભણે તે જ સાચું છે.' એમ કહી પાછા આવ્યા.

જગન્નાથ ઉંમરે નાના છે પણ તેની આંતરિક સ્થિતિ મહાન છે; તે પ્રભુ જાણે છે. તેથી જ શ્રીહરિ તેમનું સામૈયું કરવા સામા આવ્યા. પછી રસ્તામાં જ બાજોઠ મુકાવ્યો.

દોહા : મહારાજે ત્યાં મારગમાં, બાજોઠ નખાવ્યો સાર;
જગન્નાથને તે ઉપરે, ઊભા રાખ્યા કરી પ્યાર...૧૭
ચંદન પુષ્પથી પૂજિયા, ભેટી પડ્યા ભગવાન;
ધન્ય ધન્ય જગન્નાથને, દીધાં સર્વોપરિએ માન...૧૮

આમ શ્રીહરિએ ઘણીવાર સન્માન આપ્યું છતાં જગન્નાથ કોઈ દિવસ છલકાયા નથી. એમના જીવનમાં ક્યારેક અહંકારનો અંકુર દેખાયો હોય એવો એક પણ પ્રસંગ નથી. જેવું સદ્.શ્રીગોપાળાનંદસ્વામીનું જીવન એકસરખું નિર્દોષ રીતે ચાલ્યું જાય છે એવું જ સદ્.શ્રીશુકાનંદસ્વામીનું આખું જીવન એક પણ ભૂલ વિનાનું એકસરખું રહ્યું છે, એ જ તેમની મહાનતા છે; આ જ તેમના જીવનની ગહેરાઈ છે.

આવા જગન્નાથની મહારાજે પૂજા કરી. પછી મહારાજે તેમને પ્રેમથી કહ્યું, 'જગન્નાથજી, તમે આવ્યા તે બહુ જ સારું થયું.' એમ કહી પોતાની પાસે બેસાડ્યા ને કુશળ સમાચાર પૂછ્યા. પછી સહુ સંતો-ભક્તોને કહ્યું, **'આ જગન્નાથ પોતે જ શુકદેવજી છે. તે અમારી સેવા કરવા આવ્યા છે.'** એમ અભિવાદન કરી શ્રીહરિ આદરપૂર્વક જગન્નાથને ગઢપુરમાં તેડી લાવ્યા અને પોતાની પાસે રાખ્યા.

સં.૧૮૬૮માં પ્રબોધનીના ઉત્સવ ઉપર અનેક સંતો-ભક્તો આવ્યા. તે સમયે શ્રીહરિએ જગન્નાથને બ્રહ્મચારીની દીક્ષા આપી **ગોવિંદાનંદ બ્રહ્મચારી** એવું નામ રાખ્યું. અને સદ્.નિત્યાનંદસ્વામી પાસે વિદ્યાભ્યાસ કરાવવાનું ચાલું કર્યું. ભણતર સાથે ગણતર શીખ્યા. તમામ બ્રહ્મચારીઓને ટૂંક સમયમાં રાજી કર્યા. પરંતુ તેમના મનમાં હવે એક ભાવના રહેતી કે, સાધુ બનું તો સદ્.શ્રીગોપાળાનંદસ્વામી વગેરે મોટા સંતોની પ્રસાદી, સેવા અને રાજીપો મળે.

દોહા : સદ્ગુણોને મેળવવા, મનમાં ઈચ્છા અપાર;
હેતુ એનો છે એટલો, મળે શ્રીહરિનો પ્યાર...૧૯
હરિને રાજી કરવાનો, આલોચ મનમાં અપાર;
નાત-જાતનું માન મૂકી, થયો સાધુ થવા વિચાર...૨૦

સં.૧૮૭૨માં શ્રીહરિએ ધર્મપુરમાં કુશળકુંવરબાને રાજી કરવા વસંતપંચમીનો ઉત્સવ કર્યો. પછી મહારાજ ફરતા ફરતા ગઢપુર પધાર્યા. ત્યારે એકવાર ગોવિંદાનંદ બ્રહ્મચારીએ સોમલા ખાચરને કહ્યું, "મારે સાધુ થાવાની ઈચ્છા છે, પણ મહારાજ આગળ મારાથી કાંઈ બોલાતું નથી. માટે તમે મહારાજના સખા છો, સદા શ્રીહરિની સાથે રહો છો; માટે તમે કહો તો મહારાજ મને સાધુ કરે." ત્યારે સોમલા ખાચરે કહ્યું, "બ્રહ્મચારી, ચિંતા કરતા નહિ. હું તમારું આટલું કામ ચોક્કસ કરી આપીશ."

પછી સોમલા ખાચરે મહારાજને કહ્યું, "હે મહારાજ ! ભણે ઓલ્યા ડભાણવાળા બ્રહ્મચારીને સાધુ થાવું છે. માટે તમે સાધુ કરો તો સારું." ત્યારે મહારાજ કહે, "તેમને મુક્તાનંદસ્વામી પાસે લઈ જાવ. તેઓ એમને સંતની દીક્ષા આપશે." પછી સોમલા ખાચર હરખાતાં ગોવિંદાનંદ બ્રહ્મચારી પાસે આવ્યા ને કહ્યું, "બ્રહ્મચારી ! હાલો.." ત્યારે ગોવિંદાનંદજી કહે, "પણ કઈ બાજુ ?" ત્યારે સોમલા ખાચર કહે,

"મહારાજે તમને સાધુ થવાની છૂટ આપી છે, તેથી ચાલો ધર્મશાળામાં જઈએ; ત્યાં મુક્તાનંદસ્વામી તમને સાધુ બનાવશે."

એમ કહી સોમલા ખાચર ગોવિંદાનંદ બ્રહ્મચારીને સાધુની જાયગામાં મુક્તાનંદસ્વામી પાસે લઈ ગયા. પછી સ્વામીને કહ્યું, "ભણું, આ બ્રહ્મચારીને સાધુ બનાવી દેવાની મહારાજની આજ્ઞા છે. માટે સ્વામી, આને દીક્ષા આપો." એટલે મુક્તાનંદસ્વામીએ તે જ સમયે મહારાજની આજ્ઞા માની તેમને રાજી થઈને સાધુની દીક્ષા આપી.

દોહા : અઢારસો ને બોત્તેરનો, રૂડો હતો માઘ માસ;
સાધુ કર્યા મુક્તમુનિએ, ધામ ગઢપુર નિવાસ...૨૧

સ્વામીએ તેમનું **'શુકાનંદસ્વામી'** નામ પાડ્યું. તરત જ શુકમુનિએ સદ્.શ્રીમુક્તાનંદસ્વામીનો મોટો ઉપકાર માની સ્વામીને દંડવત્ કર્યા. સ્વામીએ તેમને તેડી લીધા અને કહ્યું, "હવે તમે મહારાજ પાસે અક્ષરઓરડીમાં જઈ મહારાજને દંડવત્ કરો." તેથી શુકમુનિ મહારાજ પાસે આવ્યા અને દંડવત્ કરવા લાગ્યા. તરત જ મહારાજ પલંગ ઉપરથી ઊભા થયા અને અતિ ભાવથી ભેટી પડ્યા ને પૂછ્યું, "શું નામ પાડ્યું ?"

ત્યારે તે કહે, "મારું નામ **શુકાનંદ** પાડ્યું." ત્યારે મહારાજ કહે, "મુક્તાનંદસ્વામી પણ પૂર્વનું નામ જાણતા લાગે છે." પછી મહારાજે શુકાનંદસ્વામીને કહ્યું, "તમે હવે સદા અમારી પાસે રહો." ત્યારે શુકાનંદસ્વામી કહે, "ભલે મહારાજ, હું સદા આપની પાસે રહીશ." પછી મહારાજ જ્યાં સુધી પૃથ્વી ઉપર પ્રગટ રહ્યા ત્યાં સુધી સ્વામી મહારાજની સાથે જ રહ્યા. અને નિત્યે શ્રદ્ધાથી સેવા કરતા. નાનીમોટી તમામ આજ્ઞા પાળતા. તેથી સદ્.શ્રીશુકાનંદસ્વામી મહારાજનો જમણો હાથ કહેવાયા.

દોહા : લહિયા બન્યા મહારાજના, રહ્યા સદાયે સાથ;
પ્યારા પ્રગટ પ્રભુજીનો, ગણાણા જમણો હાથ...૨૨

આજીવન શ્રીહરિના લહિયા બની સેવા કરી હંમેશા દાસના દાસ રહી સહુનાં દિલ જીત્યાં. મહારાજ અને મોટા સંતોની મરજીના મરજીવા બની દરેક શ્વાસો લીધા. પાયાના પથ્થર બની સેવા કરી. તેથી જ શ્રીહરિ તેમના ઉપર આજીવન પ્રસન્ન રહ્યા.

❋ શ્રીહરિએ સ્વામીનો તાવ મટાડ્યો...

દોહા : તાવમાં તેડા મોકલ્યા, માન્યા નહિ મોરાર;
પત્ર લખાવા કારણે, સાજા કર્યા ધરાર...૨૩

એકવાર સદ્.શ્રીશુકાનંદસ્વામીને બેસી પણ ન શકાય એવો ખરેખરો તાવ આવ્યો હતો. અને તે સમયે મહારાજને કાગળ લખાવવો હતો, પણ ત્યાં કોઈ લખનાર હતું નહીં. તેથી સ્વામીને બોલાવવા શ્રીહરિએ એક હરિભક્તને મોકલ્યા; પરંતુ અતિશય તાવ આવતો હોવાથી સ્વામી આવી શક્યા નહીં. તેથી મહારાજે બીજી વાર હરિભક્તને મોકલ્યા, પરંતુ તાવની પીડા ખૂબ હોવાથી સ્વામી આવી શક્યા નહિ. તેથી મહારાજે ત્રીજી વાર બોલાવવા મોકલ્યા.

પરંતુ તેણે પાછા આવીને કહ્યું કે, “મહારાજ ! સ્વામીને અતિશય તાવ આવ્યો છે; બેઠું પણ થઈ શકાય તેમ નથી.” ત્યારે મહારાજ કહે, “તોય તેડી લાવો.” પછી બે જણા ટેકો આપી સ્વામીને માંડ માંડ મહારાજ પાસે લઈ આવ્યા. સ્વામી ધ્રૂજતા ધ્રૂજતા શ્રીહરિ પાસે બેઠા. ત્યારે મહારાજ કહે, “સ્વામી ! શું થયું છે ?” સ્વામી કહે, “હે મહારાજ ! અતિશય તાવ આવે છે. બેસવાની, ચાલવાની કે લખવાની પણ શક્તિ રહી નથી.”

મહારાજ કહે, “સ્વામી તાવ જ આવે છે ને ? ચિંતા ન કરો, આંહીં સૂઈ જાવ.” તેથી સ્વામી સૂઈ ગયા. પછી મહારાજ કહે, “સ્વામી,

અમારી સામુ જુઓ.” તેથી સ્વામીએ મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડી દીધી. પછી મહારાજ એક ઘડી સુધી અમીદૃષ્ટિ કરીને સ્વામી સામે જોઈ રહ્યા. એટલામાં સ્વામીનો તાવ જતો રહ્યો. અને સ્વામી એકદમ સ્ફૂર્તિમાં આવી ગયા. પછી ત્યારે જ સ્વામી પાસે મહારાજે કાગળ લખાવ્યો. પછી ક્યારેક સ્વામી કહેતા કે, “તે દા’ડાથી તાવ હજી સુધી ક્યારેય આવ્યો નથી.”

દોહા : આ પ્રસંગ સૂચવે છે, નો’તી સ્વામીની જોડ;
વિઘ્ન ટાળી શુકમુનિનાં, વાલે પૂર્યા સહુ કોડ...૨૪

મહારાજ ગઢપુરમાં હોય કે વડતાલમાં, પરંતુ પત્રો તથા શાસ્ત્રો લખાવવા શ્રીહરિ સદ્.શ્રીશુકાનંદસ્વામીને સદા પોતાની સાથે જ રાખતા. તેમના અક્ષરો મોતીના દાણા જેવા શ્રેષ્ઠ હતા. વળી ઝડપ પણ ખૂબ સારી હતી. મોટા સંતો કહેતા કે, ‘મહારાજના સમકાલીન સંતોમાં શુકમુનિ સર્વોત્તમ લહિયા હતા. તેમની જોડ મળવી દુર્લભ હતી.’ મહારાજ જ્યારે વડતાલ હોય ત્યારે હાલ માંદા સંતોની ધર્મશાળા છે, ત્યાં એક બુરજ કહેતાં કોઠો હતો. ત્યાં બેસી સ્વામી લખતા હતા.

ચોપાઈ : લખે શુકમુનિ શાસ્ત્રોનો લેખ, હરિ રાખતા જૈ દેખરેખ ।
સંત કૂવાથી પશ્ચિમમાંય, હતો સંતનો ભંડાર ત્યાંય ॥

અને આ જગ્યાએ પણ સ્વામીએ ઘણા પત્રો તથા ગ્રંથો લખ્યા છે. મહારાજની પ્રેરણાથી મોટા ભાગનાં વચનામૃત તથા સત્સંગિજીવનના ખરડા લખનાર અને તેને શોધનાર સદ્. શ્રીશુકાનંદસ્વામી હતા. સદ્.શ્રીનિત્યાનંદસ્વામી તથા સદ્. શ્રીગોપાળાનંદસ્વામીની આજ્ઞાથી ‘શ્રીહરિવાક્યસુધાસિંધુ’ ગ્રંથ પર આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજના નામથી સંસ્કૃત ભાષામાં ‘સેતુમાલા’ નામની સરળ અને અર્થગંભીર ટીકા લખનાર પણ શુકમુનિ હતા.

વળી, સદ્.શ્રીપ્રસાદાનંદસ્વામીની વાતોમાં વિશ્રામ-૮૧ તથા ૮૭માં અને સદ્.શ્રીઅદ્‌ભુતાનંદસ્વામીની વાત-૧૩૪માં એવો ઉલ્લેખ જોવા મળે છે કે, સદ્.શ્રીશતાનંદસ્વામીને 'સત્સંગિજીવન' લખાવવામાં સદ્.શ્રીશુકમુનિ મદદરૂપ થયા હતા.

*** શ્રીહરિએ કરેલી સદ્.શ્રીશુકાનંદસ્વામીની પ્રશંસા...**

એકવાર મહારાજ ગઢપુરમાં લક્ષ્મીબાગમાં હાલ જ્યાં બેઠક છે તે સ્થળે આંબાના વૃક્ષ નીચે સભા કરીને બિરાજમાન હતા. સદ્. શ્રીમુક્તાનંદસ્વામી, સદ્.શ્રીશુકાનંદસ્વામી આદિક સંતો મહારાજની સન્મુખ બેઠા હતા. આંબાની કેરીઓ મહારાજને માથે લટકતી હતી. તેમાંથી એક કેરી પોતાના હાથમાં લઈને શ્રીહરિ બોલ્યા, "હે સંતો-ભક્તો ! સાંભળો. ડભાણ ગામની ત્રણ વસ્તુ અમારી સેવામાં બહુ આવી.

દોહા : અમ ઉપયોગે આવ્યા અતિ, ત્રણેય સેવકો મુક;
ડભાણિયા ત્રણેય જાણજો, બળદ આંબો ને શુક...૨૬

આ ત્રણેયની આગળ ડભાણિયા એવો શબ્દ લાગે છે. તે ત્રણ વસ્તુ કઈ ? તો બળદ, આંબો અને શુકમુનિ. આ ત્રણેય મહારાજની સેવામાં બહુ ઉપયોગી થયાં. તેમાં પણ આંબા કરતાં બળદ વધારે ઉપયોગમાં આવ્યો અને બળદ કરતાં શુકમુનિ વધારે ઉપયોગમાં આવ્યા. બીજી રીતે કહીએ તો ઝાડમાં આંબો, પશુઓમાં વેલા નામનો બળદ અને મનુષ્યોમાં શુકસ્વામી વિશેષ ઉપયોગમાં આવ્યા છે.

મહારાજ કહે, **"આ શુકસ્વામી બહુ મોટા સાધુ છે, ને અમારા કામમાં બહુ જ આવે છે."** એવી રીતે વાત કરીને સ્વામીનાં બહુ વખાણ કરીને કહે, **"જે દિવસથી સ્વામી અમારી પાસે રહ્યા છે તે દિવસથી ચઢતો ને ચઢતો રંગ છે. ને અમારાં ચરિત્ર-લીલા લખીને તથા અમારા કાગળ લખીને સ્વામીની આંગળી વાંકી થઈ ગઈ છે."**

એમ કહીને મહારાજે સ્વામીનો હાથ ઊંચો કરી, તેમની આંગળીઓ સૌને દેખાડીને બોલ્યા, "કોઈ ચાંદ્રાયણ વ્રત કરે છે, કોઈ ધારણાં-પારણાં કરે છે, કોઈ અન્ય વ્રતો કરે છે; પણ આ શુકમુનિ તુલ્ય કોઈ થાય નહીં. કેમ જે, અમારા કાગળો લખવા અને અમારા ગ્રંથો લખવાની સેવા કરવાથી સ્વામીના હાથની આંગળીઓ સજ્જડ થઈ ગઈ છે. માટે **આ શુકમુનિ તો અમારા હાથ છે."**

આ બિરુદ સદ્.શ્રીશુકાનંદસ્વામીને શ્રીહરિએ લક્ષ્મીવાડીમાં ડભાણિયા આંબા નીચે આપ્યું હતું. વળી, શ્રીહરિ કહે, "સ્વામી તો મારો ઉછાળો, કહેતાં ઉતારો છે. આ તો સદ્.મુક્તાનંદસ્વામી જેવા છે." એમ મહારાજે સદ્.શ્રીશુકાનંદસ્વામીનાં ઘણીક વાર સુધી સભામાં વખાણ કર્યાં. અને સદ્.શ્રીશુકાનંદસ્વામીને પણ ધન્ય છે કે શ્રીહરિએ કરેલ વખાણ પણ તેમને સહજથી પચી જતાં.

મોટાનાં વખાણ પચાવવાં તે સીસું પચાવવા જેવું કઠણ છે. સામાન્ય જીવને મોટા વખાણે એટલે તરત અહંની ગાંઠ બંધાઈ જાય. પછી ગમે ત્યારે, ગમે તેની સાથે અથડાય અને કુરાજીપાનો ભોગ બને. જ્યારે સદ્.શ્રીશુકાનંદસ્વામી સંપૂર્ણ અહંશૂન્ય સંત હતા. તેથી શ્રીહરિએ કરેલું સન્માન પણ તેમને સહજમાં પચી જતું. અને તે સદા દાસના દાસ થઈને રહેતા અને બીજા તેમને મહાન લાગતા.

પૂર્વછાયો : કેવી સેવામાં શ્રદ્ધા હશે, કેવો હશે હરિમાં પ્યાર;
શુકસ્વામીના જેવું આપણે, જો થાય તો બેડો પાર...૨૭

આવા તો સદ્.શ્રીશુકાનંદસ્વામીના જીવનમાં અનેક પ્રસંગો છે. શ્રીહરિએ સદ્.શ્રીશુકાનંદસ્વામીને અનેક વાર સભામાં બિરદાવ્યા છે. છતાં તેમને ક્યારેય કોઈ સંતો સાથે ઈર્ષ્યા થઈ નથી કે ક્યારેય તેઓ છલકાણા નથી. અને તેથી જ મહારાજના હૈયાનો હાર બની તેઓએ સત્સંગ સેવાના અનેક કાર્યો કર્યાં છે.

❋ હરિકૃપાથી વગર ભણ્યે સ્વામીને ભાગવત આવડ્યું...

દોહા : મહેનત કરતા બહુ વારે, સિદ્ધિ થાય કે ન થાય;
મળે આશીષ હરિ સંતની, તો તુર્ત પામી જવાય...૨૮
રાજી કરીએ તો જ મળે, હૈયાના આશીર્વાદ;
સુખ શાંતિ સંપત્ત મળે, ટળે સર્વે વિખવાદ...૨૯
આશિષથી આ લોકમાં, સુખી થયા છે અપાર;
મોટાને રાજી કરવા, સેવીએ રાખી પ્યાર...૩૦

એકવાર સદ્.શ્રીશુકાનંદસ્વામી મહારાજને કહે, "હે મહારાજ ! મને ભાગવત ભણ્યાનો વખત ન મળ્યો, તેથી તે આવડતું નથી." ત્યારે મહારાજ કહે, "તમે તો ભાગવત ભણેલા જ છો. જાઓ આજથી તમને સંપૂર્ણ ભાગવત કંઠસ્થ થઈ જશે. અને બીજા પણ તમારી પાસે ભણવા આવશે. તેને તમે ભણાવજો." મહારાજે રાજી થઈને આમ સ્વામીને આશીર્વાદ આપ્યા. શ્રીહરિના આશીર્વાદથી સ્વામીને બીજા જ દિવસે આખું ભાગવત અર્થે સહિત કંઠસ્થ થઈ ગયું. પછી સ્વામીએ ઘણા સંતોને ભાગવતાદિક ગ્રંથો ભણાવ્યા હતા.

આમ, મહારાજ કે મોટા સંતની કૃપા થાય તો અગમ વાત સુગમ બની જાય, ઊલટી વાત સુલટી બની જાય અને અશક્યનું પણ શક્ય થાય. વળી, આંતરિક કે બાહ્ય કોઈ પણ પ્રકારના વિખવાદ હોય કે અશાંતિ હોય તે સહુ નાશ પામી જાય. અને હૈયામાં અપાર સુખશાંતિ થાય. વળી, નિર્ધન હોય તે ધનવાન બની જાય. આવો મોટાના આશીર્વાદનો પ્રતાપ છે.

મોટાના રાજીપાથી તો ગમે તેવું અઘરું કામ હોય એ પણ સરળ બની જાય છે. પરંતુ નમ્ર બની મોટાનો રાજીપો લેતા આવડવું જોઈએ. અહંકારી માણસ મહેનત ખૂબ કરે, પરંતુ ક્યારેય મોટાનો રાજીપો ન લે; તેથી ઘણીવાર ખૂબ પ્રયત્ન કરવા છતાંય નિષ્ફળ જાય છે. જેનામાં અહં ઓછું હોય તે જ મોટાના આશિષનો પાત્ર બને છે.

આપણે પણ સ્વામી જેવા નિર્માની અને અહંશૂન્ય બની શ્રીહરિ તથા મોટા સંતના કૃપાપાત્ર બનીએ તો મહારાજ આપણને પણ કૃપા કરી પોતાની ઓળખાણ કરાવે અને તેમના કૃપાપાત્ર બનાવે.

✻ સદ્.શ્રીશુકાનંદસ્વામીની વૈરાગ્યવૃત્તિ...

જ્યારથી મહારાજે સ્વામીના દેહમાંથી તાવ કાઢ્યો ત્યારથી સ્વામી સદૈવ તંદુરસ્ત રહેતા. કદી પણ તાવ આવતો ન હતો. પરંતુ જેણે દેહના સુખને દુઃખરૂપ માન્યાં છે, દેહાભિમાનનો ત્યાગ કર્યો છે, એવા સદ્.શ્રીશુકાનંદસ્વામી જેવા યોગીને દેહનું સુખ કેમ રુચે ? મહારાજ ધામમાં ગયા પછી શ્રીહરિનાં વિરહમાં વ્યાકુળ એવા સ્વામીને દેહની તંદુરસ્તી વસમી લાગવા લાગી.

મહારાજના વિયોગનું દુઃખ અસહ્ય થઈ પડ્યું. તેથી જ્યારથી મહારાજ ધામમાં ગયા ત્યારથી તેમણે પોતાને ભાવતાં દૂધપાક, વૃંતાક, કારેલાં અને ભીંડો આ ચાર ન ખાવાનું નિયમ રાખ્યું હતું. અર્થાત્ શ્રીહરિ ધામમાં ગયા પછી સ્વામીએ આજીવન આ ચાર વસ્તુ ખાધાં જ ન હતાં. તદુપરાંત સ્વામીએ ૧૫ વર્ષ સુધી પગરખા પહેર્યાં ન હતાં. આવા પોતે દેહાતીત હતા, બ્રહ્મરૂપ હતા.

પગરખા પહેર્યાં વિના એક-બે વર્ષ નહિ પંદર વર્ષનાં વાણાં વાઈ ગયાં. તે જોઈ એક દિવસ સદ્.શ્રીગોપાળાનંદસ્વામીનું હૃદય ગળી ગયું. સ્વામીને મનમાં થયું કે, ‘એક ગામથી બીજે ગામ ચાલીને જવાનું, ટાઢ-તડકો વેઠવાનો અને સ્વામી પગરખા પહેરતા નથી તે ઠીક નહિં.’ તેથી એકવાર સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ શુકમુનિને સમજાવ્યા અને કહ્યું, “મારું કહ્યું માનો, તમે ઘણા સમય સુધી આ પગરખા ન પહેરવાનું નિયમ રાખ્યું, પરંતુ આજથી આ નિયમ છોડી દો.” તરત જ સ્વામીની આજ્ઞાને માથે ચડાવી સદ્.શ્રીશુકાનંદસ્વામીએ પગરખા પહેરવાનું શરૂ કર્યું. આ વાત આપણને ઘણું બધું શીખવાડી જાય છે.

આવા મોટા સંત હોવા છતાં શ્રીહરિની પ્રસન્નતા માટે દેહના સુખનો ત્યાગ કરીને વર્તે. અને વળી જો તેમાં પણ મોટાની મરજી ન દેખાય તો સહજમાં પોતાની શ્રેષ્ઠતાને છોડી દેતા.

આપણે કેવળ દેહાભિમાની બની ઇન્દ્રિયોના સુખને ભોગવ્યા કરીએ તો દિવ્ય અલૌકિક મૂર્તિનો આનંદ કેમ મળે ? આત્મા શ્રીહરિનો દિવ્ય અનુભવ કેમ પામે ? માટે અલૌકિક એવા આત્માને મહાઅલૌકિક એવી દિવ્ય મૂર્તિનો આનંદ ચખાડવો હોય તો લૌકિક તથા દૈહિક સુખો છોડવાં જ પડે. આત્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા અને ધર્મનિષ્ઠાની દૃઢતા કરવી જ પડે. શ્રીહરિમાં અતિ પ્રેમસ્વરૂપા ભક્તિની પક્વતા કરવી પડે. **જે વિષયનાં સુખ ત્યાગે તેને જ હરિમાં અનુરાગ થાય છે.** સદ્. શ્રીશુકાનંદસ્વામીની આ વાત અતિ અસર કરનારી છે.

શ્રીહરિ ધામમાં ગયા પછી સ્વામી ૩૯ વર્ષ સુધી ધરતી ઉપર રહ્યા. આવા મોટા સંત હોવા છતાં શ્રીહરિ અને મોટા સંતોને આધીન રહેતા હતા, તે તેમની વિશેષતા હતી. રાત-દિવસ સંતના વચને સત્સંગની સેવા કરતા રહ્યા. સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ પગરખા પહેરવાનું કહ્યું એટલે પહેરવા લાગ્યા, પરંતુ દૂધપાક, ભીંડો, કારેલાં કે રીંગણાં ક્યારેય ખાધાં નહીં. આ તેમની શ્રીહરિ અને સંતો પ્રત્યેની નિષ્ઠા અને પ્રીતિ બતાવે છે. આમ આત્મનિષ્ઠ અને ધર્મનિષ્ઠ હોવા છતાં હંમેશાં મોટા સાધુ તરફ નમતિયાળ રહેતા, સંતોનો ભાર રાખતા, મહિમા રાખતા અને સંતોને ગમે તેમ જ રહેતા.

દોહા : **સંતનું સદાય માનતા, સંતનો રાખતા ભાર;**
હરિ સ્વધામ ગયા પછી, સંત હતા આધાર...૩૧
મનમુખી તે થયા નથી, જિંદગીમાં કોઈ વાર;
દાસના દાસ થઈ રહ્યા, ધન્ય ધન્ય એના વિચાર...૩૨
આપણે આમાંથી શીખવું, મેલવું મનનું માન;
મહિમા જાણી દાસત્વનો, મેલી દેવું અભિમાન...૩૩

સદ્.શ્રીશુકાનંદસ્વામી કદી મનમુખી થયા નથી, કોઈ દિવસ દેહ-ઈન્દ્રિયોના સુખે સુખી થયા નથી. આપણે દેહના સુખે સુખી અને મનમુખી જીવન જીવીએ છીએ તેથી થોડી-ઝાઝી સેવા, ભજન કે દાન-પુણ્ય કરીએ ત્યાં તેનો કેફ આવે છે, અહં આવે છે. પછી દીનપણે રહેવાતું નથી. જ્યારે સ્વામી આટલું બધું કરતા હોવા છતાં સદા અકર્તા બની નિર્માનીપણે રહ્યા છે. હંમેશાં ત્યાગ-પરાયણ, ધર્મ-પરાયણ, વૈરાગ્ય-પરાયણ અને મોટા સંતની મરજી-પરાયણ જીવન જીવ્યા છે. મોટા સંતોની મરજી એ જ એમના જીવનનો ઓક્સિજન હતો. આમ, **'જે મોટાની મરજીમાં વહી શકે તે જ મૂર્તિમાં રહી શકે છે'** એ સિદ્ધાંત વાત છે.

સદ્.શ્રીશુકાનંદસ્વામીમાં સરળતા, નિષ્ઠા, નિષ્કામતા જેવા અનેક સદ્ગુણો હતા. એટલે જ આચાર્યશ્રી તથા મોટા સંતોએ તેમની હયાતિમાં જ તેમને શ્રીહરિલીલાકલ્પતરુ તથા દુર્ગપુર માહાત્મ્ય જેવા સદ્ગ્રંથના વક્તાનું સ્થાન આપી તેમની સેવાની કદર કરી છે.

❋ આણંદના કૃષ્ણ શુક્લને જીવતા કર્યા...

દોહા : સ્વામી પધાર્યા સ્નેહથી, આણંદમાં એક વાર;
કૃષ્ણ શુક્લને જિવાડિયા, તે સુણાવું કરી પ્યાર...૩૪

એકવાર સદ્.શ્રીશુકાનંદસ્વામી આણંદ પધાર્યા હતા. આણંદના શુક્લ જેઠાભાઈ વૈદ્ય મહાન ભક્ત હતા. જ્યારે સ્વામી આણંદ પધાર્યા ત્યારે તેમના પિતા કૃષ્ણ શુક્લ અતિ બિમાર હતા; છતાં જેઠાભાઈને સ્વામીમાં અતિ સ્નેહ હોવાથી સ્વામીની સેવામાં આવ્યા. પાછળથી તેમના પિતા કૃષ્ણ શુક્લનો દેહ અચાનક પડી ગયો. તે સમયે કૃષ્ણ શુક્લના ભાઈ તેમની સેવામાં હતા. તેમણે કૃષ્ણ શુક્લના દેહને મેડા ઉપર સુવરાવી ઉપર લૂગડું ઓઢાડ્યું.

પછી તે પણ સદ્.શ્રીશુકાનંદસ્વામી પાસે આવ્યા. અને સ્વામીને વિનંતિ કરી કે, "આપ કૃપા કરો તો મારા ભાઈ બેઠા થાય. કેમ જે, તે બહુ સારા હતા. વળી તે આ જેઠાના પિતા થાય છે." એમ કહેતાં અતિશય રડી પડ્યા. તેથી સ્વામીના હૃદયમાં અતિશય દયા આવી. પછી સ્વામીએ શ્રીહરિની પ્રસાદીનો હાર આપ્યો ને કહ્યું કે, **"સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને આ હાર તમારા ભાઈને પહેરાવજો; ભગવાન સારું કરશે.** તમે કહેશો આનાથી શું થાય ? તો હું કહું છું કે વિશ્વાસ રાખજો. ભગવાન તમારી ઈચ્છા પૂરી કરશે." પછી તે હાર લઈ જેઠાભાઈ તથા તેમના કાકા બંને ઘેર આવ્યા. અને સ્વામીએ કહ્યું હતું તે પ્રમાણે મહારાજનું નામ લઈને હાર તેમના પિતાના કંઠમાં પહેરાવ્યો. એ જ વખતે આશ્ચર્ય થયું. તરત જ કૃષ્ણ શુક્લ બેઠા થયા. આખા કુટુંબને આનંદનો પાર ન રહ્યો. જે મોટા સંતનો વિશ્વાસ રાખે તેના માટે શ્રીહરિ અશક્યનું શક્ય કરે છે, જડનું ચેતન કરે છે. **ખરેખર વિશ્વાસ જ જીવન છે. શંકા-સંશય એ જ મોત છે.**

આવા સમર્થ સદ્.શ્રીશુકાનંદસ્વામીને અંતરમાં ત્રણ સંકલ્પો હતા. તે પણ શ્રીહરિએ પૂર્ણ કર્યા હતા. જ્યારથી સદ્.શ્રીગોપાળાનંદ સ્વામી ધામમાં ગયા ત્યારબાદ સ્વામી ખૂબ જ વાતો કરતા. તેમની વાતો સાંભળવાનું સૌના અંતરમાં અનેરું આકર્ષણ રહેતું હતું. વડતાલના કો.ગોરધન શેઠ કહેતા, "હું એકવાર સદ્.શ્રીશુકાનંદ સ્વામીના દર્શને ગયો.

ત્યારે સ્વામીએ મને કહ્યું, 'જાઓ સદ્.શ્રીગોપાળાનંદસ્વામી વાતો કરે છે, તે સાંભળો. તે વાતો સાંભળવામાં શ્રીહરિનો ઘણો રાજીપો છે.' અને પોતે (શુકમુનિ) ત્યારે બોલતા નહિ. પછી મોટી ઉંમર થતા જ્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી ધામમાં ગયા ત્યારે આ.રઘુવીરજી મહારાજે સદ્.શ્રીશુકાનંદસ્વામીને મોટેરા કર્યા અને તેમને ખુરશી આપી. ત્યાર પછી સદ્.શ્રીશુકાનંદસ્વામી, આ.શ્રીરઘુવીરજી મહારાજ

અને સદ્.સર્વનિવાસાનંદસ્વામી વાતો કરવા માંડ્યા. તેઓ સર્વનાં ચિત્ત આકર્ષણ થાય તેવી વાતો કરતા હતા." તે વાતો અતિ ઉપયોગી જાણી આ ગ્રંથમાં ગૂંથી છે.

✻ સદ્.શ્રીશુકાનંદસ્વામીનું ટૂંકમાં જીવનદર્શન તથા અક્ષરવાસ...

સદ્.શ્રીશુકાનંદસ્વામીનો જન્મ સં.૧૮૫૨માં થયો. ૧૪ વર્ષ ઘરમાં રહ્યા. સં.૧૮૬૭માં ગઢપુરમાં બ્રહ્મચારી થયા. ૫ વર્ષ ગોવિંદાનંદ બ્રહ્મચારી તરીકે રહી સહુની ખૂબ સેવા કરી. સં.૧૮૭૨માં ગઢપુરમાં સંતની દીક્ષા લઈ શુકાનંદસ્વામી થયા. ૧૪ વર્ષ સંતરૂપે અને ૫ વર્ષ બ્રહ્મચારી તરીકે. આમ, ત્યાગાશ્રમમાં કુલ ૧૯ વર્ષ શ્રીજીમહારાજ સાથે રહ્યા. જ્યારે મહારાજે સ્વધામગમનલીલા કરી ત્યારે સ્વામીની ઉંમર ૩૩ વર્ષની હતી. અને મહારાજ ધામમાં ગયા બાદ ૩૯ વર્ષ સુધી પૃથ્વી ઉપર રહ્યા. સહુને શ્રીહરિનો મહિમા સમજાવતા રહ્યા અને સત્સંગની તથા ઉપાસનાની દૃઢતા કરાવતા રહ્યા.

સં.૧૯૨૫ના માગસર વદ અમાસના રોજ વડતાલમાં સ્વામીને શ્રીહરિનાં દર્શન થયાં. તેથી સહુને કહે, "આ શ્રીસ્વામિનારાયણ ભગવાન અનેક મુક્તો સાથે મને તેડવા આવ્યા છે." એમ કહી શ્રીહરિના દિવ્યરૂપે પ્રત્યક્ષ દર્શન કરી, શ્રીહરિ અને અનંત મુક્તો સાથે વિમાનમાં બેસી સ્વતંત્રપણે ધામમાં સિધાવ્યા.

દોહા : બોત્તેર વર્ષની ઉંમરે, કર્યો દેહનો ત્યાગ;
દિવ્ય દેહે હરિ સેવામાં, સદા રહ્યા બડભાગ...૩૫
ઓગણીસો પચ્ચીસની, માગસર વદ અમાસ;
તે'દિ સ્વામી વડતાલથી, પામ્યા છે અક્ષરવાસ...૩૬

સત્સંગના સ્થંભ જેવા સદ્.શ્રીશુકાનંદસ્વામી ધામમાં ગયા, તેથી સહુને અતિશય દુઃખ થયું. શ્રીહરિના હાથ સમા અને અનુભવના ખજાના જેવા સ્વામી ધામમાં ગયા, તેથી આચાર્યશ્રી પણ અતિ ઉદાસ થઈ ગયા. સર્વે સંતો રડી પડ્યા. સર્વે ગૃહસ્થ બાઈઓ-ભાઈઓ પણ

અતિશય આંસુ પાડતાં હતાં. પછી મહારાજના પ્રતાપે સૌએ ધીરજ રાખી અને મોટા સંતોએ સ્વામી માટે સુંદર વિમાન તૈયાર કરાવ્યું.

દોહા : મુનિની અંતિમ યાત્રામાં, સુંદર રચ્યું વિમાન;
ઉત્સવ કરતા ચાલિયા, ગાતા કીર્તન ગાન...૩૭
જ્ઞાનબાગ પાસ લાવિયા, ભજન કરતા વિમાન;
અંતિમ સંસ્કાર મુનિનો, તે સ્થળે કર્યો નિદાન...૩૮
આજ તે સ્થળે શોભે છે, સ્મારક છત્રી સમાન;
સહુ ત્યાં વંદન કરે છે, જાણી તીર્થ મહાન...૩૯

હાલ વડતાલમાં જ્યાં જ્ઞાનબાગમાં જવાનો દરવાજો છે, તેની સામે સ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો હતો. તે સ્થળે સુંદર છત્રી બનાવી છે. સ્વામીની બાજુમાં જ વડતાલધામની વર્ષો સુધી અનુપમ સેવા કરનાર અને આચાર્યશ્રીની ત્રણ પેઢી સુધી સત્સંગમાં એકસૂત્રતા રાખનાર સુજ્ઞ અને મહાન ભક્તરાજ કોઠારી ગોરધનભાઈનો અગ્નિસંસ્કાર કર્યો હતો. તેથી તેની પણ ત્યાં સુંદર છત્રી છે.

સ્વામીનો સાહિત્યક્ષેત્રે પણ બહુ મોટો ફાળો છે. પૂ.સ્વામીશ્રીનું આખું વિસ્તૃત જીવન મેં **'શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન'** ભાગ-૧ ગ્રંથમાં વિસ્તારથી આપેલું છે. તેમાંથી અહીં તો માત્ર સંક્ષેપમાં દર્શાવ્યું છે. માટે વિશેષ જિજ્ઞાસુએ ત્યાંથી વાંચી લેવું. સ્વામી જેવા સદ્‌ગુણો આપણામાં આવે, આપણે પણ સ્વામીની જેમ અહંશૂન્ય તથા મહારાજ અને મોટા પુરુષની મરજીના મરજીવા બની જીવી શકીએ એવી શ્રીહરિ તથા સદ્.શ્રીશુકાનંદસ્વામીના પાવન ચરણોમાં પ્રાર્થના...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)ના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ

અનુક્રમણિકા

INDEX

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



॥ શ્રીહરિકૃષ્ણાય નમો નમઃ ॥

શ્રીસહજાનંદસ્વામિશિષ્ય શુકાનંદમુનિકૃત

વાર્તાપ્રસંગ

૧. ધર્માદિક ચારેય હોય તો ભગવાનની સેવામાં રહેવાય

અષ્ટમીને દિવસે સવારે ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણીસમું વચનામૃત વંચાવ્યું ને ત્યાર પછી બપોરે ગઢડા પ્રથમ પ્રકરણનું સુડતાલીશમું વચનામૃત વંચાવ્યું. તે બંનેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ, એ ચારની વાત આવી. ત્યારે એક સંતે પૂછ્યું જે, "ધર્મ જ્ઞાનાદિક શીખવાની રુચિ હોય ને દેહ પડી જાય, તે અક્ષરધામને પામે કે પુનરાવૃત્તિ થાય ?"

એ પ્રશ્નનો ઉત્તર જે, "જેને ચારે સંપૂર્ણ હોય તે તો અક્ષરધામને પામે ને ભગવાનની સેવામાં રહે. અને જે સવાસનિક ભક્ત હોય તેને તો જ્યાં એ ભક્તની રુચિ હોય તેવે ઠેકાણે ભગવાન એને પહોંચાડે છે. અને જે ભક્તને ધર્માદિકની રુચિ પક્વ થઈ હોય, તેને જ્યાં ધર્મ-જ્ઞાનાદિક તત્કાળ સિદ્ધ થાય તેવો જોગ ભગવાન કરી દે છે. ને તેને તો ભારે યોગભ્રષ્ટ કહેવાય. જેમ ભરતજી યોગભ્રષ્ટ હતા તેવો તે યોગભ્રષ્ટ કહેવાય." ॥૧॥

૨. યોગભ્રષ્ટ હોય તે મહા સમર્થ થાય

ત્યારે વળી સંતે પૂછ્યું જે, "જય-વિજય યોગભ્રષ્ટ કહેવાય કે નહિ?" એ પ્રશ્નનો ઉત્તર જે, "એ તો યોગભ્રષ્ટ ન કહેવાય. એણે તો સંતનો અપરાધ કર્યો, તેથી આસુરી મતિ થઈ ગઈ. ને મોરે કહ્યો જે યોગભ્રષ્ટ તે તો ભારે અવતાર જેવો થાય ને ધર્મ-જ્ઞાનાદિકને તત્કાળ સિદ્ધ કરે અને બીજા કેટલાકને ધર્માદિકની રુચિ કરાવી દે, એવો તે સમર્થ થાય છે." ॥૨॥

૩. જય-વિજયના દૃષ્ટાંતે આસુરીભાવ ટાળવાની વિગત

પછી વળી સંતે પૂછ્યું જે, "જય-વિજયને ભગવાને પોતાના ધામને દરવાજે સર્વેને ખાળવાને(રોકવા માટે) બેસાર્યા હતા ને આજ્ઞા કરી હતી, તે સારુ સનકાદિકને ખાળ્યા. તેમાં એને બહુ જ દંડ દીધો, એવડો એનો શો વાંક ?" એ પ્રશ્નનો ઉત્તર જે, "સનકાદિકનો ઉપહાસે યુક્ત તેણે તિરસ્કાર કર્યો ને લક્ષ્મીજીનો પણ અપરાધ ને તિરસ્કાર કર્યો; તેણે કરીને લક્ષ્મીજીને એમ મનસૂબો થયો જે,'આ ઠેકાણે આવા પુરુષો ન જોઈએ.' તેણે કરીને એના જીવ આસુરીભાવને પામ્યા હતા. ને પછી સનકાદિકે શાપ દીધો, તેણે કરીને દૈત્ય થયા."

ત્યારે વળી પૂછ્યું જે, "પાર્ષદ હતા ત્યારે તો ભગવાન ને ભગવાનના ભક્તને લગારેક દુ:ખવ્યા તેણે કરીને દૈત્ય થયા, ને પછી તો ભગવાન ને ભગવાનના ભક્તને બહુ જ દુ:ખ દીધાં ને યુદ્ધ કર્યું અને

ત્રીજે જન્મે ભગવાનના ધામને પામ્યા, એ કેમ સમજવું ?" એ પ્રશ્નનો ઉત્તર જે, "દૈવી હોય ત્યારે લગાર દ્રોહ કરે તો બહુ પાપ થાય ને આસુરભાવ થયા પછી એવું થાય નહીં. કેમ જે, એનો સ્વભાવ જ એવો છે જે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ જ કરે."

ત્યારે વળી પૂછ્યું જે, "શ્રીજીમહારાજ એકાંતે બેઠા હોય ત્યારે કરીમભાઈને એમ કહેતા જે, 'કોઈને અહીં આવવા દેશો મા.' ત્યારે મોટા મોટા સાધુને પણ ખાળતા. તેમ જય-વિજયને આજ્ઞા હતી તે ખાળે જ તો ! એમાં કાંઈ સનકાદિકને ક્રોધ ન આવ્યો જોઈએ." ત્યારે કહ્યું જે, "સનકાદિકને તો ક્રોધ આવ્યો જ નથી. ને ક્રોધ આવ્યો હોત તો વૈકુંઠનાથ ભગવાનને એમ કહેત નહિ જે, હે મહારાજ ! તમારી મરજી હોય તો આ ધામમાંથી જય-વિજયને પાડો અને મરજી ન હોય તો ન પાડો; પણ અમારે એ વાતનો આગ્રહ નથી. માટે એમને ક્રોધ આવ્યો હોત તો તે એમ બોલત નહીં. અને જેને અતિ રૂઢ ને ઉગ્ર પ્રકૃતિ હોય તેને દૈત્ય કરીને તેની પ્રકૃતિને ટાળે છે. અને જેને રૂઢ પ્રકૃતિ તો હોય પણ લગારેક કોમળ હોય તેને બ્રાહ્મણ કરીને ટાળે છે; તેમાં જય-વિજયને અતિ રૂઢ ને અતિ ઉગ્ર પ્રકૃતિ હતી, તે ભગવાને એમ જાણ્યું જે, આને દૈત્ય કર્યા વિના એની પ્રકૃતિ નહિ ટળે, એમ જાણીને દૈત્ય કર્યા. અને મુચુકુંદ રાજાની રૂઢ પ્રકૃતિ હતી પણ લગારેક કોમળ હતી તો ભગવાને બ્રાહ્મણનો અવતાર આપ્યો અને તેની પ્રકૃતિને ટાળી નાખી." ॥૩॥

૪. સ્વભાવ સાથે દોષભાવ થાય તો સ્વભાવ જાય

વળી પૂછ્યું જે, "દૈત્યના દેહમાં તો સામું પ્રકૃતિ વૃદ્ધિ પામે છે ને તમે તો કહો છો જે પ્રકૃતિ ટાળવા સારુ દૈત્ય કર્યા ?" એ પ્રશ્નનો ઉત્તર જે, "દૈત્યના દેહને પામ્યા પછી ભગવાનને પામે છે ત્યારે એને એના સ્વભાવને વિષે જે ગુણભાવ આવ્યો હતો, તેમાં અત્યંત દોષભાવ આવે છે ત્યારે એના સ્વભાવ ટળી જાય છે." ॥૪॥

૫. ભાગવતી તનુની વિગત

ત્યારે વળી સંતે પૂછ્યું જે, "જય-વિજયનું, સનકાદિકનું અને નારદજીનું ને અક્ષરધામના મુક્ત એ સર્વેનાં ભાગવતી તનુ કહ્યાં છે. અને નારદજીનું તો શુદ્ધ ભાગવતી તનુ કહ્યું છે ત્યાં શ્લોક..ને અક્ષરધામના મુક્તનું તો કહ્યું છે જે,

'न तद्भासयते सूर्यो न शशांको न पावकः।' (ગીતા ૧૫/૬)

(**અર્થ :** તે ધામને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પ્રકાશી શકતા નથી. એવું મારું દિવ્ય ધામ છે.)

આમ, એને પણ ભાગવતી તનુ કહ્યું છે તે કઈ રીતે સમજવું?" એ પ્રશ્નનો ઉત્તર જે, "એક તો આઠવલું સોનું હોય, ને એક તો બારવલું સોનું હોય, ને એક તો સોળવલું સોનું હોય, ને એક તો કુંદન સોનું હોય; તેને તો જે એની પરિક્ષાવાળા હોય તે જાણે છે. તેમ મોટા એકાંતિક હોય તે જ યથાર્થ ઓળખે ને બીજાને તો કાંઈ ઓળખાય નહિ. અને મોટા હોય તે તો અહીંયાં પણ સર્વેને ઓળખે જે, આને આટલી ભાગવતી તનુ થઈ છે ને આને આટલી બાકી છે. ને જય-વિજયને, સનકાદિકને તથા નારદજી એને પણ જાણે (જે આ આટલી સ્થિતિવાળા છે.)" ॥૫॥

૬. મોટા બે પ્રકારની સ્થિતિવાળા

અને તે મોટા પણ બે પ્રકારની સ્થિતિવાળા છે તે કહીએ જે, એકને તો સાધનકાળમાં ને સ્થિતિકાળમાં એવી સમજણ છે જે આવરણને ભેદતા ભેદતા અક્ષરધામમાં જાવું છે. ને બીજાને તો સાધનકાળમાં જ એવી સમજણ છે જે ક્યાંય જાવું નથી ને આવવું પણ નથી ને જાણપણામાં રહ્યા થકા ધ્યાન કર્યા કરે છે. અને સ્થિતિકાળમાં તો અક્ષરરૂપ થઈને ધ્યાન કરે છે. માટે દેહ મૂકશે ત્યારે એને એમ જણાશે જે, હું તો અક્ષરધામમાં જ બેઠો છું, પણ બીજું કાંઈ આવરણ નહિ દેખાય. તે

ઉપર સદ્.શ્રીગોપાળાનંદસ્વામીની વાત કરી જે, સ્વામીએ દેહ મૂક્યો ત્યારે કહ્યું જે, 'સર્વે સંત જમીને આવ્યા ?' ત્યારે કહે, 'હા, આવ્યા.' ત્યારે સ્વામીને મહારાજનાં દર્શન થયાં ને શરીર રોમાંચિતગાત્ર થઈને સર્વે ઇન્દ્રિયોની વૃત્તિયું માંહિ જાણપણામાં ઊતરી ગઈયું ને દેહ મૂક્યો. અને પ્રથમ કહી એવી સ્થિતિવાળા જ્યારે દેહ મૂકે ત્યારે ભગવાનનાં દર્શન થાય ને નેત્ર આદિક સર્વે ઇન્દ્રિયોની વૃત્તિઓ બહાર તણાય અને દેહ મૂકે છે. ॥૬॥

૭. શ્રીહરિએ સ્વામીના મનસૂબા પૂરા કર્યા

વચનામૃતની કથા વંચાવતાં સદ્.શ્રીશુકમુનિએ પોતાના ત્રણ મનસૂબાની વાત કરી. તેમાં બે મનસૂબા તો શ્રીજીમહારાજે પૂરા કર્યા. અને એક બાકી રહ્યો તે મહારાજ પૂરો કરે તો બહુ સારું. તે મનસૂબા શું ? તો (૧) મહારાજ ડભાણના બ્રાહ્મણ પાસે કથા કરાવતા, ત્યારે મહારાજ બ્રાહ્મણને પૂછે ને વાત કરે. ને તે બ્રાહ્મણ મહારાજને પૂછે, ત્યારે મહારાજ તેના ઉપર વાત કરે. તેને જોઈને મને એમ મનસૂબો થયો જે, 'મહારાજની આગળ કથા કરીએ ને પૂછીએ ને મહારાજ મને પૂછે.' તે મનસૂબો તો સારી પેઠે પૂરો કર્યો જે, 'મહારાજ આ લોકમાં જે કામ સારુ આવ્યા તે કામની સર્વે વાત મને કહી. ને મેં મહારાજને પૂછી જે, સંપ્રદાય પ્રવર્તાવ્યાની રીતિ તથા બહુ ઝાઝા જીવ કલ્યાણને માર્ગે ચાલે તથા થોડે દાખડે બહુ જીવ અક્ષરધામને પામે તેની રીતિ તથા ગ્રંથ કરવાની રીતિ તથા અનેક પ્રકારનાં પ્રકરણ ફેરવ્યાં તેના ખરડા મારી પાસે લખાવ્યા.

તથા એકવાર મને તાવ આવ્યો ને મહારાજને કાગળ લખાવવો હતો પણ કોઈ લખનાર નહીં. તે કોઈ મનુષ્ય એકવાર તેડવા મોકલ્યું ને બીજીવાર મોકલ્યું. ત્યારે મેં કહ્યું જે, 'તાવ આવ્યો છે.' તોપણ મહારાજ કહે, 'તેડી લાવો.' તેથી હું માંડ માંડ ગયો. ત્યારે મહારાજ કહે, 'અહીં

સૂઓ.' ત્યારે હું સૂઈ ગયો. તે મહારાજ મારા સામું એક ઘડી જોઈ રહ્યા. તે દહાડાથી એવો તાવ હજી આવ્યો નથી. અને મહારાજ કહેતા જે, 'આ શુકમુનિ તો અમારા હાથ છે.' એ પ્રકારે અનેક રીતે મહારાજ રાજી થયા ને મારો મનસૂબો પૂરો કર્યો.

(૨) સદ્.શ્રીમુક્તાનંદસ્વામી આદિક સાધુને જોઈ એમ મનસૂબો થયો જે, 'આપણે સાધુ થઈએ તો બહુ સારું.' તે મહારાજે મને સાધુ કર્યો. ને સદ્.શ્રીમુક્તાનંદસ્વામી, સદ્.શ્રીગોપાળાનંદસ્વામી એ આદિક સર્વે રાજી થયા. એ મનસૂબો મહારાજે પૂરો કર્યો.

(૩) આ ત્રીજો મનસૂબો બાકી રહ્યો તે મહારાજ પૂરો કરે તો બહુ સારું. તે શું ? તો 'દેહ મૂકવા સમયે **એક વર્ષ કે છ મહિના** સુધી સારી પેઠે મંદવાડ આવે તો બહુ સારું.' તે શા સારુ ? જે મંદવાડે કરીને જીવ નિર્વાસનિક થાય છે તેવો બીજે સાધને કરીને નથી થાતો. **૧. વિષયમાં રાગ ૨. દેહમાં આસક્તિ ને ૩. શુભ વાસના,** એ ત્રણેય મંદવાડે કરીને નાશ પામે છે.

તે કહીએ છીએ જે, પ્રથમ વિષયમાંથી આસક્તિ મંદવાડે કરીને જ ટળે છે જે, **'આ સારા સાધુ કોઈ વિષયને ગ્રહણ કરતા જ નથી, ને સારું મિષ્ટ ભોજન જમતા જ નથી; તોય પણ જમવાનું સારું ભોજન હોય તો બે-ચાર ગ્રાસ વધુ જમાય ખરું !!** ને તાવ આવ્યો હોય તો અન્નનું નામ લે ત્યાં ઊલટી થાય. ને જ્યારે મને તાવ આવે ત્યારે અડધો શેર કે પાશેર અન્ન જમાય ખરું !! ને હમણાં મંદવાડ આવ્યો, તે અન્ન તો દીઠું જ ગમે નહીં, ને કોઈ પદાર્થ સારું લાગે જ નહીં.

ને સદ્.શ્રીમુક્તાનંદસ્વામીને મંદવાડ આવ્યો ત્યારે તો મહારાજના થાળની પ્રસાદી લેવાનો મનસૂબો જ થાય નહિ, ને એક ભાતનો દાણો લેવાય; એવી અરુચિ મંદવાડે કરીને થાય છે. એવી રીતે વિષય જીત્યાની વાત કહી. ॥૭॥

૮. દેહાસક્તિ મંદવાડથી ટળે છે

અને હવે દેહમાંથી આસક્તિ મંદવાડે કરીને ટળી જાય છે, તે કહીએ જે, **“સદ્.શ્રીમુક્તાનંદસ્વામી આદિક મોટા મોટા સાધુને કોઈ વાસના નથી; પણ લગારેક દેહમાં હેત છે, તે મંદવાડે કરીને ટળી જાય છે.** તે જોતાં એમ થાય છે જે, સર્વેને દેહમાંથી હેત તો ભારે મંદવાડે કરીને તૂટે છે. કેમ જે, મંદવાડે કરીને દેહ ગંધાઈ ઊઠે; ને મળમૂત્ર, તેણે કરીને સામુ જોવાય નહીં, ને દિશાએ વારે વારે જાવું પડે, ને ઊલટી થાય, ને શૂળ આવે, ને તે મંદવાડે કરીને બહુ દુઃખ થાય; ત્યારે એમ થાય જે આ પાપરૂપ દેહ પડે તો બહુ સારું થાય. ત્યારે દેહમાંથી આસક્તિ ટળી જાય છે. ॥૮॥

૯. શુભ વાસના પણ મંદવાડે ટળે છે

અને હવે શુભ વાસના તે પણ મંદવાડે કરીને ટળે છે. તે **શુભ વાસનાને કહીએ છીએ, તેને તમે સાંભળો જે, સદ્.શ્રીમુક્તાનંદસ્વામીને શુભ વાસના હતી, ને ક્ષયરોગ થયો તોપણ દેહ રહ્યો જે,** એમને એવી શુભ વાસના હતી જે, ‘શ્રીજીમહારાજ આ લોકમાં રહે ત્યાં લગી મારો દેહ રહે તો મહારાજનાં સર્વે ચરિત્ર જોયામાં આવે.’ તે એવી વાસના હતી. તે સારુ મહારાજે દેહ રાખ્યો, નહિ તો ક્ષયવાળાનો દેહ રહે જ નહીં. ને ક્ષયરોગ થયા પછી આઠ વર્ષ સુધી સ્વામીનો દેહ રહ્યો, તે શુભ વાસનાને બળે કરીને રહ્યો.

અનેવળી સ્વામીની બીજી વાર્તા કહીએ છીએ જે, **સદ્.શ્રીમુક્તાનંદ સ્વામીને દેહ મૂકવા આડા ત્રણ દિવસ રહ્યા, ત્યારે કહે જે, ‘હવે મંદવાડ કશો નથી, ને હવે તો સાજા થયા; તે ગાડી ઉપર બેસીને દેશમાં ફરશું ને મોટાં મોટાં શહેરોમાં વાતુ કરીને આચાર્યજી મહારાજની પધરામણી કરાવશું ને ઉદ્ધવ સંપ્રદાયની પ્રતિષ્ઠા કરશું.’**

ત્યારે સદ્.શ્રીનિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'સ્વામી ! હું તમારો શિષ્ય છું. તે તમારે જે મનસુબો હોય તે મને કહો તે સર્વે હું પુરો કરીશ ને તમારો દેહ હવે નહિ રહે,' ત્યારે રાજી થઈને પછી સદ્. શ્રીનિત્યાનંદસ્વામીને માથે હાથ મેલીને બરડો સારી પેઠે થાબડ્યો ને પછી સ્વામીએ દેહ મૂક્યો. એવી રીતે વિષયમાં ને દેહમાં હેત અને શુભ વાસના તે મંદવાડે કરીને ટળે છે.

ત્યારે મુનિએ કહ્યું જે, "મોટાને મંદવાડ આવે એતો ઠીક, પણ ગરીબને તો તત્કાળ દેહ પડી જાય તો ઠીક." ત્યારે શુકસ્વામીએ કહ્યું જે, **"કાંઈ જોઈએ જ નહિ, એવો વિચાર કરવો.** જેમ સદ્. શ્રીનિષ્કુળાનંદસ્વામીએ પોતાને કહ્યું જે, 'પૂર્વને પાપે કરીને દુઃખી થાય છે અને વળી ભગવાનના ભક્તનો અવગુણ લઈશ તો તેનો ક્યાં છૂટકો થાશે ?" ॥૯॥

૧૦. દેહથી આજ્ઞા-ઉપાસના કે સેવા ન થાય તો શું કામનું ?

અને એક સંત કીર્તન બોલ્યા. પછી સ્વામીએ વાત કરી જે, "આ દેહે કરીને ધર્મ ન સધાણો, જ્ઞાન ન સધાણું, વૈરાગ્ય ન સધાણો, મહિમાએ સહિત ભક્તિ ન સધાણી, ઉપાસના ન સધાણી ને અનેક જીવનાં કલ્યાણ કરવા સારુ મહારાજે મંદિર કર્યાં છે તેની સેવા આ દેહે કરીને ન થઈ તો આ દેહ કેવું જાણવું ? તો વરોળ ગાયની સેવા કર્યા જેવું જાણવું. કેમ જે, દૂધ તો મળે નહીં ને છાણમૂત્ર વાળવું પડે." ॥૧૦॥

૧૧. સદ્ગુણ સિદ્ધ થાય ત્યારે અધર્મસર્ગ ટળે

અને સવારમાં વાત કરી જે, "જગતમાં એમ કહે છે જે આ મનુષ્યનું તો કમળ ફર્યું છે. તે કમળ હૃદયને વિષે ઊંધું રહ્યું છે તે સવળું થાય છે અને તે કમળ ફરે ત્યારે તો અવળી સમજણ હોય તે સવળી સમજણ થાય છે. એ એનું કમળ ફર્યું કહેવાય છે. તે શું ?

તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના, ઐશ્વર્ય, ગુણ, વિભૂતિ એને શીખવાનો અભ્યાસ કરતે કરતે જ્યારે સિદ્ધ થાય છે, ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે. અને જ્યારે એ ગુણ સિદ્ધ થાય છે ત્યારે અધર્મસર્ગના દોષ કોઈએ હૃદયમાં રહે જ નહીં. અને જગતના સુખનો, વિષયના સુખનો, દેહના સુખનો હૃદયમાં ક્યારેય અંકુર ઊઠે જ નહિ, ને એ સુખમાં તો અપાર દુઃખ જણાયા કરે છે અને એક ભગવાનનું જ સુખ અંતઃકરણમાં ફૂવારાની પેઠે સ્ફૂર્યા કરે; એ એનું કમળ ફર્યું કહેવાય છે." ॥૧૧॥

૧૨. મહારાજની મરજીમાં રહેવાથી મોટપ મળે

અને પછી રહસ્યનું (ગઢડા મ.પ્ર ૫૦ મું) વચનામૃત વંચાવ્યું. તેમાં સતિ, પતંગ, શૂરો અને નદીયું લીન થયાની વાત આવી. ત્યારે સંતે પૂછ્યું જે, "એમાં તે શી વાત આવી ?" ત્યારે સ્વામીએ એ ઉપર વાત કરી જે, "જેમ સતી ને પતંગ અગ્નિમાં લીન થઈ જાય છે ને શૂરો રણને વિષે ટુકટુક થઈ જાય છે ને નદીયું સમુદ્રને વિષે લીન થઈ જાય છે; **તેમ આપણા જીવાત્માને અક્ષર સાથે લીન કરી નાંખવો, ત્યારે એ અક્ષરના ગુણ જીવાત્માને વિષે આવે છે. પછી અનંત કોટી બ્રહ્માંડ અણુવત્ થઈ જાય છે; ત્યારે આ લોકનાં સુખ અણુવત્ થઈ જાય એમાં શું કહેવું ? એ તો થાય જ !**

અને એવા મહત્ ગુણ આવે ત્યારે કોઈ લોકાંતરનું સુખ નજરમાં આવે જ નહીં. અને સૂજે એવા ઉત્તમ વિષય પ્રાપ્ત થાય તોય એમાં માલ મનાય નહીં. એવી જીવમાં મહત્ સમજણ આવે તો એ ભગવાનને રહેવાનું પાત્ર થયા ને એના હૃદયમાં ભગવાન અખંડ રહે છે. એ વાત કહી છે." ॥૧૨॥

૧૩. મોહ અને પ્રમાદવાળાને થતી ખોટ

અને બપોરે સારંગપુરનું (૧૪ મું) વચનામૃત પ્રમાદ ને મોહનું વંચાવ્યું. તેમાં પ્રમાદ ને મોહની વાત આવી. ત્યારે સંતે પૂછ્યું જે, "એકાંતિક ભક્તમાં પ્રમાદ ને મોહ કાંઈ અંતરાય કરે છે કે નથી કરતા?" એ પ્રશ્નનો ઉત્તર જે, "તે જેને પ્રમાદ ને મોહ હોય તેને એકાંતિક ધર્મ તો આવે જ નહીં. કાં જે, એની સમજણ જ અવળી હોય. તે શું ? તો મોટા એકાંતિક સાધુ હોય તેને ન્યૂન સમજે ને ન્યૂન હોય તેને મોટા સમજે, એટલે એને એકાંતિકપણું આવે જ નહીં.

કેમ જે, એકાંતિક ધર્મ આવવાનાં દ્વાર બંધ થાય છે. તે એવો જેને **મોહ** હોય તેની સમજણ જ વિપરીત હોય. તે શું ? તો **પુરુષોત્તમને અવતાર જેવા જાણે ને અવતારને પુરુષોત્તમ જેવા જાણે;** ને એકાંતિક ધર્મને સાધારણ ધર્મ જેવો જાણે ને સાધારણ ધર્મને એકાંતિક જેવો જાણે; ને જગત મિથ્યા છે તેને સત્ય જાણે ને ભગવાન સત્ય છે તેને અસત્ય જાણે; ને જીવાત્મા સત્ય છે તેને અસત્ય જાણે ને દેહ મિથ્યા છે તેને સત્ય જાણે; એવો એ મોહ છે. તે કોઈ રીતે ટળે એવો નથી. તે ભગવાને મહા દાખડે કરીને અઢાર અધ્યાયમાં ગીતાનું જ્ઞાન કહ્યું, ત્યારે અર્જુનને સમજાણું. ત્યારે બોલ્યા જે,

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ।। *(गीता.१८/७३)*

(**અર્થ :** હે અચ્યુત ! હે ભગવન્ ! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થયો છે. યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયું છે. તેથી હવે હું નિઃસંદેહ થયો છું, સ્વસ્થ બન્યો છું. માટે હવે જેમ આપ કહેશો એમ હું કરીશ.)

ત્યારે અર્જુનને મોહ ટળ્યો ને સ્મૃતિ વૃદ્ધિને પામી. અને ઉદ્ધવજીને એકાદશ સ્કંધના અઠ્યાવીસ અધ્યાય સુધી ભગવાને જ્ઞાન કહ્યું. ત્યારે ઉદ્ધવજી શ્લોક બોલ્યા,

विद्रावितो मोहमहांधकारो य आश्रितो मे तव सन्निधानात् ।

(भाग. ११/२९-३७)

(**અર્થ :** ઉદ્ધવજી કહે છે, 'હે ભગવન્ ! મેં જે મોહરૂપી મહા અંધકારનો આશ્રય કર્યો હતો તે મહા મોહરૂપી અંધકારને આપના પ્રસંગથી નસાડી મૂક્યો છે.')

'જે હે મહારાજ ! મારો મહામોહરૂપ અંધકાર હવે નાશ પામ્યો અને હવે જેમ કહો તેમ કરું.' અને **પ્રમાદ** તે શું ? જે કરવાનું ન કરવું ને ન કરવાનું કરવું. તે શું ? જે એકાંતિક ધર્મ શીખવો તે કરવાનું છે તે ન કરાય ને બીજું કરવાનું નથી તે કરે છે. ચાર પોર તુંબડાં ઘસે છે ને ભગવાનનું ધ્યાન એક ઘડીએ ન થાય. ને આ દેહને ઘસવું ભૂંસવું (એમ) કરવું હોય તો કાય (થાકે) નહીં, ને ભગવાનની ભક્તિ કરવી હોય તો કાય જાય છે; ને વિના પ્રયોજન બોલ્યા કરે તો કાંઈ નહિ ને ભગવાનના ગુણ ગાવા હોય તો કાય જાય છે; ને બીજી સર્વ ક્રિયા કરતાં થાકે નહિ ને ભગવાનનું ધ્યાન કરવું હોય તો થાકી જાય છે; એમ પ્રમાદને જાણવો.

અને **આળસ** જે ભગવાનની ભક્તિ ન કરવી ને કેવળ ખાઈને સૂઈ રહેવું. એમ મોહ ને પ્રમાદ ને આળસ, એ ત્રણેય દોષ ભગવાનની એકાંતિકી ભક્તિને વિષે મોટા અંતરાયરૂપ છે એમ જાણીને ત્યાગ કરવા." ॥૧૩॥

૧૪. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહને ટાળવાની વિગત

અને તે પછી શયન આરતી થયા કેડે ને વચનામૃત વંચાઈ રહ્યા પછી કીર્તન, સ્વભાવિક ચેષ્ટા બોલી રહ્યા. પછી એકલિયા કીર્તન બોલીને સ્વામીને એક સંતે પૂછ્યું જે, આ કીર્તનનું ચરણ સમજાતું નથી જે, **'મન ભેદી તનડામાં ન ટકી, આવી દેખાણી અણી બારી રે.'** એ ચરણ ઉપર સ્વામીએ વાત કરી જે, "અતિશે ભગવાનના પ્રેમી ભક્તને ભગવાનનું દર્શન થાય છે ત્યારે મન ભેદાઈ જાય છે. જેમ કામી પુરુષને મનગમતી સ્ત્રી મળે ને મન ભેદાઈ જાય છે, ને જેમ અતિશય લોભી

પુરુષને ધન મળે ને જેમ મન ભેદાઈ જાય છે. ને 'તનડામાં ન ટકી' તે શું ? તો તેને તે મૂર્તિ જીવમાં પ્રવેશ કરી જાય છે અને તેની તે મૂર્તિ આગળ દેખાય છે. ને એ પ્રેમી ભક્તને ભગવાન એવી રીતે દર્શન દે ત્યારે એ ભક્તની વૃત્તિ ભગવાનને વિષે ચોંટી જાય છે. પછી તે ભક્તને ભગવાન વિના ક્ષણમાત્ર રહેવાય નહિ ને ભગવાનનો વિયોગ થાય તો વિરહે કરીને રહી શકે નહીં.

જેમ માછલું જળ વિના રહી શકે નહિ તેમ તે ભક્ત પણ ભગવાન વિના રહી શકે નહીં. ને ભગવાનનો વિયોગ થાય તો બહુ જ દુઃખ થાય ને રહેવાય પણ નહીં. ને જ્ઞાની ભક્તને ભગવાનના વિયોગે કરીને દુઃખ તો થાય પણ બહુ ન થાય. ને એ તો જ્ઞાને કરીને જાણે છે જે, **મારા જીવાત્મામાં ભગવાન અખંડ રહ્યા છે.** અને પ્રેમી ભક્તને વિક્ષેપે કરીને દુઃખ થઈ જાય છે. (માટે) તેને જ્ઞાન શીખવું જોઈએ. અને જ્ઞાની ભક્તે વિચારે કરીને સર્વ પદાર્થમાંથી મન લૂખું કરી નાખ્યું હોય તેથી પ્રેમી ભક્તની પેઠે ભગવાનમાં ચોંટાય નહીં. (માટે) તેને પ્રેમ શીખ્યો જોઈએ. કેમ જે, પ્રેમે કરીને જ ભગવાનને વિષે ચોંટાય છે.

અને જ્ઞાની ભક્તને એક વાત સુગમ છે ને પ્રેમી ભક્તને એક વાત બહુ જ કઠણ છે. તે શું ? તો જ્ઞાની ભક્ત તો ભગવાનનું ધ્યાન જીવાત્મામાં કરે છે. તે એને પ્રથમ કારણ શરીરનો નાશ થાય છે. તે કારણ શરીર મહા કઠણ છે. તે જ્ઞાની ભક્તને પ્રથમ ટળે છે અને પછી સૂક્ષ્મ અને સ્થૂળ ટળવું તે લગારેય પણ કઠણ પડતું નથી. તે એ જ્ઞાની ભક્તને સુગમ છે. અને પ્રેમી ભક્ત તો ભગવાનનું ધ્યાન બારું દૃષ્ટિને આગળ કરે છે. તે પ્રથમ સ્થૂળ ને પછી સૂક્ષ્મ ને પછી કારણ દેહ ટળે છે. તે એ પ્રેમી ભક્તને તો એ ત્રણેય દેહ ટાળવા કઠણ છે. તે પ્રથમ સ્થૂળ ટાળવું કઠણ છે ને એથી સૂક્ષ્મ ટાળવું મહા કઠણ છે ને તેથી કારણ દેહ ટાળવું તે બહુ જ કઠણ છે. ॥૧૪॥

૧૫. શાસ્ત્ર કાળે કરીને સમજાય છે

અને સંતે કહ્યું જે, શાસ્ત્ર કાળે કરીને સમજાય છે. તે મોરે મુને સદ્. શ્રીગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, 'તું ગીતા ભણ્ય.' ત્યારે મેં ગીતા ભણવા માંડી. તે કેવળ વાંચી જાઉં પણ કાંઈ સમજાય નહીં, ને હવે વાંચું છું ત્યારે અક્ષરેઅક્ષર સમજાય છે. તેથી એમ જણાય છે જે શાસ્ત્ર કાળે કરીને જ સમજાય છે. ત્યારે શુકસ્વામીએ કહ્યું જે, 'હા, કાળે કરીને સમજાયછે.' તે ઉપર સ્વામીએ વાત કરી જે, "મહારાજ વાત કરતા તે અમે સાંભળીને અંતરમાં ઉતારી ને વચનામૃત લખ્યાં ને શોધ્યાં ને વાંચ્યાં તોયે કાંઈ સમજાણું નહીં. અને પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ વચનામૃતમાંથી વાતું કરીને કહ્યું જે, આવી વાત તો કોઈ શાસ્ત્રમાં નથી. તે શું ? તો ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની, ભક્તિની, ભગવાનના મહિમાની, ઉપાસનાની, જીવની, ઈશ્વરની, માયાની, અન્વય-વ્યતિરેકપણાની, એવી અનેક વાતું વચનામૃતમાંથી કરી, ને કહ્યું જે, મહારાજે વાતું કરી છે તેવી તો કોઈ શાસ્ત્રમાં નથી. ત્યારે આ વચનામૃતની વાતું સમજાણી અને એ વાત અમે લખી હતી, પણ એવી સમજાતી ન હતી. તે એ શાસ્ત્ર કાળે કરીને સમજાય છે. તે પણ મોટાનો વિશ્વાસ હોય ને અંતરદૃષ્ટિ હોય તો એને વે'લી વાત સમજાય છે." ॥૧૫॥

૧૬. અંતરદૃષ્ટિની બારખડી

ત્યારે સંતે પૂછ્યું જે, "અંતરદૃષ્ટિ રાખવાની બારખડી તે શું છે ?" એ પ્રશ્નનો ઉત્તર જે, "જે ક્રિયા કરવી તે વિચાર કરીને દેહ ઈન્દ્રિયાદિકથી જુદા પડીને, હું તો એનો જાણનારો છું, એમ જુદા પડીને સર્વે ક્રિયા કરવી, પણ કોઈ ક્રિયામાં એ વિચારને ભૂલીને દેહ ઈન્દ્રિયરૂપ થઈને કરવી નહીં." ત્યારે સંતે કહ્યું જે, "ભાઈસ્વામી એમ વાતો કરતા જે, મહારાજે પ્રકરણ ફેરવ્યું." ત્યારે કહ્યું જે, "જે ક્રિયા કરવી તે ઉત્થાન ઓળખીને કરવી, પણ સંકલ્પ ભેળા ભળવું જ નહીં.

એમ ઉત્થાન ઓળખીને, જાણપણામાં રહીને સર્વે ક્રિયા કરવી, એ જ ખરેખરી અંતરદૃષ્ટિ રાખ્યાની બારખડી છે." ॥૧૬॥

૧૭. મંત્ર મહિમા

અને એકાદશીને દિવસ આ કીર્તન બોલ્યા જે,

સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઊંચે સાદે ગાય;
સાંભળીને જમદૂત તેને દૂરથી લાગે પાય.

એ કીર્તન સાંભળીને સંતે પૂછ્યું, "એ કીર્તન કુસંગી લોક જો ગાય તો જમદૂત છેટે રહે કે ન રહે ?" ઉત્તર જે, "સ્વામિનારાયણ કહેવું એ તો મહામંત્ર છે. તે સૂઝે તો સત્સંગી ગાતા હોય કે કુસંગી ગાતા હોય, પણ યમદૂત તો છેટે જ રહે છે. એવો એ નામનો પ્રતાપ છે. માટે **હાલતા-ચાલતા, ખાતા-પીતા, નાતા-ધોતા, ઊઠતા-બેઠતા, એ આદિક સર્વે ક્રિયાને કરતા થકા મહામંત્રનો જપ કરવો. અને એમ જે મંત્રનો જપ કરે છે તેને સામું મહારાજ જોઈ રહ્યા છે."** અને વળી એક વાત કરી જે, "કથા-વાર્તા, કીર્તન-ભજન, સ્મરણ એ આદિક જે જે ક્રિયા કરીએ છીએ તે સર્વેને મહારાજ જોઈ રહ્યા છે. ને અક્ષરધામના મુક્ત તથા સદ્.શ્રીગોપાળાનંદસ્વામીને આગળ મહારાજ વાત કરે છે જે, એ બહુ સારું કરે છે ! અને આપણા ઉપર બહુ રાજી થયા છે જે, એકાદશીનો ઉપવાસ છે ને બાર વાગ્યા લગણ કથા, વાર્તા, કીર્તન કરે છે તે બહુ સારું કરે છે. એમ અક્ષરના મુક્તને મહારાજ કહે છે. અને આપણા સર્વે સામું જોઈ રહ્યા છે." ॥૧૭॥

૧૮. સ્મરણને શ્રીજી સાંભળે છે અને સામું જોઈ રહે છે

અને ગઢડે મહારાજ સભામાં વાતું કરીને પોઢવા જાતા, ત્યારે મનુષ્ય મોકલીને ખબર કઢાવતા જે, કોણ વાતુનું મનન કરે છે ને કોણ કોણ ભજન-સ્મરણ કરે છે, ને કીર્તન ગાય છે ? એમ મહારાજ ખબર

કઢાવીને, જે જે વાતુનું મનન કરતા ને કીર્તન આદિક કરતા તેની ઉપર બહુ રાજી થાતા. અને આજ જે જે ભજન-સ્મરણ, કથા-વાર્તા, કીર્તન, નામ-સ્મરણ, વચનામૃત, હરિસ્મૃતિ એ કંઠે કરીને બોલે છે, ને રાત્રે ઊઠીને ભગવાનનું ધ્યાન કરે ને ઊંચે સાદે સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ લે છે, તે સર્વને મહારાજ સાંભળે છે ને સર્વ સામું જોઈ રહ્યા છે, ને બહુ રાજી થાય છે. ને સર્વે મુક્તોને અને (ગોપાળાનંદ)સ્વામીને કહે છે જે, 'આ બહુ સારું કરે છે.' ને એમ સ્વામિનારાયણ (ભગવાન) રાજી થાય છે." ॥૧૮॥

૧૯. ભજનનો શ્રીહરિને વજન પડે છે

અને એકવાર સદ્.શ્રીવિજયાત્માનંદસ્વામી ભજન કરતા હતા જે, "હે સ્વામિનારાયણ ! હો સ્વામિનારાયણ ! " ત્યારે મહારાજ કહે, "શું કહો છો ?" એમ જે સ્વામિનારાયણ કહે છે તેને મહારાજ જાણે છે જે, આ ભક્ત મને સાદ કરે છે. ॥૧૯॥

૨૦. મામૈયા પટગરનું સ્મરણ

અને એકવાર મહારાજ ગઢડેથી ચાલ્યા તે કારિયાણી આવ્યા. ને વસ્તા ખાચરને મનસૂબો થયો જે, 'મહારાજ ક્યાં ઊતરશે ? મેમાન છે.' એમ તેના મનસૂબાને મહારાજ અંતર્યામીપણે જાણીને કટ લઈને ચાલી નીકળ્યા. પછી તો બહુ તાણ કરી, પણ રહ્યા નહીં. ને રાત દોઢ પોર ગયે કુંડળને પાદર ચાલ્યા જાતા હતા. અને તે સમે મામૈયો પટગર સૂતા ઊઠીને ઉંચે સાદે "સ્વામિનારાયણ સ્વામિનારાયણ" ભજન કરતા. તે એને સાંભળીને મહારાજ કટ વળી ગયા ને તેને ઘેર ગયા. પછી મામૈયા પટગરે કહ્યું જે, "ઓ હો હો હો..! મહારાજ ક્યાંથી આવ્યા ?"

ત્યારે મહારાજ કહે, "તમે સાદ કર્યો તેથી અમે અહીં આવ્યા છીએ." પછી તો મહારાજ મામૈયા પટગરની ઉપર બહુ રાજી થયા.

ને પછી થાળ જમીને મામૈયા પટગરને કહ્યું જે, “તમે સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ સાદ કર્યો. તે સાંભળીને અમે આંહીં આવ્યા છીએ; નહીં તો અમે ચાલ્યા જવાના હતા.” એમ કહીને મામૈયા પટગરની ઉપર બહુ રાજી થયા. ॥૨૦॥

૨૧. નામમહિમા તથા મોહ ટાળ્યાની રીત

અને પછી સંતે, (વૈરાગી) નૃસિંહાનંદસ્વામીને પરદેશમાં ‘જીવનમુક્તા’ એવું નામ સાંભળ્યું. ત્યાં તો તેજ દેખાઈ આવ્યું. તે બધું મંદિર (તેજથી) ભરાઈ ગયું. તેની વાત કહી દેખાડી.

પછી કોઈક હરિભક્તે પૂછ્યું જે, “ધન તો વાવર્યામાં કામ આવે છે અને સ્વાદ તો જમીએ છીએ ત્યારે સારું લાગે છે ને શરીરમાં સુખ થાય છે. અને માન તો જ્યાં જઈએ ત્યાં મોટા મોટા માણસ આદરભાવ કરે છે ને સન્માન કરે છે તે સારું લાગે છે; પણ આ સ્નેહ તે શું કામમાં આવે છે ? તે જ્યાં ત્યાં હેત થઈ જાય છે ?” તેનો ઉત્તર જે, “એ તો ત્રણ દેવનો મોહ છે, તેણે કરીને જ્યાં ત્યાં જીવ ચોંટી જાય છે.

તેમાં **બ્રહ્માનો** મોહ શું છે ? તો સ્ત્રી સંતાનને જન્મ આપે છે ત્યારે મૂર્છા જેવું થઈ જાય છે, તોપણ તે દુઃખને ભૂલી જઈને વળી તે જ માર્ગે ચાલે છે. ને સ્ત્રીને પુરુષને વિશે હેત થાય છે ને પુરુષને સ્ત્રીને વિશે હેત થાય છે.

અને **વિષ્ણુનો** મોહ શું છે ? તો જીવ-પ્રાણીમાત્રને પોતાની પ્રજાનું ભરણપોષણ કરવું. તેમાં અનેક પ્રકારનું દુઃખ આવે છે તોપણ એ સહન કર્યા કરે છે.

અને **શિવનો** મોહ તે શું છે ? તો મૃત્યુકાળ આવે ત્યારે ડચકાં આવે, જીભ ઝલાય, બોલાય નહિ તોપણ એમ જાણે જે હું જીવીશ. અને ચાકરીના કરનારા પણ એમ જાણે છે જે, હજી જીવશે. તેમ એ

મરનારને આશા ટળે નહિ ને ચાકરીના કરનારને પણ આશા ટળે નહીં. એમ ત્રણેય દેવના મોહે કરીને જીવને જ્યાં ત્યાં હેત થઈ જાય છે. અને એ **મોહ ક્યારે ટળે ? તો જ્યારે ત્રણ ગુણ, ત્રણ દેહ ને ત્રણ અવસ્થાથી જીવાત્માને નોખો સમજીને અક્ષરરૂપ થઈને પુરુષોત્તમનું ધ્યાન ઉપાસના કરે તો ત્રણેય દેવનો મોહ ટળી જાય છે."** ॥૨૧॥

૨૨. ધન, સ્ત્રી અને દેહાભિમાનાદિ ટાળવાની રીત

અને બપોરે છેલ્લા પ્રકરણનું ૩૩મું વચનામૃત વંચાવ્યું. તેમાં એમ વાત આવી જે, સ્ત્રી, ધન, દેહાભિમાન અને સ્વભાવ. તે વાત સાંભળીને હરિભક્તે પૂછ્યું જે, "સ્વભાવ તે ક્યાં રહે છે ?" તેનો ઉત્તર જે, "સ્વભાવ તો કારણ દેહમાં રહે છે. તે કારણ દેહ તો અવ્યક્ત અને વાસનામય છે. તે કોઈને જાણ્યામાં જ આવતું નથી. જેમ અતિશે જીણું બીજ હોય તે બીજ જણાતું નથી તો વૃક્ષ, ડાળાં ને પાંદડાં તો જણાય જ ક્યાંથી ? તેમ કારણ દેહ જ દેખ્યામાં આવતું નથી તો સ્વભાવ ક્યાંથી ઓળખ્યામાં આવે ને ટળે ?

અને તે કારણ શરીર અને સ્વભાવ ટાળવા તો મહાકઠણ છે. તે જેમ કાળમીંઢ પથ્થરનો મહાકઠણ પર્વત હોય ને તેમાં કાપીને સડક કાઢવાની હોય તે કેવી કઠણ છે ? મહા દાખડો કરે ત્યારે માંડમાંડ નીસરે. તેમ કારણ શરીર અને સ્વભાવ ટાળવા તે મહાકઠણ છે. ને જેમ કાઠિયાવાડમાં મહાકઠણ પથ્થરમાં કૂવો કરવો હોય તો અતિશે દાખડે કરીને થાય છે તેમ કારણ શરીર ટાળવું મહાકઠણ છે. તે જો મોટા સંતનો સંગ થાય ને તેની વાતું સાંભળતા સાંભળતા બહુ જ્ઞાનાભ્યાસ થાય ને પછી જીવમાંથી જ્ઞાનાગ્નિ પ્રગટે તો કારણ શરીરને બાળી નાંખે છે." તે ઉપર હરિભક્ત શ્લોક બોલ્યા.

विषया विनिवर्तन्ते, निराहारस्य देहिना ।।
रसवर्ज रसोप्यस्य, परं दृष्ट्वा निवर्तते।।५९।। गी.अ.२

(**અર્થ :** હે અર્જુન ! ફક્ત દેહે કરીને ઈન્દ્રિયોના આહારરૂપ વિષયોનો ત્યાગ રાખનાર દેહાભિમાની પુરુષને શબ્દાદિક વિષયોની ઉપરથી તો નિવૃત્તિ થાય છે; પરંતુ, તેનો રાગ રહી જાય છે. અર્થાત્ તે વિષયમાં જે અવ્યક્ત રાગરૂપી આસક્તિ હોય તે નાશ પામતી નથી.

એ આસક્તિ ક્યારે નાશ પામે ? તો, અનંતકોટિ બ્રહ્માંડના તમામ માયિક સુખો તથા અક્ષરબ્રહ્મ સુધીનું આત્મસુખ, તે થકી પણ અતિ અધિક આનંદવાળા એવા મારા સાકાર સ્વરૂપનો જ્યારે સાક્ષાત્ અનુભવ થાય ત્યારે તે રાગ નાશ પામે છે. અથવા સર્વે માયિક વિષય થકી પર એવા જીવાત્માના સ્વરૂપનો જ્યારે સાક્ષાત્ અનુભવ થાય ત્યારે તે રાગ નાશ પામે છે. ॥૫૯॥)

ત્યારે સ્વામીએ કહ્યું જે, "એ શ્લોક નહીં. આમાં કહ્યું છે જે,

यस्य सर्वे समारंभा, कामसंकल्प वर्जिता।।
ज्ञानाग्निदग्धकर्माणं, तमाहुः पंडितं बुधाः।।१९।।गी.अ.४

(**અર્થ :** હે અર્જુન ! કર્મયોગમાં જ્ઞાનયોગ કઈ રીતે આવી જાય છે ? તે હવે હું તને સમજાવું છું જે, કર્મયોગમાં નિષ્ઠાવાળા પુરુષના સર્વે સત્કર્મો કામ અને સંકલ્પથી રહિત હોય છે. કામ અને સંકલ્પ એટલે શું ? તો, કર્મના ફળની આસક્તિ તે કામ છે. ત્રણ દેહ અને ત્રણ ગુણની સાથે આત્માની એક્તાને કારણે 'હું એ કર્મનો કર્તા છું' એવું જીવ માને, તેને અહીં સંકલ્પ કહેવામાં આવે છે.

કામ અને સંકલ્પથી રહિત કર્મો એટલે શું ? તો, માયાજન્ય આકારમાત્રથી વિલક્ષણ એવા પોતાના સ્વરૂપના અનુસંધાનને કારણે કેવળ પ્રભુ પ્રસન્નતાર્થે જે કર્મો થાય તેને કામ અને સંકલ્પથી રહિત કર્મો થયા કહેવાય. આવી રીતે કર્મ કરવામાં કુશળ એવા તે કર્મયોગીને જ્ઞાની સત્પુરુષો પરમાત્માના યથાર્થ જ્ઞાનરૂપી અગ્નિથી સર્વે કર્મોને બાળી દેનાર અને સર્વે શાસ્ત્રના સિદ્ધાંતને જાણનાર પંડિત કહે છે. ॥૧૯॥)

જ્ઞાનરૂપી અગ્નિએ કરીને કારણ શરીર બળે છે. જેમ કાષ્ટમાંથી મથવે કરીને થયો જે અગ્નિ તે કાષ્ટને બાળે છે, તેમ ત્રણ અવસ્થા, ત્રણ ગુણ અને ત્રણ શરીરથી પર જે શુદ્ધ જીવાત્મા, તેને વિશે સંતને શબ્દે કરીને થયો જે જ્ઞાનરૂપ અગ્નિ, તેણે કરીને (કારણ શરીર) શેકાઈને બળી જાય છે. ત્યારે એ કારણ શરીર છે તે સૂક્ષ્મ શરીરને ને સ્થૂળ શરીરને ધરાવે તેવું રહેતું નથી. જેમ ઘઉં કે ડાંગરને ખાંડીએ એટલે ઊગે નહિ અને બીજા અન્નાદિકને લગારેક લગારેક શેકીએ એટલે ઊગે નહિ ને રાજગરાને હાથે કરીને ચોળીએ એટલે એનું લગારેક નાકું ઘસાઈ જાય તેથી ઊગે નહિ; તેમ જ્ઞાને કરીને કારણ શરીર ઘસાઈ જાય છે, પણ જ્ઞાનાગ્નિ જીવમાંથી પ્રગટ થયા વિના કારણ શરીરને બાળવાનો બીજો કોઈ ઉપાય નથી."

ત્યારે વળી, હરિભક્તે કહ્યું જે, "મોટા સાધુનો નિરંતર સમાગમ રહે તો જ્ઞાનાભ્યાસ થાય છે, પણ તે તો નિરંતર રહે એમ જણાતું નથી." ત્યારે સ્વામીએ કહ્યું જે, "પ્રથમ એને મોટા સાધુના સમાગમે કરીને સમજણની લટક જીવમાં બેઠી હોય તો નિરંતર મોટા સાધુનો જોગ ન હોય તોપણ જ્ઞાનાભ્યાસ થાય છે. પણ એવી સમજણની લટક જીવમાં બેઠી જોઈએ. જુઓને, એકલવ્ય ભીલને કોઈ ધનુર્વિદ્યા ભણાવે એવો જોગ ન હતો તોપણ શબ્દવેધી થયો.

ને એક બ્રાહ્મણ સત્સંગી હતો તે ચીનપટણ (ચીનના પટણ શહેરમાં) ગયો. ત્યાં નર્યા (ફક્ત) મુસલમાનની વસ્તી હતી. ને દારૂ, માંસના ખાનારા ભેળો રહ્યો, તોપણ સત્સંગ ને ધર્મ-નિયમ એવા ને એવા રાખ્યા. તો જુઓ એને સંતનો ને સત્સંગનો જોગ ન હતો તોપણ સત્સંગ રાખ્યો. તે એની સમજણની લટક જીવમાં ઠાવકી બેઠી હતી. તેમ જેને જ્ઞાનાભ્યાસની લટક જીવમાં ઠાવકી બેઠી હોય તો મોટા સંતનો સમાગમ ન હોય તોપણ જ્ઞાનાભ્યાસે કરીને કારણ શરીરને બાળી નાંખે છે."

તે ઉપર કાઠિયાવાડનો ચારણ માળવે ગયો હતો તેનું દૃષ્ટાંત દીધું જે,(તે ચારણને) જો દેશ-ગામ-વર્ણ જીવમાં દૃઢ થયું હતું તો તે આ દેશનાં મનુષ્ય દેખીને હેત ઉપજ્યું. ॥૨૨॥

૨૩. સેવા-ભજન કરનારની શ્રીહરિ ખબર રાખતા

અને સ્વામી બોલ્યા જે, "કાલ રાતે બહુ સારી વાત કરી." ત્યારે હરિભક્તે પૂછ્યું જે, "શી વાત કરી ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "ગઢડે મહારાજ સભામાં વાત કરીને પોઢવા જાતા ત્યારે ખબર કઢાવતા જે કોણ કોણ વાતુનું મનન કરે છે ? ને કોણ કોણ ભજન સ્મરણ, કથા-વાર્તા કીર્તન કરે છે ? તે જે જે કરતા તેને જોઈને મહારાજ બહુ રાજી થતા. તેમ આપણે ભજન, સ્મરણ જે જે કરીએ છીએ તે મહારાજ જોઈ રહ્યા છે. તે જેમ આપણા હાથમાં જળનું ટીપુ હોય ને જાણીએ છીએ તેમ આપણે જે જે ક્રિયા કરીએ છીએ તેને મહારાજ જોઈ રહ્યા છે."

ત્યારે હરિભક્તે પૂછ્યું જે, "ભગવાનના અનંત ભક્ત છે તે લાખો ગાઉને છેટે રહેતા હશે, તે સર્વેને મહારાજ જોઈ રહ્યા છે. ત્યારે મહારાજને દાખડો ને પરિશ્રમ નહિ પડતો હોય ?" ત્યારે સ્વામીએ કહ્યું, "ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડના જીવ (ઈશ્વર)ને એક કાળે જોઈ રહ્યા છે." ને તે સમયે કેળાને હાથમાં લઈને કહ્યું જે, "જેમ આપણે આ કેળા સામું જોઈ રહ્યા છીએ તે કાંઈ દાખડો ને પરિશ્રમ લગારેય પડે છે ? નથી પડતો, તેમ ભગવાનને લગારેય દાખડો નથી પડતો. અને જેમ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, તે જેમ આ બ્રહ્માંડના જીવની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયને કરે છે તે એમને કાંઈ દાખડો પડે છે ? નથી પડતો. તેમ ભગવાન સર્વેને જોઈ રહ્યા છે, પણ લગાર દાખડો ને પરિશ્રમ પડતો નથી." ॥૨૩॥

૨૪. શ્રીહરિની ભક્તજનને રાજીપો જણાવવાની રીત

અને વળી, તે હરિભક્તે પૂછ્યું જે, "તમે ગઢડાની વાત કરી જે, ગઢડે મહારાજ સભામાં વાતો કરીને પોઢવા જતા ત્યારે ખબર કઢાવતા.

તે સર્વે વાતને મહારાજ જાણતા હતા તો શા સારુ ખબર કઢાવતા ?" ઉત્તર જે, "મહારાજ તો ત્યાં સૂતા સૂતા સર્વે વાતને અંતર્યામીપણે જાણતા હતા જે, આ ભક્ત કથા, વાર્તા, કીર્તન અને વાતુનું મનન કરે છે તે બહુ સારું કરે છે. તે અંતર્યામીપણે તો બહુ રાજી થાય પણ એ ભક્તને કેમ જણાય જે, મારા ઉપર મહારાજનો રાજીપો છે ? તે એને જણાવવા સારુ મનુષ્યને મોકલતા. અને આપણને કેમ જણાત કે કથા, વાર્તા, કીર્તન, શ્રવણ-મનન કરે તેના ઉપર મહારાજનો રાજીપો છે ? તે પોતાનો રાજીપો પોતાના ભક્તને જણાવવા સારુ મનુષ્યને મોકલતા ને પોતે તો સર્વે વાતને અંતર્યામીપણે હસ્તામલ જાણે છે." ।।૨૪।।

૨૫. સદા સુખિયા રહેવાનો ઉપાય

પછી સંતે પૂછ્યું જે, "કોઈ દુઃખ જ આવે નહિ ને સદા સુખિયા કેમ રહેવાય ? તે કહો." તેનો ઉત્તર જે, "સુખિયા તો એમ રહેવાય છે જે, માન-મોટાઈ જોઈએ જ નહીં. ને જેવાં તેવાં અન્ન-વસ્ત્ર મળે તેણે કરીને દેહનિર્વાહ કરે ને મોટા સંતની વાતુ ધારે-વિચારે ને કોઈ પદાર્થની આશા જ રાખે નહીં. અને દુઃખમાત્ર તો પદાર્થની આશામાં જ રહ્યાં છે. ત્યાં શ્લોક -

आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखम् ।
यथा सञ्छिद्य कान्ताशां सुखं सुष्वाप पिङ्गला।।

(भाग.११/८/४४)

(**અર્થ :** આશા જ પરમ દુઃખનું કારણ છે અને આશાથી રહિતપણું જ પરમસુખનું કારણ છે. કારણ કે, પિંગલા નામે વેશ્યાએ પોતાના યાર-પ્રિયપાત્રની આશાને છેદી નાખી પછી જ સુખે કરીને ઊંઘી શકી.)

તે માટે ભગવાનની એકાંતિક ભક્તિ વિના બીજા કોઈ પદાર્થની આશા જ રાખવી નહિ, એ જ સુખિયા રહ્યાનો ઉપાય છે, પણ તે વિના બીજો ઉપાય નથી." ।।૨૫।।

૨૬. પ્રહ્લાદજીના જેવી શ્રેષ્ટ સમજણ

અને વળી તે હરિભક્તે પૂછ્યું જે, "મોટા આપત્કાળ આવી પડે પણ સત્સંગની સમજણ મંદ પડે જ નહિ ને દિવસે દિવસે સત્સંગનો રંગ ચઢતો જાય તેનો શો ઉપાય છે ? તે કહો." ઉત્તર જે, "માયિક પદાર્થને વિષે જીવને સત્યતા છે, તે મોટા સંતનો સમાગમ કરતા કરતા અસત્ય અને અસાર થઈ જાય ને કોઈ પદાર્થને વિષે માલ મનાય જ નહિ; જેમ પ્રહ્લાદજીને કોઈ પદાર્થને વિષે માલ મનાણો જ નહિ અને તે પ્રહ્લાદજીને જ્યારે રાજગાદીએ બેસાર્યા ત્યારે ઈન્દ્રે એમ જાણ્યું જે, પ્રહ્લાદજી તો દૈત્યના કૂળના છે, તે મુને દુઃખ દેશે. તે માટે હમણાં જ કાંઈક ઉપાય કરું તો ઠીક.

પછી બ્રાહ્મણનો વેષ લઈને પ્રહ્લાદજી આગળ જાચ્યો. ત્યારે પ્રહ્લાદજી કહે, 'માંગ.' ત્યારે ઈન્દ્રે રાજલક્ષ્મી માંગી, તે આપી દીધી. તે પછી (ઈન્દ્રે) પ્રહ્લાદજીને કોટડીમાં પૂરી દીધા. અને દશ-પંદર દિવસ ગયા પછી ઈન્દ્રે કોટડી ઉઘાડી ને પ્રહ્લાદ સામું જોયું, ત્યાં તો પ્રહ્લાદજી મહાસુખિયા ને શરીરે પુષ્ટ દેખ્યા. ત્યારે ઈન્દ્રે પ્રહ્લાદજીને પૂછ્યું જે, 'તમારું સર્વે રાજ્ય મેં ખોંચી લીધું ને કોટડીમાં પૂર્યા તોપણ મહા સુખિયા ને પુષ્ટ કેમ છો ?'

ત્યારે પ્રહ્લાદજી કહે, 'હે ઈન્દ્ર ! તેં મારું સર્વે રાજ્યરૂપ પાપ લીધું, તેથી હું સુખિયો થયો છું ને આનંદે યુક્ત થકો ભગવાનની મૂર્તિનું ધ્યાન કરું છું. તેણે કરીને મહાસુખિયો છું.' એમ પ્રહ્લાદજી બોલ્યા.

ત્યારે ઈન્દ્રને બહુ પશ્ચાતાપ થયો ને એમ જણાણું જે, એ ભગવાનના ભક્ત ક્યાં ને હું ક્યાં !? અને જે ભગવાનના ભક્તને મોટા સાધુનો સમાગમ કરતા કરતા પ્રહ્લાદજીના જેવી સમજણ જીવમાં નક્કી બેસે, તો ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં માલ મનાય જ નહીં. ને એ ભક્તને મોટો આપત્કાળ આવે તોપણ એની સમજણ લગારેય

મંદ પડે નહીં. જેમ નરસિંહ મહેતાએ કહ્યું છે જે, **'ભલું થયું ને ભાંગી ઝંઝાળ, સુખે ભજશું શ્રીગોપાળ.'** એવી રીતે જે ભક્તની સમજણ છે તેને મોટા આપત્કાળ આવે, તોપણ સમજણ મંદ પડે જ નહીં ને દિવસે-દિવસે સત્સંગનો રંગ ચડતો ને ચડતો જાય છે; પણ મંદ તો ક્યારેય પડે જ નહીં." ॥૨૬॥

૨૭. અંતરદૃષ્ટિવાળાની સમજણનું ફળ

પછી સંતે પૂછ્યું જે, "અંતરદૃષ્ટિવાળાની સમજણમાં શું ગુણ છે ? ને બાહ્યદૃષ્ટિવાળાની સમજણમાં શો દોષ છે ?" ઉત્તર જે, "અંતરદૃષ્ટિવાળાની સમજણમાં એ ગુણ છે જે, ભગવાનનું સમીપપણું રહે છે, ને બુદ્ધિ સૂક્ષ્મ થાય છે, ને અહંગ્રંથી ગળે છે, ને દોષને ઓળખે છે, ને દોષને ટાળી નાખે છે, ને ઉત્તમ વિષયની પ્રાપ્તિ થાય તોય લેવાય નહિ, ને એકાંતિક(ભક્ત)ને ઓળખે છે, ને ભગવાનની મરજીને જાણે છે; એ અંતરદૃષ્ટિવાળાની સમજણમાં ગુણ છે.

અને બાહ્યદૃષ્ટિવાળાની સમજણમાં એ દોષ છે જે, એ ભગવાનને છેટે સમજે ને બુદ્ધિમાં સ્થૂળતા રહે છે, તેણે કરીને એકાંતિક ધર્મ સમજાય નહીં. ને અહંગ્રંથી વૃદ્ધિ પામે છે તેણે કરીને દોષને ઓળખે નહિ, ને તે દોષ તત્કાળ ટળે પણ નહિ, ને દેશકાળે કરીને વિષયમાં ચોંટી જાય છે, ને એકાંતિક ભક્તને તત્કાળ ઓળખે નહિ, ને ભગવાનની મરજીને (પણ) જાણી શકે નહિ; એ બાહ્યદૃષ્ટિવાળાને એની સમજણમાં દોષ છે." ॥૨૭॥

૨૮. અંતર્વૃત્તિવાળાની અહંગ્રંથી ગળે

અને વળી સંતે પૂછ્યું જે, "અંતર્વૃત્તિ રાખે તેને દેહમાં કાંઈ દુઃખ થાય ખરું ?" ઉત્તર જે, "જેવાં પાણા ફેરવીએ ને લાકડાં ફેરવીએ ને પરિશ્રમ પડે ને દુઃખ થાય તેમ તો ન થાય, પણ મન-ઇન્દ્રિયોમાત્રની અહંગ્રંથી ગળે, તેણે કરીને શરીરમાં શિથિલપણું રહે છે."

અને વળી પૂછ્યું જે, "અંતર્વૃત્તિ રાખે છે તે કહે છે જે, ધ્યાને કરીને દેહને બહુ કારસો લાગે છે. તેણે કરીને શરીરમાં મંદવાડ થઈ જાય છે. તે (એમ) કેમ કહે છે ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "ધ્યાન કરે ને અંતર્વૃત્તિ રાખે, તે રહેવા માંડે ત્યારે પ્રાણવાયુ મંદ ચાલે, તેણે કરીને શરીરમાં વાયુ થાય ને તેણે કરીને શરીરમાં કસર રહે છે અને આ શ્લોકમાં કહ્યું છે જે,

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ।।

(गीता.१८/३७)

(**અર્થ :** યોગાભ્યાસના આરંભમાં બહુ પરિશ્રમ થવાને કારણે ઝેરની પેઠે દુઃખરૂપ લાગે છે અને યોગની પરિપક્વ દશામાં આત્મસાક્ષાત્કાર થવાને કારણે અમૃત સમાન છે. પછી તે જ આત્મસંબંધી નિર્મળબુદ્ધિ ઉત્પન્ન થવાને કારણે જે સુખ મળે છે તે સુખ સાત્ત્વિક કહેવાય છે.)

એ ઉપર વાત કરી જે, "સત્ત્વગુણી સુખ વર્તમાન કાળે તો વિષ જેવું છે ને પરિણામ કાળે તો અમૃત જેવું છે. તે શું ? તો સર્વે ઈન્દ્રિયોને વાળીને ભગવાન કે આત્માને વિષે જોડવાં. તે વર્તમાન કાળે તો વિષ જેવું (લાગે) છે અને પરિણામ કાળે તો અમૃત કરતાં બહુ સુખ છે ને રજોગુણી સુખ વર્તમાન કાળે તો અમૃત જેવું લાગે છે ને પરિણામ કાળે તો વિષ જેવું લાગે છે. તે શું ? તો સર્વે ઈન્દ્રિયો વિષયમાં જોડાય, તે હમણાં તો અમૃત જેવું છે, પણ પરિણામે તો વિષ કરતાં પણ હળાહળ વિષ છે." ॥૨૮॥

૨૯. અંતરદૃષ્ટિ તથા બાહ્યદૃષ્ટિને જાણવાની રીત

ત્યારે હરિભક્તે પૂછ્યું જે, "જેને અંતરદૃષ્ટિ વર્તે ને બાહ્યદૃષ્ટિ વર્તે તે કેમ ઓળખાય ?" ઉત્તર જે, "જેને અંતરદૃષ્ટિ વર્તતી હોય, તેને ઉત્તમ વિષય મળે તોય દેશકાળે કરીને લેવાય નહિ ને રમણિક પદાર્થ

દેખાય તોપણ વૃત્તિ ચોંટે નહીં. અને જેને બાહ્યદૃષ્ટિ વર્તતી હોય તે તો ઉત્તમ વિષયને વિષે દેશકાળે કરીને લેવાય છે. ને રમણિક પદાર્થને દેખે તો વૃત્તિ ચોંટી જાય. તે વિચારે કરીને (પણ) નીસરે નહિ ને બહુ દાખડો કરે ત્યારે માંડ માંડ નીસરે. એવે લક્ષણે કરીને ઓળખાય છે." ॥૨૯॥

૩૦. ભક્તમાં રહેલી અંતર્યામીશક્તિને જાણવાની રીત

અને વળી હરિભક્તે પૂછ્યું જે, "પ્રત્યક્ષ ભગવાનના ભક્તને વિષે અંતર્યામીશક્તિ કઈ રીતે રહી છે? અને પરોક્ષ ભગવાનના ભક્તને વિષે અંતર્યામીશક્તિ કઈ રીતે રહી છે?" ઉત્તર જે, "પ્રત્યક્ષ ભગવાનના ભક્તને વિષે અંતર્યામીશક્તિ એમ રહી છે જે, એ ભક્તને કોઈક મોટો આપત્કાળ આવનારો હોય તો તેને ટાળી નાખે છે. અને એ ભક્તને દેહમાં કોઈક મોટો રોગ આવનારો હોય, તો તેને ટાળી નાખે છે. ને એ ભક્ત દ્વારા કોઈક કાર્ય કરાવવું હોય ને જો એ ભક્તનું પ્રારબ્ધ આવી રહ્યું હોય, તો તેના દેહને તે અંતર્યામીશક્તિ રાખે છે. તે જુઓને, સદ્. શ્રીગુણાતીતાનંદસ્વામીને શરીરમાં મંદવાડ આવ્યો હતો, તે કોઈ રીતે ટળે એવો નો'તો, તોપણ (શ્રીહરિએ) ટાળી નાંખ્યો ને આવરદા આવી રહી હતી તે વધારી દીધી.

અને વળી ભક્તને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક શીખવાં હોય તો તે અંતર્યામીશક્તિ એના જીવમાં બળને પોષે છે. તેણે કરીને ધર્માદિક થોડાક કાળમાં સિદ્ધ થાય છે. ને એ ભક્ત કામ-ક્રોધાદિક દોષમાત્રને પુરુષપ્રયત્ને કરીને ટાળવાને ઇચ્છે તો એ અંતર્યામીશક્તિ એના જીવમાં બળને પોષે છે, એટલે તત્કાળ ટાળી નાખે છે. એવી રીતે પ્રત્યક્ષના ભક્તને વિષે અંતર્યામીશક્તિ રહી છે.

અને પરોક્ષ ભગવાનના ભક્તને વિષે અંતર્યામીશક્તિ રહી છે. તેતો જેવાં જેવાં કર્મ કરે, તે પ્રમાણે જ ભોગવાવે છે." ॥૩૦॥

૩૧. પરોક્ષભક્તિનું ફળ

અને વળી પૂછ્યું જે, "જે ભક્ત પરોક્ષ (ભગવાનની) ભક્તિ કરતો હોય તે કેવળ ભગવાનને રાજી કરવા સારુ અતિશે નિષ્કામભાવે કરીને કરતો હોય તેનું કલ્યાણ થાય કે ન થાય ?" ઉત્તર જે, "પ્રત્યક્ષ ભગવાન પૃથ્વીને વિષે ન હોય ને જો એ અતિ નિષ્કામભાવે ભક્તિ કરતો હોય તો તેને જન્માંતરે પ્રત્યક્ષ ભગવાનના ભક્તનો જોગ થાય ને પછી પ્રત્યક્ષ ભગવાનનો જોગ થાય અને પછી ભગવાનના ધામમાં જાય છે." ॥૩૧॥

૩૨. ધર્માદિક ચારની સ્મૃતિરૂપ જાણપણું એ ધામનો દરવાજો

અને સવારમાં જાણપણાનું (ગ.અં.૯ મુ) વચનામૃત વંચાવ્યું. ત્યારે સંતે પ્રશ્ન પૂછ્યો જે, "કઈ રીતે વર્તે ત્યારે સંપૂર્ણ જાણપણારૂપ વર્ત્યો કહેવાય છે ?" એ પ્રશ્નનો ઉત્તર જે, "જ્ઞાન કહો કે જાણપણું કહો, એ બેય તો એક જ છે, પણ નોખાં નથી. અને જાણપણું તે શું ? તો ચારેયના સ્વરૂપને જાણવાં એ જ છે. માટે ધર્મના, જ્ઞાનના, વૈરાગ્યના, ભક્તિના એ ચારેયના સ્વરૂપને જાણવાં. તેમાં ધર્મ શું ? તો લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ ને માન, એ પાંચને જીતવાં. અને જ્ઞાન શું ? તો જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, પરબ્રહ્મ એ આદિક જે જે પદાર્થમાત્રને યથાર્થ જાણ્યા પછી ભ્રાંતિ થાય જ નહીં. અને વૈરાગ્ય શું ? તો પ્રકૃતિનું કાર્ય જે નામ-રૂપ તેને વિષે ચિત્ત ચોંટે જ નહીં, ને પ્રિય પદાર્થ અને અસાધારણ ગુણવાન પદાર્થને વિષે (પણ) ચિત્ત ચોંટે જ નહીં." તે ઉપર સદ્.શ્રીગોપાળાનંદસ્વામીની ને પોતાની વાત કરી દેખાડી.

"અને મહિમાએ સહિત ભક્તિ તે શું ? તો અતિશે હેતે કરીને ભગવાનને વિષે વૃત્તિ ચોંટી જાય છે. અને મહિમાનો તો અવધિ નથી. અને એ ચારના સ્વરૂપની નિરંતર સ્મૃતિ રહે એ જ જાણપણારૂપ

ભગવાનના ધામનો દરવાજો છે. અને એવી રીતે નિરંતર જાણપણામાં રહેવું, તે દરવાજે રહ્યો કહેવાય છે. અને એવો ભક્ત તો ભગવાનને અખંડ રહેવાનું પાત્ર થાય છે. અને ભગવાન પણ એવા ભક્તના જીવમાં નિવાસ કરીને રહે છે. અને ધર્માદિક ચારની સ્મૃતિરૂપ જાણપણું છે, એ જ ભગવાનના ધામનો દરવાજો છે.

અને કેટલાક સંત એમ કહે છે જે, સ્થૂળ દેહના ભાવ ટાળ્યા ને સૂક્ષ્મ દેહના ભાવ ટાળ્યા ને હવે કારણ દેહને કરકોલીએ છીએ. તે કારણ દેહ એમ કાંઈ કરકોલાય એમ નથી. કારણ દેહ તો ઓળખાતું જ નથી, તો કરકોલાય ક્યાંથી ? જેમ જાણપણામાં અખંડ રહેવું બહુ કઠણ છે (તેમ)." ॥૩૨॥

૩૩. મોટા સંતને જીવ સોંપે તો સ્વભાવ ટળે

અને રાતે સંતે સ્વામીને પૂછ્યું જે, "સ્વભાવ તો જીવ સાથે એકરસ થઈ ગયા છે. તે કોઈ ઉપાયે કરીને ટળે એવા નથી, તે કેમ ટળે ?" ઉત્તર જે, "તે સ્વભાવ કોઈ રીતે ટળે એવા નથી, પણ જો મોટા સંતને જીવ સોંપી દે તો ધીરે ધીરે જીવમાંથી એ સ્વભાવ કાઢી નાંખે છે. તે ઉપર દૃષ્ટાંત જે - નળપાક અને ભીમપાક ગ્રંથ છે. તેમાં રસોઈ કરવાની સર્વે વિધિ કહી છે.

ને તેમાં અનેક પ્રકારના મસાલા નાંખવા ને વધુ નખાય તો પાછા કાઢી નાંખવા, તેની રીત પણ એ ગ્રંથમાં કહી છે. તે કઢીમાં ને બોળકેરી(ખારા ને ખાટા પાણીમાં આથેલી કેરી)ના અથાણામાં મીઠું વધું પડ્યું હોય તો આ રીતે નીસરે છે જે, જ્યારે કઢીમાં મીઠું વધું પડ્યું હોય તો લોટની પોટલી બાંધીને કઢીમાં નાખીને ઉકાળે, તેણે કરીને તે મીઠું પોટલીમાં આવે છે અને કઢી ખારી મટી જાય છે. ને કોઈ રીતે કઢીમાંથી મીઠું નીસરે એવું નથી તોપણ તેને કસબી કાઢે છે.

તેમ સ્વભાવ કઢી ને મીઠાની પેઠે જીવમાં એકરસ થઈ ગયા છે. તે મોટા સંતની વાતુ જીવમાં પ્રવેશ કરે ને મોટાનો વિશ્વાસ હોય તો, સ્વભાવ ટળે એવા નથી તોપણ ટળી જાય છે. તે માટે મોટાને મન, કર્મ, વચને કરીને જીવ સોંપી દે તો કોઈ વાતની કસર રહેતી નથી." ॥૩૩॥

૩૪. દાસત્વ, પતિવ્રતા અને આત્મનિષ્ઠાના અંગની મહત્તા

અને સવારમાં ત્રણ અંગની વાત કરીને સ્વામીએ એમ કહ્યું જે, "એ ત્રણ અંગમાંથી એક અંગ આવે, તો કાંઈ કરવું બાકી રહેતું નથી." ત્યારે સંતે પૂછ્યું જે, "ચાર (સાધન) કહ્યાં છે ? ને તમે તો એક કેમ કહો છો ?" ત્યારે સ્વામી કહે, "ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર અને દાસત્વ, પતિવ્રતા ને આત્મનિષ્ઠા, એ ત્રણેય અંગમાંથી એક અંગ આવે તો કાંઈ કરવું બાકી રહેતું નથી. અને એ એક-એક અંગમાં એ ચારેય આવી જાય છે."

અને તે પછી સંતે પૂછ્યું જે, "કઈ રીતે એ એકુકા અંગને વિષે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારે આવે છે ? તે કહો." ઉત્તર જે, "દાસત્વપણાના અંગમાં ચારેય આવે છે તે કહીએ છીએ જે - દાસનું લક્ષણ એ છે જે, પોતાના સ્વામીની જે મરજી હોય તેમ કરે, પણ મરજીથી બારું લગારેય કરે નહીં. અને ખરેખરા દાસનું તો એ જ લક્ષણ છે જે, ધણીની મરજી પ્રમાણે જ કરે છે, પણ મરજીથી બીજી રીતે કરવાનો તો મનસૂબો જ ન થાય. તેમ **જેને ભગવાનને વિષે દાસપણાની ભક્તિ હોય તે ભગવાનની જેમ મરજી હોય તેમ જ કરે પણ બીજું કરવાનો મનસૂબો જ થાય નહિ; એ દાસત્વ ભક્તનું લક્ષણ છે. અને એ ભક્તને ભગવાન રાજી કેમ થાય ? એમ મનસૂબા થયા કરે છે.** અને જે ભગવાનનો ભક્ત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિને શીખે છે, તેના ઉપર તેનો બહુ રાજીપો છે; એમ જાણીને દાસત્વ ભક્ત ધર્માદિકને શીખ્યા વિના રહે જ નહીં.

અને જુઓને, ઉદ્ધવજીને દાસપણાની ભક્તિ હતી તો દેહપર્યંત જેમ શ્રીકૃષ્ણ ભગવાનની મરજી હતી એમ જ કર્યું, પણ પોતાનું મનગમતું લગારેય કર્યું નહીં. પછી ભગવાનને એમ મનસૂબો થયો જે, 'ઉદ્ધવજી બદરિકાશ્રમમાં જાય તો બહુ સારું.' એ મનસૂબાને ઉદ્ધવજીએ જાણીને ભગવાનને કહ્યું જે, 'હે મહારાજ ! હું બદરિકાશ્રમમાં તો જાઈશ, પણ મારે જ્ઞાન નથી.' પછી શ્રીકૃષ્ણ ભગવાને એકાદશ સ્કંધમાં ઉદ્ધવજીને જ્ઞાન કહ્યું. પછી ઉદ્ધવજી બદરિકાશ્રમમાં ગયા. તેમ એ દાસત્વ ભક્ત હોય તે એમ જાણે જે, ભગવાનને મારી પાસે એ ચારવાનાં કરાવવાં, એમ મરજી છે. તે મારે જરૂર એમ કર્યા વિના રહેવાય જ કેમ ? એ તો જરૂર કરવાં.

અને હવે પતિવ્રતાના અંગમાં એ ચારેય આવે તે કહીએ છીએ જે, જેમ પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિને વિષે જ હેત હોય છે ને બીજા પુરુષને તો સડેલ કૂતરાં જેવા જાણે છે, એ પતિવ્રતા સ્ત્રી કહેવાય છે. ને તે પતિવ્રતાના અંગની ભક્તિ તો લક્ષ્મીજીને છે. જેમ લક્ષ્મીજી વરમાળા લઈને ભગવાનને જ વર્યા, તેમ ભગવાનને વિષે જ હેત કરવું, તે ભક્તિ છે. અને ભગવાન વિના બીજા સર્વે પદાર્થને સડેલાં કૂતરાં જેવા (છે, એમ) જાણીને ક્યાંય હેત થાય જ નહિ તે વૈરાગ્ય છે. અને ધર્મ તો એ ત્રણેય અંગમાં હોય છે, પણ ધર્મ વિના અંગ હોય નહીં.

અને હવે જ્ઞાન બાકી રહ્યું, તે પણ એવા ભક્તને વિશે હોય. તે જુઓને લક્ષ્મીજી(રૂક્મિણી)ને (શ્રીકૃષ્ણ)ભગવાને કહ્યું જે, 'અમને તમે શા સારુ વર્યા ? કોઈક રાજાને વરીએ નહીં ?' ત્યારે લક્ષ્મીજીએ કહ્યું જે, 'હે મહારાજ ! તમારી ભક્તિ સારુ તો મોટા મોટા રાજા ચક્રવર્તી રાજ્યનો ત્યાગ કરીને વન પ્રત્યે જાતા હવા. તે કોણ રાજા રાજ્યનો ત્યાગ કરીને વન પ્રત્યે જાતા હવા ? તો એક તો પૃથુરાજા ને બીજા ગયરાજા ને ત્રીજા નહુષ ને ચોથા ભરત રાજા, એ સર્વેએ તમારી ભક્તિ સારુ રાજ્યનો ત્યાગ કર્યો.

એવો તમારી ભક્તિનો મહિમા મોટો છે. અને એ તમારી ભક્તિ તે જ્યાં લગી સ્ત્રીને પુરુષનું ચિંતવન થાય છે અને પુરુષને સ્ત્રીનું ચિંતવન થાય છે, ત્યાં સુધી પમાતી નથી. અને જ્યારે એ હૃદયગ્રંથી છૂટી જાય છે ત્યારે એ ભક્તિને પમાય છે.' એવી રીતે લક્ષ્મીજી બોલ્યાં. ત્યારે જુઓ, પતિવ્રતાના અંગમાં જ્ઞાન પણ આવ્યું. એવી રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારેય પતિવ્રતાના અંગમાં આવે છે.

અને હવે આત્મનિષ્ઠાના અંગમાં એ ચારેય આવે તેને કહીએ છીએ જે, આત્મસત્તારૂપે વર્તવું તે તો અંગ છે. અને દેહ, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થા તેના ભાવથી નોખાં પડવું એ જ્ઞાન છે. અને દેહ, ઈન્દ્રિય, મન, બુદ્ધિ, ગુણ, અવસ્થા એ આદિક સર્વે ખોટાં સમજાય ને તેમાં દોષ દેખાય છે, તે વૈરાગ્ય છે. અને પ્રથમ સાધનકાળમાં જ એવી સમજણ છે જે, તે સત્તારૂપ થઈને ભગવાનમાં જોડાવું, એ ભક્તિ છે. અને પછી આત્માને વિષે સર્વ વૃત્તિઓ સ્થિર થાય છે અને પછી બ્રહ્મરૂપ થાય છે, ત્યારે તો ખરેખરો ભક્તિનો અધિકારી થાય છે. ત્યાં શ્લોક જે -

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।।

(गी.१८/५४)

(**અર્થ :** હે અર્જુન ! જે બ્રહ્મરૂપ થયો છે તે જ સંપૂર્ણપણે પ્રસન્ન મનવાળો બને છે. અક્ષરરૂપ ભક્ત જ સદા આનંદમાં રહે છે. અને એટલે જ તે ભક્તને ભગવાન સિવાય કોઈ વસ્તુ-પદાર્થની ઈચ્છા રહેતી નથી. અને મળેલી કોઈ વસ્તુ નષ્ટ થાય તો તેનો તે શોક કરતો નથી. સર્વ ભૂતપ્રાણીમાત્રમાં સમબુદ્ધિ રાખે છે. સહુમાં ભગવત્‌દર્શન કરે છે. અને સારા-મોળા કોઈ પદાર્થની સ્પૃહા રાખતો નથી. એ ભક્ત જ મારે વિષે પરાભક્તિને પામે છે.)

એવો થયો ત્યારે તો એ ભગવાનની ભક્તિનો અધિકારી થાય છે. ત્યારે જુઓ, એમાં તો ખરેખરી અચળ ભક્તિ આવે છે. એવી રીતે એ આત્મનિષ્ઠાના અંગમાં એ ચારેય અંગ આવે છે. એવી રીતે એ ત્રણેય અંગમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારેય આવે છે." ॥૩૪॥

૩૫. આત્મનિષ્ઠાદિકના સંસ્કાર લગાડવા

વાસના ને સ્વભાવ એ બે જે તે જીવમાં રહ્યા છે. તેમાં વાસનામાંથી કામ, ક્રોધાદિક સ્વભાવ નીસરે છે. તે ત્રણ દેહના ભાવથી જુદા પડીને આત્મનિષ્ઠા સાધવી, ને તેના સંસ્કાર લગાડવા, ને તપ, વૈરાગ્યના સંસ્કાર લગાડવા. તે વાત સારા સારા સાધુ કરતા(છતાં) તે ન સમજાણી ને બાકી તો ભેગા રહ્યા તે ખાઈને સૂઈ રહ્યા, કાંઈ ન કર્યું. ને આ જીવને અનાદિ કાળની ભ્રમણા થઈ છે. તે દેશકાળે કરીને એક નિર્ધાર નથી રહેતો. ને જીવમાં જે સ્વભાવ છે તે જેમ દૂધમાં ઘૃત રહ્યું છે તથા તલમાં તેલ રહ્યું છે, તેમ જીવમાં અનાદિ કાળના સ્વભાવ છે. જેમ ભણનારાએ ભણવાના સંસ્કાર લગાડ્યા છે તેમ જીવે અવળા સ્વભાવના ને પંચવિષયના સંસ્કાર લગાડ્યા છે, ને પોતાને જાણે સારું માનીને બેઠા છે." તે ઉપર સાખી કહી જે,

સબકું દો દો લોચન, સબકું દો દો કાન;
આપ આપકે ખ્યાલ મેં, ગધ્ધા બી મસ્તાન.

પણ પોતાની ભૂલ ઓળખાતી નથી. તે ક્યારે ઓળખાય ? તો કોઈ ભગવાનના એકાંતિક સાધુ હોય તે કહે જે આનો સ્વભાવ ઠીક નથી; ત્યારે ઓળખાય છે. અને આચાર્યજી મહારાજ પણ જાણે. કેમ જે, એમને ક્રિયામાં પ્રેરવાનો સહવાસ એટલે એ પણ જાણે. અને કેટલાકને જૂનાપણાનું માન ને પોતાને મૂંઝવણ આવતી હોય, તે જો સમજુ હોય તો મૂંઝવણ કેમ આવે ? ને કેટલાક તો સાધનને પણ ખોટા કરે છે ને આશરાનું જ બળ લે છે. ત્યારે મહારાજનો સિદ્ધાંત જે,

**धर्मस्त्याज्यो न कैश्चित् स्वनिगमविहितो वासुदेवे च भक्ति- ।
र्दिव्याकारे विधेया सितघनमहसि ब्रह्मणैक्यं निजस्य ।।
निश्चित्यैवान्यवस्तुन्यणुमपि च रतिं संपरित्यज्य सन्त- ।
स्तन्माहात्म्याय सेव्या इति वदति निजान्धार्मिको नीलकंठः ।।२८।।**

(स.जी.५/५५)

(**અર્થ :** શ્રીહરિ કહે છે કે, કોઈ પણ મારા આશ્રિતે પોતપોતાના વર્ણને અનુરૂપ વેદે કહેલા ધર્મનો ત્યાગ કરવો નહીં, હમેશાં તેમનું પાલન કરવું. પોતાના આત્માને અક્ષરબ્રહ્મની સાથે એકતા કરવી. અને ભગવાન સિવાયની ઈતર સમસ્ત વસ્તુઓમાં અણુમાત્ર પ્રીતિ હોય તો તેનો ત્યાગ કરવો. અને શ્વેત ઘાટા તથા અતિશય તેજોમય એવા અક્ષરધામને વિષે વિરાજતા સદાય દિવ્ય સાકાર મૂર્તિ શ્રીવાસુદેવનારાયણ ભગવાનને વિષે ભક્તિ કરવી. અને તેમનું માહાત્મ્ય જાણવા માટે ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા એકાંતિક સંતોનો મન, કર્મ અને વાણીથી સમાગમ કરી સેવન કરવું. આ પ્રમાણે પોતાના આશ્રિત ભકતજનો પ્રત્યે ધર્મદેવના પુત્ર શ્રીનીલકંઠ ભગવાને ઉપદેશ કર્યો.)

એ શ્લોકમાં કહ્યું, તેને જાણતા નથી. માટે જૂના-નવાનો કાંઈ મેળ નથી. નવા હોય ને મોટા સાધુને સંગે કરીને તથા તેમના વિશ્વાસે કરીને પોતે સુખિયા રહે તથા બીજાને સુખિયા રાખે, ને ન સમજતા હોય તે પોતે દુઃખિયા રહે ને બીજા એનો સંગ કરે તેને પણ દુઃખિયા કરે. ને કહ્યું જે, મારે તો જે પદાર્થ કે મનુષ્યમાંથી ક્લેશ આવે ત્યારે ધ્યાન-ભજન થતું હોય તેમ ન થાય. માટે થોડું હોય તો થોડું રાખીએ, પણ તે પદાર્થનો તથા મનુષ્યનો ત્યાગ કરીએ ત્યારે ધ્યાન-ભજન થાય. ને કેટલાકને તો ગમે એટલા ક્લેશ આવે તોપણ તે પદાર્થનો તથા મનુષ્યનો ત્યાગ કરી શકે નહીં." તે ઉપર વચનામૃત વંચાવ્યાં. પ્રથમનું ૧૫, ૩૭ ને અંત્યનું ૨૦, ૨૪ મું. ॥૩૫॥

૩૬. ભગવાન ભજ્યા વિના દેહ ધરવો પડશે

અને નારાયણજી બોલ્યા જે, દેવરામ માંદા હતા ત્યારે શ્રીજીમહારાજ જોવા આવ્યા. ત્યારે લાકડા ને ગજનું (ખીલાનું) દૃષ્ટાંત દીધું. જેમ લાકડામાં લોઢાનો ગજ નાંખીને બાળે તે લાકડું બળે ને ગજ ન બળે. એ રીતે દૃષ્ટાંત દીધું. તે ઉપર દેહની ને જીવની વાત કરી જે, કેટલીક વાર આ દેહ પડ્યું ને જીવ અનાદિ છે તે ભગવાન ભજ્યા વિના કેટલાક દેહ ધરવા પડે છે. ॥૩૬॥

૩૭. ખપવાળા મુમુક્ષુની વાત

સદ્.શ્રીઅદ્‌ભુતાનંદસ્વામીએ વાત કરી જે, "સદ્.શ્રીસ્વરૂપાનંદ સ્વામીએ સહિત અમે (સાઠ સાધુ) નગરમાં ગયા. તે જામનગરમાં ઝોળી માગવા માંડી. તે ઝોળીમાં અકેકને લીંબુ જેટલું અન્ન મળવા માંડ્યું. તે વાત શ્રીજીમહારાજને કહાવી મોકલી. ત્યારે શ્રીજીમહારાજે કહાવી મોકલ્યું જે, 'એક સદ્‌ગુરુ હતા. તેને શેર એક અન્ન (એક શાહુકારે બાંધી આપ્યું હતું તે) મળતું. તેના સમાગમમાં પ્રથમ મુમુક્ષુ એક જણ આવ્યો, તેને ઓસામણ આપ્યું. ત્યારપછી બીજાને હાંડલી ધોવરામણ આપ્યું ને ત્રીજાને પત્તર ધોવરામણ આપ્યું. એવી રીતે મુમુક્ષુ ખપવાળા રહ્યા. માટે તમારે એટલું મળે તે શું થોડું છે ?'

તે વાત સાંભળીને અમારે સુધી હિંમત આવી. ને તેમાં બે-ત્રણ સાધુ નાના હતા તેને સ્વામીએ કહ્યું જે, 'તમે આ કોળી (બકાલી) મૂળા ધૂવે છે તેનાં પાંદડાં પડ્યાં રહે છે તેને લાવીને જમો.' ત્યારે તેણે(નાના સંતોએ) કહ્યું જે, 'તે લાવી ગોળામાં નાંખીને સૌ જમીએ.' ત્યારે તેની તો સ્વામીએ ના પાડી. ત્યારે તો તે નાના સાધુએ કહ્યું જે, 'અમે વચન લોપીએ ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'આ તળાવમાં ખડપલીઉ છે તે ઉપરથી લાવીને ખાવો.' એમ વર્તતાં જામસાહેબને ખબર પડી જે, સ્વામીના સાધુ ઝોળી માગે છે. તે તેને અન્ન મળતું નથી. પછી તેણે

કહ્યું જે, 'સ્વામી અમારું અન્ન લ્યો.' ત્યારે કહે જે, 'અન્ન એકલું તો ન લઈએ.' ત્યારે તે જામે કહ્યું જે, 'જે રીતે મારું અન્ન લઈ શકો તે ઉપાય મને બતાવો.' ત્યારે તેને કહ્યું જે, 'અમારા સાધુ ઝોળી માગવા આવે ત્યારે ઝોળીમાં નાખજો.' પછી તેણે સાધુ ઝોળી માગવા આવે ત્યારે ઝોળીમાં પરાણે લાડવા નખાવે. એવી રીતે બે-ચાર દિવસ એ જ રીતે થયું. તેની સ્વામીને ખબર પડી ત્યારે ત્યાંથી ચાલી નીકળ્યા." ॥૩૭॥

૩૮. શ્રીહરિ સૌનુ સદા હિત જ કરે છે

ધમડકાના ચોવીશ ગામ તે સાહેબે લઈ લીધાં. બાકી ગરાસ કાંઈ ન રહ્યો. ત્યારે તેમાં રાયધણજીના ત્રણ દીકરા તેમાં મોટો દીકરો વસમો એટલે જણસું વેચી ખાવા માંડી. તેવામાં શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા. ત્યારે તે ડોસી કહે જે, 'મહારાજ ! આ મોટો દીકરો છે તે જણસું વેચી ખાય છે. માટે ત્રણેને વહેંચી આપો.' ત્યારે મહારાજ કહે, 'ઠીક, સર્વે ઘર વસ્તુ ભેગી કરો.' ત્યારે તેણે સર્વે ભેગું કર્યું, એટલે મહારાજે વહેંચવા માંડ્યું. ત્યારે મહારાજ ડોશીને બોલ્યા જે, 'આજ આ તમારી મતિ આવી છે તેવી તમારે ત્યાં રાજ્ય હોત તો આવી મતિ રહેત નહિ' ત્યારે બાઈ બોલ્યા જે, 'તે દિવસ તો આંખ્યું ઓડે હતી (ગર્વ,મદ ચડવો) અને રામાનંદસ્વામી આવતા ત્યારે એક ડોસી સત્સંગી હતાં તેને અમે ભક્તાણી કહી બોલાવતાં, એવું હતું.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'કોઈકને હોય તેનું લઈ લઉં છું ને ન હોય તેને આપું છું; પણ જે રીતે તેને મારે વિશે હેત થાય તેમ કરું છું.' પછી તે ડોસી બોલ્યા જે, 'મહારાજ ! અમારે આમ થયું તો તમે ઓળખાણા.' ॥૩૮॥

૩૯. અમૂર્ત વાસના ટાળવાનો ઉપાય

વાસના તો અમૂર્ત છે, પણ જેને વાસના વળગી રહી છે તે મૂર્તિમાન છે. તેને ટાળવાનો ઉપાય જે, સ્વધર્મ, સંગ, આત્મનિષ્ઠા ને ભગવાનની માહાત્મ્યે સહિત ભક્તિ એ છે. ॥૩૯॥

૪૦. શ્રીહરિને રાજી કરવાની રીત

ભગવાન રાજી કેમ થાય ? ત્યારે કહ્યું જે, "રાજી થાય એવો એક ખપ જોઈએ. તેમાં ગૃહસ્થને દેવની, આચાર્યની, દશોંદ-વિશોંદ ને નામ એ સેવા કરવી. ને ત્યાગીને દેહે સેવા કરવી તો ભગવાન રાજી થાય. તથા જેમ જેનો ધર્મ કહ્યો છે તે પ્રમાણે રહેવું." એ રીતે સત્સંગની પ્રથાની વિસ્તારીને બહુ વાર્તા કરી. ને કહ્યું જે, "ત્યાગી, ગૃહસ્થના ધર્મ જુદા જુદા છે. (તે સર્વેને પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવું) ને આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ભક્તિ તે તો બેયને એકાંતિક થકી શીખવાં." ॥૪૦॥

૪૧. ખરેખરો રાજીપો કોને કહેવાય ?

રાજબાઈએ શ્રીજીમહારાજને પૂછ્યું જે, 'તમને ભક્ત ઉપર સેવા કરતાં રાજીપો જણાય છે, પણ ખરેખરો રાજીપો તમારે કેવા ઉપર છે ?' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હાડકું છ માસ સુધી ભૂમીમાં દાટી મૂકે પછી તેને કીડી મકોડી અડે નહિ એવું સૂકું થઈ જાય ને તેમાં ચીકાશ રહે નહીં. એવો પંચવિષયમાંથી જીવ કોરો (લૂખો) થાય ત્યારે અમારે તેવા હરિભક્ત ઉપર ખરેખરો રાજીપો થાય છે. અને અનંત પ્રકારની નિશાળો તથા સભાઓ છે. તેમાં સાધુની સભામાં તો વિષયનું ખંડન થાય છે તે જ સાધુની સભા કહેવાય ને તે જ સાધુનો માર્ગ છે. ને જેમાં વિષયનું ખંડન ન થાય તે સાધુની સભા તથા માર્ગ ન કહેવાય." ॥૪૧॥

૪૨. ભગવાન વિના બીજે હેત થાય એ જ પાપ

(મધ્યનું ૪૭ મું) વચનામૃત વંચાવ્યું, તેમાં પાતાળ સુધી પૃથ્વી ફાટી એ વંચાવ્યું. તેમાં પૂછ્યું જે, "સંતને કોઈ પદાર્થ આપે ને તે ઉપર જે ઈર્ષ્યા કરે તેને પંચમહાપાપી (જેવો) જાણવો. માટે તે ભેગું તો બેસાય, ઉઠાય નહિ ને બહુ દોષે યુક્ત કહેવાય, ત્યારે તેનું કેમ સમજવું ?" એ ઉપર ભરતજીના આખ્યાનના (અં.૧૭ મા) વચનામૃતની વાત કરી જે,

"ભગવાન વિના બીજા પદાર્થમાં હેત થાય તે મોટું પાપ છે. અને ઈર્ષ્યા તો જેને પદાર્થમાં સત્યતા ન મનાણી હોય તેને તો થાય જ નહિ; ત્યારે તેને પાપ પણ શાનું થાય ?" ॥૪૨॥

૪૩. મોહ ને પ્રમાદ જાય ત્યારે પ્રભુનું સુખ પમાય

મોહ ને પ્રમાદ ટળે ત્યારે ભગવાનનું સુખ જણાય છે. ને તેમાં મોહનું રૂપ જે સત્ અસત્ ન જણાય. તેમાં જે ભગવાન તથા આત્મા તથા ભગવાનનું ધામ ને ભગવાનના ભક્ત તે સત્ય છે; તે સત્ય ન સમજાય. અને અસત્ય જે દેહસંબંધી પદાર્થ તથા દેહનાં સંબંધી તેમાં પ્રીતિ એ મોહ છે. ને પ્રમાદ જે ભગવાનની પ્રાપ્તિને અર્થે તથા આત્મજ્ઞાનને અર્થે ઈત્યાદિક જે કર્મ તેને અર્થે ઉદ્યમ ન થાય ને દેહ તથા માયિક પદાર્થને અર્થે ક્રિયામાં પ્રવર્તે તેનું નામ પ્રમાદ. માટે ભગવાનનાં દર્શન, સ્પર્શાદિક જે સંબંધ તેને વિશે અકેકામાં બીજા ચાર ચાર સુખ રહ્યાં છે. તે કેને રહ્યાં છે ? તો એવો જે ભગવાનના દર્શનાદિકનો વિષયી થાય છે તે ભક્તને વિશે રહ્યાં છે.

તે ઉપર પર્વતભાઈની વાત કરી. તે જ્યારે શ્રીજીમહારાજનાં દર્શને ગઢડે આવ્યા. ત્યારે પાંચ દહાડા સુધી અન્ન ન જમ્યા. ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે, 'પર્વતભાઈ ક્યાં જમે છે ?' ત્યારે તેમનાં ઘરનાં મનુષ્યે કહ્યું જે, 'મયારામ ભટ્ટને ત્યાં જમે છે.' પછી મયારામ ભટ્ટને પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું જે, 'મહારાજને ચોકે પ્રસાદી જમે છે.' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, 'આંહીં તો નથી જમતા.' પછી પર્વતભાઈને પૂછ્યું. ત્યારે કહે જે, 'દર્શન કરીએ છીએ તેથી ચાલ્યું જાય છે.' તથા સદ્.શ્રીકૃપાનંદસ્વામીની વાત કરી જે, દર્શન કરતા ત્યારે પોતાના દેહની પણ વિસ્મૃતિ થઈ જાતી. એમ જે ભગવાન સંબંધી પંચવિષય ભોગવે છે તેને પ્રમાદ ને મોહ ટળે છે." ॥૪૩॥

૪૪. મધની જેમ મોટાની વાતમાં સર્વે રસો છે

મોટાની જે વાતો છે તે મધના રસને ઠેકાણે છે. જેમ મધમાં સર્વે રસ આવે છે તેમ. ને વૈતાક તો કાચું પણ ખવાય પણ જે મસાલા નાખેલ વૈતાકુ શાક તેનો સ્વાદ બીજી રીતનો છે; તેમ મોટાની વાતમાં રસ (અલૌકિક) છે. ॥૪૪॥

॥ એવી રીતે શ્રીસહજાનંદસ્વામીશિષ્ય શ્રીશુકાનંદમુનિકૃત વાર્તાપ્રસંગ સમાપ્ત ॥

અન્ય સંતો દ્વારા સંગ્રહિત સદ્.શ્રીશુકસ્વામી વિશે વાતો

૪૫. ત્યાગી થવા આવેલા ખંભાતના હરિભક્તનું હિત કર્યું

એક વખત ખંભાતથી એક હરિભક્ત ત્યાગી થાવા સારુ વડતાલ આવ્યા હતા. તેમણે થોડા દિવસ રહીને પછી સદ્.શ્રીશુકાનંદસ્વામી પાસે વાત કરી જે, “હે સ્વામી ! હું ત્યાગી થાવા આંહીં આવ્યો છું, પણ મને આહિં મારા ઘરનું માણસ (બહુ) સાંભરે છે, ને ઘેર જાઉં છું ત્યારે તમે સાંભરો છો; માટે મારે કેમ કરવું ?”

ત્યારે સ્વામી કહે, “તું ઘેર જા અને ત્યાં રહીને સાધુ સાંભરે તે ઠીક છે, પણ અહીં રહીને ઘરનું માણસ સાંભરે તે ઠીક નહિ ને એમ રહેવાથી મોક્ષ પણ ન થાય. માટે ઘરમાં રહેવું તે સારું છે.” તે સાંભળીને તે સત્સંગી પોતાને ઘેર ગયો ને ત્યાં રહી તેણે સાધુની સેવા કરી. ને દેહ મેલ્યો ત્યારે મહારાજ તેડવા આવ્યા ને તે ભેગો ધામમાં ગયો. એમ જે સંસારમાં રહીને સંતની સેવા કરે ને નિયમ-ધર્મ ખરેખરા પાળે તો મોક્ષમાં ખામી રહે નહીં. એટલા માટે નિર્વાસનિક થાવું ને ક્યાંય પણ વાસના રહેવા દેવી નહીં. ॥૪૫॥ *(હ.ચ.ચિં.- ૩/૫૫ પૂ.રૂગનાથચરણસ્વામી)*

૪૬. ઉમરેઠના રેવાદત્તભાઈ પાસે સેવા કરાવી સુખી કર્યા

એકવાર ગામ ઉમરેઠના ખેડાવાળ બ્રાહ્મણ રેવાદત્તભાઈ વડતાલ આવ્યા. ને લક્ષ્મીનારાયણ દેવનાં તથા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજનાં દર્શન કરીને સદ્.શ્રીશુકસ્વામીને આસને આવ્યા. ને સ્વામીને દંડવત કરી પગે લાગીને સામે બેઠા. ને પોતાને સ્વામી ઉપર હેત તેથી બે હાથ જોડીને બોલ્યા જે, "હે સ્વામી ! મને કાંઈ સેવા બતાવો." એમ તેણે બે વાર કહ્યું. ત્યારે તે સાંભળીને સ્વામી ઘડીક તો વિચારી રહ્યા ને પછી બોલ્યા જે, "આંહીં માંદા સાધુને નહાવા-ધોવાની બહુ અગવડ છે, માટે ભંડારની આગળ એક કૂવો ગળાવી આપો તો માંદા-સાજા સાધુ રાજી થાશે." ત્યારે તેમણે હા પાડી. ને પછી તેમણે કૂવો ગળાવી ને બંધાવી આપ્યો. તેથી સહુ માંદા-સાજા સાધુ રાજી થયા. ને તેમને એકેય પુત્ર ન હતો પણ સાધુઓનો આશીર્વાદ થયો તેથી બે પુત્ર થયા. એમ જે મોટા પુરુષને રાજી કરે છે તેના સંકલ્પ સત્ય થાય છે. ॥૪૬॥ *(હ.ચ.ચિ.- ૩/૫૬)*

૪૭. સદ્.શુકાનંદસ્વામીએ સદ્.ગોપાળાનંદસ્વામીનો મહિમા કહ્યો

એક દિવસ સદ્.શ્રીશુકાનંદસ્વામીએ વાત કરી હતી જે, "ભગવાન મળ્યા છે પણ ખોટ રહી જાય છે, તે ખપ થાય તો ટળે." તે ઉપર વિદ્યાર્થીનું દૃષ્ટાંત દીધું જે, "વિદ્યાર્થી જેમ વિદ્યા ભણવા જાય છે તે વિદ્યાનો અભ્યાસ કરે ને શીખે ત્યારે આવડે છે; તેમ મોટા સાધુ સાથે હેત થયા વિના સમજાય નહીં. કેમ જે, મોટા હોય તે શ્રીજીની મરજી જાણતા હોય." તે ઉપર પોતાની વાત કરી જે, "હું પંદર વર્ષ શ્રીજીમહારાજ સાથે રહ્યો ને બધાં વચનામૃત લખ્યાં ને કેટલાક ગ્રંથ લખ્યા ને વાંચ્યા. અને મને તથા સદ્.શ્રીમુક્તાનંદસ્વામીને શ્રીજીમહારાજે કહ્યું હતું કે, 'આ ગોપાળાનંદસ્વામી બહુ મોટા છે, ને તે તો મૂર્તિમાન અક્ષર છે, ને તેમની મોટપ જેમ છે તેમ અમારાથી પણ કહેવાણી નહીં. કેમ જે, તેને આ લોકમાં બરોબરિયા ઘણા હોય, પણ છેલ્લા પ્રકરણના એકવીશમા

વચનામૃતમાં અમે એની જ મોટપ કહી છે, ને સમ ખાઈને સર્વે મુક્તમાં એને જ મોટા કહ્યા છે, ને અમારી મરજી યથાર્થપણે એ જ જાણે છે. માટે તમે બેય એની સાથે હેત રાખજો ને પૂછવું હોય તો હાથ જોડીને પૂછજો."

પછી એ વાત અમે સંભારી રાખી હતી. ને મહારાજ દેહોત્સવ કરી ગયા તે પછી એકવાર સદ્.શ્રીમુક્તાનંદસ્વામીએ હાથ જોડીને પૂછ્યું જે,"હે સ્વામી ! મારામાં ખોટ હોય તે કહો." ત્યારે સદ્. શ્રીગોપાળાનંદસ્વામીએ કહ્યું, "તમે મહારાજને સખીભાવે ભજો છો તે હવેથી દાસભાવે ભજજો." તે સાંભળીને સદ્.શ્રીમુક્તાનંદ સ્વામી બહુ રાજી થયા ને જેમ સ્વામીએ કહ્યું તેમ કર્યું તથા પોતાના મંડળના સર્વે સાધુ સદ્.શ્રીગોપાળાનંદસ્વામીને સોંપ્યા. ॥૪૭॥ *(હ.ચ.ચિં.- ૩/૬૦)*

૪૮. ખોટ ટાળવાની વાત કહી

એકવાર સદ્.શ્રીશુકાનંદસ્વામીએ વાત કરી જે, "ખોટ ટાળે ત્યારે ભગવાન રાજી થાય છે. તે ઉપર સદ્.શ્રીમુક્તાનંદસ્વામીની વાત કરી જે, 'પ્રથમ સ.શ્રીમુક્તાનંદ સ્વામીને શ્રીજી વઢતા ને ઠપકો પણ દેતા. પછી તે મહારાજની મરજી પ્રમાણે વર્તવા લાગ્યા ત્યાર પછી કોઈ દિવસ કહ્યું નહીં.' તેમ કોઈને કહ્યા વગર ન સમજાય. એકવાર શ્રીજીમહારાજે દાદા ખાચરને પૂછ્યું જે, 'તમારે કયા સાધુ સાથે હેત છે ?' ત્યારે તે કહે, 'મારે તો સદ્.શ્રીગોપાળાનંદસ્વામી સાથે હેત છે.' તે સાંભળીને શ્રીજી રાજી થયા અને મને પણ ભલામણ કરી હતી કે, 'તમે પણ સદ્. શ્રીગોપાળાનંદસ્વામી સાથે હેત રાખજો." વળી મોટા વાતો કરે ત્યારે શાસ્ત્ર સમજાય છે. તે ઉપર મધ્યના પંચાવનના વચનામૃતની વાત કરી જે, 'સોનું કાઢીને રૂપું ભેળવે તે પંદરવલું કહેવાય તેમ જીવમાં દોષ ભળે છે. સોનામાં ત્રણ ભેદ છે. ધૂળમાંથી સોનું નીકળે છે તે કરનારાની કિંમતે નીકળે છે ને તે સોનું સોળવલું થાય છે. ને તેમાં જો ભેગ ન ભળવા દિયે તો સોળવલું રહે છે, તેમ જીવને જાણપણું જોઈએ.'

તે ઉપર ભરૂચના સોનીની વાત કરી જે, તેણે અજાણ્યા થઈને રૂપું ભળવા ન દીધું પણ તે જાણતો હતો તેથી ન ભળવા દીધું. તેમ જેને મોટા સાધુ સાથે હેત હોય ને તેની પાસેથી જાણપણું શીખ્યો હોય તો પોતાના જીવમાં દોષ પેસવા ન દિયે. માટે મોટાને વિનય વડે સેવવા ને વિશ્વાસ રાખવો તો તે આપણા દોષ કહે અને ખોટ કાઢે. તે વિના ખોટ ઓળખાય નહીં.

કેટલાક એમ બોલે છે જે, 'શ્રીજીમહારાજના સર્વેય સાધુ સરખા કહેવાય, કેને અધિક-ન્યૂન કહીએ ?' પણ તે બોલનારાને જ્ઞાન નથી જે, મોટાને પણ નાના જેવા કહે છે. વળી એમ કહે છે જે, 'આપણને ભગવાન મળ્યા છે તે હવે કાંઈ કરવું રહ્યું નથી.' તે બોલનારાને પણ જ્ઞાન નથી. કેમ જે, મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, 'બદરિકાશ્રમમાં કે શ્વેતદ્વીપમાં જઈને વાસના બાળવી છે તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન સહિત ભક્તિ કરવી છે; તે સર્વે ખોટું પડે. માટે સત્સંગમાં રહીને થોડા જ્ઞાનવાળા સાધુ સાથે હેત થાય તો સમજવાનું છે તે ટાળી નાખે. માટે વિચારીને હેત કરવું." ॥૪૮॥ *(હ.ચ.ચિં.- ૩/૬૧)*

૪૯. હરિસ્મૃતિનો મહિમા અને ફળની વાત

સદ્‌.શ્રીશુકાનંદસ્વામીએ શ્રીજીમહારાજની કરેલી વાત કરી જે, **"જે ભક્ત ભગવાનને સંભારે છે તે ભક્તને ભગવાન નિરંતર સંભારે છે."** તે ઉપર પોતાની વાત કરી જે, "મને મહારાજે કહ્યું હતું કે, 'તમે સદ્‌.શ્રીગોપાળાનંદસ્વામીનો સંગ રાખજો તો નિરંતર ભગવાન સાંભરશે તથા જ્ઞાન થાશે.' પછી મેં સદ્‌.શ્રીગોપાળાનંદસ્વામીએ કહ્યું તેમ કર્યું ત્યારે સમજણ આવી ને જથાર્થ જ્ઞાન થયું." તે વાત બીજાને કહીએ તો અવળું પડે, કેમ જે, મહારાજ પાસે ઘણા દિવસ રહ્યા ને જ્ઞાન ન સમજાણું ? તે વળી મહારાજે વાત કરી હતી જે, 'કેટલાક જીવભાવમાં

લોભાયા ને કેટલાક ઈશ્વરભાવમાં લોભાયા, ને અક્ષરભાવમાં લોભાયા એવા થોડા. કારણ કે અખંડ ભગવાનમાં વૃત્તિ રહે તે અક્ષરભાવ છે. અને મહારાજે અમને સહુને કહ્યું હતું કે, 'અમારું સુખ તથા સર્વે મોટપ તે અમે સાધુને આપી છે, પણ એ વાત કોઈને સમજાતી નથી. તે અમારું શું સુખ છે? જે, કોઈ પદાર્થમાં બંધાવું નહીં તથા કોઈ પદાર્થને અર્થે ક્લેશ કરવો નહીં ને અખંડ ભગવાનમાં વૃત્તિ રાખવી. તે ઉપર દત્તાત્રેયનું આખ્યાન નિરંતર સંભારી રાખવું. કેમ જે, તેમણે ચોવીસ ગુરુ કર્યા હતા." ॥૪૯॥ *(હ.ચ.ચિં.- ૩/૬૪)*

૫૦. મોટા વાંસેથી વખાણે તેવું કરવું

એકવાર શ્રીજીમહારાજે વાત કરી હતી જે, "ભગવાનના ભક્તને કોઈ રીતે કોચવવા નહીં. કારણ કે મોટા કે નાના કોઈ ભક્તને દુઃખવે તે ભગવાન ખમી શકે નહીં." અને સત્પુરુષ ઉપર હેત હોય તે કેમ જણાય ? એ ઉપર વાત કરી જે, 'સ.શાંતાનંદસ્વામી પાસે સદ્. શ્રીગોપાળાનંદસ્વામીએ ખરડો લખાવ્યો, તે વારે વારે ખોટો કરી નાંખ્યો. ને સભામાં વઢ્યા તથા અપમાન કર્યું તોપણ સ.શાંતાનંદસ્વામી મૂંઝાણા નહીં ને દુઃખ પણ ન લગાડ્યું. ત્યારે સ્વામીએ કહ્યું જે, 'હવે હેત થયું.' તેમ મોટા ઉપર હેત હોય તો ખમાય ને પ્રકૃતિ ટળે. ને **મોટાનો રાજીપો થાય તો જેવો તેવો જીવ હોય તે પણ બળિયો થઈ જાય.'**

તે ઉપર દત્તાત્રેયની વાત કરી જે, "દત્તાત્રેયે પીંગળા સામું જોયું ને વિચાર્યું જે, 'એનું સારું થાઓ.' ત્યારે તેને તત્કાળ વૈરાગ્ય થયો." તથા એક આસામી લોજમાં આવીને સદ્.શ્રીરામાનંદસ્વામી સાથે વિવાદ કરવા લાગ્યો તેને જોઈને સદ્.શ્રીરામાનંદસ્વામીએ સંકલ્પ કર્યો જે, 'એનું સારું થાઓ' ત્યારે તે તત્કાળ સાધુ થયો તેમ મોટાની દૃષ્ટીથી તત્કાળ સુખ મળે છે ને જીવ બળિયો થઈ જાય છે. (માટે) જેને ભગવાન

પ્રધાન હોય ને જેને અખંડ ભગવાન સાંભરતા હોય તેવા સાધુ હોય તેને એમ સંકલ્પ થાય તથા કોઈ બીજા પાસે એમ કહે જે, 'આ સાધુ બહુ જ સારો છે તથા આ હરિભક્ત બહુ સારો છે.' એમ રાજી થાય તો તેનો જીવ બહુ રૂડો થઈ જાય. ને મોટા સાધુ હોય ને તે એમ જાણે જે, 'આ સાધુ તથા આ હરિભક્ત સારો નથી.' તો તેનો જીવ દિવસે દિવસે ઊતરી જાય છે. તે ઉપર સદ્.શ્રીશુકસ્વામીએ પોતાની વાત કરી જે, "મને મહારાજે વાત કરી હતી જે, **'મોટા વાંસેથી વખાણે તેમ મોટા સાથે હેત રાખવું તથા ભગવાન સંભારતા હોય તેવા સાધુનો પક્ષ રાખવો તથા તેને કોઈ દિવસ દુઃખવવા નહીં.'** એવી રીતની કેટલીક વાત કરી હતી." ॥૫૦॥ *(હ.ચ.ચિં.- ૩/૬૫)*

૫૧. મોટા સંતોની કૃપાથી જીવ શુદ્ધ થાય

એકવાર વડતાલ સભામાં ખુરશી ઉપર બેસીને સદ્.શ્રીશુકાનંદ સ્વામીએ વાત કરી હતી જે, **"ભગવાનના જે પરમ એકાંતિક સાધુ હોય તે જો અતિ મલિન જીવ હોય તેના ઉપર કૃપાદૃષ્ટિ કરે તો તે અતિ શુદ્ધ થઈને તથા ધર્માદિક રૂડા ગુણે યુક્ત થઈને મોક્ષને પામી જાય છે. તે જેમ દત્તાત્રેયે કૃપાદૃષ્ટિ કરી ને પીંગળા શુદ્ધ થઈ ગઈ તેમ. અને જે પરમ એકાંતિક સાધુ તેની જેના ઉપર કુદૃષ્ટિ થાય તેનું અંતઃકરણ અતિશે મલિન અને દોષયુક્ત થઈ જાય છે, ને તે મોક્ષના માર્ગ થકી પડી જાય છે.**

અને જે એવા પરમ એકાંતિક સાધુ હોય તેને કોઈ મલિનનો દોષ લાગે નહિ. કારણ કે એવાને તો વડવાનળ અગ્નિ તુલ્ય કહ્યા છે. અને સાધન દશાવાળાને તો મલિનનો સંગદોષ લાગે છે. જેમ કાળા તળાવ વાળા સુતાર રવજીભાઈએ ઢૂંઢિયા સાથે સંવાદ કરીને તેના અંતઃકરણમાં પ્રવેશ કરીને જોયું એટલે પોતે મલિન થઈ ગયા ને સમાધિ ટળી ગઈ." ॥૫૧॥ *(હ.ચ.ચિં.- ૩/૬૬)*

૫૨. સદ્.શ્રીગોપાળાનંદસ્વામીની વિશેષતા અને મહત્તા

સદ્.શ્રીશુકમુનિ કહેતા કે, એકવાર સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ શ્રીજી મહારાજને કહ્યું, 'મને સાધુ કરો.' ત્યારે મહારાજ કહે, 'બ્રાહ્મણપણાનું અભિમાન જાશે ?' ત્યારે સ્વામીએ તરત પોતાના હાથે કરીને જનોઈ તોડી નાખી ને કહ્યું, 'આ નાત-જાતનું અભિમાન મૂક્યું.' ત્યારે મહારાજ કહે, 'આ તો સદ્.શ્રીરામાનંદસ્વામી આગળ અમોએ કર્યું હતું તેમ તમોએ પણ એકદમ કર્યું. માટે તમે ખરા ગુરુનિષ્ઠ છો.' એમ શ્રીજી મહારાજે સ્વામીની પ્રશંસા કરી. અને વળી શુકમુનિ કહે, એકવાર મને શ્રીજી મહારાજે કહ્યું, 'તમારે કોની સંગાથે હેત છે.' ત્યારે મેં કહ્યું કે, 'મારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી સંગાથે હેત છે.' તેથી મહારાજ બહુ રાજી થયા.

સદ્.હરિસ્વરૂપદાસજીએ સદ્.શ્રીશુકમુનિને પૂછ્યું કે, 'હે સ્વામી ! સદ્.શ્રીગોપાળાનંદસ્વામી અને સદ્.શ્રીમુક્તાનંદસ્વામી આ બંનેમાં મોટું કોણ ? ત્યારે કહે, 'બેય મહાન છે. છતાં સાધુતામાં સદ્.શ્રીમુક્તાનંદસ્વામી અને ઐશ્વર્યમાં તથા મહારાજની મરજી જાણ્યામાં સદ્.શ્રીગોપાળાનંદ સ્વામી મોટા છે.' ॥૫૨॥ *(પૂ.ત્રિકમચરણદાસજીસ્વામી)*

૫૩. મૂળપુરુષ છે તે જ શ્રીકૃષ્ણરૂપે થયા છે

(ગઢપુરમાં) એકવાર સાધુની સભા બેઠી હતી, ને મધ્ય પ્રકરણનું એકત્રીસમું વચનામૃત વંચાતું હતું. તેમાં ઉપાસનાની વાર્તાનો પ્રસંગ નીસર્યો હતો. ત્યારે સ.શ્રીશુકમુનિ એમ બોલ્યા જે, "જે મૂળપુરુષ છે તે જ વાર્ષ્ણેયરૂપ (અર્થાત્ શ્રીકૃષ્ણ) થયા છે. એમ અમે શ્રીજીમહારાજના મુખ થકી ઘણી વાર સાંભળ્યું છે." *(સદ્.શ્રીનિર્ગુણદાસસ્વામી વાત.૧૨૭)*

વળી, એક સમે સ.શ્રીશુકસ્વામી એમ કહેતા હતા જે, 'કરવું ને કહેવું તેમાં કરવું તે શું ? તો એકાંતિકનો સમાગમ કરવો, તે કરવાનું છે. અને કહેવું તે શું ? તો ભગવાનના અવતાર અવતારી એવો ભેદ

શાસ્ત્રમાંથી (જાણવો અને શ્રીહરિનો જેમ છે તેમ) મહિમા સમજવો તે કહેવું છે.' ॥૫૩॥ *(પૂ.અક્ષરપુરુષદાસજીસ્વામી)*

૫૪. સવિકલ્પ અને નિર્વિકલ્પ નિશ્ચયના ભેદ

સદ્.શ્રીશુકાનંદમુનિએ વાર્તા કરી જે, "આત્માને સાક્ષાત્કાર દેખતો હોય તોય પણ આત્મારૂપે વર્તવું તે બહુ કઠણ છે. અને આત્મનિષ્ઠાની તારતમ્યતાએ કરીને નિર્વિકલ્પ નિશ્ચયમાં ત્રણ ભેદ છે. ને દેહાભિમાનની તારતમ્યતાએ કરીને સવિકલ્પ નિશ્ચયમાં ત્રણ ભેદ છે.

તેમાં **કનિષ્ઠ નિર્વિકલ્પ** નિશ્ચયવાળાને આત્મનિષ્ઠાની અતિ દૃઢતા છે. અને દેહાદિક માયાના કાર્યને નાશવંત ને તુચ્છ ને દુઃખરૂપ જાણે છે; તેણે કરીને તેમાં પ્રીતિ નથી. ને ભગવાનનો મહિમા બહુ સમજે છે, તેને નૈમિત્તિક પ્રલયને વિષે ભય થાતો નથી, પણ પ્રાકૃત પ્રલયમાં ભય થાય છે.

અને **મધ્યમ નિર્વિકલ્પ** નિશ્ચયવાળાને તે કરતાં આત્મનિષ્ઠાની અતિશે દૃઢતા છે. અને માયાનું કાર્ય જે અનેક બ્રહ્માંડ, તેને નાશવંત ને દુઃખરૂપ અને કાળગ્રસ્ત જાણીને તેમાં ક્યાંય પ્રીતિ નથી. માટે નૈમિત્તિક પ્રલય અને પ્રાકૃત પ્રલયમાં તેને ભય થાતો નથી, પણ આત્યંતિક પ્રલયને વિષે ભય થાય છે, તેને જ્ઞાનનો વિચાર કરીને ટાળી નાખે છે. અને તે ભગવાનનો મહિમા અતિ અપાર સમજે છે.

અને **ઉત્તમ નિર્વિકલ્પ** નિશ્ચયવાળો તો પોતાને સદા અક્ષરબ્રહ્મરૂપ સમજે છે. ને ભગવાનનો મહિમા અતિ અલૌકિક અપાર સમજીને ભગવાનના સ્વરૂપનું અતિ અપાર સુખ પામ્યા છે. માટે પ્રકૃતિપુરુષ અને પ્રકૃતિપુરુષનાં કાર્ય તેમાં ક્યાંય પ્રીતિ નથી. અને તે સર્વેને અસત્ય અને મિથ્યા જાણીને સદાય ભગવાનની સેવાને કર્યા કરે છે. અને તેમને ચારે પ્રકારના પ્રલયને વિષે લેશમાત્ર પણ ભય થાતો નથી. જેમ વીસનગરમાં સાધુ સલાટના ચોરામાં ઊતર્યા હતા. તેમને અસુર

મારવા મંડ્યા એટલે સાધુ નાસવા મંડ્યા. ત્યારે સંતદાસજી એમ બોલ્યા કે, "મહાપુરુષો, મહાપ્રલયમાં ક્યાં જાઓગે ?"

અને દેહાભિમાનની તારતમ્યતાએ કરીને સવિકલ્પ નિશ્ચયમાં ત્રણ ભેદ થયા. તેમાં **કનિષ્ઠ સવિકલ્પ** નિશ્ચયવાળો પોતાને દેહરૂપ માને છે. તે જડતાએ કરીને ભગવાનનો મહિમા યથાર્થ સમજતો નથી. માટે બીજા મનુષ્ય બરોબર કામ-ક્રોધાદિક વિકારયુક્ત દિવ્ય એવાં મનુષ્ય ચરિત્ર જોઈ-સાંભળીને ભગવાનનો નિશ્ચય રહે, પણ તેથી અધિક જોઈ-સાંભળીને સંશય થાય.

અને **મધ્યમ સવિકલ્પ** નિશ્ચયવાળાને પ્રથમ કહ્યો તેથી દેહાભિમાન ઓછું છે. માટે તેથી ભગવાનનો મહિમા અધિક સમજે છે. તેણે કરીને બીજા મનુષ્ય કરતાં ભગવાનનાં બમણા કામ-ક્રોધાદિક વિકારયુક્ત દિવ્ય મનુષ્યચરિત્ર દેખી-સાંભળીને નિશ્ચય રહે, પણ તેથી અધિક દેખે-સાંભળે તો સંશય થાય. અને **ઉત્તમ સવિકલ્પ** નિશ્ચયવાળાને, મધ્યમ સવિકલ્પ નિશ્ચયવાળા કરતાં દેહાભિમાન ઓછું છે અને જડચૈતન્યનો વિવેક છે. માટે ભગવાનનો મહિમા અધિક સમજે છે. તેણે કરીને મનુષ્યદેહ ધરીને ભગવાન હિંસા, મદ્ય-માંસનું ભક્ષણ, પરસ્ત્રી સંગાદિક અયુક્ત દિવ્ય ચરિત્ર કરે તોપણ નિશ્ચય રહે ને સંશય ન થાય. કેમ જે, એ એમ સમજે છે જે, એ જ સર્વેકર્તા છે ને ભોક્તા છે ને તેજસ્વી છે ને સમર્થ છે." ||૫૪|| *(સદ્.શ્રીનિર્ગુણદાસસ્વામી વાત. ૪૪૩)*

૫૫. આ.રઘુવીરજી મહારાજનો ખપ અને ખટકો

આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ એકવાર શુકસ્વામીને કહે, "મુને કાંઈ કહેજો." ત્યારે સ્વામી કહે, "કામકાજવાળાનું જેવું (ધ્યાન) રાખો છો, તેવું સર્વે માંદાનું (ધ્યાન) રાખવું (તો શ્રીહરિ રાજી થાય)." સદ્. શ્રીશુકાનંદસ્વામી અને આ.રઘુવીરજી મહારાજને ઘણો સ્નેહ હતો. તેથી

તેઓ શયન આરતી પછી સ્વામીને ત્યાં જાય અને સ.શ્રીશુકસ્વામી નિત્ય તેમને હિતોપદેશ આપે અને શ્રીજીનું માહાત્મ્ય સમજાવતા.

અને આ.રઘુવીરજી મહારાજ રોજ શિક્ષાપત્રીનો પાઠ કરતા. એક દિવસ પાઠ ન થયો તો ઉપવાસ કર્યો. આવો તેમને મહારાજની આજ્ઞા પાલનનો ખટકો હતો. ।।૫૫।। *(પૂ.રઘુવીરચરણદાસજીસ્વામી)*

૫૬. શ્રીહરિએ મારો સંકલ્પ સિદ્ધ કર્યો

સદ્.શ્રીશુકાનંદસ્વામી કહેતા કે, "મહારાજ ડભાણમાં એક શાસ્ત્રીને પાસે બેસાડે ને વાતો કરે." ત્યારે સ્વામી કહે, 'મને સંકલ્પ થયો કે, આપણને પાસે બેસારે ને વાતો કરે તો કેમ ?' પછી સ્વામી કહે, 'તે સંકલ્પ સિદ્ધ થયો. તેના કરતાં પણ અધિક લાભ મળ્યો. કેમ જે, નિરંતર શ્રીજીની સમીપમાં નિવાસ થયો." ।।૫૬।। *(પૂ.રઘુવીરચરણદાસજીસ્વામી)*

૫૭. નાનપમાં જેવું ધ્યાન-ભજન થાય એવું મોટપમાં ન થાય

આમોદમાં સદ્.શ્રીશુકાનંદસ્વામી બોલ્યા કે, "ગણપતભાઈ સાધુ બ્રહ્મચારી થયેલા હોત તો સ.શ્રીમુક્તાનંદસ્વામીના જેટલી મોટપ હોત. અને મોટા સાધુ હોય તે તેમને પૂછે, પણ ગરીબ હોય ત્યારે કથા-વાર્તા, ધ્યાન થાય તેવું મોટપમાં ન થાય." ।।૫૭।। *(પૂ.રઘુવીરચરણદાસજીસ્વામી)*

૫૮. સ્વામીએ ભક્તનો રોગ ટાળ્યો

ઓડ ગામમાં એક ભક્તને ઝામરનો વ્યાધિ થયો હતો. તેને સદ્.શ્રીશુકાનંદસ્વામીએ મઠ અને બાવટાનો રોટલો માથા ઉપર બંધાવ્યો. તેથી વ્યાધિ મટી ગયો. ।।૫૮।। *(પૂ.રઘુવીરચરણદાસજીસ્વામી)*

૫૯. શ્રીહરિની કૃપાથી આખું ભાગવત આવડ્યું

એકવાર સદ્.શ્રીશુકાનંદસ્વામી કહે, "મહારાજ ! મારે ભાગવત ભણવાનો વખત ન મળ્યો.' ત્યારે મહારાજ કહે, 'તમો ભણેલા જ છો.

માટે બીજાને ભણાવજો.' એમ જ્યાં મહારાજ બોલ્યા ત્યાં મને આખું ભાગવત આવડી ગયું." *(પૂ.રઘુવીરચરણદાસજીસ્વામી)*

વળી, સદ્.શ્રીશુકાનંદસ્વામી કહેતા, 'હું ત્રણ વૃત્તિ સારસ્વત ને ત્રણ કાવ્ય ભણ્યો હતો પણ મહારાજના વચનથી અનેક ગ્રંથો તથા તેના ઉપર ટીકાઓ કરતો અને મહાન વિદ્વાનોને જવાબ આપતો. ભગવાન કૃપા કરે તો શું ન થાય ?' ||૫૯|| *(પૂ.ત્રિકમચરણદાસજીસ્વામી)*

૬૦. પાણવીના પૂજાભાઈ પર્વતભાઈ જેવા છે

સદ્.શ્રીશુકાનંદસ્વામી કહે, "મહારાજે એકવાર સ.શ્રીમુક્તાનંદ સ્વામીને કહ્યું, 'આ ભક્તને ઓળખો છો ? આ તો પર્વતભાઈના જેવા છે.' એમ પાણવીના પૂજાભાઈની શ્રીહરિએ વાત કરી હતી." ||૬૦||

(પૂ.રઘુવીરચરણદાસજીસ્વામી)

૬૧. પાત્ર જોઈને દાન કરવું

કોઈ વખત પુન્યનો પ્રસંગ આવ્યો. ત્યારે સદ્.શ્રીશુકાનંદસ્વામી કહે, 'આપણે સારું પાત્ર જોઈને દાન કરીએ.' પછી સ્વામીએ કહ્યું, 'વિજયાત્માનંદસ્વામી પાત્ર છે. પછી તેમને કહે જે જોઈએ તે માગો.' ત્યારે તેમણે અંગભૂત વસ્ત્ર માગ્યું. તે સદ્.શ્રીશુકાનંદ સ્વામીએ તેમને રાજી થઈને (શાલ)ઓઢાડી આપી અને તેમને રાજી કર્યા. ||૬૧||

(પૂ.રઘુવીરચરણદાસજીસ્વામી)

૬૨. સંતનું પૂજન ફરી વાર કર્યું

જ્યારે આમોદથી જંબુસર જવું હતું ત્યારે સદ્.શ્રીશુકાનંદસ્વામી પૂ.હરિસ્વરૂપદાસજીને કહે, 'આજે અમારે કાંઈક રહી ગયું છે.' પછી પૂ.ધર્મપ્રસાદદાસજીએ જાણ્યું હતું. પછી ત્યાં જઈને ફરી પૂજા કરી. ઉતાવળથી એક સંતનું પૂજન રહી ગયેલું. ||૬૨||

(પૂ.રઘુવીરચરણદાસજીસ્વામી)

૬૩. ઠાસરાના રામભટ્ટને કલ્યાણનો કોલ

ઠાસરામાં મંદિરની આગળ મારગનો ચોક કાઢી આપ્યો. ત્યારે સ.શ્રીશુકાનંદસ્વામી (વૈષ્ણવ) રામભટ્ટને કહે, 'સત્સંગી થાઓ.' ત્યારે રામભટ્ટ કહે, 'સ્વામી ! તમે અંતે તેડવા આવો તો સત્સંગી થાવ.' પછી સ.શ્રીશુકાનંદસ્વામી કહે, 'જાઓ હું અંતે તેડવા આવીશ.' પછી તે સત્સંગી થયા. તેઓ પહેલા વૈષ્ણવ મંદિરના પુરાણી હતા.

સ.શ્રીશુકાનંદસ્વામી કહે, 'મારા મનમાં એમ હતું કે, સ.શ્રીમુક્તાનંદસ્વામી જેવા સાધુ થવાય તો ઠીક. એ પોતાનો વિચાર શ્રીજીએ પૂરો કર્યો.' ॥૬૩॥ *(પૂ.રઘુવીરચરણદાસજીસ્વામી)*

૬૪. તું ઘરે જ રહેજે

સદ્.શ્રીશુકાનંદસ્વામી પાસે એક હરિજન સમાગમ કરવા આવ્યો હતો. તેને નિરંતર પોતાનું ઘરવાળું સ્વપ્નમાં આવવા લાગ્યું. પછી તેણે સ્વામીને પૂછ્યું જે, 'સ્વામી ! જ્યારે હું ઘરે હતો ત્યારે તમે સ્વપ્નમાં તમે આવતા અને જ્યારે અહીં આવ્યો ત્યારે ઘરવાળી સ્વપ્નામાં આવે છે. માટે તમે કહો તેમ કરું.'

ત્યારે સ.શ્રીશુકાનંદસ્વામી કહે કે, 'ઘરે જ રહે તો, હું તો સ્વપ્નમાં આવું. મારી પાસે રહે ને ઘરવાળી સ્વપ્નમાં આવે તે ઠીક નહીં. માટે તું ઘરે જ રહે. મોટા પાસે રહે તોપણ જીવની વાસના ટળે નહીં.' ॥૬૪॥

(સદ્.શ્રીઅક્ષરાનંદસ્વામી વાત. ૬૨૫)

૬૫. અધૂરી પૂજાનો અસંતોષ

એક વખત સ.શ્રીશુકાનંદસ્વામી પોતે (ગઢપુરમાં) પૂજા કરવા બેઠા હતા. અને પોતાનો આહ્નિકવિધિ બધો કરી રહ્યા અને પૂજાનું વિસર્જન પણ કર્યું; પછી પોતાના મનમાં અસંતોષ થયો કે, મારે પૂજામાં કાંઈક વિધિ બાકી રહ્યો જણાય છે. તેથી બીજી વાર પૂજા પધરાવી. અને પોતાનો

વિધિ એટલે દંડવત, પ્રદક્ષિણા સંધ્યા ગાયત્રી વગેરે કર્યાં.(ત્યારે ખ્યાલ આવ્યો કે,) પહેલી ફેરે હું દંડવત કરવાનું ભૂલી ગયો હતો. અને સ્વામી જ્યારે પૂજા કરવા બેસે ત્યારે (નિત્ય) 'વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ' એ કીર્તન **બોલતા કે કોઈ પાસે** બોલાવતા હતા. (આવો નિયમ મેં સદા રાખ્યો હતો. એમ સ.શ્રીશુકાનંદસ્વામી કહેતા.) ॥૬૫॥

(સદ્.શ્રીઅક્ષરાનંદસ્વામી વાત. ૬૨૬)

૬૬. સંતમાં સાક્ષાત્ શ્રીહરિ

અમદાવાદમાં અચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જ્યારે માંદા થયા ત્યારે વરતાલથી ભગવત્પ્રસાદજી મહારાજ તથા સૌ સદ્‌ગુરુઓ અયોધ્યાપ્રસાદજી મહારાજને જોવા સારું આવ્યા. ત્યારે એક શુકસ્વામી નહોતા પધાર્યા. અયોધ્યાપ્રસાદજી મહારાજે આચાર્યજી મહારાજનો તથા સૌ સદ્‌ગુરુનો સત્કાર સારી રીતે કરાવ્યો અને પછી પુછ્યું જે, 'શુકમુનિ ક્યાં ?' ત્યારે સૌએ કહ્યું જે, 'શુકમુનિ તો પધાર્યા નથી.' ત્યારે અયોધ્યાપ્રસાદજીમહારાજ બોલ્યા જે, 'જ્યારે શુકસ્વામી પધાર્યા નથી ત્યારે શ્રીજીમહારાજ શેના પધારે ?' પછી તાર કરીને સ્વામીને અમદાવાદ તેડાવ્યા અને મેનામાં બેસીને સ્વામી અમદાવાદ પધાર્યા. બીજે દિવસે ઘેબરની રસોઈ કરાવી અને અયોધ્યાપ્રસાદજી મહારાજ ખુરશી નાંખીને ધર્મ કુળની હવેલીમાં પાણીના ટાંકા પાસે વિરાજમાન થયા. અને તમામ સદ્‌ગુરુઓ તથા બ્રહ્મચારીઓની તથા પાર્ષદોની જુદી જુદી પંકિતઓ કરાવી ॥૬૬॥ *(સદ્.શ્રીઅક્ષરાનંદસ્વામી વાત. ૬૨૮)*

૬૭. સદ્.શ્રીશુકાનંદસ્વામીની ધ્યાન કરવાની રીત

કાનમ દેશમાં ગામ દોરાએ આ.શ્રીરઘુવીરજી મહારાજ ફરવા ગયા હતા. ત્યાં સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામી તથા સ.શુકાનંદસ્વામી વગેરે સાધુ હતા. તે ગામને પાદર ઊતર્યા. તે સમયે દેરા ઊભા કરવા સારુ માણસમાત્ર ગયા હતા. ને સાધુ તથા સદ્.શ્રીગુણાતીતાનંદ

સ્વામી વગેરે આડા-અવળા ઝાડીમાં બેઠા હતા. તથા આ.શ્રીરઘુવીરજી મહારાજનો દેરો ઊભો કરેલો હતો, ત્યાં મહારાજશ્રી તે દેરામાં પધાર્યા. ને સ.શ્રીશુકાનંદસ્વામી એકલા લીમડાનું ઝાડ હતું ત્યાં બેઠા રહ્યા. તે સમયે મોનેભક્તે પ્રશ્ન પૂછ્યો જે, "હે સ્વામી ! ધ્યાન કેમ કરવું ? તથા તમે કેમ ધ્યાન કરો છો ? એ વાત ધ્યાનની કહો."

પછી સ.શ્રીશુકાનંદસ્વામી રાજી થઈને બોલ્યા જે, "હું તો આત્મારૂપ થઈને મહારાજની મૂર્તિનું ધ્યાન કરું છું. તે પ્રથમ આત્મામાં મૂર્તિ દેખાય ત્યાર પછી અંતઃકરણ આદિકની વૃત્તિઓ એકાગ્ર થઈને મૂર્તિ સાથે સંલગ્ન થાય છે. ત્યારે આ બ્રહ્માંડ અણુવત, કહેતાં અણુ જેવું ભાસે છે. પછી તે મૂર્તિ જોતાં જોતાં કશી ખબર રહેતી નથી, એટલું તેજ દેખાય છે. તથા મૂર્તિએ સહિત બધી સભા દેખાય છે; એવી રીતે અમે ધ્યાન કરીએ છીએ."

પછી મોનોભક્ત કહે જે, "એવું ધ્યાન તો તમારે છે. બીજાને તો કોઈ કોઈકને થાતું હશે, પણ સર્વને એવું ધ્યાન ન થાય." ત્યારે સદ્. શ્રીશુકાનંદસ્વામી કહે, "એ ધ્યાનનો અભ્યાસ કરે તો થાય. તે અભ્યાસ એમ કરવો જે, 'એ ભક્તને મૂર્તિમાં સ્મૃતિ સંલગ્ન રાખવી, એક તો એ ઉપાય. ને ઈન્દ્રિયો તથા અંતઃકરણની વૃત્તિઓ આત્માને વિષે હોમવી, એમ હોમતાં હોમતાં પછી મૂર્તિ દેખાય તે મૂર્તિ સામું જોઈને ધ્યાન કરવું એ બીજો ઉપાય.' એમ અભ્યાસ કરે તો એવું ધ્યાન થાય." ॥૬૭॥

(પા.મોનજીભગત વાત. ૨૪)

૬૮. બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપના મુક્તની ધ્યાનની રીત

વડતાલમાં એક સમયે સદ્.શ્રીશુકાનંદસ્વામીના આસને સભા ભરાણી હતી અને સદ્.શ્રીશુકાનંદસ્વામી પોતે બેઠા હતા. ત્યારે એક ભક્તે પ્રશ્ન પૂછ્યો જે, "હે સ્વામી ! બદરિકાશ્રમમાં મુક્ત છે તે કેમ ધ્યાન કરતા હશે ? ને શ્વેતદ્વીપમાં મુક્ત છે, તે કેમ ધ્યાન કરતાં હશે ?"

ત્યારે સદ્.શ્રીશુકાનંદસ્વામી બોલ્યા જે, “એ વાતો શ્રીજીમહારાજે મને કહી હતી. તે બદરિકાશ્રમના મુક્ત છે તે તો સ્થૂળ તથા સૂક્ષ્મના ભાવને ટાળે છે. તથા આત્મારૂપ થઈને ભગવાનની મૂર્તિમાં જોડાઈ જાય એમ ધ્યાન કરે છે. ને એ ધ્યાન કરતાં જે મુક્તને કાંઈક સંકલ્પ થાય તે મુક્તને તિરસ્કાર કરીને દેવલોકમાં કાઢી મેલે છે.

શ્વેતદ્વીપના મુક્ત છે તે તો કારણના ભાવને ટાળે છે. ને તે તો સદા કાળ ઉપશમમાં રહે છે, તે કેવી રીતે ? તો પોતે સદા કાળ આત્મારૂપે રહ્યા કરે છે. એમ ને એમ આત્મામાં સત્તારૂપે ઉપશમ કર્યા કરે છે. પછી એ ઉપશમ કરતાં કરતાં થાકે, ત્યારપછી અહંકારમાં આવી જાય છે. ત્યારપછી ઘણા દિવસ એમ ને એમ ઉપશમ કરતા રહે. ત્યાર પછી બુદ્ધિમાં આવીને ઉપશમ કર્યા કરે. એમ ને એમ ઉપશમ કરતાં કરતાં ઘણા દિવસ રહે. ત્યારપછી એ બુદ્ધિમાંથી ઉપશમ કરતાં કરતાં થાકે, ત્યારે ચિત્તમાં આવી જાય છે. અને ચિત્તમાં ઉપશમ ઘણા દિવસ કરે. એમ ઉપશમ કરતાં કરતાં થાકે, ત્યારે મનમાં આવી જાય છે. તથા મનમાં ઉપશમ કરતે કરતે થાકે, ત્યારે ઇન્દ્રિયોમાં આવી જાય. ત્યારે તે સમયે શ્રીવાસુદેવ ભગવાન મોઢા આગળ ઊભા હોય એવાં દર્શન થાય છે. ત્યારે તે બધાય મુક્તને એક સાથે દર્શન થાય છે. તે સમયે મુક્ત ‘જય વાસુદેવ, જય વાસુદેવ’ એમ કહી ઊભા થઈ જાય છે.

ત્યારપછી ઇન્દ્રિયમાં ઉપશમ કરતાં કરતાં મનમાં આવી જાય છે. ત્યારપછી મનમાં ઉપશમ કરતાં કરતાં ચિત્તમાં આવી જાય છે. ત્યારપછી ચિત્તમાં ઉપશમ કરતાં કરતાં બુદ્ધિમાં આવી જાય છે. ત્યાર પછી બુદ્ધિમાં ઉપશમ કરતાં કરતાં ઘણા દિવસ કરે, ત્યારે અહંકારમાં આવી જાય છે. ત્યારપછી અહંકારમાં ઉપશમ કરતાં કરતાં સત્તારૂપ આત્મામાં ઉપશમ કર્યા કરે. ને એમ ને એમ ઘણા કાળ ઉપશમ કર્યા કરે છે. ને **પોતાના આત્માને બ્રહ્મ જે અક્ષર તે સાથે જોડે છે. એવું ઉપશમ અક્ષરરૂપ થઈને**

ઘણા કાળ સુધી કર્યા કરે, ત્યારે ભગવાનનો રાજીપો એ મુક્ત ઉપર થાય. પછી તે મુક્તના કારણ શરીરનો નાશ થાય છે અને તે મુક્ત ભગવાનના ધામમાં જાય છે." ||૬૮|| *(પા.મોનજીભગત વાત. ૨૭)*

૬૯. સંતોને જમાડવાથી વરસાદ થયો

એકવાર વડતાલ ખળીમાં સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામી બેઠા હતા અને વરસાદ ખૂબ તાણતો હતો. તેથી સદ્.શ્રીશુકાનંદ સ્વામી કહે, 'સ્વામી ! શું કરીએ તો વરસાદ આવે ?' ત્યારે સદ્.શ્રીગુણાતીતાનંદ સ્વામી કહે, 'આચાર્ય પણ લોભી છે ને વસોના દેહા ખાચર પણ લોભી છે. જો તે સંતોને જમાડે તો વરસાદ થાય.' તેમને સદ્.શ્રીશુકાનંદસ્વામી સાથે હેત હતું તેથી દેહા ખાચર કહે, 'સ્વામી ! આજે મારી રસોઈ લ્યો.' એટલે આ.ભગવત્પ્રસાદ મહારાજ કહે, 'અમારી રસોઈ કાલે કરો.' પછી તેમ કર્યુ, તેથી વરસાદ થયો. ||૬૯|| *(પૂ.ત્રિકમચરણદાસજીસ્વામી)*

૭૦. ઉમરેઠના રેવાદત્ત તથા સિકાભાઈની વાત

ઉમરેઠમાં રેવાદત્તભાઈ સદ્.શ્રીશુકાનંદસ્વામીને કહે, સ્વામી ! મને કાંઈ સેવા કહો. પછી સ્વામીએ વિચારીને કહ્યું કે, સર્વે સાધુને નાવા માટે કુવો કરાવો તો ભગવાન તમારી ઈચ્છા પૂરી કરે.' પછી તેણે તેમ કર્યું તેથી તેને બે પુત્ર થયા. પણ ધર્મશાળાને નુક્શાન લાગે માટે સદ્. શ્રીપવિત્રાનંદસ્વામીનો મત કૂવો ગળાવવામાં ન હતો.

સદ્.શ્રીશુકાનંદસ્વામીના યોગમાં આવતા ઉમરેઠના સિકાભાઈ શેલત શ્રીસ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા. જ્યારથી સત્સંગ થયો ત્યારથી તેમનો રંગ ચડતો ને ચડતો રહેતો.

એકવાર સિકાભાઈ શેલતે સદ્.શ્રીશુકાનંદસ્વામીને ઉમરેઠ બોલાવ્યા ને પોતાની સર્વસ્વ મિલ્કત શ્રીલક્ષ્મીનારાયણ દેવને અર્પણ કરી દેવાની વાત કરી. ત્યારે સ્વામીએ કહ્યું કે, 'સર્વસ્વ આપવાનો

શાસ્ત્રમાં નિષેધ છે. માટે તમારી બે ધર્મપત્નીઓ અને એક દીકરી છે; તેને માટે ત્રણ ભાગે તેની વહેંચણી કરો. પછી બે ભાગ તેમને આપો અને એક ભાગ દેવને અર્પણ કરો.' તેથી સ્વામીના વચને તેમણે તેમ કર્યું. પછી સં.૧૯૨૦ માં તેમને વાંસામાં પાઠુ (ગુંમડુ) નીકળ્યું. અને તે મંદવાડમાં સદ્.શ્રીશુકાનંદસ્વામીએ આપેલા વચન મુજબ કહીને તે જ સાલમાં ધામમાં ગયા હતા. ॥૭૦॥ *(પૂ.ત્રિકમચરણદાસજીસ્વામી)*

૭૧. હરિ સ્મૃતિનું તાન

વળી, સદ્.શ્રીશુકાનંદ સ્વામી જ્યારે કોઈનું નામ પાડવાનું થાય ત્યારે રામ અથવા કૃષ્ણ એવા ભગવાનના નામ અંતે આવે એવી સંજ્ઞાવાળા નામ પાડતા. જેમ કે, હૃદયરામ, ગણપતરામ, કેવલરામ, જેકૃષ્ણ, હરિકૃષ્ણ વગેરે. આવું તેમને હરિસ્મૃતિનું તાન હતું. ॥૭૧॥

(પૂ.ત્રિકમચરણદાસજીસ્વામી)

૭૨. શ્રીહરિ તથા સહુના પ્રિયપાત્ર શુકમુનિના સદ્ગુણ

જેટલા પત્રો લખ્યા તેમાં ઘણી જુદી જુદી વાતો હતી. તે વાતોને સમજાવ્યા વિના પંડિતોને પણ સમજાતી નહિ. ૧૬. ડભાણ ગામના વિપ્ર જગન્નાથ(શુકમુનિ) હતા, તે નાના હતા. આ વખતે તેમની ઉંમર અઢાર વર્ષની થઈ હતી. ૧૭. તેઓ ઘણા સુશીલ અને સાધુ સ્વભાવના હતા. શ્રીહરિએ તેને પોતાની સેવામાં રાખ્યા. શ્રીહરિને ગમે તેવું તેમનું વર્તન સહેજે જ સરળ હતું. ૧૮. શ્રીહરિના જેટલા પત્રો હતા અને તેમાં જે વાત લખવાની હોય તેને શ્રીહરિ જે સ્થાનમાં જ્યાં સુધી રહ્યા ત્યાં ગાદી-તકિયા ઉપર બેસીને લખાવતા અને તે બધા પત્રો જગન્નાથ વિપ્ર એકલા લખતા. તેનાથી તેમનું દિલ શ્રીહરિ સાથે મળી ગયું હતું. શ્રીહરિ જે બોલે તેટલા અક્ષર ધ્યાન દઈને લખતા હતા. ૧૯-૨૧. વિપ્રને જે વાત સમજવામાં ન આવતી, તે વાત પૂછીને પાકી કરતા. શ્રીહરિ ક્યારેક

ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાત લખાવતા. ૨૨. વેદ, પુરાણ અને ધર્મશાસ્ત્રનાં જે વચન હતા, તે બધા શ્રીહરિના અંતરમાં એકરસ થઈ મળી ગયેલા હતા. ૨૩. વેદ, પુરાણ અને ધર્મશાસ્ત્રની જે વાત કહેવાય છે તે શ્રીહરિનાં અંતરની હતી, એમ તે વિપ્રને દેખાતું હતું. ૨૪.

જગન્નાથ વિપ્ર શ્રીહરિનાં વચનમાં રહેતા અને તેમણે સંસારના બંધનને તોડી નાખ્યું હતું. શ્રીહરિની વાત સિવાય હૃદયમાંથી બીજી બધી મલિન વાતોને કાઢી નાખી હતી. ૨૫. તેમનો જીવાત્મા જેવો શુદ્ધ હતો તેવું જ તેમણે અંતઃકરણને શુદ્ધ કર્યું હતું. શ્રીહરિનાં શુદ્ધ મુખકમળનું નેત્ર દ્વારા રોજ રોજ પાન કરતા હતા. ૨૬. શ્રીહરિ રોજ તે વિપ્રની પાસે એકેએક પત્રને વંચાવતા હતા અને પછી શ્રીહરિ જે કહે તે પત્રને સભામાં પણ વાંચતા હતા. ૨૭. તે વિપ્રનો ઉચ્ચાર સ્પષ્ટ અક્ષરવાળો હતો. તેથી બધી સભાને તે ઘણા પ્રિય લાગતા હતા. પત્રમાં જે કઠિન બાબત હોય તેના ઉપર શ્રીહરિ વાત કરતા હતા. ૨૮. અને વાત કરતા કરતા રાત દસ ઘડી(૪.૦૦ કલાક) જ્યારે વીતે ત્યારે શ્રીહરિ પલંગ ઉપર પોઢી જતા હતા. ૨૯. ॥૭૨॥ (હ.ચ.સાગર.૧૬/૨ સદ્.શ્રીઆધારા. સ્વા.)

॥ એવી રીતે અન્ય સંતો દ્વારા સંગ્રહિત શ્રીશુકસ્વામી વિશે વાતો સમાપ્ત ॥

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



॥ શ્રીહરિકૃષ્ણાય નમો નમઃ ॥

અથ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સદ્‌ગુરુ શ્રીશુકાનંદમુનિકૃત

શ્રીજીની દેહોત્સવ લીલાનો ખરડો

સં.૧૮૮૬માં ગઢપુર રંગોત્સવ ઉપર આવેલા ભક્તોને વિદાય કર્યા ને પોતે ઋષભદેવની લીલા વિસ્તારી. પછી પ્રથમ શ્રીજીમહારાજે દસ-પંદર દહાડા અગાઉ જ સૌ હરિભક્ત બાઈ-ભાઈને બોલાવીને કહ્યું જે, “હવે મારા દેહનો નિર્ધાર નથી, માટે તમારે અમારી કેડે રોવું નહીં, તથા આપઘાત કરવો નહીં.” ત્યારે સર્વેએ કહ્યું જે, ‘ઠીક મહારાજ.’ પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “એમ નહિ, પ્રથમથી જેને એમ ન કરવું હોય તે આવીને અમારે પગે હાથ મેલો.” ત્યારે સર્વેએ હાથ મેલ્યા. આ વાત સંવત્ ૧૮૮૬ ના જેઠ સુદ નોમ મોરની(પહેલાની) છે.

અને ત્યારપછી સંવત્ ૧૮૮૬ ના જયેષ્ઠ સુદી નોમ ને સોમવારના દિવસની રાત્રી પાછલી દોઢ પહોરને આશરે હતી, તે સમે શ્રીજીમહારાજની પાસે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી તથા સદ્.શ્રીનિત્યાનંદ સ્વામી તથા મોનજીભાઈ તથા હરજી પાળો એટલા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આજ સુધી તો હમે અમૃત કરીને જમ્યા ને હવે તો જમવું નથી ને દેહ પણ રાખવો નથી. અને હરેક ઉપાયો કરશો તોપણ નથી જમવું. શા સારુ કનડો છો ?" ત્યારે સદ્. શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! સુખે ઊંઘો. અમારું જેમ થનારું હશે તેમ થશે.'

ત્યારે મહારાજ એમ બોલ્યા જે, **"તમે અમારી મરજી જોઈ એમ કહ્યું, તેથી હું તમારા ઉપર બહુ રાજી થયો છું. માટે જાઓ તમે જેમ મનમાં ધારશો તે સિદ્ધ થાશે. ને (સર્વે) સંતમાં મોટેરા તમે છો. (ધામમાં પણ મોટેરા તમે છો.")**

ત્યારપછી દશમીને દિવસે સવારના પહોરમાં શ્રીજીમહારાજ ઊઠ્યા ને કહ્યું જે, "દાતણ લાવો કરીએ." ત્યારે પોતાના ભક્તને ઉમંગ થયો જે, અહો..! મહારાજે ચાર-પાંચ દહાડે દાતણ માંગ્યું ! માટે ઘણું સારું થયું. પછી મહારાજે દાતણ કર્યું, સ્નાન કર્યું ને કહ્યું જે, "કાંઈક જમવાનું લાવો, ભૂખ લાગી છે." ત્યારે સાકરનો શીરો કરીને લાવ્યા. તે મહારાજ જમ્યા. ત્યારે સર્વેએ જાણ્યું જે, સારું થશે.

પછી થોડીક વાર પછી શ્રીજીમહારાજના કાને ગૂમડું થયું હતું, તે પોતાની મેળે પડખું ફેરવતાં દુઃખાયું. તેથી શરીર ટાઢું પડી ગયું. એટલે મહારાજે કહ્યું જે, "મારું શરીર ટાઢું પડી ગયું છે, માટે કસ્તુરી લાવો." પછી શ્રીજીમહારાજ કસ્તુરી અરધાક ભારને આશરે જમ્યા ને બીજી શરીરે ચોળી. પછી કહ્યું જે, "અમારી નાડી જુવો." ત્યારે તે જોઈને કહ્યું જે, "હે મહારાજ ! નાડી તો ઠેકાણે છે." પછી શ્રીજીમહારાજે

પોતાની નાડીઓ ખેંચી લઈને કહ્યું જે, “ના..ના.. ફરી નાડી જુવો.” ત્યારે જોઈને કહ્યું જે, ‘હે મહારાજ ! નાડી તો ઠેકાણે નથી.’ ત્યારે મહારાજે કહ્યું જે, “તો બોલાય છે કેમ ?” ત્યારે સર્વેએ કહ્યું જે, ‘હે મહારાજ ! તમે જેમ ધારો તેમ છાજે (કરો).’

પછી મહારાજે કહ્યું જે, “ભજનાનંદસ્વામીને કહો જે, ઓસડ-વાસડ જે કરવું હોય તે કરો.” ત્યારે ભજનાનંદસ્વામીએ હિરણ્યગર્ભની ગોળી ઘસીને પાઈ. ત્યારે સચ્ચિદાનંદસ્વામી સમાધિમાં મુક્ત પાસે કોલ લઈને આવ્યા હતા તે બોલ્યા જે, ‘હે મહારાજ ! આ પાખંડ લઈ શું બેઠા છો ? ને ઓસડ આદિ તૈયાર લઈ બેઠા છો ને ખરા ફોસલાવો છો ? પણ હમણાં સર્વે જાણશે ખરા ! પછી આ સર્વે માથાં ફોડશે ને લોહીની નીકો ચાલશે ને તેમાં આ શિક્ષાપત્રી તે ખેંચાશે ત્યારે જાણશો.’

ત્યારે મહારાજ બોલ્યા જે, “ઊઠ, પાજી ! તારે જેમ કરવું હોય તેમ કર. અને **હું ખરો પરમેશ્વર હોઉં તો કોઈની નાસિકા પણ ફૂટવા નહિ દઉં. અને આ સમે (કોઈની) આવરદા આવી રહી હોય તોપણ મરવા નહીં દઉં.** અને આ સમે કોઈક હરિભક્તનું મસ્તક કપાયું હશે તો ચોંટશે પણ મરશે નહિ જ, સમજ્યો ! અને તું તો જેમ ધાર્યું હોય તેમ કર.”

ત્યારપછી સચ્ચિદાનંદસ્વામી મુક્ત પાસેથી કોલ લઈને આવ્યા હતા જે, ‘મહારાજ અહીં આવે તો હું પણ આવું. તે તમે મુને રાખશો ?’ એવું કહ્યું. ત્યારે મુક્તોએ કહ્યું, “હા, રાખશું.” એવો કોલ કરીને સચ્ચિદાનંદસ્વામી આવ્યા હતા. તે બોલ્યા જે, ‘જો હું ખરો સાધુ હોવ તો હારે આવું છું.’ પછી શ્રીનરનારાયણ આદિ ઋષિ ને મુક્ત સર્વે મહારાજની સન્મુખ વિમાને જુક્ત આવ્યા હતા. તે મધ્યે પોતાનું વિમાન કોટિ કોટિ સૂર્ય ને ચંદ્ર જેવા પ્રકાશે યુક્ત એવું વિમાન હતું. તેને વિશે પોતાની ઇચ્છાએ કરીને બેસી અનંત મુક્ત સંગાથે પોતે પોતાના ધામમાં પધાર્યા.

સચ્ચિદાનંદસ્વામીએ પણ પોતાના ઉતારામાં જઈને પોતાના દેહને નીચોવી નાંખ્યો. ને જેમ કોઈ સારો મર્દ હોય તે લૂગડાને નીચોવે તેમ પોતાના દેહમાં નાડિયુંમાં પ્રવેશ કરીને નાડિયું તોડી નાખી, ને હુતાશણીની પિચકારીઓની જેમ રુધિર નીસર્યું. તે કાન, નાસિકા આદિક છિદ્રના ખાડા પર્યંતમાંથી રુધિર ચાલી નીસર્યું. તથા હાડ-માંસ પણ તોડીને હાડ-માસથી જુદું પાડ્યું ને મળદ્વારે લોચા દેખાય. એવી રીતે દેહને નીચોવીને નેત્રે થઈને ધામમાં ગયા. ને નેત્રના ડોળા જેમ કેળા લટકે તેમ લટકે. એવી રીતે તે દેહ છોડી મહારાજ સંગાથે છાનામાના ધામમાં ગયા.

પછી શ્રીજીમહારાજ પોતાના અક્ષરધામમાં સિંહાસન ઉપર બિરાજમાન થયા અને અનંત મુક્તો ચંદન-પુષ્પાદિકે કરીને પૂજવાની તૈયારી કરતા હતા. તે સમયે સચ્ચિદાનંદસ્વામી તો સિંહાસન પછવાડે છાના ઊભા હતા. ને અહીં ગઢપુરમાં મહારાજના દેહનો(અંતિમ) સંસ્કાર કરતા હતા. ત્યાં ખબર આવી કે, સચ્ચિદાનંદસ્વામી દેહ મૂકીને ગયા છે. ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'મહારાજના દેહના સંસ્કાર થઈ રહ્યા પછી એમના દેહનો(અંતિમ) સંસ્કાર કરીશું.'

પછી શ્રીજીમહારાજ પોતાના ધામમાં મુક્તો પ્રત્યે બોલ્યા જે, "અહીં એક ચોર આવ્યો છે." એટલે સચ્ચિદાનંદ સ્વામીનો દેહ દશ યોજન જેટલો ઊછળવા લાગ્યો. અને કોટિ કોટિ વીંછીના જેવી વેદના થવા લાગી. પછી સચ્ચિદાનંદસ્વામીએ વિચાર કર્યો જે, 'અહીંયાં હુંથી નહિ રહેવાય.' પછી મહારાજની સન્મુખ આવીને ઊભા રહ્યા અને કહ્યું જે, 'અહીં તમારો ચોર ઊભો છે. અને મુક્તોએ કોલ આપ્યો હતો પણ તેનાથી રક્ષા ન થઈ.'

પછી મહારાજે કૃપા કરીને કહ્યું જે, "આવો." ત્યારે મરજી દેખીને પાસે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "તરસ્યા છો ?" ત્યારે કહ્યું જે, 'હા.' પછી પ્રસાદીનું જળ આપ્યું, તે પીધું ત્યારે શાંતિ થઈ.

પછી સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! અધૂરું મૂકી આવ્યા છો.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "શું અધૂરું મૂકીને આવ્યા છીએ ? જુઓને, અમદાવાદ, વડતાલ, ગઢડુ એ આદિક અમે મોટાં મોટાં ધામ બાંધીને; અમારી મૂર્તિઓનાં સ્થાપન કીધાં છે ને તેમને વિશે હું અખંડ બિરાજમાન છું. અને અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી આદિ ધર્મવંશી બ્રાહ્મણ, તેમને અમારા દત્તપુત્ર કરીને અમારે ઠેકાણે મૂક્યા છે. તથા શિક્ષાપત્રી આદિક ગ્રંથમાં ધર્મ-ભક્તિ આદિકનો પ્રબંધ બાંધ્યો છે. તથા મોટા મોટા સાધુને મૂકીને આવ્યા છીએ. **તે સાધુ કેવા છે ? તો નારદ-સનકાદિક જેવા છે ને સભાઓ જીતે એવા છે. ને કેટલાક બ્રહ્માદિક જેવા છે, ને એમની સંગાથે પ્રશ્ન-વિવાદ કરશે તો પગે લાગીને ચાલ્યા જશે એવા મોટા સાધુ છે. તથા પ્રહ્લાદાદિક સરખા તો(ઘણા) ગૃહસ્થમાં છે. અને સમસ્ત સત્સંગની ભલામણ તો સ.શ્રીગોપાળાનંદ સ્વામીને કરી છે. એવી રીતે અમે તો કાંઈ અધૂરું રાખ્યું નથી.** પછી અમે તો સ્વઈચ્છાચારી છીએ.

અને તમે પાછા જાઓ. કેમ જે, શિક્ષાપત્રીમાં અમે પ્રથા બાંધી છે, તેનો લોપ કરીને તમે અહીં આવ્યા છો. માટે પાછા જાઓ, ને મારા વચને નહિ જાઓ તો દુઃખિયા થાશો. ને તમારા મનમાં નહિ જાવાનું હોય તોપણ જાવું પડશે. નહિ તો હજારું વર્ષ આવરદાના દેહમાં ખોસી ઘાલીશ, ત્યારે તું શું કરીશ ? માટે મારે વચને કરીને જાઓ તો સુખિયા થાશો. ને આવરદા તો મારા હાથમાં છે ને **તમે મોટા છો ને તમારો પ્રેમ અનહદ છે, તે આલોક તથા પરલોકમાં સહુ જાણે છે જે, સચ્ચિદાનંદ સ્વામીના જેવો કોઈનો પ્રેમ નથી.** કાં જે, રાધિકાજીનો પ્રેમ શાસ્ત્રમાં વખાણ્યો છે. તે રાધિકાજીના પ્રેમને હદ છે, એમ સહુ જાણે છે. કેમ જે, ભગવાનના દર્શનમાં વિક્ષેપ થાય ત્યારે તેમને તત્કાળ તાવ આવે; તેણે કરીને કપાળનો ચાંદલો કાળા ઠીકરા જેવો થઈ જાય છે ને

ચંદન ચરચ્યું તે કાળુ થઈ જાય ને મૂર્છા આવે, એવો રાધાજીને પ્રેમ છે. અને ભગવાનનો વિયોગ થાય ત્યારે નાસિકા આદિક રુંવાડાનાં છિદ્ર પર્યંતમાંથી રૂધિરની ધારા નીકળે છે, એવો પ્રેમ તો એક સચ્ચિદાનંદ સ્વામીનો છે. માટે તમારા પ્રેમને હદ નથી. ને તમે મોટા છો ને તમે ગયેથી સત્સંગમાં સમાસ થશે ને સૌને ધીરજ આવશે ને શાંતિનું બળ મળશે; માટે જાઓ, નહિ તો દેહ બાળી દેશે. 'ત્યારે કહ્યું જે, "હે મહારાજ ! દર્શન વિના કેમ રહેવાશે ? ને તે દેહ તો હું ભાંગી-તોડીને આવ્યો છું. તે એ દેહમાં કેમ રહેવાશે ?' એમ કહ્યું.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **"દેહ ઘડવો તથા ભાંગવો તે મારા હાથમાં છે** અને દર્શન તો રાધિકાજીને વૃંદાવનને વિશે શ્રીકૃષ્ણ ભગવાનનાં થયાં ને રાધીકાજીને હેત આવ્યું, ત્યારે રાધીકાજીએ શ્રીકૃષ્ણને તેડીને છાતી સાથે દબાવ્યા ને મનમાં એમ થયું જે, 'શું કરું? નાના છોકરા છો, મોટા નથી.' ત્યારે કૃષ્ણ મોટા થયા ને બ્રહ્માજી આવીને પરણાવી ગયા. પછી રાધિકાજીએ મનના મનોરથ ધાર્યા હતા તે સુફળ થયા. પછી શ્રીકૃષ્ણએ કહ્યું જે, 'હવે જાઓ.' ત્યારે(તેમને) મૂર્છા આવી. એટલે શ્રીકૃષ્ણ ભગવાને ઉઠાડીને કહ્યું જે, 'માગ્ય.' ત્યારે(રાધાજીએ) માંગ્યું જે, 'આવા ને આવા મારી પાસે અખંડ રહો.' ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું જે, 'અખંડ તો નહિ પણ સ્વપ્ન અવસ્થામાં રહીશ.' એવી રીતે ભગવાને રાધિકાજીને કહ્યું હતું. પણ **હું તો કહું છું જે જાઓ, સુરતથી મુગટ આવ્યો હતો, તેને મેં પહેર્યો હતો ને તે સમાની સભાએ યુક્ત અખંડ તમારી પાસે દેખાઈશ.** માટે જાઓ ને દાદો ખાચર જીવે તેમ નથી. ને મારી ઉપર તેને ઘણું હેત છે તેથી મૂંઝાશે, માટે સર્વે એની બરદાશ કરજ્યો.

ને અત્યારે જાઓ ત્યારે જેવા રુધિરે ભર્યા છો તેવા(ને તેવા) જઈને બાઈયુંની હારે વાત કહેજો જે, મહારાજ ક્યાંય ગયા નથી.

આ સત્સંગમાં શ્રીજીમહારાજ અખંડ બિરાજે છે, ને મૂર્તિઓમાં પણ અખંડ છે, ને ધર્મ-ભક્તિવાળા સંતમાં પણ અખંડ છે, ક્યાંય ગયા નથી. માટે રોશો મા, કળકળશો મા અને અન્ન-જળ મેલશો મા. અમને જેવા દીઠા છે તેવું મારું ધ્યાન કરજો. તેથી હું તેવાં દર્શન દઈશ. એમ કહેજો. વળી કહેજો જે, ભગવાનને મૂવા કેમ સમજો છો ? તે તો દૈત્યની સમજણ છે. ને(અમને) મૂવા સમજે છે તો તેને તેડવા કોણ આવશે ? ને તમારો ધર્મ કેમ રહેશે ?

માટે એ ભક્તની સમજણ સારી નથી. અને ભક્તની તો આ સમજણ છે જે, કીર્તન ગાવાં, ઉત્સવ કરવા, ઉમંગ રાખવો અને અર્જુન, પ્રહ્લાદ, ધ્રુવજી એ આદિક કેવા ખુમારીવાળા થયા જે, (આખી) ઉંમરમાં એક જ વાર ભગવાનનાં દર્શન થયાં, તોપણ દેહપર્યંત ખબડદાર થઈને રહ્યા ને બીજાને પણ બળમાં રાખ્યા છે, પણ મૂંઝાણા નથી. ને તમને તો આજ સુધી કેવું સુખ દીધું છે ! માટે શા સારું મૂંઝાવો છો ? સૌ ધીરજ રાખજો. **હું સત્સંગમાં પ્રગટ છું. અને શિક્ષાપત્રી પ્રમાણે રહેશે તો હજારો વર્ષ પર્યંત કલ્યાણ થાશે.**" એવી રીતે કહ્યું. પછી સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! હું તો કહીશ પણ માનશે કેમ ?'

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **"આ નિશાની કહેજો જે, નવમીની પાછલી રાત્રે સ.શ્રીનિત્યાનંદસ્વામી સૂતા હતા ને હરજી પાળો તથા મોનજી ભક્ત જાગતા હતા. ને સ.શ્રીગોપાળાનંદસ્વામીને મેં કહ્યું જે, તમે ધારશો તે થાશે. એવી રીતે વર આપ્યો હતો. તે દૃષ્ટાંત કેજ્યો.** અને હવે જાઓ...(હું) તમારા ઉપર પ્રસન્ન છું."

(ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે, 'હું કીયા બ્રહ્માંડમાં જાઉં ? મને તરસ લાગી છે તે પાણી પાઓ.' પછી મહારાજે એક મુક્તને આજ્ઞા કરી જે, "એને પાણી પાઈને ફૂટલા બ્રહ્માંડમાં મોકલી દીયો." પછી તે મુક્તે પાણી પાઈને ટાપલી મારી તે આ બ્રહ્માંડમાં આવતા

રહ્યા. ત્યારે એક સાધુએ આવીને સ.શ્રીગોપાળાનંદસ્વામીને કહ્યું જે, ‘સચ્ચિદાનંદસ્વામી ધામમાંથી પાછા આવ્યા છે.’ પછી સ્વામી કહે, “મહારાજને અગ્નિસંસ્કાર કરી રહ્યા પછી વાત.”

પછી અગ્નિસંસ્કાર કરી, સ્નાન કરી સૌ દરબારમાં આવ્યા. પછી સ.શ્રીગોપાળાનંદસ્વામી સચ્ચિદાનંદસ્વામીની ઓરડીએ ગયા અને તેમની સર્વે નાડીઓ બંધબેસતી કરી. પછી પૂછ્યું જે, “કેમ થયું ?” ત્યારે તે કહે, ‘મહારાજે મને ત્યાં રહેવા દીધો નહિ અને કહ્યું, છ મહિના રહીને આવજે.’ (એમ કહી ઉપરોક્ત સર્વે વાત કહી સંભળાવી.) પછી સ્વામી કહે, “આ વાત દરબારમાં બાઈઓ-ભાઈઓ સૌને સંભળાવો.” તેથી સચ્ચિદાનંદ સ્વામી દરબારમાં આવ્યા ને સૌ બાઈ-ભાઈઓને કહ્યું જે, ‘મહારાજે મને ધામમાંથી પાછો મોકલ્યો છે, માટે કોઈ પણ મરશો નહીં.’) (હ.ચ.ચિં.-૨/૩૧૭)

॥ ઈતિ શ્રીસહજાનંદસ્વામી પૂરણપુરુષોત્તમ ભગવાનની શ્રીશુકાનંદમુનિ લિખિત દેહોત્સવ લીલા સમાપ્ત ॥

પ્રાર્થનામાળા

ભૂમિકા

સદ્.શ્રીશુકાનંદસ્વામીકૃત આ પ્રાર્થનામાળામાં માત્ર ૧૮ શ્લોકો છે. તેમાં ભગવાનના ભક્તએ ભગવાન પાસે શું શું મંગાય ? શું ન મંગાય ? કેવો સંગ કરાય ? અને કોનો સંગ ક્યારેય પણ ન કરાય ? તેનો વિવેક બતાવ્યો છે. આળસ, પ્રમાદ અને ગાફલાઈ ટાળી સાવધાન થઈ સ્વામીએ શીખવાડ્યું તે રીતે જે ભક્ત શ્રીહરિને નિત્ય આ પ્રાર્થના કરશે તો તેનો જીવ અતિશે બળિયો થાશે અને અંતરમાં ટાઢું થાશે. એવી આ અનુપમ પ્રાર્થના છે તો ચાલો એવી પ્રાર્થના કરી એનો અમૂલ્ય લાભ લઈએ...

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



।। श्रीहरिकृष्णाय नमो नमः ।।

શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સદ્.શ્રીશુકાનંદમુનિકૃત

પ્રાર્થનામાળા

शार्दुलविक्रीडितवृत्तम् :

स्वीये धाम्नि सदाऽक्षरे परतरे संसेविताङ्घ्रिद्वयो ।
भक्तैर्ब्रह्मशरीरिभिर्य उरुधा वेदान्तवेद्यः प्रभुः ।।
नैकाण्डोद्भवपालनादिकरपुंमायानियन्ता स्वराट् ।
कारुण्याम्बुनिधिर्नमामि तमहं श्रीस्वामिनारायणम् ।।०१।।

હું જે તે શ્રીસ્વામિનારાયણને નમસ્કાર કરું છું. તે કેવા છે ? તો સર્વ થકી અતિશે પર એવું જે પોતાનું અક્ષરધામ, તેને વિષે બ્રહ્મરૂપ એવા જે પોતાના ભક્તજન, તેમણે સેવ્યાં છે ચરણ જુગલ તે જેનાં

એવા છે. અને વળી કેવા છે ? તો વેદાંત જે ઉપનિષદ તથા વ્યાસસૂત્ર તેણે કરીને બહુ પ્રકારે જાણવા યોગ્ય છે સ્વરૂપ જેનું એવા છે. અને પ્રભુ, કે'તાં અતિશે સમર્થ છે. વળી કેવા છે ? તો અનેક કોટી એવા જે બ્રહ્માંડ તેની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કરનારા જે પુરુષ ને પ્રકૃતિ તેના (પણ) નિયંતા છે અને કરુણાના મહાસાગર છે. ॥૧॥

उपजातिवृत्तम् :

तं भक्तिधर्मात्मजमीश्वरेशं, समाश्रितैरत्र जनैस्ततो यत् ।।
सम्प्रार्थनीयं प्रतिधस्रमस्ति, लिखामि तेषां सुखबुद्धये तत् ।।०२।।

અને ભક્તિધર્મના પુત્ર અને ઈશ્વરના પણ ઈશ્વર એવા જે શ્રીસ્વામિનારાયણ (ભગવાન), તેને આશર્યા એવા જે ભક્તજન, તેમને તે સ્વામી થકી જે દિવસ-દિવસ પ્રત્યે પ્રાર્થના કરવા યોગ્ય છે; કે'તાં (તે ભગવાન પાસેથી જે) માગવાનું છે તેનું તે હરિભક્તને સુખે કરીને જ્ઞાન થાય તેને અર્થે હું(શુકમુનિ) જે તેને(**પ્રાર્થનામાળા**) લખું છું. ॥૨॥

श्रीहरे ! त्वत्स्वरूपस्य, निश्चयोनिर्विकल्पकः ।।
यउत्तमोऽस्तिसर्वेभ्यो, निश्चयेभ्योऽपिदेहितम् ।।०३।।

હે શ્રીહરે ! સર્વ નિશ્ચય થકી ઉત્તમ એવો જે તમારા સ્વરૂપનો નિર્વિકલ્પ નિશ્ચય તે મુને આપો. ॥૩॥

सम्बन्धात्तव मूर्तेर्यत्सुखं सर्वोत्तमं प्रभो ! ।।
तदेवदेहिमेस्वामिन् !, नान्यत्क्वापिसुखाम्बुधे ! ।।०४।।

હે પ્રભો ! હે સ્વામિન્ ! હે સુખના સાગર ! તમારી મૂર્તિના સંબંધ થકી થયું જે સુખ તે સર્વે સુખથી ઉત્તમ છે. તે જ સુખ મુને આપો, પણ તે વિના બીજું જે સુખ તે ક્યારેય પણ આપશો નહીં. ॥૪॥

त्वदाकारं विना ये स्युरत्राकारास्तु मायिकाः ।।
ते भवन्त्वतितुच्छाश्च, दुःखरूपा भृशं हरे ! ।।०५।।

હે હરે ! એક તમારા આકાર વિના બીજા જે આ લોકને વિષે માયામાંથી ઉત્પન્ન થયા એવા આકારમાત્ર, તે અતિ તુચ્છ થઈ જાઓ તથા અતિશે દુઃખરૂપ થઈ જાઓ. ।।૫।।

माहात्म्यज्ञानयुक्ता या, भक्तिरेकान्तिकी तव ।।
सर्वोत्तमास्ति तां देहि, मह्यं त्वं भक्तिनन्दन ! ।।०६।।

હે ભક્તિના પુત્ર એવા શ્રીહરિકૃષ્ણ ! તમારા માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી જે તમારી એકાંતિકી ભક્તિ તે સર્વે થકી ઉત્તમ છે. તે ભક્તિ તમે મુને આપો. ।।૬।।

अस्यां भक्तावन्तरायो, महान्सर्गो ह्यधर्मजः ।।
कामलोभादिरूपो यस्तस्माद्रक्षां विधेहि मे ।।०७।।

અને કામ, લોભ, સ્વાદ, સ્નેહ, માન ને ક્રોધ એ આદિક જે દોષ તે રૂપ જે અધર્મનો સર્ગ તે તમારી એકાંતિક ભક્તિને વિષે મોટો અંતરાયરૂપ છે; કહેતાં મોટા વિઘ્નનો કરનારો છે, તે અધર્મના સર્ગના થકી તમે મારી રક્ષા કરો. ।।૭।।

अस्यां सहायकर्ता च, धर्मसर्गोऽस्ति यो महान् ।।
ज्ञानवैराग्यादिरूपस्तस्मिन् देहि दृढां स्थितिम् ।।०८।।

અને જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, બ્રહ્મચર્ય, અહિંસા ને શ્રદ્ધા એ આદિક જે રૂડા ગુણ તે રૂપ જે ધર્મનો સર્ગ તે એ તમારી એકાંતિક ભક્તિને વિષે મોટો સહાયરૂપ છે, કહેતા અતિશે સહાયનો કરનારો છે. તે ધર્મના સર્ગને વિષે મુને અતિશે દૃઢ સ્થિતિ દેજો. ।।૮।।

तवैकान्तिकभक्तानां, त्वत्प्रियाणां हि सर्वदा ।।
स्वामिन् ! समागमं देहि, याचितं सर्वसज्जनैः ।।०९।।

હે સ્વામિન્ ! તમને વહાલા એવા જે તમારા એકાંતિક ભક્ત, તેમનો જે સમાગમ તે મુને નિરંતર દેજો. તે સમાગમ કેવો છે ? તો સર્વ સંતજને માગ્યો છે. ॥૯॥

येऽत्र स्युः शुष्कवेदान्तिकौलनास्तिककुण्डकाः ।।
तेषां सङ्गो यथा क्वापि, न स्यात्कुरु कृपां तथा ।।१०।।

અને આલોકને વિષે તમારી ઉપાસનાએ રહિત એવા જે કેવળ બ્રહ્મજ્ઞાની હોય તથા શક્તિપંથી હોય તથા નાસ્તિક હોય તથા કુંડાપંથી હોય તેનો જે સંગ, તે જે પ્રકારે મુને ક્યારેય પણ થાય નહિ, તેવી રીતે મારી ઉપર તમે કૃપા કરો. ॥ ૧૦ ॥

मम त्वद्भक्ततायां च, दोषः कश्चन कर्हिचित् ।।
केनापि विधिना नाथ !, नाऽवशेष्यस्त्वया प्रभो ! ।।११।।

હે નાથ ! હે પ્રભો ! હે સ્વામિન્ ! મુને જે તમારું ભક્તપણું છે તેને વિષે જે કોઈ દોષ, તે કોઈ રીતે ક્યારેય પણ બાકી રહેવા દેશો મા. કે'તા તમારો ભક્ત એવો જે હું, તે મારે વિષે કોઈ પણ દોષ રહી જાય નહિ એવી કૃપા કરજો. ॥૧૧॥

भवतो भवदीयानां, भक्तानां च कदाचन ।।
द्रोहो नैव भवेत्स्वामिन् !, देहि मद्याचितं त्विति ।।१२।।

હે સ્વામિન્ ! તમે ને તમારા જે ભક્ત તેનો જે દ્રોહ તે ક્યારેય પણ થાય નહિ એ હું તમ પાસે માગું છું. તે મુને (કૃપા કરીને) આપો. ॥૧૨॥

त्वत्पदाम्बुजसेवेच्छां, विनाऽन्यस्यापि कस्यचित् ।।
वस्तुनो वासना नैव, शिष्यात्कुरु कृपामिति ।।१३।।

અને તમારા ચરણકમળની સેવાની જે ઇચ્છા તે વિના બીજા કોઈ પદાર્થની વાસના બાકી રહી જાય જ નહિ; એવી રીતે મારી ઉપર તમે કૃપા કરો. કે'તાં એક તમારા ચરણકમળની સેવાની જ ઇચ્છા રહે, પણ બીજા કોઈ પદાર્થની વાસના ન રહે એવી કૃપા કરો. ॥૧૩॥

अहंबुद्धिः स्वदेहेषु, ममता दैहिकेषु च ।।
माऽस्तु साऽस्तु सर्वथैव, तवैकान्तिकसत्सु हि ।।१४।।

અને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ જે મારા ત્રણ દેહ તેને વિષે અહંબુદ્ધિ થાશો મા. કે'તા એ દેહ હું છું એમ મનાશો મા. અને દેહ સંબંધિ જે પદાર્થમાત્ર તથા દેહના સંબંધિજન તેમને વિષે મમતા થાશો મા. કે'તા એ મારા છે એમ મનાશો મા. અને તે અહંબુદ્ધિ ને મમતા, તે તમારા એકાંતિક ભક્ત એવા જે સાધુ તેમને વિષે સર્વ પ્રકારે થાજો. ॥૧૪॥

आत्मना ब्रह्मरूपेण, स्नेहः सर्वाधिकः प्रभो ! ।।
विलसत्यऽक्षरे धाम्नि, त्वयि स्ताद्धर्मनन्दने ।।१५।।

હે પ્રભો ! બ્રહ્મરૂપ કે'તા બ્રહ્મ સાથે એકત્વભાવને પામ્યો એવો જે મારો જીવાત્મા તેણે કરીને, કે'તા બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે તમે, તે તમારે વિષે મારે સર્વ થકી અધિક સ્નેહ થાજો. તે તમે કેવા છો ? તો સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છો અને ધર્મદેવના પુત્ર છો ॥૧૫॥

तव दासानुदासं च, स्वसमीपेऽभिरक्ष्य माम् ।।
दर्शनं देहि मेऽभीष्टं, भक्तैरेकान्तिकैः सदा ।।१६।।

અને તમારા દાસનો દાસ એવો જે હું, તે મુને તમારા સમીપને વિષે રાખીને નિરંતર તમારું દર્શન દ્યો. તે તમારું દર્શન કેવું છે ? તો તમારા જે એકાંતિક ભક્ત તેમણે નિરંતર અતિશે પ્રિયપણે કરીને ઈચ્છ્યું છે, તે દર્શન મને આપો. ॥૧૬॥

भक्तिधर्मात्मज ! हरे !, शृणु त्वं भक्तवत्सल ! ।।
सम्पादय गुणानेतान्, स्तुत्वा नत्वा मयार्थितान् ।।१७।।

હે ભક્તિધર્મના પુત્ર ! હે ભક્તવત્સલ ! હે હરે ! તમારી સ્તુતિ કરીને ને તમને નમસ્કાર કરીને તમારી પાસે મેં માગ્યા એવા જે આ સર્વે ગુણ તે મુને દયા કરીને આપો. ॥૧૭॥

उपजाति :

पूजां हरेरन्वहमाशु कृत्वा, प्राथ्र्यं तदीयैरिदमेव भक्तैः ।।
हित्वा प्रमादं च तथैव वर्तितुं यत्नो विधेयः परमादरेण ।।१८।।

।। इति श्रीशुकानन्दमुनि विरचिता श्रीहरिप्रार्थनामाला समाप्ता ।।

અને શ્રીભક્તિધર્મના પુત્ર એવા જે શ્રીહરિ તેના જે ભક્ત તેમણે દિવસ દિવસ પ્રત્યે શ્રીહરિની પૂજા કરીને તેમની પાસે આ જે કહ્યું છે તે જ માગવું, પણ બીજું માગવું નહીં. અને પ્રમાદ જે અસાવધાનપણું, કે'તાં કરવાનું ન કરવું ને ન કરવાનું કરવું એવું ગાફલપણું, તેનો ત્યાગ કરીને જે પ્રકારે એવા ગુણ પોતામાં આવે તેવી રીતે વર્તવાનું જતન અતિશે આદરે કરીને કરવું, પણ કેવળ એમ માગીને આળસુ થઈને બેસી રહેવું નહીં. અને એવા ગુણ પોતામાં જેવી રીતે આવે તેવા સાધનમાં સાવધાન થઈને વર્તવું. ॥૧૮॥

॥ એવી રીતે શ્રીશુકાનંદમુનિયે રચિ જે આ શ્રીહરિની પ્રાર્થનામાળા તે સંપૂર્ણ થઈ ॥

બુદ્ધિપ્રદીપ

ભૂમિકા

સદ્.શ્રીશુકાનંદસ્વામીએ આ બુદ્ધિપ્રદીપ નામના ગ્રંથની રચના શ્રીજીમહારાજની આજ્ઞાથી સં.૧૮૮૦માં વડતાલ સંતોની ધર્મશાળામાં બેસીને કરેલ છે. આ.વિહારીલાલજી મહારાજ આ ગ્રંથની વિશેષતા લખતાં કહે છે,

જે જન પરદેશે જશે, કરવાને ઉદ્યોગ;
મળે નહિ જો તે સ્થળે, સંત તણો સંજોગ...૧૨

તો તેણે ત્યાં રાખવો, સદૈવ આપ સમીપ;
વાંચીને વળી વિચારવો, પ્રતિદિન બુદ્ધિપ્રદીપ...૧૩

શુક મુનિએ તે છે સજ્યો, ગ્રંથ ભલો ગુણવાન;
દેશ કાલ આદિક કહ્યા, ધર્માધર્મ નિદાન...૧૪

આઠે સારા સેવીએ, તો મતિ સારી થાય;
એહ અસારા સેવતાં, બુદ્ધિ બગડી જાય...૧૫

આ ગ્રંથમાં માત્ર એકસો પાંચ શ્લોકો છે. જેમાં શુભ-અશુભ દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્રાદિક આઠનું વિવરણ કર્યું છે. અશુભ દેશાદિક સેવવાથી અધોગતિ થાય છે, નરક ભોગવવું પડે છે અને શુભ દેશાદિક સેવવાથી આ લોકમાં અતિ સુખ મળે છે અને અંતે ભગવત્‌ધામની પ્રાપ્તિ થાય છે. કેવો દેશ, કાળ, સંગ સેવવો ? તેનો આ ગ્રંથમાં સુંદર વિવેક બતાવ્યો છે. જીવન જીવવા માટે અનુપમ ભોમિયા જેવા આ ગ્રંથનો સ્વામીના શબ્દોમાં આસ્વાદ માણીએ...

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



।। श्रीहरिकृष्णाय नमो नमः ।।

અથ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સદ્‌ગુરુ શ્રીશુકાનંદમુનિકૃત

બુદ્ધિપ્રદીપ

(ગુજરાતી ટીકા સાથે)

शार्दुलविक्रीडितवृत्तम् :

भक्तौ धर्मत आविरास कृपया कल्याणहेतोर्नृणां ।
गोलोकाक्षरदिव्यधाम्नि निवसन् सर्वेश्वरेशश्च यः ।।
नानादेशसमागतान्निजजनान् धर्मं परं शिक्षय- ।
न्नैकान्तं परसौख्यहेतुममलं तं श्रीहरिं चिन्तये ।।०१।।

અર્થ : હું(શુકાનંદમુનિ) જે તે મારા હૃદયને વિષે શ્રીહરિનું ધ્યાન કરું છું. તે શ્રીહરિ કેવા છે, તો ગોલોકના મધ્યને વિષે રહ્યું જે અક્ષરબ્રહ્મ નામે પોતાનું દિવ્યધામ તેને વિષે છે નિવાસ જેમનો એવા છે.

અને અક્ષરબ્રહ્મ આદિક જે સર્વે ઈશ્વર તેમના ઈશ્વર છે; કહેતાં એ સર્વે ઈશ્વરના નિયંતા ને એમના સ્વામી એવા પરમેશ્વર છે. અને વળી કેવા છે ? તો અનેક જીવના કલ્યાણ કરવા સારુ દયાએ કરીને ધર્મ થકી ભક્તિને વિષે પ્રગટ થયા એવા છે, અને નાના પ્રકારના દેશ થકી આવ્યા જે પોતાના ભક્તજન તેમને એકાંતિક ધર્મની શિક્ષાના કરનારા છે. તે એકાંતિક ધર્મ કેવો છે ? તો સર્વ ધર્મ થકી અતિશે શ્રેષ્ઠ છે, ને અતિ ઉત્તમ સુખનો પમાડનારો છે, ને અતિશે નિર્મળ છે. ॥૧॥

❋ ભૂમિકા :

नत्वा श्रीसहजानन्दं, तं साक्षात्पुरुषोत्तमम् ।।
इमं बुद्धिप्रदीपाख्यं, रचयामि तदाज्ञया ।।०२।।

અને સાક્ષાત્ પુરુષોત્તમ એવા જે તે શ્રીસહજાનંદસ્વામી મહારાજ તેમને નમસ્કાર કરીને હું જે તે **'બુદ્ધિપ્રદીપ'** નામે જે આ ગ્રંથ તેને તે સ્વામી(શ્રીસહજાનંદસ્વામી)ની આજ્ઞાએ કરીને કરું છું. ॥૨॥

हरेरेकान्तिकीं भक्तिं, जनानां कुर्वतां भुवि ।।
तस्यां महान्सहायोऽस्ति, धर्मः स्वान्वयसंयुतः ।।०३।।

આ પૃથ્વીને વિષે તે શ્રીહરિની એકાંતિક ભક્તિને કરતા એવા જે ભક્તજન તેમને તે ભક્તિને વિષે પોતાને વંશે સહિત એવો જે ધર્મ તે જે તે મોટો સહાયરૂપ છે; કહેતાં તે ભક્તિને વિષે અતિશે સહાયનો કરનારો છે. ॥૩॥

अन्तरायो महानस्ति, तस्यां सपरिवारकः ।।
अधर्म इति ज्ञातव्यं, हरिभक्तैः सुनिश्चितम् ।।०४।।

અને પોતાના પરિવારે સહિત એવો જે અધર્મ તે જે તે તે એકાંતિક ભક્તિને વિષે મોટો અંતરાયરૂપ છે; કહેતાં મોટાં વિઘ્નોનો કરનારો છે. એવી રીતે હરિના ભક્તને રૂડી રીતે નિશ્ચયપણે કરીને જાણવું. ॥૪॥

स धर्मः सान्वयो नूनं, देशादौ सति वर्तते ।।
अधर्मोऽसति देशादौ, स आस्ते सान्वयः सदा ।।०५।।

અને પોતાને વંશે સહિત એવો જે તે ધર્મ તે જે તે સત્ એવા જે દેશાદિક આઠ તેને વિષે નિશ્ચે રહ્યો છે. અને પોતાને વંશે સહિત એવો જે તે અધર્મ તે જે તે અસત્ એવા જે દેશાદિક આઠ તેને વિષે નિરંતર રહ્યો છે. ॥૫॥

देशः कालः क्रिया ध्यानं, शास्त्रं दीक्षा मनुस्तथा ।।
सङ्गश्चेत्यष्ट सन्तीह, सन्तोऽसन्तस्तथा ध्रुवम् ।।०६।।

હવે તે દેશાદિક આઠને ગણે છે : એક તો દેશ, બીજો કાળ, ત્રીજી ક્રિયા, ચોથું ધ્યાન, પાંચમું શાસ્ત્ર, છઠ્ઠી દીક્ષા, સાતમો મંત્ર ને આઠમો સંગ, એ જે આઠ તે નિશ્ચે સત્ કહેતાં સારાં પણ છે ને અસત્ કહેતાં ભૂંડાં પણ છે. ॥૬॥

देशादीनां सतां तेषां, कथयामि तथाऽसताम् ।।
बुद्धये हरिभक्तानां, लक्षणानि पृथक् पृथक् ।।०७।।

અને સત્ એવા જે દેશાદિક આઠ તથા અસત્ એવા જે દેશાદિક આઠ, તેમનાં જે નોખાં નોખાં લક્ષણ, તેનું હરિના ભક્તને જ્ઞાન થાય તેને અર્થે તે લક્ષણોને હું જે તે અનુક્રમે કરીને કહું છું. ॥૭॥

❋ શુભ દેશ :

चतुर्वर्णाश्रमवतां, नृणां यत्र विभागतः ।।
धर्मः सम्यक् प्रवर्तेत, स देशः शोभनो मतः ।।०८।।

જે દેશને વિષે ચાર વર્ણ ને ચાર આશ્રમના જે મનુષ્ય, તેમનો જે પોતપોતાનો ધર્મ તે જે તે વિભાગે કરીને રૂડી રીતે પ્રવર્તતો હોય, એવો જે દેશ તે સત્દેશ માન્યો છે. ॥૮॥

हरेरेकान्तिका भक्ता, निवसेयुश्च यत्र वै ।।
श्रीहरेः प्रतिमा यत्र, स्थापिता स्यात्स शोभनः ।।०९।।

અને વળી જે દેશને વિષે શ્રીહરિના જે એકાંતિક ભક્ત તે નિવાસ કરીને રહેતા હોય એવો જે દેશ તેને સત્‌દેશ કહીએ, તથા જે દેશને વિષે શ્રીહરિની જે પ્રતિમા તે જે તે સ્થાપન કરી થકી વિરાજમાન હોય; એવો જે દેશ તેને સત્‌દેશ કહીએ. ॥૯॥

निवासः श्रीहरेर्यत्र, तदेकान्तिक सन्नृणाम् ।।
यत्र चासीत् स सर्वोऽपि, सद्देशः संमतो बुधैः ।।१०।।

અને વળી જે દેશને વિષે પૂર્વે શ્રીહરિનો નિવાસ થયો હોય તથા જે દેશને વિષે તે શ્રીહરિના એકાંતિક ભક્ત એવા જે સાધુપુરુષ તેમનો નિવાસ થયો હોય, એવા જે એ સર્વ દેશ તેને વિવેકી પુરુષો તેમણે સત્‌દેશ માન્યો છે. ॥૧૦॥

❋ અશુભ દેશ :

स्वधर्मरहिता यत्र, मनुजाः स्युस्तथा हरेः ।।
भक्ता एकान्तिका न स्यु-,र्यत्र सोऽसन्मतः किल ।।११।।

હવે અસત્‌દેશને કહે છે : જે દેશને વિષે પોતપોતાના ધર્મે રહિત એવા મનુષ્ય હોય તથા જે દેશને વિષે શ્રીહરિના એકાંતિક ભક્ત ન હોય, એવો જે દેશ તે નિશ્ચે અસત્‌દેશ માન્યો છે. ॥૧૧॥

यत्र राजा तदीयाश्च, परस्य स्त्रीर्धनानि च ।।
बलाद्धरेयुःपीडेयु-,र्दुर्बलान्सोऽप्यसन्मतः ।।१२।।

અને વળી જે દેશને વિષે રાજા તથા તે રાજાનો દીવાન તથા મે'તા, મસુદી, ચાકર તે જે બળ થકી પારકી સ્ત્રીઓને તથા પારકા ધનને હરી લેતા હોય તથા ગરીબને પીડતા હોય એવો જે દેશ તે પણ અસત્‌દેશ માન્યો છે. ॥૧૨॥

यत्राऽन्यधनहर्तारो, भवेयुः पापी पुरुषाः ।।
प्रायशो व्यभिचारिण्यः, स्त्रियः स्युर्यत्र सोऽप्यसन् ।।१३।।

અને જે દેશને વિષે બીજાના ધનને હરી લે એવા પાપી પુરુષ રહેતા હોય તથા જે દેશને વિષે વ્યભિચારિણી સ્ત્રીઓ ઘણીક રહેતી હોય એવો જે દેશ તે પણ અસત્‌દેશ માન્યો છે. ॥૧૩॥

मद्यमांसाशना यत्र, नास्तिका व्यभिचारिणः ।।
बहवः स्युश्च पुरुषा, देशः सोऽसन्मतो बुधैः ।।१४।।

અને જે દેશને વિષે મદ્ય-માંસના ખાનારા જે પુરુષ તે ઘણાંક રહેતા હોય તથા જે દેશને વિષે નાસ્તિક પુરુષ ઘણાક રહેતા હોય તથા જે દેશને વિષે વ્યભિચારી પુરુષ ઘણાક રહેતા હોય એવો જે દેશ તેને વિવેકી પુરુષ તેમણે અસત્‌દેશ માન્યો છે. ॥૧૪॥

यत्र मांससुरामद्या-,द्यपवित्रकवस्तुनः ।।
आलेपाः स्युः स विषयो, मतोऽसन् शास्त्रवेदिभिः ।।१५।।

અને જે દેશને વિષે માંસ, મદિરા ને તાડી આદિક મદ્ય એ આદિક જે અપવિત્ર વસ્તુ તેનો આલેપ(સંસર્ગ) હોય કે'તાં જ્યાં એ અપવિત્ર વસ્તુ પડ્યાં હોય એવો જે દેશ તે સત્‌શાસ્ત્રના જાણવાવાળા તેમણે અસત્‌દેશ માન્યો છે. ॥૧૫॥

स्युर्नानाविधरोगाश्च, यद्देशोदकपानतः ।।
हर्यर्चारहिता ये स्यु-,स्तेऽसन्तो विषया मताः ।।१६।।

અને જે દેશના જળને પીવે કરીને નાના પ્રકારના રોગ થતા હોય તથા જે દેશ ભગવાનની પ્રતિમાએ રહિત હોય એવા જે દેશ તે અસત્‌દેશ માન્યા છે. ॥૧૬॥

यत्र स्यान्मनुजानां च, मारिरोगाद्युपद्रवात् ।।
मरणं सोऽपि सन्देशो, विज्ञेयोऽसद्विचक्षणैः ।।१७।।

અને જે દેશને વિષે મરકી આદિક રોગના ઉપદ્રવ થકી તત્કાળ ઘણાંક માણસ મરી જાતા હોય એવો જે દેશ તે સત્ દેશ હોય તોપણ તેને વિવેકી તેમણે અસત્દેશની પેઠે જાણવો. ॥૧૭॥

स्याद्यत्रोपद्रवो राज-,सैन्याद् दुर्भिक्ष्यतस्तथा ।।
भवेत्स देशोऽसज्ज्ञेयो, नृणां हृत्क्षोभदायकः ।।१८।।

અને જે દેશને વિષે રાજાના લશ્કર થકી ઉપદ્રવ થાતો હોય તથા જે દેશને વિષે દુકાળ પડે તે થકી ઉપદ્રવ થાતો હોય એવો જે દેશ તે મનુષ્યના હૃદયમાં ક્ષોભનો કરનારો છે, માટે તેને અસત્દેશ જાણવો. ॥૧૮॥

अन्नवस्त्रातिदुःखेन, यत्र स्वजनविक्रयम् ।।
कुर्युः पुमांसः स ज्ञेयो, देशोऽसन्कष्टदायकः ।।१९।।

અને જે દેશને વિષે અન્ન-વસ્ત્ર ન મળે તેનું જે અતિ દુઃખ તેણે કરીને પીડાણા થકા પુરુષ જે તે અન્નને અર્થે પોતાના સંબંધીને વેચતા હોય, એવી રીતે કષ્ટનો પમાડનારો જે દેશ તેને અસત્દેશ જાણવો.॥૧૯॥

❊ શુભ કાળ :

द्वादश्य एकादश्यश्च, पौर्णमास्यस्तथाऽखिलाः ।।
हरेर्जन्मोत्सवाहा ये, मध्वाद्यनवमीमुखाः ।।२०।।

હવે સત્કાળને કહે છે : સર્વે જે એકાદશીઓ તથા દ્વાદશીઓ તથા પૂર્ણમાસીઓ તથા રામનવમી, જન્માષ્ટમી આદિક જે શ્રીહરિના જન્મોત્સવના દિવસ એ સર્વે સત્કાળ કહ્યા છે, કે'તાં રૂડા સમય કહ્યા છે. ॥૨૦॥

अन्नकूटोत्सवाद्या ये, श्रीहरेरुत्सवाः शुभाः ।।
दीक्षाग्रहणकालश्च, सर्वेऽपि व्रतवासराः ।।२१।।

અને વળી અન્નકૂટનો ઉત્સવ એ આદિક જે શ્રીહરિના રૂડા ઉત્સવ તથા પોતાને વૈષ્ણવી દીક્ષા લીધાનો જે સમય તથા સર્વે જે વ્રત કરવાના દિવસ એ સર્વે સત્કાળ કહ્યા છે. ॥૨૧॥

सूर्यसोमोपरागश्च, कपिलाषष्ठिका तथा ।।
इत्याद्याः कथिताः कालाः,सन्तः सुकृतवर्धनाः ।।२२।।

અને સૂર્ય ને ચંદ્રમાનું જે ગ્રહણ તે જે દિવસ થાતું હોય તથા કપિલાછઠ એ આદિક જે સમય તે સર્વે સત્‌કાળ કહ્યા છે. તે સત્‌કાળ કેવા છે ? તો (તે સર્વે મનુષ્યોની) પુણ્યની વૃદ્ધિના કરનારા છે. ॥૨૨॥

*** અશુભ કાળ :**

विद्युत्पातादयो यस्मिन्, दिव्योत्पाता अनिष्टदाः ।।
स्युर्भूकम्पादयो भौमो-,त्पाता दाहो दिशां तथा ।।२३।।

હવે અસત્‌કાળને કહે છે : જે કાળને વિષે વીજળી પડે એ આદિક આકાશના ઉત્પાત થતા હોય તથા પૃથ્વી કંપે એ આદિક પૃથ્વીના ઉત્પાત થતા હોય તથા દિશાઓ બળતી હોય એ સર્વે અસત્‌કાળ કહ્યા છે. તે અસત્‌કાળ કેવા છે ? તો મનુષ્યને દુ:ખના દેનારા છે. ॥૨૩॥

सर्वेषां मनुजानां च, योऽत्यन्तोद्वेगकारकः ।।
इत्याद्याः कीर्तिताः काला, असन्तः कष्टकारिणः ।।२४।।

અને વળી, જે કાળ સર્વે મનુષ્યના મનમાં ઉદ્વેગનો કરનારો હોય એ આદિક જે કાળ તે અસત્કાળ કહ્યા છે. તે અસત્કાળ કેવા છે ? તો મનુષ્યને કષ્ટના કરનારા છે. ॥૨૪॥

*** શુભ ક્રિયા :**

धर्मपुत्रेण हरिणा, स्वीयेभ्यः स्वमुखेन हि ।।
येयेप्रोक्ताःसदाचारा,स्ताःसत्यःकीर्तिताःक्रियाः ।।२५।।

હવે સત્‌ક્રિયાને કહે છે : ધર્મના પુત્ર એવા જે શ્રીહરિ તેમણે પોતાને મુખે કરીને પોતાના ભક્તને જે જે સદાચાર કહ્યા છે, તે તે સર્વ સત્‌ક્રિયા કહી છે. ॥૨૫॥

श्रीहरेर्नवधा भक्तिः, स्वधर्मो नियमा यमाः ।।
सतां च हरिभक्तानां, ब्राह्मणानां च सेवनम् ।।२६।।

હવે તે સદાચાર રૂપ જે સત્ક્રિયા તેને વિસ્તારીને કહે છે : શ્રીહરિની જે શ્રવણ-કીર્તનાદિક નવ પ્રકારની ભક્તિ કરવી તથા પોતપોતાનો ધર્મ પાળવો તથા યમ-નિયમ પાળવા તથા શ્રીહરિના ભક્ત એવા જે સાધુ ને બ્રાહ્મણ તેમની સેવા કરવી, એ સર્વે સત્ક્રિયા કહી છે. ll૨૬ll

हिंसाविरहिता यज्ञा, दानानि च व्रतानि च ।।
सत्तीर्थयात्रा चेत्याद्याः, क्रियाः सत्यः प्रकीर्तिताः ।।२७।।

અને વળી જીવની હિંસાએ રહિત એવા યજ્ઞ કરવા તથા દાન કરવાં તથા વ્રત કરવાં તથા ભગવાન સંબંધી જે તીર્થ તેની જાત્રા કરવા જાવું એ આદિક સર્વે સત્ક્રિયા કહી છે. ll૨૭ll

❋ અશુભ ક્રિયા :

स्युर्यान्याचरणानीह, हरेर्धर्मात्मजस्य हि ।।
आज्ञाविरुद्धानि च ता, असत्यः कथिताः क्रियाः ।।२८।।

હવે અસત્ક્રિયાને કહે છે : ધર્મના પુત્ર એવા જે શ્રીહરિ તેમની આજ્ઞા થકી વિરુદ્ધ એવાં જે આચરણ હોય, તે અસત્ક્રિયા કહી છે. ll૨૮ll

अपमानः सतां जीव-,हिंसा स्तेयं तथाऽनृतम् ।।
साङ्कर्यकर्म दम्भश्च, सुरामद्यामिषाशनम् ।।२९।।

હવે તે અસત્ક્રિયાને વિસ્તારીને કહે છે : સંતનું અપમાન કરવું તથા જીવની હિંસા કરવી તથા ચોરી કરવી તથા અસત્ય બોલવું તથા વટલવું-વટલાવવું તથા દંભ કરવો તથા મદિરા, મદ્ય ને માંસ તેનું ભક્ષણ કરવું - એ સર્વે અસત્ક્રિયા કહી છે. ll૨૯ll

द्युतं दुरुक्तिरन्यान्यं, सङ्गः क्रीडा च नर्म च ।।
परस्त्रीणामेवमाद्या, असत्य उहिताः क्रियाः ।।३०।।

અને વળી જૂગટે રમવું તથા પરસ્પર એકબીજાના મનમાં વસમા લાગે એવાં મરમાળાં(મર્મભેદક) વચન બોલવાં તથા પરસ્ત્રીનો સંગ કરવો તથા પરસ્ત્રી સાથે ક્રીડા કરવી તથા તે સાથે હાસ્ય-વિનોદ કરવો, એ આદિક સર્વે અસત્ક્રિયા કહી છે. ॥૩૦॥

❊ શુભ ધ્યાન :

दिव्यमूर्तेर्भगवतो, भक्तिधर्मसुतस्य च ।।
ध्यानं श्रीहरिकृष्णस्य, यत्तत्सज्ज्ञेयमञ्जसा ।।३१।।

હવે સત્ધ્યાનને કહે છે : ભક્તિધર્મના પુત્ર ને દિવ્ય છે મૂર્તિ જેમની એવા જે શ્રીહરિકૃષ્ણ ભગવાન તેનું (એકાગ્રચિત્તે) જે ધ્યાન કરવું તેને સત્ધ્યાન યથાર્થપણે જાણવું. ॥૩૧॥

तदीया अवतारा ये, भवन्त्यत्र युगे युगे ।।
तस्य याः प्रतिमास्तेषां, ध्यानं यत्तत्सदीरितम् ।।३२।।

અને વળી આ લોકમાં યુગ યુગને વિષે ધર્મના સ્થાપનને કરનારા એવા જે શ્રીહરિના રામકૃષ્ણાદિક અવતાર થાય છે, તેનું જે ધ્યાન કરવું તથા તે શ્રીહરિની જે પ્રતિમા તેનું જે ધ્યાન કરવું, તે ધ્યાનને સત્ધ્યાન કહ્યું છે. ॥૩૨॥

साक्षात्तदीयसम्बन्धं, संप्राप्ता ये स्युरत्र च ।।
स्थानवस्त्रासनाभूषा-,पुष्पस्रक्शेखरादयः ।।३३।।
ध्यानेन तस्य सहितं, तेषां ध्यानं तु यद्भवेत् ।।
तद्ध्यानं सदिति ज्ञेयं, हृदि तत्स्मृतिकारकम् ।।३४।।

અને આ લોકને વિષે તે શ્રીહરિના સાક્ષાત્ સંબંધને પામ્યાં એવાં જે સ્થાનક તથા વસ્ત્ર તથા આસન તથા આભૂષણ તથા પુષ્પની માળા

તથા પુષ્પના તોરા, એ આદિક જે વસ્તુ છે, તે શ્રીહરિનું ધ્યાન કરતા હોઈએ તે ભેળું જે એ સ્થાનક-વસ્ત્રાદિકનું ધ્યાન કરવું, તે ધ્યાનને પણ સત્ધ્યાન જાણવું. અને તે સ્થાનક-વસ્ત્રાદિકનું ધ્યાન કેવું છે ? તો હૃદયને વિષે શ્રીહરિની સ્મૃતિનું કરાવનારું છે. કેમ જે, તે ભગવાન જે સ્થાનકમાં બેઠા હોય તથા જે વસ્ત્રાદિકને ધારણ કર્યાં હોય, તેનું ધ્યાન કરીએ ત્યારે તે ભેળું ભગવાનનું ધ્યાન થઈ આવે છે. માટે તે ધ્યાનને સત્ધ્યાન કહ્યું છે. ||૩૩-૩૪||

✻ અશુભ ધ્યાન :

कालिकाया भैरवस्य, यक्षाणां चिन्तनञ्च यत् ।।
योगिनीनां पिशाचानां, यत्तच्चासदिति स्मृतम् ।।३५।।

હવે અસત્ધ્યાનને કહે છે : કાલિકા તથા ભૈરવ તથા યક્ષ તથા યોગણીઓ તથા પિશાચ એમનું જે ધ્યાન કરવું, તે ધ્યાનને અસત્ધ્યાન કહ્યું છે. ||૩૫||

राजसास्तामसा येऽन्ये, सुरामद्यामिषाशनाः ।।
देवास्तेषां च यद्ध्यानं, तदसत् परिकीर्तितम् ।।३६।।

અને વળી સુરા, મદ્ય ને માંસ તેના ખાનારા એવા જે રજોગુણી ને તમોગુણી દેવતા તેમનું જે ધ્યાન કરવું, તેને અસત્ધ્યાન કહ્યું છે. ||૩૬||

✻ શુભ શાસ્ત્ર :

यत्राप्यात्यन्तिकलये, ह्यास्ते दिव्याकृतिर्हरिः ।।
सेवितः पार्षदैर्दिव्यै-,रिति संप्रतिपादितम् ।।३७।।

હવે સત્શાસ્ત્રને કહે છે : જ્યારે આત્યંતિક પ્રલય થાય છે, ત્યારે પુરુષપ્રકૃતિ આદિક સર્વે અક્ષરબ્રહ્મના તેજને વિષે લીન થઈ જાય છે. તે આત્યંતિક પ્રલયને વિષે પણ તેજોમય એવું જે તે અક્ષરધામ તેને

વિષે દિવ્ય છે મૂર્તિ જેની એવા જે શ્રીહરિ તે દિવ્ય પાર્ષદે સેવ્યા થકા નિશ્ચય વિરાજમાન રહે છે. એવી રીતે જે શાસ્ત્રને વિષે પ્રતિપાદન કર્યું હોય, તે શાસ્ત્રને સત્‌શાસ્ત્ર કહ્યું છે. ॥૩૭॥

श्रीहरेरवताराणां, मूर्तयः प्रतिपादिताः ।।
यत्र श्रीरामकृष्णाद्या, नरनारायणादयः ।।३८।।

અને વળી જે શાસ્ત્રને વિષે શ્રીહરિના અવતારની જે રામ-કૃષ્ણાદિક મૂર્તિઓ તથા નરનારાયણાદિક મૂર્તિઓ તેમનું પ્રતિપાદન કર્યું હોય, એવું જે શાસ્ત્ર તેને સત્‌શાસ્ત્ર કહ્યું છે. ॥૩૮॥

मूर्तयो नारदशुको-,द्धवादिनां सतां हरेः ।।
एकान्तिकानां यास्तासां ,यद्भवेत्प्रतिपादकम् ।।३९।।

અને શ્રીહરિના એકાંતિક ભક્ત એવા જે નારદજી, શુકજી ને ઉદ્ધવજી એ આદિક સાધુ તેમની જે મૂર્તિઓ તેમના પ્રતિપાદનને જે શાસ્ત્ર કરતું હોય એવું જે શાસ્ત્ર તેને સત્‌શાસ્ત્ર કહ્યું છે. ॥૩૯॥

श्रीहरेरवताराणां, तत्सतां वचनानि च ।।
प्रतिपाद्यानि यत्र स्यु-,स्तत्सच्छास्त्रमुदीरितम् ।।४०।।

અને જે શાસ્ત્રને વિષે શ્રીહરિના જે રામકૃષ્ણાદિક અવતાર તેમનાં જે વચન તેનું પ્રતિપાદન કર્યું હોય તથા તે શ્રીહરિના એકાંતિક ભક્ત એવા જે સાધુ તેમનાં વચનોનું પ્રતિપાદન કર્યું હોય, એવું જે શાસ્ત્ર તેને સત્‌શાસ્ત્ર કહ્યું છે. ॥૪૦॥

❊ અશુભ શાસ્ત્ર :

आकारखण्डनं कृत्वा, हरेर्दिव्याकृतेर्भवेत् ।।
निरूपणं कृतं यत्र, सर्वरूपतयाऽस्य च ।।४१।।

હવે અસત્‌શાસ્ત્રને કહે છે : જે શાસ્ત્રને વિષે સદાય દિવ્ય છે આકાર જેનો એવા જે શ્રીહરિ તેના આકારનું ખંડન કરીને નિરાકારપણે

નિરૂપણ કર્યું હોય તથા એક ભગવાન જ સ્થાવર-જંગમ આદિક સર્વે રૂપે થયા છે, એવી રીતે ભગવાનનું નિરૂપણ કર્યું હોય, એવું જે શાસ્ત્ર તેને અસત્શાસ્ત્ર કહ્યું છે. ॥૪૧॥

ब्रह्मचर्यादिधर्मेण, यत्र स्याद्रहिता हरेः ।।
भक्तिस्तथाऽऽत्मनिष्ठा च,तदसच्छास्त्रमीरितम्।।४२।।

અને વળી જે શાસ્ત્રને વિષે ભગવાનની જે ભક્તિ તે બ્રહ્મચર્યાદિક ધર્મે રહિત કહી હોય તથા આત્મનિષ્ઠા પણ બ્રહ્મચર્યાદિક ધર્મે રહિત કહી હોય, એવું જે શાસ્ત્ર તે અસત્શાસ્ત્ર કહ્યું છે. ॥૪૨॥

श्रीकृष्णस्यावताराणां, चरित्रेषु च दूषणम् ।।
यत्रारोप्य कृता निन्दा, युक्तिभिस्तदसन्मतम् ।।४३।।

અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાનના અવતારનાં જે ચરિત્ર તેમને વિષે જુક્તિએ કરીને દૂષણનું આરોપણ કરીને તેમની નિંદા કરી હોય, એવું જે શાસ્ત્ર તે અસત્શાસ્ત્ર માન્યું છે. ॥૪૩॥

तामसानां च देवानां, मांसाद्यशुचिवस्तुभिः ।।
भवेदर्चाविधिर्यत्र, तदसच्छास्त्रमीरितम् ।।४४।।

અને જે શાસ્ત્રને વિષે માંસ, મદિરા આદિક જે અપવિત્ર વસ્તુ તેણે કરીને તમોગુણી દેવતાની પૂજાનો વિધિ કહ્યો હોય, એવું જે શાસ્ત્ર તેને અસત્શાસ્ત્ર કહ્યું છે. ॥૪૪॥

सच्छास्त्रस्यापिवक्ताचे-,द्यस्यस्याद्विमुखोहरेः।।
तदा तदप्यसज्ज्ञेयं, संसर्गदोषवत्त्वतः ।।४५।।

અને જે સત્શાસ્ત્ર હોય ને તેનો વાંચનારો જો હરિ થકી વિમુખ હોય ને (તેના મુખથી) તે સત્શાસ્ત્રને જો સાંભળે તો તે સત્શાસ્ત્રને પણ અસત્શાસ્ત્ર જેવું જાણવું. કેમ જે, તે વિમુખના સંગ થકી તે સત્શાસ્ત્રને દોષે જુક્તપણું થયું, માટે તેને સાંભળવું નહીં. ॥૪૫॥

✻ શુભ દીક્ષા :

तुलसीकाष्ठरचिता, कण्ठस्रग् जपमालिका ।।
पुण्ड्रं च यस्यां सौम्यानि, कन्थावसनानि च ।।४६।।

હવે સત્‌દીક્ષાને કહે છે : જે દીક્ષાને વિષે તુલસીના કાષ્ઠે કરીને કરી એવી જે કંઠમાં ધારણ કરવાની માળા તથા ભગવાનના મંત્રનો જપ કરવાની માળા તે સૌમ્ય હોય, કે'તાં શાંતપણે ભાસતી હોય તથા કંથા આદિક જે ઓઢવાં પહેરવાનાં વસ્ત્રો તે સૌમ્ય હોય એવી જે દીક્ષા તેને સત્‌દીક્ષા માની છે. ॥૪૬॥

दैहिकी प्रकृतिः सौम्या, यस्यां भक्तिर्भवेद्धरेः ।।
स्वस्वधर्मेण सहिता, सा दीक्षा सम्मता सती ।।४७।।

અને વળી જે દીક્ષાને વિષે દેહનો જે સ્વભાવ તે સૌમ્ય હોય તથા ભગવાનની જે ભક્તિ તે પોતે પોતાના ધર્મે સહિત કરતા હોય, એવી જે દીક્ષા તે સત્‌દીક્ષા માની છે. ॥૪૭॥

✻ અશુભ દીક્ષા :

यत्रानखादाशिखं च, वेषः स्यात्सुभयङ्करः ।।
अपशब्दोच्चारणञ्च, पारुष्यं रुड्मनोभवः ।।४८।।

હવે અસત્‌દીક્ષાને કહે છે : જે દીક્ષાને વિષે નખથી કરીને શિખા સુધી જે દેહનો વેશ તે અતિશય ભયંકર હોય તથા અપશબ્દ જે ભૂંડાબોલી ગાળો તેનું ઉચ્ચારણ કરતા હોય તથા અતિ કઠણ સ્વભાવે જુક્ત થકા નિર્દયપણે વર્તતા હોય તથા ક્રોધ કરતા હોય તથા કામની પ્રવૃત્તિ (કરતા) હોય તેવી જે દીક્ષા તે અસત્‌દીક્ષા કહી છે. ॥૪૮॥

व्याघ्रात्सर्पादिव जना, यस्य दर्शनतो भयम् ।।
अत्यन्तंप्राप्नुयुःसद्यो-,ऽसतीदीक्षाचसोदिता ।।४९।।

અને વળી જેમ વાઘને દેખીને તથા સર્પને દેખીને મનુષ્ય જે તે ભયને

પામે છે, તેમ જે દીક્ષાના દર્શને કરીને મનુષ્ય જે તે તત્કાળ અતિશય ભયને પામતા હોય, એવી જે દીક્ષા તે અસત્‌દીક્ષા કહી છે. ॥૪૯॥

सुरामद्यामिषाद्यस्य, स्यादभक्ष्यस्य भक्षणम् ।।
यत्राधर्मभयं किञ्चित्, न स्यात्सा चऽसती मता ।।५०।।

અને જે દીક્ષાને વિષે સુરા, મદ્ય ને માંસ એ આદિક જે અભક્ષ્ય વસ્તુ તેનું ભક્ષણ થાતું હોય તથા જે દીક્ષાને વિષે અધર્મ થકી જે ભય પામવું તે લગાર પણ ન હોય, એવી જે દીક્ષા તે અસત્‌દીક્ષા માની છે. ॥૫૦॥

यस्यां गञ्जस्य भङ्गादेः, पानेनारक्तलोचने ।।
व्यभिचारश्च यत्र स्यात्, संप्रोक्ता चऽसतीतिसा ।।५१।।

અને જે દીક્ષાને વિષે ગાંજો તથા ભાંગ્ય એ આદિક જે માદક વસ્તુ તેને પાને કરીને અતિશે રાતાં નેત્ર થતાં હોય તથા જે દીક્ષાને વિષે વ્યભિચારની પ્રવૃત્તિ હોય એવી જે દીક્ષા તેને અસત્‌દીક્ષા કહી છે. ॥૫૧॥

❋ શુભ મંત્ર :

अभिधाः श्रीहरेः यत्र, कृष्णनारायणादयः ।।
भवेयुः स च सन्मन्त्रो, ज्ञेयो निःश्रेयसप्रदः ।।५२।।

હવે સત્‌મંત્રને કહે છે : જે મંત્રને વિષે કૃષ્ણ, નારાયણ, વિષ્ણુ, વાસુદેવ એ આદિક જે શ્રીહરિનાં મંગલકારી નામ તે આવતા હોય એવો જે મંત્ર તે સત્‌મંત્ર જાણવો. તે મંત્ર કેવો છે ? તો જીવના કલ્યાણને કરનારો છે. ॥૫૨॥

यः स्याद्धर्मकुलार्च्यस्य, रामदासस्य मारुतेः ।।
नामाङ्कितः स सन्मन्त्रो, ज्ञेयः कष्टविनाशनः ।।५३।।

અને વળી, ધર્મકુળને પૂજવા યોગ્ય એવા ને રામચંદ્ર ભગવાનના દાસ એવા જે વાયુપુત્ર હનુમાનજી તેના નામે જુક્ત એવો જે મંત્ર તે સત્‌મંત્ર જાણવો. તે મંત્ર કેવો છે ? તો અનેક પ્રકારનાં કષ્ટને નાશ કરનારો છે. ॥૫૩॥

❋ અશુભ મંત્ર :

यत्र स्युर्भैरवादिनां, तामसानां दिवौकसाम् ।।
नामानि स त्वसन्मन्त्रो, ज्ञेयश्चेतोभ्रमप्रदः ।।५४।।

હવે અસત્‌મંત્રને કહે છે : જે મંત્રને વિશે ભૈરવ, કાલિકા આદિક જે તમોગુણી દેવતા તેનાં નામ આવતાં હોય એવો જે મંત્ર તે અસત્‌મંત્ર જાણવો. તે મંત્ર કેવો છે ? તો જીવને ચિત્તભ્રમનો કરનારો છે. ॥૫૪॥

❋ શુભ સંગ :

एकान्तिकानां भक्तानां, सतां शुद्धधियां हरेः ।।
यः सङ्गः स तु सत्सङ्गो, विज्ञेयोऽत्र विचक्षणै ।।५५।।

હવે સત્‌સંગને કહે છે : અતિ નિર્મળ છે બુદ્ધિ જેમની એવા ને શ્રીહરિના એકાંતિક ભક્ત એવા જે સાધુ તેમનો જે સંગ તે આ લોકને વિશે જે બુદ્ધિમાન અને વિવેકી હોય તેમણે સત્‌સંગ જાણવો. ॥૫૫॥

❋ સાચા સંતનાં લક્ષણો :

सच्छास्त्रोक्तानि लक्ष्माणि, सतां तेषां वदाम्यहम् ।।
साष्टाङ्गब्रह्मचर्यस्था, धनमात्रत्यजाश्च ये ।।५६।।

અને સત્‌શાસ્ત્રે કહ્યાં એવાં જે તે સાધુનાં લક્ષણ તેને હું કહું છું. તે સાધુ કેવા છે ? તો અષ્ટ અંગે જુક્ત એવું જે બ્રહ્મચર્યવ્રત તેને વિષે રહ્યા છે. કે'તાં આઠ પ્રકારે સ્ત્રીના સંબંધનો ત્યાગ કરીને નિષ્કામ એવું જે બ્રહ્મચર્યવ્રત તેના પાળનારા છે તથા ધનમાત્રના ત્યાગ કરવાવાળા છે. ॥૫૬॥

नानाविधरसास्वाद-,त्यागिनः स्नेहवर्जिताः ।।
निर्मानाः क्रोधहीनाश्च, द्रोहेर्ष्यारहितास्तथा ।।५७।।

અને વળી, તે સાધુ કેવા છે ? તો નાના પ્રકારના જે રસાસ્વાદ તેના ત્યાગ કરવાવાળા છે તથા ભગવાન ને ભગવાનના ભક્ત વિના

જે બીજા પદાર્થમાત્ર તેને વિષે પ્રીતિએ રહિત છે તથા નિર્માની છે, કે'તાં જેમને કોઈ પ્રકારનું માન નથી તથા ક્રોધ રહિત છે તથા દ્રોહ ને ઈર્ષ્યા તેણે રહિત છે. ॥૫૭॥

निर्मत्सरा आत्मनिष्ठा, निर्लोभाश्च जितेन्द्रियाः ।।
तृष्णाविरहिताः शान्ताः, शुद्धात्मानो दृढव्रताः ।।५८।।

અને વળી, તે સાધુ કેવા છે ? તો મત્સર જે પારકી ઉત્કર્ષતા સહી ન શકાય તેણે રહિત છે તથા પોતાના આત્મસ્વરૂપને વિશે છે નિષ્ઠા જેમને એવા છે તથા પદાર્થનો જે લોભ તેણે રહિત છે તથા જીતી છે પોતાની ઈન્દ્રિયો જેમણે એવા છે તથા પદાર્થની જે તૃષ્ણા તેણે રહિત છે તથા શાંત સ્વભાવવાળા છે તથા નિર્મળ છે મન જેમનું એવા છે તથા દૃઢ છે વ્રત જેમનું એવા છે. ॥૫૮॥

क्षमाशीलाः कारुणिकाः, सर्वजीवसुहृत्तमाः ।।
अनुत्पन्नारयोऽहंता-,ममतारहितास्तथा ।।५९।।

અને વળી, તે સાધુ કેવા છે ? તો ક્ષમા કરવાનો છે સ્વભાવ જેમનો એવા છે તથા જીવમાત્ર ઉપર દયાના કરનારા છે તથા સર્વે જીવના અતિશે સગાં છે, કહેતાં જીવમાત્રના પરમ હિતકારી છે તથા નથી ઊપજ્યો શત્રુ જેમને એવા છે, કે'તાં જેમને કોઈની ઉપર શત્રુભાવ તો છે જ નહિ તથા દેહને વિષે જે અહંબુદ્ધિ ને દેહના સંબંધીજન તથા પદાર્થ તેને વિષે જે મમતાબુદ્ધિ તેણે રહિત છે. ॥૫૯॥

ऋजवः शुचयो दान्ता, निर्दंभा निर्मदाश्च ये ।।
धैर्यवन्तस्तपोनिष्ठाः, सच्छास्त्रव्यसनास्तथा ।।६०।।

અને વળી, તે સાધુ કેવા છે ? તો સરળ સ્વભાવવાળા છે તથા દેહે કરીને ને મને કરીને પવિત્રપણે જુક્ત છે તથા દાન્ત કહેતાં દેહ, ઈન્દ્રિયો ને મન તેને દમવાવાળા છે તથા દંભે રહિત છે, તથા જેમને કોઈ પ્રકારનો મદ નથી એવા છે તથા ધીરજવાન છે તથા તપ

કરવાને વિષે છે નિષ્ઠા જેમને એવા છે તથા સત્‌શાસ્ત્રનું છે વ્યસન જેમને એવા છે. ॥૬૦॥

अत्यास्तिकाश्च विषय,पञ्चकासक्तिवर्जिताः ।।
सन्तुष्टाश्च निजश्लाघा-,रहिताः स्थिरमेधसः ।।६१।।

અને વળી તે સાધુ કેવા છે ? તો અતિશે આસ્તિક મતિવાળા છે તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તેમને વિષે જે આસક્તિ તેણે રહિત છે તથા સંતોષે જુક્ત છે તથા પોતાના મુખે પોતાનાં વખાણ ન કરે એવા છે તથા અચળ છે બુદ્ધિ જેમની એવા છે. ॥૬૧॥

निर्मोहा अप्रमत्ताश्च, यावदर्थपरिग्रहाः ।।
हर्यन्यवासनाहीना, निर्भयाश्च विवेकिनः ।।६२।।

અને વળી, તે સાધુ કેવા છે ? તો મોહ જે વિપરીત જ્ઞાન, કહેતાં જેને જેવી રીતે જાણ્યું જોઈએ તેને તેવી રીતે ન જાણવું ને અવળી રીતે જાણવું એવો જે મોહ તે જેમને નથી. માટે જેને જેવી રીતે જાણવું જોઈએ તેને તેવી રીતે યથાર્થ જાણે એવા છે તથા પ્રમાદ જે ન કરવાનું કરવું ને કરવાનું ન કરવું તેણે રહિત છે તથા જેણે કરીને અવશ્ય પોતાના દેહનો નિર્વાહ થાય (કે’તાં ખરેખર જરૂરી હોય) એટલું જે અન્ન-વસ્ત્રાદિક પદાર્થ તેના સંગ્રહને કરે પણ અધિક પદાર્થના સંગ્રહને ન કરે એવા છે તથા એક ભગવાન વિના બીજા પદાર્થમાત્રની જે વાસના તેણે રહિત છે તથા જેમને કોઈ પ્રકારનો ભય નથી તેવા છે તથા સત્‌-અસત્‌ના વિવેકે જુક્ત છે. ॥૬૨॥

अकार्यलज्जाः सन्त्यक्त,ग्राम्यवार्त्ताकथाश्च ये ।।
अहिंसाधर्मनिरताः, पैशुन्यरहितास्तथा ।।६३।।

અને વળી, તે સાધુ કેવા છે ? તો જે પોતાને ન કરવાની ક્રિયા હોય તે થકી લાજને પામે એવા છે તથા રૂડી પ્રકારે ત્યાગ

કરી છે ગ્રામ્યવાર્તા ને ગ્રામ્યકથા જેમણે એવા છે તથા અહિંસાધર્મને વિષે અતિશે પ્રીતિવાળા છે તથા કોઈનું ચાડિયાપણું કરવું તેણે રહિત છે. ॥૬૩॥

स्वस्वभावजये शूरा,स्तथा निजमनोजये ।।
चेतसो भगवन्मूर्तौ, धारणे च सदा रताः ।।६४।।

અને વળી તે સાધુ કેવા છે ? તો પોતાના સ્વભાવને જે જીતવો તેને વિષે શૂરવીર છે તથા પોતાના મનને જે જીતવું તેને વિષે શૂરવીર છે તથા ભગવાનની મૂર્તિને વિષે જે પોતાના ચિત્તને ધારવું તેને વિષે સદાય પ્રીતિએ જુક્ત છે. ॥૬૪॥

ये विज्ञाय गुणान् दोषान्, दत्तात्रेयवदात्मना ।।
दोषान्विहाय गृह्णीयु,र्गुणान् सच्छास्त्रकीर्तितान् ।।६५।।

અને દત્તાત્રેયની પેઠે પોતાની બુદ્ધિએ કરીને સત્‌શાસ્ત્રમાં કહ્યા જે ગુણ ને દોષ તેમને રૂડી રીતે જાણીને પછી જે દોષ હોય તેનો ત્યાગ કરીને જે ગુણ હોય તેનું ગ્રહણ કરે એવા તે સાધુ છે. ॥૬૫॥

भक्तिधर्मसुतस्य श्री,हरेश्चरणपङ्कजम् ।।
समाश्रिता दृढं ये स्युः, सर्वाविर्भावधारिणः ।।६६।।

અને ભક્તિધર્મના પુત્ર ને સર્વ અવતારના ધારવાવાળા એવા જે શ્રીહરિ તેનાં જે ચરણકમળ તેને દૃઢપણે કરીને આશર્યા એવા તે સાધુ છે. ॥૬૬॥

अक्षरब्रह्मणोऽनन्ते, तेजसि श्रीहरौ स्थिते ।।
सदा दिव्याऽवयविनि, निष्ठां प्राप्ताश्च येऽचलाम् ।।६७।।

અને પોતાનું ધામ એવું જે અક્ષરબ્રહ્મ તેનું જે અપાર તેજ તેને વિષે વિરાજમાન એવા ને સદા દિવ્ય છે કરચરણાદિક અંગ જેમનાં એવા જે શ્રીહરિ, તેને વિષે અચળ નિષ્ઠાને પામ્યા એવા તે સાધુ છે. ॥૬૭॥

हर्याविर्भावमूर्तीनां, जन्मकर्मगुणान् शुभान् ।।
दिव्यान्विज्ञाय शृणुयुः, कथयेयुश्च येऽन्वहम् ।।६८।।

અને શ્રીહરિના અવતારની જે મૂર્તિઓ તેમનાં શુભ એવાં જે જન્મ, કર્મ ને ગુણ તેમને દિવ્ય જાણીને, પછી તે જન્મ, કર્મ ને ગુણને નિરંતર સાંભળે અને કહે એવા તે સાધુ છે. ॥૬૮॥

प्राप्याऽपि ब्रह्मणैक्यं ये, स्वात्मनः सर्वथा हरेः ।।
परस्य ब्रह्मणो भक्तिं, न जहीरन् कदाचन ।।६९।।

અને બ્રહ્મ સંગાથે જે પોતાના જીવાત્માનું એકત્વપણું તેને રૂડી રીતે પામીને પણ પરબ્રહ્મ એવા જે શ્રીહરિકૃષ્ણ તેની જે ભક્તિ તેનો ક્યારેય પણ ત્યાગ ન કરે એવા તે સાધુ છે. ॥૬૯॥

हरेर्माहात्म्यबोधेन, युक्तां भक्तिं च येऽन्वहम् ।।
कुर्युरैकान्तिकीं ज्ञेया,स्ते सन्तः शीलभूषणाः ।।७०।।

અને શ્રીહરિના મહાત્મ્યજ્ઞાને જુક્ત એવી જે શ્રીહરિની એકાંતિક ભક્તિ તેને નિરંતર કરે એવા તે સાધુ છે. અને શીલ જે સાધુસ્વભાવ તે જ છે આભૂષણ કે'તાં ઘરેણાં જેમને એવા તે સાધુને જાણવા. અને એવા જે સાધુનો સંગ તેને સત્સંગ જાણવો. ॥૭૦॥

❊ અશુભ સંગ :

असतां पुरुषाणां यः, सङ्गः सोऽसन्समीरितः ।।
असन्तस्तेऽपि विज्ञेया, लक्षणैस्तानि वच्म्यहम् ।।७१।।

હવે અસત્સંગને કહે છે : અસત્ એવા જે પુરુષ તેમનો જે સંગ તે અસત્સંગ કહ્યો છે અને તે અસત્પુરુષને પણ લક્ષણે કરીને જાણવા. તે અસત્પુરુષનાં જે લક્ષણ તેને હું કહું છું. ॥૭૧॥

❊ અસંતનાં લક્ષણો :

नास्तिकाःसाधुसच्छास्त्र,वाक्यविश्वासवर्जिताः ।।
हरेश्च हरिभक्तानां, सदा निन्दापरायणाः ।।७२।।

તે અસત્પુરુષ કેવા છે ? તો નાસ્તિકભાવે જુક્ત છે તથા સાધુ ને સત્શાસ્ત્ર તેના વચનનો જે વિશ્વાસ તેણે રહિત છે તથા હરિ ને હરિના ભક્તની જે સદાય નિંદા કરવી તેને વિષે પ્રવર્ત્યા એવા તે અસત્પુરુષ છે. ॥૭૨॥

हित्वा सतां बहून् ये तु, ब्रह्मचर्यादिकान् गुणान् ।।
तद्दैहिकाल्पदोषे च, महद्दोषापवादकाः ।।७३।।

અને વળી તે કેવા છે ? તો સાધુના જે બ્રહ્મચર્ય આદિક ઘણાક ગુણ તેમનો ત્યાગ કરીને તે સાધુના દેહ સંબંધી જે કોઈક અલ્પ દોષ તેને વિષે મોટો દોષ દેખાડીને અપવાદના કરનારા એવા તે અસત્પુરુષ છે. ॥૭૩॥

साधिकां भक्तिवृषयो, रप्याप्य नृतनुं च ये ।।
कृपया हरिणा दत्ता, माचरेयुर्न तावुभौ ।।७४।।

અને ભગવાને કૃપા કરીને આપ્યો ને ભગવાનની ભક્તિ ને ધર્મ તે જેણે કરીને સધાય એવો જે મનુષ્યદેહ તેને પામીને પણ તે ભક્તિ ને ધર્મ એ બેયને આચરતા નથી; એવા તે અસત્પુરુષ છે. ॥૭૪॥

हरेः कृपां च संस्कारं, दैवं कालं प्रमादिनः ।।
स्वश्रेयोऽर्थप्रयत्ने ये, मन्येयुर्हेतुमात्मनि ।।७५।।

અને પ્રમાદે જુક્ત એવા જે તે અસત્પુરુષ તે પોતાના કલ્યાણને અર્થે જે જતન કરવું તેને વિષે ભગવાનની કૃપાનું કારણપણું પોતાના મનમાં માને છે તથા સંસ્કારનું કારણપણું માને છે તથા દૈવનું કારણપણું માને છે તથા કાળનું કારણપણું માને છે; કે'તાં જો ભગવાનની કૃપા હોય તથા રૂડો સંસ્કાર હોય તથા દેવ સાનુકૂળ હોય તથા રૂડો કાળ હોય તો કલ્યાણ થાય પણ પોતાનું કર્યું કાંઈ થાતું નથી. એમ પોતાના મનમાં માને છે, એવા તે અસત્પુરુષ છે. ॥૭૫॥

मद्यमांसाशनाः स्तेनाः, परयोषागमास्तथा ।।
साङ्कर्यकारका द्युत,प्रभृतिव्यसनाश्च ये ।।७६।।

અને વળી તે કેવા છે ? તો મદ્ય માંસના ખાનારા છે તથા ચોરીના કરનારા છે તથા પરસ્ત્રીના સંગને કરનારા છે તથા પોતે વટલે અને બીજાને વટલાવે એવા છે તથા જૂગટે રમવું એ આદિક જે વ્યસન તેના કરનારા છે. ॥૭૬॥

पुरुमत्सररुट्काम,मानलोभाश्च दाम्भिकाः ।।
आत्मश्लाघापरा हिंसा,रसासक्ता मदान्विताः ।।७७।।

અને ઘણો છે મત્સર, ક્રોધ, કામ, માન ને લોભ તે જેમને, એવા છે તથા દંભના કરવાવાળા છે તથા પોતાના મુખે કરીને પોતાનાં વખાણ નિરંતર કરતા હોય એવા છે તથા જીવની હિંસા કરનારા છે તથા રસાસ્વાદને વિષે અતિશે આસક્ત છે તથા અનેક પ્રકારના મદે જુક્ત એવા તે અસત્‌પુરુષ છે. ॥૭૭॥

स्वसुखाप्त्यै पीडयित्वा, ये भृशं निर्दयाः परान् ।।
आदद्युश्च ततोऽन्नादि, ये स्वदोषानिरीक्षकाः ।।७८।।

અને અતિશય નિર્દય એવા જે તે અસત્‌પુરુષ તે પોતાના સુખની પ્રાપ્તિને અર્થે બીજાને પીડીને તે પાસેથી અન્ન-વસ્ત્રાદિક પદાર્થનું ગ્રહણ કરે એવા છે તથા પોતાને વિષે જે દોષ રહ્યા છે તેને તો દેખે જ નહિ એવા તે અસત્‌પુરુષ છે. ॥૭૮॥

आकृतेः खण्डनं कुर्यु,र्दिव्यमूर्तेः सदा हरेः ।।
ये चासच्छास्त्रनिष्ठाः, स्युःशिश्नोदरपरायणाः ।।७९।।

અને સદાય દિવ્ય છે મૂર્તિ જેમની એવા જે શ્રીહરિ તેના આકારનું ખંડન કરે એવા છે તથા અસત્‌શાસ્ત્રને વિષે છે નિષ્ઠા જેમને એવા છે તથા સ્ત્રીના સંગનું સુખ ને રૂડા રૂડા સ્વાદે કરીને પેટ ભર્યાનું સુખ એ બે સુખને વિષે જ સદા પ્રવર્ત્યા એવા તે અસત્‌પુરુષ છે. ॥૭૯॥

युक्ता दुर्लक्षणैरेव,माद्यैर्ये पापचेतसः ।।
असन्तस्ते नरा ज्ञेयाः, सङ्गस्तेषामसन्मतः ।।८०।।

અને આ કહ્યાં એ આદિક જે ભૂંડાં લક્ષણ તેમણે જુક્ત એવા ને પાપરૂપ છે ચિત્ત જેમનાં એવા જે પુરુષ હોય તેમને અસત્પુરુષ જાણવા અને તેમનો જે સંગ તે અસત્સંગ માન્યો છે. ॥૮૦॥

❋ ઉપસંહાર :

देशादीनां सदसता,मित्थं संक्षेपतो मया ।।
लक्षणानि च सर्वाणि, कीर्तितानि क्रमेण हि ।।८१।।

અને આવી રીતે સત્ ને અસત્ એવા જે દેશકાળાદિક આઠ તેમનાં જે લક્ષણ તે અનુક્રમે કરીને સંક્ષેપ થકી મેં સ્પષ્ટપણે કહ્યા છે. ॥૮૧॥

सद्भिः संसेवितैरेतैः, सती बुद्धिर्भवेद्ध्रुवम् ।।
ततः प्रवृतिर्धर्मे स्या,न्मानवानां सहान्वये ।।८२।।

અને સત્ એવા જે દેશાદિક આઠ તેમને જે મનુષ્ય સેવે છે તેણે કરીને તેની બુદ્ધિ નિશ્ચે રૂડી થાય છે અને રૂડી બુદ્ધિ થયા પછી પોતાને સર્ગે સહિત એવો જે ધર્મ તેને વિષે તેની પ્રવૃત્તિ થાય છે. ॥૮૨॥

असद्भिः सेवितैरेतै,र्नूनं स्यादसती मतिः ।।
अधर्मे सर्गसहिते, प्रवृत्तिः स्यात्ततो नृणाम् ।।८३।।

અને અસત્ એવા જે દેશાદિક આઠ તેમને જે મનુષ્ય સેવે છે તેણે કરીને તેની નિશ્ચે ભૂંડી બુદ્ધિ થાય છે અને ભૂંડી બુદ્ધિ થયા પછી પોતાને સર્ગે સહિત એવો જે અધર્મ તેને વિષે તેની પ્રવૃત્તિ થાય છે. ॥૮૩॥

तस्मात्संसर्गके धर्मे, स्थित्वेच्छेयुर्जनास्तु ये ।।
हरेरेकान्तिकीं भक्तिं, सेव्याः सन्तश्च तैरिमे ।।८४।।

તે માટે હરિના જે ભક્ત (તે) સર્ગે સહિત ધર્મને વિષે રહીને શ્રીહરિની એકાંતિક ભક્તિને ઇચ્છતા હોય તેમણે સત્ એવા જે દેશાદિક આઠ તેને જ સેવવા. ॥૮૪॥

न सेवेरन् सत इमान्, सेवेरन्नसतश्च ये ।।
ससर्गधर्मात्ते भाव्या, भ्रष्टाश्च हरिभक्तितः ।।८५।।

અને જે હરિના ભક્ત સત્ એવા જે એ દેશકાળાદિક આઠ તેમને નહિ સેવે અને અસત્ એવા જે દેશાદિક આઠ તેમને સેવશે તે તો પોતાને સર્ગે સહિત એવો જે ધર્મ તે થકી ભ્રષ્ટ થાશે તથા શ્રીહરિની ભક્તિ થકી પણ ભ્રષ્ટ થાશે. ॥૮૫॥

भक्तिमेकान्तिकी कृत्वा, हरेर्येषां स्वचेतसि ।।
इच्छाऽक्षरस्य धाम्नोऽस्य, प्राप्तेः स्यात्सुदृढा नृणाम् ।।८६।।

અને શ્રીહરિની એકાંતિક ભક્તિ કરીને એ હરિના અક્ષરધામને પામવાની ઈચ્છા જેમને પોતાના મનમાં અતિશે દૃઢપણે હોય. ॥૮૬॥

तैरेतेषां सदसतां, लक्षणानि धिया सदा ।।
निश्चित्यैव तथा वृत्यं, हित्वा मोहं प्रमादकम् ।।८७।।

તેમણે સત્ ને અસત્ એવા જે દેશાદિક આઠ તેમનાં જે લક્ષણ તેમનો પોતાની બુદ્ધિએ કરીને નિશ્ચય કરીને મોહનો ને પ્રમાદનો ત્યાગ કરીને નિરંતર તે પ્રમાણે જ વર્તવું. કહેતાં સત્ દેશાદિકને સદા સેવવા ને અસત્ દેશાદિકનો સદા ત્યાગ કરવો. ॥૮૭॥

एषु सत्सु तथाऽसत्सु, धर्माधर्मौ ससर्गकौ ।।
यौ स्थितौ नियतं चाद्य, तदीयानां ब्रुवेऽभिधाः ।।८८।।

અને સત્ એવા જે એ દેશાદિક આઠ તેમને વિષે નિશ્ચયપણે પોતાને સર્ગે સહિત જે ધર્મ રહ્યો છે તથા અસત્ એવા જે એ દેશાદિક આઠ તેમને વિષે નિશ્ચયપણે પોતાને સર્ગે સહિત જે અધર્મ રહ્યો છે, તે ધર્મ-અધર્મના સર્ગનાં જે (ગુણ તેમનાં) નામ તેમને હવે હું કહું છું. ॥૮૮॥

❋ ધર્મસર્ગનાં લક્ષણો :

श्रद्धा शान्तिर्दया तुष्टि,स्तितिक्षा च गतिर्मतिः ।।
मैत्री लज्जा क्रिया मूर्ति,रित्याद्या धर्मशक्तयः ।।८९।।

શ્રદ્ધા તથા શાંતિ તથા દયા તથા તુષ્ટિ જે સંતોષશક્તિ તથા તિતિક્ષા જે સહનશક્તિ તથા ગતિ જે રૂડી ગતિ તથા મતિ જે રૂડી બુદ્ધિ તથા મૈત્રી જે સર્વની ઉપર મિત્રપણું રાખવારૂપ શક્તિ તથા લજ્જા જે ન કરવા જોગ્ય જે ક્રિયા હોય તેને વિષે લાજ પામવી તથા ક્રિયા જે રૂડી ક્રિયા તથા મૂર્તિ જે ભક્તિ એ આદિક તો ધર્મની શક્તિઓ છે, કે'તાં ધર્મની સ્ત્રીઓ છે. ॥૮૯॥

ज्ञानं वैराग्यमभयं, सत्यं च तप आर्जवम् ।।
शौचं क्षेमं सुखं धैर्यं, स्थैर्यं च मृदुता तथा ।।९०।।

અને જ્ઞાન તથા વૈરાગ્ય તથા નિર્ભયપણું તથા સત્ય તથા તપ તથા આર્જવ જે સરળપણું તથા શૌચ જે પવિત્રપણું તથા ક્ષેમ જે સર્વનું કલ્યાણ ઈચ્છવું તથા સુખ જે નિરંતર સુખે વર્તવું તથા ધૈર્ય જે ધીરજતા તથા સ્થૈર્ય જે બુદ્ધિમાં સ્થિરપણું તથા મૃદુતા જે કોમળપણું. ॥૯૦॥

शमो दमश्च सन्तोष,स्त्यागो यज्ञः क्षमा स्मृतिः ।।
उपासना तथाऽऽस्तिक्यं, योगश्चोपरतिः शुभम् ।।९१।।

અને શમ, જે અંતઃકરણને નિયમોમાં રાખવા તથા દમ, જે બાહેરની ઈન્દ્રિયોને નિયમમાં રાખવાં તથા સંતોષ તથા ત્યાગ તથા યજ્ઞ તથા ક્ષમા તથા સ્મૃતિ તથા ઉપાસના તથા આસ્તિકપણું તથા અષ્ટાંગયોગ તથા ઉપરતિ જે ભૂંડી ચેષ્ટા થકી વિરામ પામવો તથા શુભ જે કલ્યાણ. ॥૯૧॥

तेजः प्रसादः स्वाध्यायो, विनयो मौनमुद्यमः ।।
ध्यानं मुद ब्रह्मविद्या, दानं साम्यञ्च साम च ।।९२।।

અને તેજ, જે રૂડો પ્રતાપ તથા પ્રસાદ, જે પ્રસન્નપણું તથા સ્વાધ્યાય, જે સત્‌શાસ્ત્રને ભણવું-ભણાવવું તથા વિનય, જે નમ્રપણું તથા મૌન, જે ગ્રામ્યવાર્તા ન કરવી તથા ઉદ્યમ, જે પોતાના કલ્યાણને અર્થે જતન કરવું તથા ધ્યાન તથા આનંદ તથા બ્રહ્મવિદ્યા તથા દાન

તથા સામ્ય, જે પોતાને ને બીજાને વિષે સુખદુઃખમાં સમભાવે વર્તવું તથા સામ, જે રૂડા વચને કરીને બીજાને સમજાવવું. ॥૯૨॥

इत्यादयो धर्मसर्गे, प्राधान्येन प्रकीर्तिताः ।।
जनैरेते सदा सेव्याः, सावधानैर्मुमुक्षुभिः ।।९३।।

અને એ શ્રદ્ધા આદિક જે સર્વે ગુણ તે ધર્મસર્ગને વિષે પ્રધાનપણે કરીને કહ્યા છે; કે'તાં મુખિયા મુખિયા કહ્યા છે. અને બીજા પણ એવા ઘણાક ગુણ છે અને એ જે ગુણ તે સાવધાન એવા જે મુમુક્ષુ જન તેમણે સદા સેવવા જોગ્ય છે. ॥૯૩॥

❋ અધર્મસર્ગના દુર્ગુણો :

अधर्मशक्तयो ज्ञेया, अहंता ममता तथा ।।
मृषाऽसूया च चिन्तेर्ष्या, तृष्णाशाद्याश्च दुःखदाः ।।९४।।

અને અહંતા, જે દેહને વિષે અહંબુદ્ધિ તથા મમતા, જે દેહ સંબંધી પદાર્થમાં મમતાબુદ્ધિ તથા મૃષા, જે અસત્ય બોલવું તથા અસૂયા, જે ગુણને વિષે દોષ દેખાડવો તથા ચિંતા, જે નાના પ્રકારના પદાર્થને પામવાને અર્થે વિચાર કરવો તથા ઈર્ષ્યા, જે પોતાને બરોબરિયાની ઉત્કૃષ્ટતા સહી ન શકાય તથા તૃષ્ણા, જે પદાર્થ મળે તોય સંતોષ ન પામવો તથા આશા, જે નાના પ્રકારના ભોગની ઇચ્છા, એ આદિક અધર્મની શક્તિઓ જાણવી. તે કેવી છે ? તો અતિશે દુઃખની પમાડનારી છે. ॥૯૪॥

दम्भो लोभो मत्सरश्च, कामः क्रोधो रसो मदः ।।
दर्पो मोहश्च पारुष्यं, स्नेहो मानोऽनृतं कलिः ।।९५।।

અને દંભ તથા લોભ તથા મત્સર, જે કોઈની ઉત્કૃષ્ટતા સહેવાય નહિ તથા કામ તથા ક્રોધ તથા રસાસ્વાદ તથા નાના પ્રકારનો મદ તથા દર્પ, જે અનમ્રપણું તથા મોહ તથા કઠણ વચન બોલવું તથા પદાર્થમાં પ્રીતિ તથા માન તથા અસત્ય બોલવું તથા કલહ કરવો. ॥૯૫॥

द्रोहोऽशौचमविश्वास,श्चौर्यं मादकपानकम् ।।
द्युतं गर्वश्च नास्तिक्यं, पैशुनं कपटं स्पृहा ।।९६।।

અને જીવનો દ્રોહ તથા અપવિત્રપણું તથા અવિશ્વાસ તથા ચોરી તથા કેફ ચડે તેવી વસ્તુનું પાન કરવું તથા જૂગટે રમવું તથા ગર્વ, જે કોઈને ગણવું નહિ તથા નાસ્તિકપણું તથા ચાડિયાપણું તથા કપટ તથા નાના પ્રકારના પદાર્થની ઈચ્છા. ॥૯૬॥

रागो द्वेषो भयं दुःख,मज्ञानं व्यसनं तथा ।।
आलस्यञ्च दुरुक्तिश्च, हिंसा पापञ्च वक्रता ।।९७।।
एवमाद्या अधर्मस्य, सर्गे प्रोक्ता वरीयसः ।।
हित्वा प्रमादमेते तु, वर्ज्याः सद्भि : सदा मताः ।।९८।।

અને રાગ તથા દ્વેષ તથા ભય તથા દુઃખ તથા અજ્ઞાન તથા નાના પ્રકારનાં વ્યસન તથા આળસ તથા પરસ્પર કઠણ વચન બોલવાં તથા જીવની હિંસા તથા વક્રતા, જે વાંકાઈ ટેઢાઈ કરવી. અને એ અહંતા આદિક જે સર્વે દોષ તે અધર્મના સર્ગને વિષે મોટા મોટા કહ્યા છે અને બીજા પણ એવા ઘણાક દોષ છે. અને એ જે સર્વ દોષ તે પ્રમાદનો ત્યાગ કરીને સંત જન તેમણે સદા વર્જવા જોગ્ય એવી રીતે માન્યા છે. ॥૯૭-૯૮॥

❋ ગ્રંથનો ઉપસંહાર :

दैवी संपदिति प्रोक्तो, धर्मसर्गो गुणात्मकः ।।
दोषात्मकोऽधर्मसर्गो, ह्यासुरी संपदित्यथ ।।९९।।

અને ગુણરૂપ એવો જે ધર્મસર્ગ તે દૈવી સંપત્તિ છે, એવી રીતે ભગવદ્‌ગીતામાં કહ્યું છે. અને દોષરૂપ એવો જે અધર્મસર્ગ તે આસુરી સંપત્તિ છે, એવી રીતે એ ભગવદ્‌ગીતામાં કહ્યું છે એમ જાણવું. ॥૯૯॥

एकान्तिकीं हरेर्भक्तिं, येऽन्तरायविवर्जिताम् ।।
इच्छेयुस्तैराद्यसर्गे, स्थेयं हित्वाऽन्यमन्वहम् ।।१००।।

અને જે હરિભક્ત જે તે કોઈ પ્રકારનાં વિઘ્ન રહિત એવી જે શ્રીહરિની એકાંતિકી ભક્તિ તેને ઈચ્છતા હોય તેમણે નિરંતર અધર્મસર્ગનો ત્યાગ કરીને નિરંતર ધર્મસર્ગને વિષે રહેવું. કહેતાં ધર્મસર્ગને વિષે જ નિરંતર વર્તવું તો એકાંતિક ભક્તિને વિષે કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે; નહિ તો જરૂર આવે. ॥૧૦૦॥

स्वनिःश्रेयसकृद्बुद्धे,र्दीपवत्सुप्रकाशकः ।।
स्वसम्प्रदायानुसाराद्, ग्रन्थोऽयं रचितो मया ।।१०१।।

અને પોતાના કલ્યાણને કરે એવી જે બુદ્ધિ તેને દીવાની પેઠે રૂડી પ્રકારે પ્રકાશનો કરનારો એવો જે આ **'બુદ્ધિપ્રદીપ'** નામે ગ્રંથ તે મેં પોતાના સંપ્રદાયને અનુસાર થકી રચ્યો છે. ॥૧૦૧॥

अनेन सहजानन्दः, स्वामीष्टो मे जगद्गुरुः ।।
प्रीतोऽस्तु च तदीया ये, सन्तः सत्सङ्गिनस्तथा ।।१०२।।

અને મારા ઈષ્ટદેવ ને સર્વ જગતના ગુરુ એવા જે શ્રીસહજાનંદસ્વામી મહારાજ તે આ ગ્રંથને રચવે કરીને મને(મારી ઉપર) પ્રસન્ન થાઓ તથા તે શ્રીસહજાનંદસ્વામીના જે સાધુ તથા સત્સંગી હરિભક્ત તે સર્વે મુને પ્રસન્ન થાઓ. ॥૧૦૨॥

उपजातिवृत्तम् :

बुद्धिप्रदीपं य इमं पठन्ति, शृण्वन्ति वा ते निजधर्मसंस्थाः ।।
भक्तिं विधायाचलितां हरेस्त,द्धामाक्षरं यान्ति तथेष्टसौख्यम् ।।१०३।।

અને બુદ્ધિપ્રદીપ નામે જે આ ગ્રંથ તેને જે ભણે છે અથવા સાંભળે છે તે જે તે પોતપોતાના ધર્મને વિષે રહ્યા થકા શ્રીહરિની અચળ એવી જે ભક્તિ તેને કરીને તે શ્રીહરિનું જે અક્ષરધામ તેને પામે છે તથા પોતાને મનવાંછિત એવું જે સુખ તેને પામે છે. ॥૧૦૩॥

संशीलयिष्यन्ति जना य एतं, ग्रन्थं पतिष्यन्ति न ते कदापि ।।
स्वकीयनिःश्रेयसवर्त्मनो ध्रुवं, श्रीस्वामिनो वाक्यमिह प्रमाणम् ।।१०४।।

અને આ ગ્રંથને ભણવે સાંભળવે કરીને જે જન એનો વારંવાર અભ્યાસ કરશે તે જે તે ક્યારેય પણ પોતાના કલ્યાણનો માર્ગ તે થકી અવશ્ય પડશે નહીં. ને એને વિષે શ્રીસહજાનંદસ્વામીનું જે વચન તે પ્રમાણરૂપ છે. કે'તાં તે શ્રીજીમહારાજે પોતે શ્રીમુખે એમ કહ્યું છે. ॥૧૦૪॥

वसंततिलकावृत्तम् :

यः पूजितो निजजनैर्मुनिभिश्च भक्त्या, सच्चन्दनैः कुसुमशेखरमालिकाभिः ।।
तेषां महासदसि पीठवरे निषण्णो, हृद्यस्तु मे स च सदा हरिकृष्ण ईशः ।।१०५।।

।। इति श्रीसहजानन्दस्वामिशिष्य श्रीशुकानन्दमुनि विरचितो बुद्धिप्रदीपः समाप्तः ।।

હવે ગ્રંથને અંતે પોતાના ઈષ્ટદેવની પ્રાર્થનારૂપ એવું જે મંગલાચરણ તેને કરે છે. પોતાના જે સર્વ મુનિ તથા બીજા હરિભક્ત સત્સંગી તેમણે ભક્તિએ કરીને રૂડું ચંદન તથા સુગંધીમાન પુષ્પના તોરા તથા પુષ્પના હાર તેમણે કરીને પૂજ્યા એવા અને તેમની જે મોટી સભા તેના મધ્યને વિષે રહ્યું એવું જે ઉત્તમ સિંહાસન તેની ઉપર બેઠા એવા જે સર્વોપરી શ્રીહરિકૃષ્ણસ્વામી મહારાજ, તે જે તે નિરંતર મારા હૃદયને વિષે વિરાજમાન થાઓ (એ જ પ્રાર્થના.) ॥૧૦૫॥

॥ એવી રીતે શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય જે શુકાનંદમુનિ તેણે રચ્યો એવો જે આ બુદ્ધિપ્રદીપ નામે ગ્રંથ તે સંપૂર્ણ થયો. ॥

સં.૧૮૯૦ ના માગશર સુદ-૪, રવિવારને દિવસ સંપૂર્ણ થયો છે.

લહિયા : સાધુ કૃષ્ણચરણદાસ

વાર્તાવિવેક

ભૂમિકા

શ્રીહરિવરના જમણા હાથ સમા સદ્.શ્રીશુકાનંદસ્વામીએ વિક્રમ સંવત્ ૧૮૮૯, પોષ સુદ એકાદશી ને બુધવારે આ વાર્તાવિવેક નામનો અતિ નાનો શુભગ્રંથ લખ્યો છે. આ ગ્રંથમાં માત્ર **બાવન** શ્લોકો છે. વિવેક દસમો નિધિ છે. તેમાં પણ વાર્તાવિવેક સહુને માટે અતિ ઉપયોગી છે. **માણસ જન્મે પછી એકાદ વર્ષે બોલતા શીખી જાય છે, પરંતુ ક્યારે, કેટલું, કેવું અને શું બોલવું ? એ શીખતા આખી જિંદગી જતી રહે છે**. તોપણ કોઈક શ્રીહરિ અને સંતની કૃપાવાળાને જ આ વાણીવિવેક આવડે છે.

આ ગ્રંથમાં સ્વામીશ્રીએ સંતોએ પરસ્પર સંતો સાથે અને હરિભક્તોને કેવી રીતે વાતો કરવી ? તેનો અનુપમ વિવેક બતાવ્યો છે.

આ નાનકડા ગ્રંથમાં પ્રતિપાદિત વિવેકને જો જીવનમાં અપનાવીએ તો બહુ મોટું કામ કરી આપે એવો છે.

ગ્રંથકાર દાસત્વમૂર્તિ સદ્.શ્રીશુકાનંદસ્વામીએ વાર્તાવિવેક નામનો ગ્રંથ લખી આપણને ધન્ય ધન્ય બનાવી દીધા છે. તો એનો ભાવથી ભરપેટ લાભ લઈએ.....

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



।। श्रीहरिकृष्णाय नमो नमः ।।

અથ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય શ્રીશુકાનંદમુનિવિરચિત

વાર્તાવિવેક

(ગુજરાતી અનુવાદ સાથે)

अनुष्टुपवृत्तम् :

वन्दे श्रीसहजानन्दस्वामिनं धर्मनन्दनम् ।।
योऽवीवृत स्वभक्तेषु धर्ममेकान्तिकं भुवि ।।०१।।

જેમણે આ લોકમાં પોતાના સંતો-ભક્તોમાં એકાન્તિક ધર્મ પ્રવર્તાવ્યો છે, એવા ધર્મપુત્ર શ્રીસહજાનંદસ્વામીને હું શુકમુનિ વંદન કરું છું. ॥૧॥

सद्भिस्तदाश्रितैर्वार्ता कार्या रीतिद्वयेन या ।।
तस्या ग्रन्थे लिखाम्यऽत्र स्पष्टं प्रकरणान्यहम् ।।०२।।

શ્રીસહજાનંદસ્વામીના આશ્રિત એવા સંતોએ બે પ્રકારે વાતો કરવી જોઈએ. તેમાં એક પ્રકાર સંતોએ અરસપરસ વાતો કરવી અને બીજો પ્રકાર સંતોએ હરિભક્તો સાથે વાતો કરવી. હવે આ વાતો કરવાનાં પ્રકરણ-પ્રકાર અહીં સ્પષ્ટપણે લખું છું. ॥૨॥

तत्राऽदौत्यागिभिःसद्भिःकार्यावार्तापरस्परम् ।।
या तस्याः सुखबोधाय सतां तानि लिखाम्यहम् ।।०३।।

તેમાં ત્યાગી સંતોએ જે પરસ્પર વાતો કરવી જોઈએ, તેનું તેમને સહેલાઈથી જ્ઞાન થાય, તે માટેનું પ્રકરણ પ્રથમ લખું છું. ॥૩॥

*** ત્યાગી સાધુઓએ પરસ્પર વાતો કરવાનો વિવેક :**

दिव्ये स्वीयेऽक्षरे धाम्नि यथाऽऽस्ते पुरुषोत्तमः ।।
दिव्यानन्तैश्वर्यशक्तिपार्षदादिनिषेवितः ।।०४।।

तद्युक्तोऽसौ तथैवाऽत्र भगवान्मानुषाकृतिः ।।
वर्तते चेति तैर्वाच्यं तन्माहात्म्यं सविस्तरम् ।।०५।।

શ્રીપુરુષોત્તમ ભગવાન જેવા પોતાના દિવ્ય અક્ષરધામમાં વિરાજમાન છે અને ત્યાં જે રીતે અનંત દિવ્ય ઐશ્વર્યો, શક્તિઓ અને પાર્ષદો વગેરેથી સેવાયેલા છે; તેવી જ રીતે તેઓ આ લોકમાં મનુષ્યરૂપે પ્રત્યક્ષપણે અનંત દિવ્ય ઐશ્વર્યો તથા પાર્ષદો વગેરેથી સેવાયેલા થકા વિરાજમાન છે. આવી રીતે તેમનો વિસ્તારપૂર્વક મહિમા કહેવો. ॥૪-૫॥

नियन्तृत्वं च कर्त्तृत्वं परत्वं सर्वतो हरेः ।।
तथा सर्वसुखात्मत्वं सर्वाधारत्वमस्ति यत् ।।०६।।

इत्यादि तन्महत्वं च गृहीत्वा स्वहृदि स्फुटम् ।।
स्वस्यस्वभावोहातव्योवार्ताकार्येतिसाधुभिः ।।०७।।

સર્વોપરી શ્રીહરિ જ સર્વનિયંતા છે, સર્વકર્તા છે, સર્વથી પર છે, સર્વેને માટે સુખસ્વરૂપ અને સર્વાધાર છે. આવો તેમનો મહિમા-પ્રતાપ પોતાના હૃદયમાં યથાર્થ ધારીને પોતાના સ્વભાવો નાશ કરવા. ત્યાગી સંતોએ પરસ્પર આવી વાતો કરવી. ॥૬-૭॥

देहेन्द्रियान्तःकरणाज्जीवात्मा यः पृथग्निजः ।।
तत्संकल्पोद्भवेनाज्ञो मिलितस्तन्मयोऽस्ति हि ।।०८।।

यथा पृथक् स तेभ्यः स्यादसत्या देहदैहिकाः ।।
स्युस्तथा तैरात्मनिष्ठावार्ता कार्या सुबोधतः ।।०९।।

દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણથી પોતાનો જીવાત્મા અલગ છે, પરંતુ દેહમાં જ અહં-મમત્વાદિકના સંકલ્પો થવાથી અજ્ઞાની થયો થકો દેહ સાથે એકરસ થઈ ગયો છે. અને તેને કારણે જીવાત્મા દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણમય થઈ ગયો છે. માટે જે રીતે પોતાનો જીવાત્મા તે સર્વથી અલગ થાય અને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ વગેરે અસત્ય જણાય, એવી સમજણે યુક્ત આત્મનિષ્ઠાની વાતો સંતોએ પરસ્પર કરવી જોઈએ. ॥૮-૯॥

नित्यो नैमित्तिकश्चैव प्राकृतात्यन्तिकौ तथा ।।
एते चतुर्विधाः प्रोक्ताः प्रलयाः शास्त्रवेदिभिः ।।१०।।

ક્ષણે ક્ષણે થતો નિત્યપ્રલય, હજાર ચોકડીના અંતે ત્રિલોકીનો નાશ થાય ત્યારે થતો નૈમિત્તિકપ્રલય, દ્વિપરાર્ધ કાળના અંતે થતો બ્રહ્માંડનો પ્રાકૃતપ્રલય અને અનંત બ્રહ્માંડોના ધારક મહામાયા અને મહાપુરુષ અક્ષરબ્રહ્મમાં લય પામે ત્યારે થતો આત્યંતિકપ્રલય, શાસ્ત્રોને જાણનારા સુજ્ઞ લોકોએ આ ચાર પ્રકારના પ્રલયો કહ્યા છે, તેની વાતો કરવી. ॥૧૦॥

तैः सर्वेषां लोकदेहभोगा नश्यन्ति कालतः ।।
सर्वब्रह्मांडमध्यस्थाः पुंप्रकृतिसमुद्भवाः ।।११।।

સમય સમય પ્રમાણે જ્યારે જે પ્રલયો થાય છે, ત્યારે પુરુષ અને પ્રકૃતિ થકી ઉત્પન્ન થયેલાં સર્વે બ્રહ્માંડો, તેમાં રહેલા જીવાત્માઓના દેહો અને તેમના ભોગોએ સહિત બધું નાશ પામે છે. ॥૧૧॥

मायिकानां पदार्थानां सम्बन्धात्सुखमस्ति यत् ।।
तेषु दुःखं दर्शयित्वा वर्ण्यं वैराग्यमत्र तैः ।।१२।।

અને વળી ત્યાગી સંતોએ માયિક પદાર્થોના સંબંધથી જે કાંઈ સુખ જણાય છે, તેમાં રહેલ દુઃખોનું દર્શન કરાવીને વૈરાગ્યની વાતો કરવી. ॥૧૨॥

लोभः कामो रसास्वादः स्नेहो मानश्च पञ्चमः ।।
एतेषां त्यागरूपा ये धर्माः शास्त्रोदिताः सताम् ।।१३।।
तान्ज्ञात्वा सर्वथा तेषामनुसारेण च स्वयम् ।।
वृत्यं तथैव कर्तव्या वार्ता तैः स्वहितार्थिभिः ।।१४।।

શાસ્ત્રોમાં લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માન આ પાંચનો ત્યાગ કરવારૂપ સંતોના ધર્મ કહ્યા છે. પોતાનું હિત ઈચ્છનારા સાધુઓએ આ ધર્મોને યથાર્થ સમજીને તે પ્રમાણે પોતે વર્તવું જોઈએ. અને તે પ્રમાણે જ રહેવાની અરસપરસ વાતો કરવી જોઈએ. ॥૧૩-૧૪॥

श्रीहरेर्नवधाभक्तिर्मनोवाक्कायकर्मभिः ।।
कार्या निरन्तरं व्यर्थः कालो नेयो न तां विना ।।१५।।

ત્યાગી સંતોએ મન, કર્મ અને વચને શ્રીહરિની નવધા ભક્તિ નિરંતર કરવી જોઈએ. પરંતુ ભક્તિ કર્યા વિના વ્યર્થ સમય ન નિર્ગમવો. ૧૫.

प्रवृत्तिरितरत्र स्यात्तदनुसृतिमन्तरा ।।
स्वस्वभावानुसारेण सा त्यक्तव्या प्रयत्नतः ।।१६।।

અને તે નવ પ્રકારની ભક્તિને અનુસરતી ન હોય અને પોતાના સ્વભાવ પ્રમાણે જ થતી હોય તેવી બીજી પ્રવૃત્તિનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો જોઈએ. ॥૧૬॥

अस्याः प्राप्तिस्तु येभ्यः स्यात्तेषामेकान्तिनां सताम् ।।
कार्यः सङ्गोऽनुवृत्तिश्च वार्ता कार्येति साधुभिः ।।१७।।

જે એકાંતિક સંતો થકી આ નવ પ્રકારની ભક્તિ પ્રાપ્ત થાય તેમનો સમાગમ કરવો અને તેમની અનુવૃત્તિમાં રહેવું. એવી પરસ્પર વાતો કરવી. ॥૧૭॥

देशादिनां सदसतामष्टानां हि पृथक्पृथक् ।।
व्यक्तिवर्णनवार्ता च कर्तव्या सद्भिरादरात् ।।१८।।

દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને ધ્યાન - આ આઠ સારાં અને નરસાં બંને પ્રકારનાં હોય છે; માટે તેનું પૃથક પૃથક રીતે યથાર્થ વિભાગ થાય એવી રીતે વર્ણવીને સાધુઓએ આદરપૂર્વક વાતો કરવી. ॥૧૮॥

सच्छास्त्रोक्तानि विज्ञाय साधूनां लक्षणानि च ।।
तेषां मध्ये तु कतिचिदायातानि निजात्मनि ।।१९।।
नाऽऽयातानि च कतिचित्सुविचार्येति सद्धिया ।।
अनागतानि शिक्ष्याणि वार्ता कार्येति सज्जनैः ।।२०।।

વળી સાધુજનોએ સચ્છાસ્ત્રોમાં સાધુનાં લક્ષણો-ગુણો કહ્યાં છે, તેને જાણીને તેમાંથી પોતામાં કેટલાં આવ્યાં ને કેટલાં નથી આવ્યાં, તેનો બુદ્ધિપૂર્વક સારી રીતે વિચાર કરવો. અને જે ગુણો પોતામાં નથી તેમને કેળવવાની વાતો કરવી. ॥૧૯-૨૦॥

श्रीस्वामिना स्थापितानि देवागाराणि यानि च ।।
धर्मवंशोद्भवाचार्यौ भक्तिधर्माभिरक्षकौ ।।२१।।
तेषां भवेद्यथोत्कर्षः सर्वाधिकतरस्तथा ।।
वृत्यं सद्भिः सर्वथैव वार्ता कार्या तथैव हि ।।२२।।

શ્રીસ્વામિનારાયણ ભગવાને જે મંદિરોની સ્થાપના કરી છે તથા ધર્મ સહિત ભક્તિનું રક્ષણ-પોષણ થાય તે માટે બે ધર્મવંશી આચાર્યોની

સ્થાપના કરી છે; તેમનો સર્વાધિક ઉત્કર્ષ થાય તે રીતે સંતોએ વર્તવું જોઈએ અને તેવી જ વાતો કરવી જોઈએ. ॥૨૧-૨૨॥

शिक्षापत्र्यादयो ग्रन्थाः श्रीस्वामिप्रतिपादिताः ।।
यथामति तदभ्यासः कार्यो वार्ता च तादृशी ।।२३।।

શ્રીસ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી વગેરે જે સદ્‌ગ્રંથોનું પ્રતિપાદન કર્યું છે, તેમનો પોતાની બુદ્ધિ-શક્તિ પ્રમાણે સાધુએ અભ્યાસ કરવો જોઈએ તથા તે ગ્રંથોમાં આવતી વાતો અરસપરસ કરવી જોઈએ. ॥૨૩॥

सतां वर्तनरीत्यां च यदीदृश्यां भवेत् क्वचित् ।।
आलस्यं तत्तु हातव्यं वार्ता कार्येति तैर्मुहुः ।।२४।।

સંતોના વર્તનની જે આ રીત કહી, તે પ્રમાણે વર્તવામાં જો કોઈને ક્યારેક આળસ થાય, તો તે આળસનો ત્યાગ કરવો જોઈએ. આ વાત પણ સંતોએ વારંવાર કરવી જોઈએ. ॥૨૪॥

प्राणेन्द्रियमनोवृत्तीर्निरोध्याऽऽशु समाधिना ।।
धामान्यऽक्षरमुख्यानि श्रीहरिः स्वानदीदृशत् ।।२५।।

સર્વોપરી શ્રીહરિએ ઘણીવાર પોતાના આશ્રિતોને તેમનાં પ્રાણ, ઇન્દ્રિય અને મનની વૃત્તિનો તત્કાળ નિરોધ કરાવીને સમાધિ કરાવી છે. અને તે સમાધિમાં અક્ષરધામ વગેરે ધામોનાં દર્શન કરાવ્યાં છે. ॥૨૫॥

तत्तद्धामसु चैश्वर्यं निजं दिव्यमनन्तकम् ।।
सर्वाश्चर्यमयं स्वामी दर्शयामास तान्विभुः ।।२६।।

અને સર્વવ્યાપક એવા શ્રીસ્વામિનારાયણ ભગવાને તે તે ધામોમાં આશ્ચર્યકારી પોતાનું દિવ્ય અને અનંત ઐશ્વર્ય બતાવ્યું છે. ॥૨૬॥

तथाऽन्तकाले भक्तानां दत्ते स्म निजदर्शनम् ।।
साकं स्वपार्षदैर्दिव्यैर्यानैर्हरिरलौकिकम् ।।२७।।

વળી, સર્વોપરી શ્રીહરિએ પોતાના ભક્તોનો જયારે અંતકાળ આવે છે ત્યારે તેમને દિવ્ય વાહનો તથા પાર્ષદો-મુક્તોએ સહિત પોતાના અલૌકિક દર્શન આપ્યાં છે. ॥૨૭॥

इत्यादीनि चरित्राणि यान्याश्चर्यकराण्यलम् ।।
हरेः सन्त्यत्र तद्वार्ता सद्भिः कार्या सविस्तरम् ।।२८।।

શ્રીહરિએ આ લોકમાં આવાં જે આશ્ચર્યકારી ઘણાં ચરિત્રો કર્યાં છે, તેની વિસ્તારપૂર્વક વાતો સંતોએ અરસપરસ કરવી જોઈએ. ॥૨૮॥

*** સંતોએ સત્સંગીઓ પાસે વાતો કરવાનો વિવેક :**

अथ सत्सङ्गिनामग्रे वार्ता कार्याऽत्र साधुभिः ।।
या तस्या विलिखाम्यद्य स्पष्टं तानि समासतः ।।२९।।

હવે ત્યાગી સાધુએ સત્સંગી પાસે જે વાતો કરવી જોઈએ, તેને સંક્ષેપમાં સ્પષ્ટપણે લખું છું. ॥૨૯॥

त्यागः परस्त्रियामद्यमांसयोः स्तेनकर्मणः ।।
इत्यादयस्तु ये धर्माः शिक्षापत्र्यां निरूपिताः ।।३०।।
तेषामतिदृढत्वं स्याद् गृहिणां मानसे यथा ।।
तथा वार्ता विचार्यैव कर्तव्या युक्तितः सदा ।।३१।।

પરસ્ત્રીનો સંગ કરવો નહીં, મદ્ય-માંસ ખાવું-પીવું નહીં, ચોરી કરવી નહીં વગેરે ગૃહસ્થના ધર્મોનું શિક્ષાપત્રીમાં નિરૂપણ કર્યું છે. તે ધર્મો તેમના ચિત્તમાં જે રીતે અતિશય દૃઢ થાય, તે રીતે વિચારીને યુક્તિપૂર્વક તેમની આગળ નિત્ય વાતો કરવી જોઈએ. ॥૩૦-૩૧॥

श्रीस्वामिना यत्कथितं स्वकीयवचनामृते ।।
दिव्यत्वं मानुषत्वं च हरेर्धृतनराकृतेः ।।३२।।
तस्यानुसारतो वार्ता कार्या भगवतोऽन्वहम् ।।
स्वरूपनिश्चयस्याऽत्र सद्भिस्तत्तन्निदर्शनात् ।।३३।।

શ્રીસ્વામિનારાયણ ભગવાને વચનામૃતોમાં મનુષ્યાકૃતિ ધારણ કરેલા એવા પોતાના દિવ્યભાવ અને મનુષ્યભાવની જે વાતો કહેલ છે, તે પ્રમાણે દૃષ્ટાંતો દ્વારા ભગવાનના સ્વરૂપના નિશ્ચયની વાતો સંતોએ સત્સંગીઓને નિત્ય સમજાવવી જોઈએ. ॥૩૨-૩૩॥

स्थापितान्यऽत्र हरिणा देवानां मंदिराणि यत् ।।
आचार्यौ यौ च सर्वेषां सद्धर्मपरिपोषकौ ।।३४।।
दर्शनार्थगतौ तेषां देवानामुत्सवोपरि ।।
तयोस्तेषां दर्शनार्थगमने चान्यदापि हि ।।३५।।
उत्पद्येत सती श्रद्धा गृहिणां सर्वथा यथा ।।
तथा तेषां पुरो वार्ता कर्तव्या साधुभिः सदा ।।३६।।

શ્રીહરિએ અહીં મંદિરો બનાવી તેમાં દેવોની સ્થાપના કરી છે અને સર્વ સત્સંગીઓના સદ્ધર્મનું રક્ષણ-પોષણ થાય તે માટે બંને આચાર્યોની સ્થાપના કરી છે. માટે મંદિરોમાં ઉત્સવ કે બીજા કોઈ પણ પ્રસંગે તે તે દેવોનાં તથા આચાર્યોનાં દર્શન માટે જવામાં ગૃહસ્થોને જે પ્રકારે સર્વ રીતે શ્રદ્ધા થાય, તેવી શ્રેષ્ઠ વાતો સંતોએ તેમની આગળ સદા કરવી જોઈએ. ॥૩૪-૩૬॥

स्वे स्वे ग्रामे भवेयुर्ये हरिभक्तास्तु तैः सदा ।।
सायं संगत्य कर्तव्यं भगवन्नामकीर्तनम् ।।३७।।
तथा भगवतो वार्ता कथा तैश्च परस्परम् ।।
कार्या श्रव्येति ते सद्भिरुपदेश्या हि वार्तया ।।३८।।

વળી સંતોએ હરિભક્તોને ઉપદેશ આપવો કે, તેમણે પોતપોતના ગામમાં દરરોજ સાયંકાળે ભગવાનના મંદિરમાં જઈ આરતિ, સ્તુતિ તથા ધૂન-કીર્તન કરવાં તથા પરસ્પર ભગવાનની કથા-વાર્તા કરવી ને સાંભળવી. ॥૩૭-૩૮॥

प्रत्यक्षहरिनिष्ठानां सतां लक्ष्माणि यानि च ।।
तद्धिनानामसाधूनां यानि स्युर्लक्षणान्यथ ।।३९।।
तेषां पृथक्पृथक् ज्ञानं गृहस्थानां भवेद्यथा ।।
तथावार्ताऽन्वहंकार्यासद्भिःसच्छास्त्रवेदिभिः ।।४०।।

સચ્છાસ્ત્રને સારી રીતે જાણનારા સંતોએ પ્રત્યક્ષ શ્રીહરિમાં નિષ્ઠાવાળા સંતોનાં તથા નિષ્ઠારહિત અસંતોનાં લક્ષણોનું ગૃહસ્થોને વિગતવાર યથાર્થ જ્ઞાન થાય તે રીતે દરરોજ વાતો કરવી. ॥૩૯-૪૦॥

देशकालादिना तेषां क्वापि कस्मादुपद्रवात् ।।
आपतेद्यत्सुखं दुःखं हानिर्वृद्धिश्च या भवेत् ।।४१।।
तेनापि शिथिलं न स्यात्सत्संगाद्गृहिणां मनः ।।
यथा तथा शौर्यधैर्यवार्ता कार्या तदग्रतः ।।४२।।

અને ગૃહસ્થોને દેશકાળાદિકના યોગે ક્યારેક કોઈ ઉપદ્રવ આવી પડે ત્યારે તેમાં સુખ-દુઃખ કે હાનિ-વૃદ્ધિ થાય તે સમયે તેમના મનમાં સત્સંગ કરવામાં શિથિલતા ન આવી જાય, તે માટે સંતોએ તેમની પાસે હિંમત અને ધીરજ રહે તેવી બળભરી વાતો કરવી. ॥૪૧-૪૨॥

आदौ मुमुक्षावशतश्चिकीर्षेयुर्जनास्तु ये ।।
सत्सङ्गं तत्पुरो वार्ता कर्तव्या पुण्यपापयोः ।।४३।।

પૂર્વે થઈ ગયેલા ભક્તોએ મોક્ષ મેળવવા માટે જે જે સાધનો કર્યાં હોય તથા સત્સંગનો ખપ રાખ્યો હોય તેની તથા પાપ-પુણ્યની વાતો કરવી. ॥૪૩॥

पुण्योद्भवं यन्मोक्षाख्यं सुखं पापसमुद्भवम् ।।
दुःखं च नानानरकसंसृत्याख्यं तु यद्भवेत् ।।४४।।
तयोर्विस्तरतो वार्ता कर्तव्या सद्भिरादरात् ।।
दृढस्तेषां यया चित्ते भवेद्धर्मकुलाश्रयः।।४५।।

અને પુણ્ય કરવાથી મોક્ષરૂપી સુખ મળે છે તથા પાપ કરવાથી

અનેક પ્રકારનાં નરક તથા સંસૃતિનું દુઃખ મળે છે; તેની વાતો સંતોએ આદરપૂર્વક વિસ્તારથી કરવી. જે વાતોએ કરીને તેમના અંતરમાં ધર્મસર્ગના જ્ઞાનાદિક સદ્‌ગુણો દઢ થાય એવી વાર્તા કરવી. ॥૪૪-૪૫॥

येषां सङ्गेन कल्याणं जीवानां च भवेद्ध्रुवम् ।।
शास्त्रानुसारतो वार्ता कार्या तत्साधुलक्ष्मणाम् ।।४६।।

જેમના સેવા-સમાગમથી જીવોનું નિશ્ચિત કલ્યાણ થાય, તેવા સાધુનાં લક્ષણોની વાત સચ્છાસ્ત્ર પ્રમાણે કરવી. ॥૪૬॥

वार्ताप्रकरणानीत्थं शुकानन्दो यथामति ।।
श्रीस्वामिना मतान् ग्रन्थाननुसृत्यैव चालिखत् ।।४७।।

આ રીતે મેં શુકાનંદમુનિએ સાધુને વાતો કરવાના વિવેક-પ્રકરણો શ્રીસ્વામિનારાયણ ભગવાનને માન્ય એવા સદ્‌ગ્રંથોને અનુસારે અને મારી બુદ્ધિ-શક્તિ પ્રમાણે લખ્યાં છે. ॥૪૭॥

अनेन विधिना सन्तः करिष्यन्त्यऽत्र येऽन्वहम् ।।
वार्तास्तेषां दृढैकान्तधर्मे बुद्धिर्भविष्यति ।।४८।।

જે સંતો અહીં ગ્રંથમાં કહેલ વિવેક પ્રમાણે નિત્ય આ વાતો કરશે, તેમની એકાન્તિકધર્મમાં અચલ મતિ થશે. ॥૪૮॥

अत्र सर्वाणि वाक्यानि सूत्राणीवाऽर्थसंघतः ।।
निभृतानि यथाबुद्धि निष्कास्यानि विचक्षणैः ।।४९।।

આ ગ્રંથમાં મેં શુકાનંદસ્વામીએ બધાં જ વાક્યો અર્થોના સમૂહથી ભરેલાં સૂત્રોની જેમ રચ્યાં છે. સુજ્ઞ સંતોએ તે સૂત્રોનો પોતાની બુદ્ધિ પ્રમાણે સાર કાઢવો. ॥૪૯॥

इमं वार्ताविवेकं ये पठीत्वाऽऽश्रुत्य साधवः ।।
वर्त्स्यन्ति तमनुसृत्य ते भाव्याः श्रीहरेः प्रियाः ।।५०।।

જે સાધુઓ આ વાર્તાવિવેક નામના ગ્રંથને એકાગ્રચિત્તે સાંભળીને અને ભણીને તે પ્રમાણે સમજીને વર્તશે, તે સાધુઓ શ્રીહરિને પ્રિય થશે. ॥૫૦॥

अङ्काष्टवस्विन्दुमिते विक्रमार्कशकाब्दके ।।
पौषस्य कृष्णैकादश्यां सम्पूर्णोऽयं बुधे शुभः ।।५१।।

વિક્રમ સંવત્ ૧૮૮૯, પોષ વદ એકાદશી ને બુધવારે આ વાર્તા-વિવેક નામનો શુભ ગ્રંથ સંપૂર્ણ થયો છે. ॥૫૧॥

शार्दुलविक्रीडितवृत्तम् :

नानामूर्तिधरो युगे युग इह श्रेयो विधातुं नृणां
वेदान्तोदितसद्यशाश्च करुणावारांनिधिर्निर्गुणः ।।
नैजानां परिपुष्टिकृच्च हृदयेष्वेकान्तधर्मस्य य-
स्तस्मिन् धर्मसुते हरौ भवतु मे बुद्धिर्दृढैकान्तिकी ।।५२।।

।। इति श्रीसहजानंदस्वामिशिष्य श्रीशुकानंदमुनिविरचितो वार्ताविवेकः समाप्तः ।।

મનુષ્યોનું કલ્યાણ કરવા માટે આ લોકમાં યુગે યુગે અનેક અવતારો ધારણ કરનારા, ઉપનિષદોમાં જેમનો શ્રેષ્ઠ યશ ગવાયો છે એવા કરુણાના સાગર, સર્વ માયિક ગુણોથી રહિત અને પોતાના આશ્રિતોના હૃદયમાં એકાન્તિક ધર્મનું સર્વ પ્રકારે પોષણ કરનારા, એવા ધર્મપુત્ર શ્રીહરિમાં મારી દઢપણે એકાન્તિકી મતિ થાઓ. ॥૫૨॥

॥ આવી રીતે વાર્તાવિવેક ગ્રંથ ગુજરાતી ભાવાનુવાદ સાથે સંપૂર્ણ ॥

લહિયા : સાધુ રામકૃષ્ણદાસ

ધાર્મિકસ્તોત્ર (ગુજરાતી ટીકા)

ભૂમિકા

સંપ્રદાયમાં સર્વત્ર ગવાતું, સર્વ જેનાથી પરિચિત છે એવું **'श्रीवासुदेव विमलामृतधामवासं'** આ સ્તોત્ર, સત્સંગિજીવનના પાંચમાં પ્રકરણના છાસઠમાં અધ્યાયમાં બારથી બાવીસ શ્લોકમાં સદ્. શ્રીશતાનંદસ્વામીએ કરેલી સ્તુતિના રૂપમાં આવેલું છે. આ સ્તોત્રનું નામ શુકમુનિએ 'ધાર્મિકસ્તોત્ર' રાખ્યું છે. દરેક શ્લોકના અંતે 'त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये' આ એકનું એક પદ આવર્તન કરેલ છે. ધર્મ-ભક્તિના પુત્ર શ્રીહરિનાં જ યશોગાન ગાતું હોવાથી આ સ્તોત્રનું નામ 'ધાર્મિકસ્તોત્ર' રાખ્યું હશે..! અથવા સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન ધરા પર એકાંતિકધર્મ સ્થાપવા માટે પધાર્યા હતા. અને આ સ્તોત્રમાં એકાંતિકધર્મ સારી રીતે નિરૂપણ કર્યો છે. માટે 'धर्मस्येदमिति धार्मिकं' આ વ્યાખ્યા પ્રમાણે પણ 'ધાર્મિકસ્તોત્ર' એવું નામ કહી શકાય.

વિ.સં.૧૮૮૫ આસો સુદ-૧૨ તા.૯/૧૦/૧૮૨૯ ને મંગળવારના રોજ શ્રીજીમહારાજે ગઢપુરમાં ગોપીનાથજીની પ્રતિષ્ઠા કરી. ત્યારબાદ એક દિવસ શ્રીહરિ ગઢપુરમાં બિરાજતા હતા ત્યારે મહામુનિ શ્રીશતાનંદસ્વામીએ શ્રીસ્વામિનારાયણ ભગવાનને હાથ જોડીને યમ-નિયમાદિક અંગો સહિત યોગશાસ્ત્ર સમજાવવા પ્રાર્થના કરી. શ્રીહરિએ ૧૦ અધ્યાયમાં સમગ્ર યોગશાસ્ત્રનું રહસ્ય સ્વામીને સમજાવ્યું. શ્રીહરિના મુખેથી યોગશાસ્ત્રનું અમૃતપાન કરીને પ્રસન્ન થયેલા **સદ્.શ્રીશતાનંદસ્વામીએ શ્રીહરિની સ્તુતિ કરી. તે સ્તુતિ જ આ 'ધાર્મિકસ્તોત્ર'રૂપે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.** આ સ્તોત્ર સમગ્ર સત્સંગિજીવનના સારરૂપ છે. અને સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામીની ઈચ્છાથી સદ્.શ્રીશુકમુનિએ આ સ્તોત્રની ગુજરાતીમાં ટીકા કરી છે. તે તેમના શબ્દોમાં જ ગુજરાતી અનુવાદ સાથે આસ્વાદ માણીએ...

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



।। श्रीहरिकृष्णाय नमो नमः ।।

અથ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સદ્.શ્રીશુકાનંદમુનિકૃત

ધાર્મિકસ્તોત્ર (ગુજરાતી ટીકા)

वसंततिलकावृत्तम् :

श्रीवासुदेव विमलामृतधामवासं, नारायणं नरकतारणनामधेयं ॥
श्यामं सितं द्विभुजमेव चतुर्भुजं च, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥०१॥

અર્થ : શ્રીસત્સંગિજીવન ગ્રંથને વિશે શતાનંદમુનિ જે તે શ્રીહરિકૃષ્ણ મહારાજની સ્તુતિ કરે છે. હે શ્રીવાસુદેવ ભગવન્ ! ભક્તિધર્મના પુત્ર એવા જે તમે શ્રીહરિ, તે તમારા શરણને હું પામ્યો છું. કે'તાં એક તમારો જ છે આશ્રય જેને એવો હું થયો છું. તે તમે કેવા છો ? તો નિર્મળ, તેજોમય એવું જે પોતાનું અક્ષરધામ, તેને વિશે છે સદા નિવાસ જેનો એવા છો. અને નારાયણ છો, કે'તાં સર્વે જીવ ને

ઈશ્વર તેમના અંતર્યામી છો અથવા નારાયણમુનિ એવું છે નામ જેનું એવા છો. અને નરક થકી તારે એવું છે નામ જેનું એવા છો, કે'તાં શ્રીસ્વામિનારાયણ, શ્રીસહજાનંદસ્વામી, શ્રીહરિકૃષ્ણ મહારાજ એ આદિક જે તમારાં ઘણાંક નામ તેમનું જે જન ઉચ્ચારણ કરે છે અથવા શ્રવણ કરે છે તો તે જનને તે તમારું નામ જે તે નરક થકી ને અનેક પ્રકારનાં દુઃખ થકી ઉદ્ધાર કરે છે.

અને વળી, તમે કેવા છો ? તો નવીન મેઘ સરખી શ્યામ સુંદર વર્ણે જુક્ત છે મૂર્તિ જેની એવા છો. અને પોતાની મૂર્તિ થકી શ્વેત કાંતિ નીસરે છે, તે માટે શ્વેત વર્ણે જુક્ત છે મૂર્તિ જેની એવા છો. અને સદા દ્વિભુજ મૂર્તિ થકા જ ક્યારેક પોતાના ભક્તની ઇચ્છાએ કરીને ચતુર્ભુજ મૂર્તિ જણાતા એવા છો. ॥૧॥

शिक्षार्थमत्रनिजभक्तिमतांनराणा-,मेकान्तधर्ममखिलंपरिशीलयन्तं ॥
अष्टांगयोगकलनाश्च महाव्रतानि, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥२॥

અર્થ : હે હરે ! આ લોકને વિશે પોતાની એકાંતિક ભક્તિને કરતા એવા જે પોતાના ભક્તજન, તેમની શિક્ષાને અર્થે કે'તાં પોતાને આચરણે કરીને તેમને શીખવવા, ઉપદેશ કરવો તેને અર્થે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભક્તિ, એ જે સર્વે અંગ તેણે જુક્ત એવો જે એકાંતિક ધર્મ તથા યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ એ આઠ અંગે જુક્ત એવો જે અષ્ટાંગ યોગ તેની જે સર્વે યુક્તિઓ તથા અહિંસા, બ્રહ્મચર્યાદિક જે મોટાં વ્રત, એ સર્વેનો પોતે અભ્યાસ કરતા એવા ભક્તિધર્મના પુત્ર જે તમે, તે તમારા શરણને હું પામ્યો છું.

જેમ વેદાદિક શાસ્ત્રનો ભણાવનારો જે ગુરુ, તે જે તે જ્યારે પોતાના શિષ્યોને ભણાવે છે ત્યારે તે વેદાદિકના પદનું વારંવાર ઉચ્ચારણ તે પોતે ગુરુ પણ કરે છે. તે પોતાના શિષ્યોને શિખવવાને

અર્થે કરે છે. અને એ ગુરુ જે તે જેનું વારંવાર ઉચ્ચારણ કરે છે તે શિષ્યોને શિખવવાને અર્થે છે, પણ પોતાને અર્થે નથી. કેમ જે, તે વેદાદિક શાસ્ત્ર તો પોતાને સહેજે આવડે છે, તેમ શ્રીહરિને વિશે તો એ એકાંતિક ધર્મ ને અષ્ટાંગયોગની યુક્તિઓ ને અહિંસા, બ્રહ્મચર્યાદિક મોટાં વ્રત તે સહેજે જ રહ્યાં છે. અને તે સર્વેનો જે પોતે અભ્યાસ કરે છે તે તો પોતાના ભક્તજનને શીખવવાને અર્થે છે. એવી જ રીતે આગલા સર્વે શ્લોકમાં પણ જે જે શ્રીહરિનાં આચરણ તે પોતાના ભક્તજનને શિખવવાને અર્થે છે એમ જાણવું. ।।૨।।

श्वासेनसाकमनुलोमविलोमवृत्त्या,स्वान्तर्बहिश्चभगवत्युरुधानिजस्य ।।
पूरे गतागतजलाम्बुधिनोपमेयं, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।३।।

અર્થ : હે હરે ! પોતાના નિશ્વાસને ભેળે જ પોતાના અંતઃકરણને માંહિલી કોરે ને બાહેર નેત્રની આગળ ભગવાનના સ્વરૂપને વિશે વારંવાર અનુલોમ, પ્રતિલોમપણે જે વર્તવું, કે'તા દેહને માંહિલી કોરે અંતઃકરણમાં પ્રતિલોમપણે જે ભગવાનને ધારવા તથા દેહથી બાહેર નેત્રની આગળ અનુલોમપણે જે ભગવાનને ધારવા.

ને એવી રીતે ભગવાનને વિશે વર્તવારૂપ આચરણે કરીને તમે કેવા છો ? તો પુર જે સમુદ્રની વેળના જળને આવવા-જવાના સ્થાનકને વિશે જાતું આવતું જળ જેનું છે એવો જે સમુદ્ર તેની સંગાથે ઉપમા દેવા યોગ્ય છો. કહેતાં તે સમુદ્ર જેવા છો. તેમાં ધ્યાન કરવા યોગ્ય જે ભગવાનનું સ્વરૂપ, તે તો પુરને ઠેકાણે છે અને શ્રીહરિના શ્વાસે સહિત જે અનુલોમ, પ્રતિલોમપણે વર્તવું તે તો સમુદ્રના જળનું આવવું જાવું તેને ઠેકાણે છે. અને પોતે શ્રીહરિ તો જળનો આધારરૂપ જે સમુદ્ર તેને ઠેકાણે છે એમ જાણવું. એવી રીતે પોતાના ભક્તજનને પોતાનું ધ્યાન શીખવવાને અર્થે પોતે પણ ધ્યાનને કરતા એવા ભક્તિધર્મના પુત્ર જે તમે, તે તમારા શરણને હું પામ્યો છું. ।।૩।।

बाह्यान्तरिन्द्रियगणश्वसनाधिदैव,वृत्त्युद्भवस्थितिलयानपिजायमानान् ॥
स्थित्वा ततः स्वमहसा पृथगीक्षमाणं, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥४॥

અર્થ : હે હરે ! નેત્ર, શ્રોત્રાદિક જે બાહ્ય ઈન્દ્રિયો ને મન, બુદ્ધિ આદિક જે માંહિલી કોરની ઈન્દ્રિયો એ બેય પ્રકારની ઈન્દ્રિયોનો જે સમૂહ તથા શ્વસન જે પ્રાણવાયુ તથા અધિદેવ જે ઈન્દ્રિયોના દેવતા એ સર્વેની જે વૃત્તિયું તેમની જે ઉત્પત્તિ, સ્થિતિ ને લય કે'તા ઊપજવું, રહેવું ને પાછું શમી જવું.

એ ત્રણ વાનાં જે તે વારંવાર થયા કરે છે. તે સર્વેથી અત્યંત વિલક્ષણ એવું જે પોતાનું આત્મસ્વરૂપ, તેને પ્રતાપે કરીને એ ત્રણે થકી નોખા રહ્યા થકા જોનારા કે'તા સર્વકાળને વિશે પોતાને સ્વરૂપે જ વર્તનારા એવા ભક્તિધર્મના પુત્ર જે તમે, તે તમારા શરણને હું પામ્યો છું. એવી રીતે શ્રીહરિને આત્મનિષ્ઠ પુરુષની ઉત્કૃષ્ટ સ્થિતિએ કરીને જે વર્તવું તે પણ પોતાના ભક્તજનને શીખવવાને અર્થે છે એમ જાણવું. ॥૪॥

मायामयाकृतितमोऽशुभवासनानां, कर्तुं निषेधमुरुधा भगवत्स्वरूपे ॥
निर्बीज सांख्यमतयोगगयुक्तिभाजं, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥५॥

અર્થ : હે હરે ! સાક્ષાત્ ભગવાનના સ્વરૂપને વિશે ક્યારેક પોતાને જણાય આવતી જે માયામય આકૃતિ, કે'તા આ ભગવાનનો આકાર પણ માયાના સત્ત્વાદિક ત્રણ ગુણમાંથી થયો છે. તથા તમ જે અજ્ઞાને યુક્તપણું તથા અશુભ વાસના જે ગુણાત્મક વિષયભોગના સંકલ્પે યુક્તપણું એ ત્રણ વાનાંનો અતિશે નિષેધ કરવાને અર્થે કે'તા ભગવાનના સ્વરૂપને વિશે એ ત્રણ વાનાં જણાય આવે તેને ટાળવાને અર્થે નિર્બિજ સાંખ્ય મત ને નિર્બિજ યોગ તે સંબંધી જે યુક્તિઓ તેને આચરતા એવા ભક્તિધર્મના પુત્ર જે તમે, તે તમારા શરણને હું પામ્યો છું.

હવે નિર્બિજ સાંખ્ય મત તે શું ? તો પ્રકૃતિનાં કાર્ય એવાં જે દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણાદિક એ સર્વથી સર્વ પ્રકારે સ્વરૂપ, સ્વભાવે કરીને અતિશે વિલક્ષણ એવો જે પોતાનો આત્મા, તેનું યથાર્થ જ્ઞાન થાય જે જ્ઞાને કરીને પોતાના આત્માને દેહાદિક થકી સર્વ પ્રકારે નોખો જ સમજાય, પણ દેહાદિક જેવો ન સમજાય; તેને નિર્બિજ સાંખ્ય મત કહેવાય.

અને નિર્બિજ યોગ તે શું ? તો સર્વથી વિલક્ષણ એવો જે પોતાનો આત્મા તેને વિશે સર્વે ઈન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિઓ ધારવી. કે'તા ધ્યાને કરીને એક આત્માકારે કરવી, પણ બીજો ભાવ રહેવા દેવો નહીં. એને નિર્બિજ યોગ કહેવાય.

અને એ નિર્બિજ સાંખ્યમત ને નિર્બિજ યોગ તેની અનેક પ્રકારની યુક્તિઓ શીખવીને એ શીખે ત્યારે પોતાનો આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ, સચ્ચિદાનંદમય જણાય. પછી એ ભક્તને એમ જણાય જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની ઉપાસનાને બળે કરીને આવા સાંખ્ય ને યોગના અભ્યાસ થકી હું મારા આત્મસ્વરૂપને પામ્યો, તે મારે વિશે પણ માયામય આકાર ને અજ્ઞાને યુક્તપણું ને અશુભ વાસના તે નથી તો સદા શુદ્ધ સ્વરૂપ ને સકલ ઐશ્વર્યસંપન્ન ને અક્ષરાદિક સર્વના નિયંતા એવા જે મારા ઈષ્ટદેવ પ્રત્યક્ષ પ્રમાણ ભગવાન, તેના સ્વરૂપને વિશે માયામય આકાર ને અજ્ઞાને યુક્તપણું ને અશુભ વાસના તે ન હોય એમાં શું કહેવું ? એ તો ક્યારે પણ હોય જ નહીં.

એવી રીતે એ ભક્તને જણાય છે. તે કારણપણા માટે પોતે શ્રીહરિ પણ પોતાના ભક્તને શિખવવાને અર્થે આવી રીતે સાંખ્ય ને યોગ તેની યુક્તિઓનું આચરણ કરે છે એમ જાણવું. ।।૫।।

**दिव्याकृतित्वसुमहस्त्वसुवासनानां, सम्यग्विधिं प्रथयितुं च पतौ रमायाः ॥
सालम्बसांख्यपथयोगसुयुक्तिभाजं, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥६॥**

અર્થ : હે હરે ! લક્ષ્મીજીના પતિ એવા જે સાક્ષાત્ શ્રીવાસુદેવ ભગવાન તેના સ્વરૂપને વિશે દિવ્યાકૃતિપણું જે સદા માયિકભાવે રહિત ને સદા સિદ્ધ ને સુંદર ને કિશોર એવા આકારે યુક્તપણું તથા **સુમહસ્ત્વપણું** જે સર્વને એક કાળે પ્રત્યક્ષપણે નિરંતર સ્વતઃ સિદ્ધપણે જાણવારૂપ જ્ઞાને યુક્તપણું તથા **સુવાસના** જે અનાદિ કાળથી માયાએ કરીને બંધાણા ને પોતાને શરણે આવ્યા જે જન, તેમને માયાનું બંધન તેને ટાળીને તેમનું જે આત્યંતિક કલ્યાણ કરવું તેને અર્થે તે જનને પોતાના સ્વરૂપના જ્ઞાનનો ઉપદેશ કરવો તથા તે જને કરી જે પોતાની નાના પ્રકારે સેવા, પૂજા તેનું ગ્રહણ કરવું, એ આદિક રૂડાં રૂડાં પોતાને સંકલ્પ થાય, એ ત્રણ વાનાનો વિધિ જે તેના તેના સ્વરૂપના વિવેકે સહિત નિરંતર તે ભગવાનને વિશે રહેવાપણાનો ભેદ, તેને યથાર્થપણે કરીને પોતાના ભક્તજનને જણાવવાને અર્થે સાલંબ સાંખ્યમાર્ગ ને સાલંબ યોગમાર્ગ તેની જે રૂડી યુક્તિઓ તેને આચરતા એવા ભક્તિધર્મના પુત્ર જે તમે, તે તમારા શરણને હું પામ્યો છું.

હવે સાલંબ સાંખ્યમાર્ગ તે શું ? તો પુરુષોત્તમ ભગવાનનું ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તથા તે અક્ષરધામને વિશે રહ્યા ને અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા જે અનંત કોટિ મુક્ત, તથા મહાપુરુષ ને મહામાયા તથા અનંત કોટિ પ્રધાનપુરુષ તથા મહત્તત્વાદિક ચોવિસ તત્ત્વ તથા વિરાટ પુરુષ તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિક સર્વ થકી પણ પુરુષોત્તમ ભગવાન જે તે સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્યાદિકે કરીને વિલક્ષણ છે. અને એ સર્વેના પ્રેરક છે એ સર્વેનાં જે ઐશ્વર્ય તેના નિયંતા છે. એવી રીતે જે પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપના જ્ઞાનનો માર્ગ તેને સાલંબ સાંખ્યમાર્ગ કહેવાય.

અને સાલંબ યોગમાર્ગ તે શું ? તો એવી રીતે સર્વ થકી વિલક્ષણપણે જાણ્યા જે એ ભગવાન તેના સ્વરૂપને વિશે પોતાના ઈન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિઓ તેને ધારવી. કે'તા ધ્યાને કરીને એક ભગવાનની મૂર્તિને આકારે કરવી, પણ બીજો ભાવ રહેવા દેવો નહીં, તેને સાલંબ યોગમાર્ગ કહેવાય.

અને એવી રીતે સાલંબ સાંખ્યમાર્ગ ને સાલંબ યોગમાર્ગ તેની યુક્તિઓને શીખે ત્યારે એ ભક્તને ભગવાનને વિશે દિવ્યાકૃતિપણું ને સુમહસ્ત્વપણું ને સુવાસનાપણું તેનું રૂડી રીતે યથાર્થ જ્ઞાન થાય છે. તે કારણપણા માટે પોતે શ્રીહરિ પણ પોતાના ભક્તને શિખવવાને અર્થે આવી રીતે સાલંબ સાંખ્યમાર્ગ ને સાલંબ યોગમાર્ગ તેની યુક્તિઓનું આચરણ કરે છે એમ જાણવું. ॥૬॥

**कामार्ततस्करनटव्यसनिद्विषन्तः,स्वस्वार्थसिद्धिमिवचेतसिनित्यमेव ॥
नारायणं परमयैव मुदा स्मरंतं, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥७॥**

અર્થ : હે હરે ! કામાર્ત જે સ્ત્રીના ઉપભોગની ઈચ્છાએ કરીને ક્ષોભ પામ્યું છે અંતઃકરણ જેનું એવો કામી પુરુષ, તથા તસ્કર જે ચોર તથા નટ જે નાના પ્રકારની નટવિદ્યાની રમતનો શીખનારો નટવો, બજાણિયો તથા વ્યસની જે દ્યૂતાદિક નાના પ્રકારના વ્યસનને વિશે આસક્ત ચિત્તવાળો પુરુષ, તથા દ્વેષી જે પોતાના વેરીને મારવાના ઉપાયને ચિંતવન કરનારો પુરુષ, એ પાંચ પ્રકારના પુરુષ જે તે પોતપોતાના ચિત્તને વિશે નિરંતર પોતપોતાના સ્વાર્થની સિદ્ધિને જેવી રીતે ચિંતવન કરે છે કે'તા પોતાને વાંછિત એવા જે પદાર્થ તેની સિદ્ધિ થાય તેમ નિરંતર તેનું ચિંતવન કરે છે, તેવી જ રીતે અતિશે હર્ષે કરીને નિરંતર પોતાના ચિત્તને વિશે નારાયણનું ચિંતવન કરતા એવા ભક્તિધર્મના પુત્ર જે તમે, તે તમારા શરણને હું પામ્યો છું. તેમાં કામાર્ત પુરુષને પોતાને મનગમતી સ્ત્રીની પ્રાપ્તિ થાવારૂપ સ્વાર્થ છે.

અને તસ્કરને પોતાને મનગમતા ધનની પ્રાપ્તિ થાવારૂપ સ્વાર્થ છે. અને નટને નાના પ્રકારની રમતકળાને વિશે કુશળપણાની પ્રાપ્તિરૂપ સ્વાર્થ છે. અને વ્યસનીને પોતાના મનગમતા વ્યસનની પ્રાપ્તિ થાવારૂપ સ્વાર્થ છે. અને દ્વેષીને પોતાના વેરીનો વિનાશ કરવારૂપ સ્વાર્થ છે. તે કારણપણા માટે પોતે શ્રીહરિ પણ પોતાના ભક્તને હેતે જુક્ત મને કરીને પોતાનું ધ્યાન શીખવવું તેને અર્થે પોતે પણ એવા ધ્યાનનું આચરણ કરે છે એમ જાણવું. ॥૭॥

साध्वीचकोरशलभास्तिमिकालकण्ठ, कोका निजेष्टविषयेषु यथैव लग्नाः ॥
मूर्तौ तथा भगवतोऽत्र मुदातिलग्नं, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥८॥

અર્થ : હે હરે ! આ લોકને વિશે સાધ્વી જે પતિવ્રતા સ્ત્રી તથા ચકોર પક્ષી તથા શલભ જે પતંગિયો તથા તિમિ જે મચ્છ તથા કાળકંઠ જે બપૈયો તથા કોક જે ચકવો, એ છો જે તે પોતપોતાને વાંછિત એવા જે વિષય તેને વિશે જેવી રીતે લગ્ન થકા જ વર્તે છે કે'તા બાહેરથી અતિશે આસક્તપણે વર્તતા એવા ભક્તિ-ધર્મના પુત્ર જે તમે તે તમારા શરણને હું પામ્યો છું.

તેમાં પતિવ્રતા સ્ત્રી ને પોતાનો પતિ એ વાંછિત વિષય છે અને ચકોર પક્ષીને ચંદ્રમા એ વાંછિત વિષય છે અને પતંગિયાને અગ્નિ એ વાંછિત વિષય છે અને મચ્છને જળ એ વાંછિત વિષય છે અને બપૈયાને મેઘ એ વાંછિત વિષય છે અને ચકવાને પોતાની ચકવી એ વાંછિત વિષય છે. તે કારણપણા માટે પોતે શ્રીહરિ પણ પોતાના ભક્તને બાહેરથી હેતે કરીને પોતાને વિષે આસક્તપણે વર્તવાની રીતને શિખાવવાને અર્થે પોતે પણ એવા આસક્તપણાનું આચરણ કરે છે એમ જાણવું. ॥૮॥

स्नेहातुरस्त्वथ भयातुर आमयावी, यद्वत्क्षुधातुरजनश्च विहाय मानं ॥
दैन्यं भजेयुरिह सत्सु तथा चरन्तं, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥९॥

અર્થ : હે હરે ! આ લોકને વિષે સ્નેહાતુર જે કોઈકની ઉપર અતિશે હેતે જુક્ત મનવાળો પુરુષ તથા ભયાતુર જે અતિશે ભયે કરીને જુક્ત છે અંતઃકરણ જેનું એવો પુરુષ તથા આમયાવી જે અતિશે રોગવાળો પુરુષ તથા ક્ષુધાતુર જે બે-ત્રણ દિવસ અન્ન ખાવા ન મળ્યું હોય એવો ભૂખે કરીને આતુર પુરુષ, એ ચાર પ્રકારના પુરુષ જે તે જેવી રીતે પોતાના માનનો ત્યાગ કરીને દીનપણાને ભજે છે કે'તા અતિશે રાંક થઈ જાય છે, તેવી રીતે ભગવાનના એકાંતિક સાધુની આગળ પોતાના માનનો ત્યાગ કરીને દીનપણાને આચરતા એવા ભક્તિ-ધર્મના પુત્ર જે તમે, તે તમારા શરણને હું પામ્યો છું.

તેમાં સ્નેહાતુર જે તે જેની ઉપર પોતાને હેત હોય તેની આગળ માનનો ત્યાગ કરીને દીનઆધિન થાય છે. અને ભયાતુર જે તે જે પોતાના ભયને ટાળનારો હોય તેની આગળ માનનો ત્યાગ કરીને દીન આધીન થાય છે. અને આમયાવી જે તે પોતાના રોગને ટાળનારા જે વૈદ્ય તેની આગળ માનનો ત્યાગ કરીને દીનઆધિન થાય છે. અને ક્ષુધાતુર જે તે જે પોતાને અન્ન આપીને ભૂખનો ટાળનારો હોય તેની આગળ માનનો ત્યાગ કરીને દીનઆધિન થાય છે. તે કારણપણા માટે પોતે શ્રીહરિ પણ પોતાના ભક્તજનને પોતાના એકાંતિક સાધુની આગળ માનનો ત્યાગ કરીને દીનઆધિન થાવાની રીતને શિખવવાને અર્થે પોતે પણ એવું આચરણ કરે છે; એમ જાણવું. ॥૯॥

धर्मस्थितैरुपगतैर्बृहतानिजैक्यं,सेव्योहरिःसितमहःस्थितदिव्यमूर्तिः ॥
शब्दाद्यरागिभिरिति स्वमतं वदन्तं, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥१०॥

અર્થ : હે હરે ! પોતપોતાના વર્ણાશ્રમ સંબંધી ધર્મને વિષે વર્તતા અને અક્ષરબ્રહ્મ સંગાથે એકપણાને પામ્યા કે'તા પોતાને વિષે અક્ષરબ્રહ્મપણાની ભાવનાને કરતાં અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને

ગંધ એ પંચવિષયને વિષે નિરંતર દોષદૃષ્ટિએ કરીને વૈરાગ્યને પામ્યા એવા ત્રણ ગુણે યુક્ત જે ભક્તજન, તેમણે અતિશે શ્વેત તેજોમય એવું જે પોતાનું અક્ષરધામ તેને વિશે નિત્યે વિરાજમાન છે મૂર્તિ જેની એવા જે સાક્ષાત્ હરિકૃષ્ણ ભગવાન તે સેવવા. કે'તા સ્નેહે યુક્ત નવ પ્રકારની ભક્તિએ કરીને ભજવા એવી રીતનો જે પોતાનો મત કે'તા સિદ્ધાંત તેને પોતાના ભક્તજનને શિખવવાને અર્થે તે ભક્તજનની આગળ કહેતા. કે'તા તેનું યથાર્થ નિરૂપણ કરીને સમજાવતા એવા ભક્તિધર્મના પુત્ર જે તમે, તે તમારા શરણને હું પામ્યો છું. ॥૧૦॥

सद्ग्रंथनित्यपठनश्रवणादिसक्तं, ब्राह्मींचसत्सदसिशासतमत्रविद्यां ॥
संसारजालपतिताखिलजीवबन्धो, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥११॥

અર્થ : અને આ સંસાર જે વારંવાર જન્મ-મૃત્યુનો પ્રવાહ તે રૂપ જે ઝાળ તેના મધ્યને વિશે પડ્યા એવા જે સર્વે જીવ તેમના બંધુ કે'તા એ સંસારની નિવૃત્તિ કરીને એમાંથી કાઢીને એમનું કલ્યાણ કરવું એ રૂપ જે પરમ હિત તેના કરનારા એવા હે હરે ! હે ભગવન્ ! તમે કેવા છો ? તો સદ્ગ્રંથ જે પોતાને પ્રિય એવા શ્રીમદ્ભાગવતાદિક સત્શાસ્ત્ર તેમનું જે નિત્યે ભણવું, ભણાવવું, સાંભળવું, વિચારવું તેને વિશે સક્ત કે'તા પોતાના ભક્તજનને શિખવવાને અર્થે અતિશે આદરે યુક્ત વર્તતા એવા, અને પોતાના આશ્રિત જે સાધુ તેમની સભાને વિશે વિરાજમાન થયા થકા તેમની આગળ બ્રહ્મવિદ્યા જે પોતાના માહાત્મ્યનું જ્ઞાન તથા પોતાનું સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ આદિકનું જ્ઞાન તેના ઉપદેશને કરતા કે'તા તે પોતાના ભક્તજનને વારંવાર શીખવતા એવા ભક્તિધર્મના પુત્ર એવા જે તમે, તે તમારા શરણને હું પામ્યો છું. ॥૧૧॥

॥ इति श्रीशतानंदमुनिविरचितम् श्रीधार्मिकस्तोत्रं संपूर्णम् ॥

એવી રીતે શ્રીભક્તિધર્મના પુત્ર જે શ્રીહરિકૃષ્ણ મહારાજ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેનું જે આ સ્તોત્ર તે જે તે શ્રીહરિકૃષ્ણ મહારાજના હૃદગત અભિપ્રાયના જાણનારા જે શ્રીશતાનંદમુનિ તેમણે અગ્યાર શ્લોકે કરીને કર્યું છે. તે આ સ્તોત્રનો જે અર્થ તે સર્વે સાધુ તથા સર્વે હરિભક્તને રૂડી રીતે યથાર્થપણે સમજાય તે સારુ સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામીની આજ્ઞાએ કરીને શુકાનંદમુનિએ લખ્યો છે.

।। श्रीसहजानंदस्वामी प्रसन्नो भूयात् ।।

शुभं भवतु लेखकपाठकयोः ।
श्रीहरिकृष्णाय नमो नमः । श्रीः ।
।। संवत् १९१५ ना फागण वद-५ बुधवारे संपूर्ण ।।

।। એવી રીતે શ્રીશતાનંદમુનિ વિરચિત શ્રીધાર્મિકસ્તોત્રની શ્રીશુકાનંદમુનિ લિખિતા ગુજરાતી ટીકા સંપૂર્ણ ।।

વેદસ્તુતિ ટીકા

<u>ભૂમિકા</u>

આ વેદસ્તુતિ શ્રીમદ્‌ભાગવતમહાપુરાણ દશમસ્કંધ ઉત્તરાર્ધનાં અધ્યાય સત્યાશીમા આવે છે. તે અધ્યાયમાં કુલ ૫૦ શ્લોકો છે. તેમાં ૧૪ થી ૪૧ આ ૨૮ શ્લોકોમાં સ્વયં વેદોએ સ્તુતિરૂપે ભગવદ્‌મહિમા કહેલો છે. તેથી જ એ અધ્યાયનું ‘વેદસ્તુતિ’ એવું અન્વર્થ નામ પડ્યું છે.

શ્રીહરિએ વચનામૃતમાં પણ ભગવદ્‌મહિમાના પ્રસંગે વેદસ્તુતિના શ્લોકોનાં પ્રમાણો આપ્યાં છે. વળી, અખંડ શ્રીહરિની મૂર્તિમાં નિમગ્ન રહેનાર **યોગસમ્રાટ સદ્‌.શ્રીગોપાળાનંદસ્વામીએ આ વેદસ્તુતિ ઉપર ‘અન્વયાર્થ પ્રકાશિકા અને શ્રુત્યાર્થદીપિકા’ નામની બે ટીકાઓ રચી છે**. તેમાં બીજી ટીકાને આધારે દાસત્વમૂર્તિ વિદ્વદ્વર્ય સદ્‌.શ્રીશુકાનંદ સ્વામીએ આ વેદસ્તુતિની ગુજરાતીમાં ટીકા લખી છે. તે તેમના જ પ્રાસાદિક શબ્દોમાં માણીએ...

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



॥ श्रीहरिकृष्णाय नमो नमः ॥

અથ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સદ્.શ્રીશુકાનંદમુનિકૃત

વેદસ્તુતિ (ગુજરાતી ટીકા)

પરીક્ષિત ઉવાચ :

હવે પ્રથમ શુકજીએ પરીક્ષિત રાજા પ્રત્યે કહ્યું હતું જે, વેદ જે તે શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરે છે. તે વચનને પરીક્ષિત રાજા જે તે સંભારીને શુકજી પ્રત્યે પ્રશ્ન પૂછે છે.

ब्रह्मन् ब्रह्मण्यनिर्देश्ये निर्गुणे गुणवृत्तयः ।।
कथं चरन्ति श्रुतयः साक्षात् सदसतः परे ।।०१।।

હે બ્રહ્મન્ ! હે શુકજી ! અનિર્દેશ્ય કે'તાં અક્ષરપુરુષ, પ્રકૃતિપુરુષ અને વિરાટપુરુષ એ આદિક કોઈની ઉપમા જેને ન દેવાય એવા ને

નિર્ગુણ કે'તાં સત્ત્વ, રજ ને તમ એ જે માયાના ત્રણ ગુણ તેણે રહિત એવા ને સત્ જે સ્થૂળ ભાવે જુક્ત એવા પ્રકૃતિપુરુષાદિક ને અસત્ જે સૂક્ષ્મ ભાવે જુક્ત એવા અક્ષરબ્રહ્માદિક તે સર્વ થકી પર કે'તાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ચરિત્ર ને વિભૂતિયું તેણે કરીને એ સર્વથી અતિશય વિલક્ષણ એવા બ્રહ્મ જે અનંત કલ્યાણકારી દિવ્ય ગુણે જુક્ત એવા પરબ્રહ્મ વાસુદેવ શ્રીકૃષ્ણભગવાન તેને વિષે ગુણવૃત્તિ કે'તાં સર્વજ્ઞ, સત્યસંકલ્પાદિક જે એ ભગવાનના નિત્ય સિદ્ધ એવા દિવ્ય ગુણ તેમને વિષે છે વરતન જેમનું એવા, કે'તા એ ભગવાનના ગુણને પ્રતિપાદન કરતા એવા જે વેદ તે જે તે સાક્ષાત્પણે કેવી રીતે ગતિ કરે છે ? કે'તાં કેવી રીતે સાક્ષાત્પણે ભગવાનની સ્તુતિ કરે છે ? તે તમે મને કહો. ॥૧॥

શ્રીશુક ઉવાચ :

बुद्धीन्द्रियमनःप्राणान् जनानामसृजत् प्रभुः ।।
मात्रार्थं च भवार्थं च ह्यात्मने कल्पनाय च ।।०२।।

હવે મૂર્તિમાન એવા જે વેદ તે જે તે પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય મૂર્તિ ને સર્વના કારણ ને સર્વના સ્વામી એવા જે ભગવાન તેનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ચરિત્ર અને વિભૂતિ, તેમનું વર્ણન કરતા થકા ભગવાનની સ્તુતિ કરે છે. અને પ્રલયકાળને વિષે માયામાં લીન થયા જે જીવ તેમને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેની પ્રાપ્તિ થાય તેને અર્થે ભગવાનની પ્રાર્થના કરીને જગતની સૃષ્ટિને કરાવે છે. અને પોતે વેદ પણ ભગવાનની આજ્ઞાએ કરીને જીવોને ધર્માદિકનો બોધ કરે છે. એવી રીતે શુકજી જે તે રાજા પરીક્ષિત પ્રત્યે ઉત્તર કરે છે.

હે રાજન્ ! મૂર્તિમાન એવા જે વેદ તેમણે સ્તુતિ કરીને પ્રાર્થના કર્યા એવા જે અક્ષરધામના નિવાસી વાસુદેવ ભગવાન, તે જે તે પ્રલયને વિષે કારણ દેહે જુક્ત થકા માયામાં લીન થયા જે જીવ તેમને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેની પ્રાપ્તિ થાય તેને અર્થે પ્રકૃતિપુરુષ દ્વારા

મહત્તત્ત્વાદિકને ઉપજાવીને અને તે મહત્તત્ત્વાદિકે કરીને વિરાટપુરુષને ઉપજાવીને વિરાટપુરુષ દ્વારા તે સર્વે જીવોનાં બુદ્ધિ, ઈન્દ્રિયો, મન અને પ્રાણ તેમણે જુક્ત એવા જે સૂક્ષ્મ દેહ અને સ્થૂળ દેહ તેમને સૃજતા હવા. અને એ જીવોને ધર્માદિક ચાર પુરુષાર્થનો બોધ કરવાને અર્થે તે વિરાટપુરુષ દ્વારા વેદને પણ સૃજતા હવા. અને તે પછી તે વેદે કર્યો જે બોધ તેણે કરીને સર્વે જીવ જે તે પોતાના અધિકાર પ્રમાણે સાધન કરીને તે ધર્માદિક ચાર પુરુષાર્થને પામતા હવા ॥૨॥

सैषा ह्युपनिषद् ब्राह्मी पूर्वेषां पूर्वजैर्धृता ।।
श्रद्धया धारयेद् यस्तां क्षेमं गच्छेदकिंचनः ।।०३।।

અને હે રાજન્ ! એવી રીતે સર્વના કારણ ને સર્વના સુખના હેતુ ને પરમ દયાળુ એવા જે પરબ્રહ્મ શ્રીકૃષ્ણભગવાન, તેનું પ્રતિપાદન કરતી એવી જે આ વેદરૂપ સિદ્ધાંતવાણી, તે જે તે સર્વથી પ્રથમ ઊપજ્યા જે શિવજી ને મરિચ્યાદિક પ્રજાપતિ તેમનાથી પણ પ્રથમ ઊપજ્યા જે સનકાદિક તેમણે ધારણ કરી છે. કે'તાં સમ્યક પ્રકારે જાણી છે. અને જે પુરુષ શ્રદ્ધા જે વિશ્વાસે જુક્ત આદર તેણે કરીને તે વાણીને ધારે છે તે પુરુષ જે તે માયિક પંચવિષયની વાસનાએ રહિત નિષ્કામ થકો આત્યંતિક કલ્યાણને પામે છે.

अत्र ते वर्णयिष्यामि गाथां नारायणान्विताम् ।।
नारदस्य च संवादमृषेर्नारायणस्य च ।।०४।।

હવે એવી રીતે સંક્ષેપે કહીને એનો વિસ્તારે કરીને ઉત્તર કરવાને અર્થે ઈતિહાસને કહે છે. હે રાજન્ ! હું જે તે તારી આગળ આ પ્રશ્નના ઉત્તરને વિષે નારાયણ છે નામ જેનું એવા જે શ્રીકૃષ્ણભગવાન, તેના માહાત્મ્યે જુક્ત એવો જે ઈતિહાસ તેનું વર્ણન કરીશ. તે ઈતિહાસ કેવો છે ? તો નારદજી અને નારાયણઋષિ તેના સંવાદરૂપ છે; કે'તાં એ ઈતિહાસને વિષે એ બેનો સંવાદ છે. ॥૪॥

एकदा नारदो लोकान् पर्यटन् भगवत्प्रियः ।।
सनातनमृषिं दृष्टुं ययौ नारायणाश्रमम् ।।०५।।

હે રાજન્ ! એક સમયને વિષે ભગવાનને વહાલા એવા જે નારદજી, તે જે તે લોક પ્રત્યે ફરતા થકા સનાતન એવા જે નારાયણઋષિ તેમનાં દર્શન કરવાને અર્થે એ નારાયણઋષિનો આશ્રમ જે બદરિકાશ્રમ તે પ્રત્યે એ નારાયણની ઈચ્છાએ કરીને જાતા હવા. ॥૫॥

यो वै भारतवर्षेऽस्मिन् क्षेमाय स्वस्तये नृणाम् ।।
धर्मज्ञानशमोपेतमाकल्पादास्थितस्तपः ।।०६।।

અને એ જે નારાયણઋષિ તે જે તે પોતાના આશ્રિત એવા જે જન તેમને પોતાની એકાંતિકી ભક્તિને વિષે નિર્વિઘ્નપણું થાવાને અર્થે અને તે ભક્તિની વૃદ્ધિને અર્થે ધર્મ, જ્ઞાન ને ઉપશમ તેણે જુક્ત એવું જે તપ તેને કલ્પ સુધી આશર્યા છે; કે'તાં બ્રહ્માના કલ્પ પરજંત તપને કરે છે. ॥૬॥

तत्रोपविष्टमृषिभिः कलापग्रामवासिभिः ।।
परीतं प्रणतोऽपृच्छदिदमेव कुरुद्वह ! ।।०७।।

અને હે કુરુકુલને વિષે શ્રેષ્ઠ એવા પરીક્ષિત રાજન્ ! તે બદરિકાશ્રમને વિષે બેઠા અને કલાપ ગ્રામ જે એ બદરિકાશ્રમ તેના નિવાસી જે તનુ આદિક ઋષિ, તેમણે વીંટ્યા એવા જે નારાયણઋષિ તેને સાષ્ટાંગ નમસ્કાર કરતા એવા જે નારદજી તે જે તે હાથ જોડીને જે પ્રશ્નને તું પૂછે છે તે જ જે આ પ્રશ્ન તેને પૂછતા હવા. ॥૭॥

तस्मै ह्यवोचद् भगवानृषीणां शृण्वतामिदम् ।।
यो ब्रह्मवादः पूर्वेषां जनलोकनिवासिनाम् ।।०८।।

અને તે પછી ભગવાન એવા જે નારાયણઋષિ તે જે તે તનુ આદિક જે સર્વે ઋષિ, તે સાંભળતે સતે આ આગળ કહેશું એવું જે વચન

તેને બોલતા હવા. તે વચન કેવું છે ? તો જનલોકના નિવાસી એવા જે સનકાદિક તેમનો બ્રહ્મવાદ જે વાસુદેવ પરબ્રહ્મના સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ચરિત્ર, વિભૂતિનું યથાર્થપણે નિરૂપણ કરવું તે બ્રહ્મવાદરૂપ એવું એ વચન છે. ॥૮॥

શ્રીભગવાનુવાચ :

स्वायम्भुव ! ब्रह्मसत्रं जनलोकेऽभवत् पुरा ।।
तत्रस्थानां मानसानां मुनीनामूर्ध्वरेतसाम् ।।०९।।

હે બ્રહ્માના પુત્ર નારદજી ! પૂર્વે જનલોકને વિષે મુનિ જે સનકાદિ તેમને બ્રહ્મસત્ર જે બ્રહ્મયજ્ઞરૂપ એવો બ્રહ્મવાદ તે જે તે થાતો હવો. તે સનકાદિક કેવા છે ? તો તે જનલોકને વિષે રહ્યા છે ને બ્રહ્માના માનસિક પુત્ર છે ને ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી છે. ॥૯॥

श्वेतद्वीपं गतवति त्वयि दृष्टुं तदीश्वरम् ।।
ब्रह्मवादः सुसंवृत्तः श्रुतयो यत्र शेरते।।१०।।

અને હે નારદજી ! તમે કે'શો જે એ બ્રહ્મવાદ થયો ત્યારે હું ક્યાં ગયો હતો ? તો હું કહું છું જે, એવા સમયમાં તમે તો શ્વેતદ્વીપના પતિ જે વાસુદેવ ભગવાન તેનું દર્શન કરવાને અર્થે શ્વેતદ્વીપ પ્રત્યે ગયે સતે એ બ્રહ્મવાદ જે તે રૂડી રીતે પ્રવર્તતો હવો. જે બ્રહ્મવાદને વિષે શ્રુતિ જે વેદ તે જે તે લીન થાય છે, કે'તાં ભગવાનનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ચરિત્ર અને વિભૂતિ તેમના વર્ણનને કરતા જે વેદ તેનો અભિપ્રાય તે જે તે બ્રહ્મવાદને વિષે આવી જાય છે અને તે બ્રહ્મવાદને વિષે આ પ્રશ્ન જે તે થાતો હવો. જે પ્રશ્નને તમે જે તે હું પ્રત્યે પૂછો છો. ॥૧૦॥

तुल्यश्रुततपःशीलास्तुल्यस्वीयारिमध्यमाः ।।
अपि चक्रुः प्रवचनमेकं शुश्रूषवोऽपरे ।।११।।

અને તુલ્ય છે શાસ્ત્ર, તપ ને સ્વભાવ જેમનો એવા અને તુલ્ય છે મિત્ર, શત્રુ ને ઉદાસી જેમને એવા જે સનકાદિક તે જે તે સર્વે વક્તા

થાવાને યોગ્ય છે, તોપણ એક જે સનંદન તેને વક્તા કરતા હવા. અને બીજા ત્રણ જે સનક, સનાતન ને સનત્કુમાર એ સર્વે સાંભળવાને ઈચ્છતા થકા આ જ પ્રશ્નને પૂછતા હવા. અને આ પ્રશ્નને પૂછતા એવા જે એ ત્રણ તે પ્રત્યે સનંદન જે તે બોલતા હવા. ॥૧૧॥

स्वसृष्टमिदमापीय शयानं सह शक्तिभिः ।।
तदन्ते बोधयांचक्रुस्तल्लिङ्गैः श्रुतयः परम् ।।१२।।

હે સનત્કુમારાદિકો ! પ્રકૃતિપુરુષાદિકરૂપે કરીને પોતે સૃજ્યું એવું જે આ વિશ્વ, તેને પ્રકૃતિપુરુષ અને કાળ એ જે પોતાની શક્તિયું તેણે સહિત પોતાનું ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તેના તેજને વિષે લયને પમાડીને એ પ્રકૃતિપુરુષાદિકની જે સ્થિતિ પ્રવૃત્તિ તે થકી વિરામ પામ્યા એવા અક્ષરધામના નિવાસી દિવ્યમૂર્તિ જે સાક્ષાત્ વાસુદેવભગવાન તેને પ્રલયને અંતે મૂર્તિમાન એવા જે વેદ, તે જે તે તે ભગવાનનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ચરિત્ર ને વિભૂતિ તેમના વર્ણનને કરીને સ્તુતિ કરતા થકા પ્રાર્થના કરીને ભગવાનને જણાવતા હવા. કે'તાં પ્રકૃતિપુરુષાદિક દ્વારા સમગ્ર જગતની સૃષ્ટિ કરાવીને જીવોને ધર્મ, અર્થ, કામ ને મોક્ષ તેની પ્રાપ્તિ થાવાને અર્થે ભગવાનની સ્તુતિ કરતા થકા અને પ્રાર્થના કરતા થકા જણાવતા હવા. ॥૧૨॥

यथा शयानं सम्राजं बन्दिनस्तत्पराक्रमैः ।।
प्रत्यूषेऽभ्येत्य सुश्लोकैर्बोधयन्त्यनुजीविनः ।।१३।।

અને એને વિષે દૃષ્ટાંત કહીએ જે, જેમ સૂતો એવો જે ચક્રવર્તિ રાજા, તેને સેવક એવા જે બંદિજન તે જે તે પ્રભાત સમયને વિષે પામીને રૂડી છે કીર્તિ જેને વિષે એવાં જે તે રાજાના પરાક્રમ, તેણે કરીને સ્તુતિ કરતા થકા પ્રાર્થનાએ સહિત જગાડે છે ને સર્વ પ્રજાના સુખને અર્થે રાજ્ય કારજની પ્રેરણા કરે છે તેવી રીતે વેદ પણ કરતા હવા. ॥૧૩॥

कोकिलवृत्तम् :

जय जय जह्यजामजित दोषगृभीतगुणां ।
त्वमसि यदात्मना समवरुद्धसमस्तभगः ।।
अगजगदोकसामखिलशक्त्यवबोधक ते ।
क्वचिदजयाऽऽत्मना च चरतोऽनुचरेन्निगमः ।।१४।।

હે અજીત ! કે'તાં કાળમાયાદિક કોઈથી જીતાઓ નહિ એવા અને પુરુષ, કાળ, માયા ને મહત્તત્ત્વાદિક એ સમગ્રની શક્તિના પ્રકાશ કરનારા હે ભગવન્ ! તમે જે તે જયકારી પ્રવર્તો જયકારી પ્રવર્તો. કે'તાં તમારો જે સર્વથી ઉત્કર્ષપણે વરતતો એવો મહિમા, તેને પ્રગટ કરતા થકા પુરુષ, કાળ ને માયાદિકે કરીને બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરો.

અને દોષરૂપ એવા ગ્રહણ કર્યા છે સત્ત્વ, રજ ને તમ એ ત્રણ મલિન ગુણ જેના છે એવી જે સ્થાવર-જંગમ દેહવાળા જીવોની માયા તેને નાશ પમાડો. કે'તાં તમે અવતારનું ગ્રહણ કરીને ને તમારા સ્વરૂપનું સાક્ષાત્ જ્ઞાન તે એ જીવોને કરાવીને અને એ જીવોને અનાદિમાયાનું બંધન છે તેને ટાળીને એમનો મોક્ષ કરો. તથા ધર્મ, અર્થ, કામને પણ પમાડો.

અને તમે કેવા છો ? તો સ્વતઃ સિદ્ધપણે કરીને રહ્યું છે સમગ્ર દિવ્ય અસાધારણ ઐશ્વર્ય જેમને વિષે એવા છો. તે માટે તમે જે તે સર્વ કારજ કરવાને સમર્થ છો. તે કારણપણા માટે ક્યારેક અનંત બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના સમયને વિષે માયાએ કરીને વર્તતાં, કે'તાં માયાના ત્રણ ગુણે જુક્ત એવા જે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ એ રૂપે કરીને વર્તતા, અને 'આત્મના' કે'તાં સ્વયં વાસુદેવરૂપે વર્તતા એવા જે તમે, તે તમારી કેડે વેદ જે તે પ્રવર્તે. કે'તાં એ ચતુર્વ્યૂહ એવા જે તમે તે તમારું અમે વેદ જે તે સર્વકારણપણે પ્રતિપાદન કરીએ. ॥૧૪॥

बृहदुपलब्धमेतदवयन्त्यवशेषतया ।
यत उदयास्तमयौ विकृतेर्मृदिवाविकृतात् ।।
अतऋषयो दधुस्त्वयि मनोवचनाचरितम् ।
कथमयथा भवन्ति भुवि दत्तपदानि नृणाम् ।।१५।।

અને હે ભગવન્ ! તમારા સ્વરૂપને યથાર્થ માહાત્મ્યે સહિત જાણનારા જે તમારા જ્ઞાની ભક્ત, તે જે તે પરબ્રહ્મ એવા જે આ સાક્ષાત્ દિવ્ય મૂર્તિ અક્ષરધામના નિવાસી તમે, તે તમને આ પ્રલય સમયને વિષે તો પુરુષપ્રકૃતિ આદિક સર્વથી વ્યતિરેકપણે જાણે છે. અને ઉત્પતિ સમયને વિષે તો વ્યતિરેક થકા જ પુરુષને વિષે અન્વયપણે વર્તતા અને વિકારે રહિત એવા જે તમે, તે તમારી દૃષ્ટિ થકી વિચિત્રપણાને પામી એવી જે પ્રકૃતિ, તેને વિષે પ્રકૃતિને વિચિત્રપણે જુક્ત એવું જે વિશ્વ તેની ઉત્પતિ, સ્થિતિ, પ્રલય તે થાય છે. કેની પેઠે ? તો જેમ કુલાલ થકી વિચિત્રપણાને પામતી એવી જે પૃથ્વી, તેને વિષે પૃથ્વીને વિચિત્રપણે જુક્ત એવા જે ઘટાદિક તેની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે.

એવી રીતે તે જ્ઞાનીભક્ત જાણે છે. અને જે માટે એવી રીતે તમને સર્વના કારણ જાણે છે એ કારણપણા માટે તે ભક્ત જે તે પોતાનાં મન, વચન ને દેહનું જે આચરણ તે તમારે વિષે ધરે છે. કે'તાં મને કરીને તમારું ધ્યાન કરે છે ને વચને કરીને તમારા ગુણ, ચરિત્રનું કીર્તન કરે છે ને દેહે કરીને તમારું દાસપણું કરે છે. અને વળી એ ભક્ત જેને ક્યારેક જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તાપણે કરીને પુરુષ, કાળ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ એમનું જે પ્રતિપાદન કરે છે તે પણ એ સર્વના કારણ જે તમે, તે તમારું એમને વિષે અન્વયપણે કરીને પ્રેરક પ્રવર્તકપણું જાણીને જ કરે છે. તે માટે જેમ પર્વત, વૃક્ષ, પાષાણાદિકને વિષે મનુષ્ય તેમણે ધારણ કર્યાં જે પોતાનાં પગલાં, તે પૃથ્વીને વિષે ધારણ કર્યાં કેમ ન કે'વાય ? એ તો પૃથ્વીને વિષે ધારણ કર્યાં જ કે'વાય. તેમ એ પુરુષાદિકનું પ્રતિપાદન છે તે તમારું જ છે. ॥૧૫॥

इति तव सुरयस्त्र्यधिपतेऽखिललोकमल ।
क्षपणकथामृताब्धिमवगाह्य तपांसि जहुः ।।
किमुत पुनः स्वधामविधुताशयकालगुणाः ।
परम भजन्ति ये पदमजस्रं सुखानुभवम् ।।१६।।

અને હે ત્ર્યધિપતે ! કે'તાં ત્રણ જે પુરુષ, કાળ ને પ્રકૃતિ તથા અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ તથા બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ સર્વેના અધિપતિ એવા સર્વનિયંતા હે પરમપુરુષ પુરુષોત્તમ ! હે ભગવન્ ! એવી રીતે તમને સર્વકારણ જાણીને શિવ, બ્રહ્માદિક જે પ્રવૃત્તિ ધર્મવાળા તમારા ભક્ત, તે જે તે સમગ્ર લોકના દુઃખમાત્રને નાશ પમાડે એવી જે તમારા અવતાર, ગુણ, ચરિત્રની કથા, તે રૂપ જે અમૃતનો સમુદ્ર તેનું સેવન કરીને કે'તાં તેનું આદરે સહિત શ્રવણ કરીને અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એ જે ત્રણ પ્રકારના તાપ તેમનો ત્યાગ કરતા હવા.

અને એવી રીતે સર્વના કારણ એવા જે તમે તે તમારા યથાર્થ માહાત્મ્યજ્ઞાને કરીને ઉત્પન્ન થયું જે વૈરાગ્યે સહિત જ્ઞાન તેણે કરીને ટાળી નાંખ્યા છે અંતઃકરણના ગુણ જે દેહ-દૈહિક પદાર્થને વિષે રાગ-દ્વેષાદિક ને કાળના ગુણ જે શીત-ઉષ્ણાદિક ને જરા-મરણાદિક તે જેમણે, એવા જે નિવૃત્તિ ધર્મવાળા તમારા એકાંતિક ભક્ત, તે જે તે નિરંતર સુખનો છે અનુભવ જેને વિષે એવા જે તમારાં ચરણકમળ તેને ભજે છે.

કે'તાં તમારા ચરણકમળનું સેવન કરે છે. અને એવી રીતે ભજનારા જે એ એકાંતિક ભક્ત, તે જે તે ત્રણ પ્રકારના તાપનો ત્યાગ કરે એમાં શું કે'વું ? એમને તો લેશમાત્ર પણ તાપ હોય જ નહીં. કેમ જે, નિરવધિકાતિશય એવા આનંદના સમુદ્રરૂપ જે સાક્ષાત્ તમે, તે તમને એ એકાંતિક ભાવે ભજે છે. ॥૧૬॥

दृतय इव श्वसन्त्यसुभृतो यदि तेऽनुविधा ।
महदहमादयोऽण्डमसृजन् यदनुग्रहतः ॥
पुरुषविधोऽन्वयोऽत्र चरमोऽन्नमयादिषु यः ।
सदसतः परं त्वमथ यदेष्ववशेषमृतम् ॥१७॥

અને હે ભગવન્ ! પ્રાણધારી એવા જે જન તે જે તે એવી રીતે જો તમને ભજે છે તો તો એ સફળ જીવનવાળા છે. અને જો તમને નથી ભજતા તો ધમણની પેઠે વૃથા શ્વાસવાળા છે. કે'તાં નિષ્ફળ જીવનવાળા છે. અને પુરુષની દૃષ્ટિએ કરીને પ્રકૃતિ થકી ઊપજ્યાં જે મહત્તત્ત્વ ને અહંકારાદિક તત્ત્વ, કે'તાં તત્ત્વના અભિમાની દેવતા તે જે તે જે તમારા અનુગ્રહ થકી ભેળા થઈને અને બળ, ઐશ્વર્યને પામીને બ્રહ્માંડને સૃજતા હવા.

અને અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચને વિષે છેલા જે આનંદમય તે તમે છો. અને અન્નમય, પ્રાણમય ને મનોમય એ ત્રણ રૂપ તો જીવનાં સ્થૂળ ને સૂક્ષ્મ એવાં શરીર છે. અને વિજ્ઞાનમયરૂપ તો કારણ દેહે જુક્ત એવા જાણપણે સહિત જીવાત્મા છે. અને એ ત્રણ શરીરે જુક્ત એવા જે જીવાત્મા તેમને યથાયોગ્ય કર્મફળને આપવાને અર્થે એમને વિષે અંતર્યામીરૂપે અન્વય પામ્યા અને નિરવધિકાતિશય આનંદરૂપ ને સદા દ્વિભુજ પુરુષાકાર દિવ્ય મૂર્તિ એવા આ તમે સાક્ષાત્ પરબ્રહ્મ છો.

અને તે તમે કેવા છો ? તો સત્ જે મહત્તત્ત્વાદિક કાર્ય અને અસત્ જે પુરુષ, કાળ ને માયા એ આદિક કારણ તે સર્વે થકી સ્વરૂપ, સ્વભાવાદિકે કરીને વિલક્ષણ છો ને એ સર્વેને પ્રવર્તાવનારા છો ને એ સર્વેના નિયંતા છો. ને પ્રલયકાળને વિષે એ સર્વે અદૃશ્યપણાને પામે ત્યારે તમે જ એક વ્યતિરેક થકા અવશેષપણે પોતાના અક્ષરધામને વિષે પોતાના પાર્ષદે સહિત રહો છો. તે આ તમે પરમ સત્યસ્વરૂપ છો. ॥૧૭॥

उदरमुपासते य ऋषिवर्त्मसु कूर्पदृशः ।
परिसरपद्धतिं हृदयमारुणयो दहरम् ।।
तत उदगादनन्त तव धाम शिरः परमं ।
पुनरिह यत् समेत्य न पतन्ति कृतान्तमुखे ।।१८।।

અને હે અનંત ! કે'તાં અનંત મહિમાએ જુક્ત એવા જે હે ભગવન્ ! ઋષિએ કહ્યા જે ઉપાસનાના માર્ગ તેમને વિષે જે ઋષિ જે તે સ્થૂળ દૃષ્ટિવાળા છે ને તમારા યથાર્થ માહાત્મ્યને નથી જાણતા. માટે તમારી મૂર્તિ સંબંધિ આનંદની આગળ અતિશય અલ્પ એવું જે તમારું સગુણ ઐશ્વર્ય તેને પામવાને ઇચ્છતા થકા આ બ્રહ્માંડને અંતર્વર્તી એવા જે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ આદિક તમારાં સગુણરૂપ તેમની ઉપાસના કરે છે ને તેથી સગુણ ઐશ્વર્યને પામે છે.

અને એ થકી સૂક્ષ્મ દૃષ્ટિવાળા જે અરુણમુનિના શિષ્ય એવા જે ઋષિ છે તે પણ તમારા યથાર્થ માહાત્મ્યને નથી જાણતા. માટે તમારી મૂર્તિ સંબંધિ આનંદની આગળ તો અતિશય અલ્પ એવું જે તમારું નિર્ગુણ ઐશ્વર્ય તેને પામવાને ઇચ્છતા થકા સર્વ નાડિયુંને નીસરવાના સ્થાનકરૂપ એવું જે હૃદય તે પ્રત્યે રહ્યું અને બ્રહ્માદિક ઈશ્વર ને બીજા સર્વે જીવ તેમને વિષે અંતર્યામીરૂપે વર્તતું ને અતિ સૂક્ષ્મ એવું જે તમારું નિર્ગુણ ઐશ્વર્યરૂપ અક્ષરબ્રહ્મ તેની ઉપાસના કરે છે.

અને તમારું શ્રેષ્ઠ ધામરૂપ એવું જે એ અક્ષરબ્રહ્મ તે જેતે હૃદયથી લઈને મસ્તક પ્રત્યે બ્રહ્મરંધ્રમાં રહી જે સુષુમ્ણા નાડી તેને પામતું હવું. અને એ તમારા ધામની ઉપાસનાના કરનારા જે ઋષિ તે જે તે એ ધામને એકાત્મપણે પામીને પાછા કાળના મુખરૂપ એવો જે આ સંસાર તેને વિષે નથી પડતા. કે'તાં પુનરાવૃત્તિને નથી પામતા. એવી રીતે પ્રથમ કહ્યા જે સગુણ ઐશ્વર્ય પામવાને ઇચ્છતા એવા ઐશ્વર્યાર્થી અને બીજા નિર્ગુણ ઐશ્વર્ય પામવાને ઇચ્છતા એવા કૈવલ્યાર્થી એ બે પ્રકારના જે તમારા ભક્ત, તે જે તે તમારા એ બે પ્રકારના ઐશ્વર્યને જ પામે છે,

પણ અક્ષરધામને વિષે રહ્યા ને એવાં અનંત ઐશ્વર્ય તો જેના સંકલ્પમાત્રે કરીને ઉત્પન્ન થાય છે એવા નિરવધિકાતિશય આનંદમૂર્તિ જે આ સાક્ષાત્ તમે તે તમારી સેવાને નથી પામતા. ॥૧૮॥

स्वकृतविचित्रयोनिषु विशन्निव हेतुतया ।
तरतमतश्चकास्स्यनलवत् स्वकृतानुकृतिः ॥
अथ वितथास्वमूष्ववितथं तव धाम समं ।
विरजधियोऽन्वयन्त्यभिविप[१]ण्यव एकरसम् ॥१९॥ (१.ष)

અને હે ભગવન્ ! તમે તેણે પ્રકૃતિપુરુષ દ્વારા જીવોના કર્મને અનુસારે સૃજ્યાં છે ઉચ્ચ, મધ્યમ ને નીચ એવાં નાના પ્રકારના દેવ, મનુષ્ય, પશુ આદિક દેહ તે જેમનાં એવા જે સર્વે જીવ તેમને વિષે તમે જે તે કારણપણે કરીને પ્રવેશ કરતા થકા જ કે'તાં વ્યતિરેકપણે રહ્યા થકા જ અંતર્યામીરૂપ જે અક્ષરબ્રહ્મ તે રૂપે અન્વયપણે વર્તતા થકા ને તે જીવોને સમાન આકાર હોય નહીં શું ! એવા થયા થકા ન્યૂન-અધિકભાવે કરીને એ સર્વે જીવોને પ્રકાશ કરો છો. કે'તાં યથાયોગ્ય એમને કર્મફળ પમાડતા થકા એ સર્વેને નિયમમાં રાખો છો.

કેની પેઠે ? તો જેમ અગ્નિ જે તે કાષ્ટને વિષે પ્રવેશ કરતો થકો કાષ્ટના સમાન આકારપણાને પામ્યો હોય નહીં શું ! એવી રીતે ન્યૂન-અધિકભાવે કરીને પ્રકાશ કરે છે; તેમ તમે પ્રકાશ કરો છો. અને એ જીવોના જે દેહ તે નાશ પામતે સતે નાશ ન પામતું ને એક આનંદરૂપ છે સ્વાદ જેને વિષે એવું ને સમ કે'તાં જે જીવે જેવું કર્મ કર્યું હોય તેને અનુસારે સમપણે ફળ પમાડતું પણ વિષમભાવને ન કરતું એવું અંતર્યામીરૂપ જે તમારું ધામ અક્ષરબ્રહ્મ, તેને નિર્મળ બુદ્ધિવાળા અને સર્વ પ્રકારે ત્યાગ કર્યા છે માયિક ફળપ્રાપ્તિના વ્યવહાર તે જેમણે, એવા જે કૈવલ્યાર્થી તમારા ભક્ત તે જે તે પામે છે. કે'તાં એ અક્ષરબ્રહ્મના સુખને એકાત્મકપણે અનુભવે છે. ॥૧૯॥

स्वकृतपुरेष्वमीष्वबहिरन्तरसंवरणम् ।
तव पुरुषं वदन्त्यखिलशक्तिधृतोंऽशकृतम् ।।
इति नृगतिं विविच्य कवयो निगमावपनं ।
भवत उपासतेऽङ्घ्रिमभवं भुवि विश्वसिताः ।।२०।।

અને હે ભગવન્ ! મહામાયાનો અધિષ્ઠાતા એવો જે મહાપુરુષ, તેણે તે માયા દ્વારે ઉત્પન્ન કર્યાં એવાં પુર જે અનંત પ્રધાનપુરુષ તથા અનંત મહત્તત્ત્વાદિક તત્ત્વ તથા અનંત વિરાટપુરુષ, એમને વિષે પોતાને સામર્થ્યે કરીને એમના કાર્યની સિદ્ધિને અર્થે પ્રવેશ કરીને રહ્યો તથા માંહી ને બાહર કોઈ પ્રકારના આવરણે રહિત એવો જે એ પુરુષ તેને તમારા યથાર્થ માહાત્મ્યના જાણનારા જે તમારા જ્ઞાની નામે એકાંતિક ભક્ત, તે જે તે કાળ, માયા, પુરુષ તથા અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ તથા અક્ષરધામ ને એ ધામમાં રહ્યા એવા અક્ષરરૂપ તમારા પાર્ષદ એ આદિક સમગ્ર જે અનંત શક્તિયું તેના ધરનારા કે'તાં એમના અધિપતિ નિયંતા એવા જે તમે, તે તમારા ઐશ્વર્યનો જે અંશ તેણે કર્યો છે. કે'તાં તમારા ઐશ્વર્યના લેશે કરીને એવા સામર્થ્યને પામ્યો છે, એવી રીતે એ પુરુષને કહે છે.

અને એવી રીતે જે પુરુષની ગતિ જે સામર્થ્યની પ્રાપ્તિ તેને વિચારીને તે તમારા યથાર્થ માહાત્મ્યના જાણનારા જે તમારા એકાંતિક ભક્ત, તે જે તે તમારે વિષે એવા દૃઢ વિશ્વાસને પામ્યા થકા પૃથ્વીને વિષે વિચરતા એવા જે સાક્ષાત્ તમે, તે તમારા ચરણકમળની જ ઉપાસના કરે છે. ને સગુણ-નિર્ગુણ ઐશ્વર્યરૂપ ફળને ન ઇચ્છતા થકા કેવળ તમારી સેવાને જ પામે છે. તે તમારાં ચરણકમળ કેવાં છે ? તો નિગમ જે અમે વેદ તેમણે કહ્યાં જે યજ્ઞાદિક કર્મ તેમને અર્પણ કરવાના સ્થાનકરૂપ એવાં છે. કે'તાં એ કર્મને કરીને એને વિષે અર્પણ કર્યાં હોય તો એ કર્મનું જે અક્ષય ને અપરિમિત ફળ તેને આપનારું છે. અને ભવ જે જન્મ-મૃત્યુના ભયે જુક્ત એવો સંસાર તેની નિવૃત્તિ કરનારું છે. ॥૨૦॥

दुरवगमात्मत्त्वनिगमाय तवात्ततनो ।
श्चरितमहामृताब्धिपरिवर्तपरिश्रमणाः।।
न परिलषन्ति केचिदपवर्गमपीश्वर ! ते ।
चरणसरोजहंसकुलसंगविसृष्टगृहाः।।२१।।

અને તે ઈશ્વર કે'તાં સર્વના નિયંતા એવા પરમેશ્વર, જીવ તેમણે કોઈ પ્રકારે કરીને પમાય નહિ એવું જે તમારું આ સ્વરૂપ, તેને સાક્ષાત્‌પણે જણાવવાને અર્થે ગ્રહણ કરી છે તનુ જેણે એવા, કે'તાં તમારો જે અપરિમિત પ્રકાશ ને ઐશ્વર્યાદિક તેનો પરમ કૃપાએ કરીને ભક્તજનના સુખને અર્થે સંકોચ કરીને દેવ-મનુષ્યાદિકને સમાનપણે અનેક અવતારનું ધારણ કરતા એવા જે તમે, તે તમારા ચરિત્રરૂપ જે મોટો અમૃતનો સમુદ્ર તેને વિષે જે સ્નાન કરવું, કે'તાં તે ચરિત્રને આદરે જુક્ત ને માહાત્મ્યે જુક્ત જે સાંભળવાં ને કહેવાં ને એનું ચિંતવન કરવું તેણે કરીને ટળી ગયાં છે સંસાર સંબંધી સમગ્ર દુઃખ જેમનાં, એવા જે કેટલાક તમારા એકાંતિક ભક્ત, તે જે તે તમારા ચરણકમળને વિષે હંસની પેઠે રમતાં કે'તાં ચરણકમળની ભક્તિને વિષે આસક્ત એવા જે પરમહંસ તેમનાં જે મંડળ તેના સમાગમે કરીને ત્યાગ કર્યાં છે ઘર જેમણે એવા થકા મોક્ષને પણ નથી ઈચ્છતા. કે'તાં બ્રહ્મભાવને પામ્યા થકા પણ પરબ્રહ્મ જે સાક્ષાત્ તમે તે તમારી પ્રેમે જુક્ત સેવાને કરે છે. ॥૨૧॥

त्वदनुपथं कुलायमिदमात्मसुहृत्प्रियवत् ।
चरतितथोन्मुखेत्वयिहितेप्रियआत्मनिच ।।
न बत रमन्त्यहो असदुपासनयात्महनो ।
यदनुशया भ्रमन्त्युरुभये कुशरीरभृतः ।।२२।।

અને હે ભગવન્ ! તમારી સેવા કરવાના ઉપયોગમાં આવે એવું જે આ મનુષ્ય શરીર, તે જે તે આ જીવને આત્માની પેઠે, સુહૃદની પેઠે ને પ્રિયની પેઠે વર્તે છે. કે'તાં પોતે જેમ ઈષ્ટ સાધનમાં પ્રવર્તે તેમ એ શરીર પણ પ્રવર્તે, તેને મિત્રની પેઠે સહાય કરે ને પ્રિયની પેઠે પ્રેર્યા

વિના પણ હિતને કરે, એવી રીતે સર્વ પ્રકારે સ્વાધીનપણે વર્તે એવું એ શરીર છે; તોપણ જે પુરુષ અસત્ પુરુષના પ્રસંગે કરીને દેહને સ્ત્રી-પુત્રાદિકને વિષે અહંમમત્વે જુક્ત થકા તમારે વિષે નથી રમતા. કે'તાં તે શરીરે કરીને તમારી નવધા ભક્તિને નથી કરતા, એનું તો અમારા મનમાં આશ્ચર્ય થાય છે.

અને તમે કેવા છો ? તો કૃપાએ કરીને અવતાર ધારીને એ જીવને પોતાનો આશ્રય કરાવીને એનું કલ્યાણ કરવાને અર્થે સન્મુખ થયા છો. અને ઉપદેશ કરીને એનું સર્વ પ્રકારે હિત કરો એવા છો. અને એને તમારે વિષે પ્રેમ થાય તેવા આચરણને કરો છો. ને એના આત્માના પણ આત્મા એવા પરમાત્મા છો. અને આવા જે તમે તે તમારી ભક્તિને ન કરતા એવા જે એ પુરુષ તે જે તે આત્મઘાતી છે. કે'તાં પોતાના ભૂંડાના કરનારા પોતે જ છે. અને તે અસત્ પુરુષનો જે પ્રસંગ ને માયિક વિષય સુખની પ્રાપ્તિને અર્થે દેહાદિકને વિષે જે અહં-મમત્વ તેની છે વાસના જેમને એવા જે એ પુરુષ, તે જે તે અતિ કુચ્છિત એવાં જે શ્વાન, શુકરાદિકનાં શરીર તેનું વારંવાર ધારણ કરતા થકા ઘણોક છે ભય જેને વિષે એવો જે સંસાર તેને વિષે ભમે છે. અને એવા પુરુષને જોઈને અમારા મનમાં દયાએ કરીને બહુ ખેદ થાય છે. ॥૨૨॥

निभृतमरून्मनोक्षदृढयोगयुजो हृदि यत् ।
मुनय उपासते तदरयोऽपि ययुः स्मरणात् ।।
स्त्रिय उरगेन्द्रभोगभुजदण्डविषक्तधियो ।
वयमपि ते समाः समदृशोंऽघ्रिसरोजसुधाः ।।२३।।

હવે આ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ ત્રણે કાળને વિષે નિરંતર એ અક્ષરધામના નિવાસી જે પુરુષોત્તમ ભગવાન, તેની સેવાને વિષે વર્તતા ને સ્તુતિને કરતા એવા જે વેદ, તે જે તે એમ કે' છે જે, સૃષ્ટિ થયા મોરે જે અક્ષરધામમાં ભગવાન હતા તે જ હમણે

સ્થિતિ સમયમાં આ વસુદેવના પુત્ર સાક્ષાત્ શ્રીકૃષ્ણભગવાન છે. એવી રીતે જણાવતા થકા ને એ ભગવાનનું જે અતિ દયાળુપણું તેનું વર્ણન કરતા થકા સ્તુતિ કરે છે.

હે ભગવન્ ! માયિક પંચવિષય થકી નિયમમાં કર્યાં છે પ્રાણ, મન ને ઇન્દ્રિયો તે જેમણે એવા, અને દૃઢ યોગ જે નિશ્ચલ સમાધિ તેને કરતા એવા જે તમારા ભક્ત મુનિ, તે જે તે પોતાના હૃદયને વિષે જે તમારા સ્વરૂપની ઉપાસના કરે છે. કે'તાં એકાગ્રચિત્તે કરીને સેવે છે. અને અરિ જે શિશુપાલાદિક તે પણ વૈરે કરીને કર્યું જે તમારું અતિશય સ્મરણ, તે થકી તે જ તમારા સ્વરૂપને પામતા હવા. અને ઉરગેંદ્ર જે મોટો સર્પ તેના શરીર સરખા કોમળ જે તમારા ભુજદંડ, તેના સ્પર્શને વિષે આસક્ત થઈ છે બુદ્ધિ જેમની એવી સ્ત્રિયું જે ગોપિયું, તે જે તે કામભાવે કરીને કર્યું જે તમારું અતિશય સ્મરણ, તે થકી તે જ તમારા સ્વરૂપને પામતી હવિયું.

અને આ તમારાં જે ચરણકમળ તેને રૂડી પ્રકારે ધારતા. કે'તાં નિરંતર તમારા ચરણકમળની સેવાને વિષે વર્તતા એવા જે અમે વેદ તથા મુનિ આદિક જે ત્રણ એ સર્વે જે તે સમદૃષ્ટિવાળા જે તમે, તે તમારે સમ છીએ. કે'તાં તમારે વિષે અતિશય દયાળુપણું છે ને ગુણ ગ્રાહકપણું છે, માટે અમને જેમ પોતાના ભક્ત જાણીને અનુગ્રહ કરો છો તેવી રીતે તે સર્વે પણ તમારે અનુગ્રહ કરવા યોગ્ય છે. ॥૨૩॥

क इह नु वेद वतावरजन्मलयोऽग्रसरम् ।
यत उरमादृषिर्यमनु देवगणा उभये ।।
तर्हि न सन्न चासदुभयं न च कालजवः ।
किमपि न तत्र शास्त्रमवकृष्य शयीत यदा ।।२४।।

અને હે ભગવન્ ! આ પુરુષોત્તમ એવા જે તમે, તે તમ થકી પ્રકૃતિના અધિષ્ઠાતા જે પુરુષ, તે જે તે સર્વથી પ્રથમ ઊપજતા હવા. કે'તાં એ પુરુષ જે તે તમારી ઇચ્છાએ કરીને અક્ષરબ્રહ્મના તેજ થકી

પૃથક જણાતા થકા તમ થકી સામર્થ્યને પામીને બ્રહ્માંડોને સૃજવાને અર્થે પ્રકૃતિ સામું જોવાને વિષે તત્પર થાતા હવા. અને પ્રકૃતિ સામું એ પુરુષે જોયા પછી બે પ્રકારના દેવ ગણ જે મહત્તત્ત્વાદિકરૂપ અને વિરાટપુરુષાદિકરૂપ તે જે તે પ્રકૃતિ દ્વારા ઊપજતા હવા.

અને જ્યારે તમે જે તે એ પ્રકૃતિપુરુષને અક્ષરબ્રહ્મના તેજમાં લીન કરીને સૂવો છો. કે'તાં પ્રતિલોમ દષ્ટિએ કરીને એ પુરુષ પ્રકૃતિની સ્થિતિ-પ્રવૃત્તિની પ્રેરણા થકી વિરામ પામો છો. ત્યારે અસત્ કે'તાં સૂક્ષ્મભાવે જણાતા જે મહત્તત્ત્વાદિક તે નથી રહેતા. તથા સત્ કે'તાં સ્થૂળભાવે જણાતાં એવાં જે પૃથ્વી આદિક તે પણ નથી રહેતાં. તથા એ સૂક્ષ્મ, સ્થૂળ થકી થયા જે વિરાટપુરુષાદિક તે પણ નથી રહેતા. અને એ સર્વેના ક્ષોભનો કારણ એવો જે કાળનો વેગ તે પણ નથી રહેતો. અને જે કાંઈ પ્રકૃતિનું કારજમાત્ર તે નથી રહેતું. ને એ સર્વેનું પ્રતિપાદન કરનારું શાસ્ત્ર જે અમારી વાણીરૂપ વેદાદિક ગ્રંથ તે પણ નથી રહેતા.

એવી રીતે અગ્રેસર કે'તાં પ્રકૃતિપુરુષ થયા મોરે પણ વિરાજમાન ને પ્રકૃતિપુરુષ લીન થયા પછી પણ વિરાજમાન એવા જે આ સાક્ષાત્ તમે પુરુષોત્તમ ભગવાન, તેને એ ઉત્પત્તિ, પ્રલય થયા પછી છે જન્મ ને લય તે જેનો, એવો એ જગતને વિષે કોણ પુરુષ છે ? તે જાણે કોઈ પણ તમને જાણી શકતો નથી. અને જ્યારે તમે કૃપા કરીને દેવ મનુષ્યાદિકને વિષે અવતાર ધારો ત્યારે તો તમારા સાધુના સમાગમે કરીને તમને સાક્ષાત્પણે જાણે છે, ને તમારી ભક્તિ કરીને તમારા ધામને પામે છે. ॥૨૪॥

जनिमसतः सतो मृतिमुतात्मनि ये च भिदां ।
विपणभृतं स्मरन्त्युपदिशन्ति त आरुपितैः ।।
त्रिगुणमयः पुमानिति भिदा यदबोधकृता ।
त्वयि न ततः परत्र स भवेदवबोधरसे ।।२५।।

અને હે ભગવન્ ! સર્વના કારણ અને સર્વજનને અગોચર ને સદા દિવ્યમૂર્તિ એવા જે તમે, તે તમારો પોતાના ભક્તજનને સુખ દેવાને અર્થે અને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવીને જીવનાં કર્મબંધન ટાળવાને અર્થે પરમ દયાએ કરીને દેવ-મનુષ્યાદિકને વિષે જે અલૌકિક દિવ્ય જન્મ તેને જે પુરુષ જે તે બીજા કર્માધીન જીવના જેવો કહે છે. અને કૃપાએ કરીને સર્વ જનના નેત્રને ગોચરપણાને પામ્યા એવા સત્ય મૂર્તિ જે તમે, તે જે કાર્યને અર્થે પ્રગટ થયા હો તે સંપૂર્ણ કરીને પોતાની ઈચ્છાએ નટની પેઠે અંતર્ધાન થયા જે તમે, તે તમારું બીજા કર્માધીન જીવના જેવું મરણ કહે છે.

અને દિવ્ય થકા મનુષ્યભાવે વર્તતા અને મનુષ્ય થકા દિવ્યભાવે વર્તતા એવા જે સાક્ષાત્ પરમાત્મા તમે, તે તમારે વિષે ભેદને કહે છે. અને શ્રવણ-કીર્તનાદિકે કરીને મોક્ષનું પમાડનારું એવું સત્યરૂપ જે તમારું મનુષ્યભાવે જુક્ત દિવ્ય ચરિત્ર, તેને બીજા કર્માધીન જીવના લૌકિક વ્યવહાર જેવું કહે છે. એવી રીતે કહેનારા જે પુરુષ તેમણે પોતાની બુદ્ધિએ કરીને કલ્પ્યા એવા જે ભ્રમ તેમણે કરીને એ પુરુષ એવી રીતે બીજા પ્રત્યે ઉપદેશ પણ કરે છે.

અને એ પુરુષની બુદ્ધિમાં એવો ભ્રમ શાણે કરીને થયો છે ? તો એમની સમજણ એમ છે જે, અમે જેવા સત્ત્વાદિક ત્રણ ગુણાત્મક છઈએ તેવા આ ભગવાન પણ ત્રણ ગુણાત્મક છે. એવી રીતની સમજણે કરીને થયો જે એ ભ્રમરૂપ ભેદ, તે જે તે કૃપાએ કરીને મનુષ્યરૂપે વિચરતા એવા દિવ્ય મૂર્તિ જે તમે, તે તમારા સ્વરૂપનું જે એ પુરુષને અજ્ઞાન જે, યથાર્થ જ્ઞાન નહિ તેણે કહ્યો છે કે'તા અજ્ઞાને કરીને થયો છે તે માટે ત્રણ ગુણ થકી ને માયા થકી પર ને જ્ઞાનઘન મૂર્તિ એવા જે સાક્ષાત્ તમે, તે તમારે વિષે એ ભ્રમ નથી ઘટતો. ને તમારું જે જન્મ-ચરિત્ર તે દિવ્ય છે ને નિર્ગુણ છે ને કલ્યાણરૂપ છે ને જે જે તમારા સાક્ષાત્ સંબંધને પામે છે તે સર્વે પણ નિર્ગુણ થાય છે. ॥૨૫॥

सदिव मनस्त्रिवृत्त्वयि विभात्यसदामनुजात् ।
सदभिमृशन्त्यशेषमिदमात्मतयाऽऽत्मविदः ।।
न हि विकृतिं त्यजन्ति कनकस्य तदात्मतया ।
स्वकृतमनुप्रविष्टमिदमात्मतया वसितम् ।।२६।।

હે ભગવન્ ! તમારા મનના સંકલ્પે કરીને પ્રકૃતિપુરુષ દ્વારા ઉત્પન્ન થયું એવું આ મનુષ્યથી લઈને ત્રિગુણાત્મક એવુ સમગ્ર વિશ્વ, તે જે તે કાળે કરીને નિત્યે પરિણામને પામે છે; માટે આકારે કરીને અસત્ય છે. કે'તાં દેવ-મનુષ્યાદિક કોઈ આકાર સત્ય નથી એવું જે આ વિશ્વ, તે જે તે દેહમાભિમાની ને માયિક પંચવિષયની ભોગ-વાસનાએ જુક્ત એવા જે જન, તેમને સત્ય જેવું જણાય છે. અને જીવાત્માના સ્વરૂપને તથા એ જીવાત્માને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા જે પરમાત્મા એવા તમે, તે તમારા સ્વરૂપને જાણનારા જે તમારા જ્ઞાની ભક્ત, તે જે તે સર્વના આધાર જે તમે તે તમારે વિષે રહેવાપણે કરીને ને શરીરને જાણનારા જે જીવાત્માને વિષે અંતર્યામીપણે રહ્યા જે પરમાત્મા તમે, તેમણે કરીને એ વિશ્વને સત્ય જાણે છે. કે'તાં જડચિદરૂપ વિશ્વના આધારને અંતર્યામી એવા જે તમે, તે તમને સત્ય જાણે છે. અને ચૈતન્યરૂપને શરીરના જાણનારા જે ક્ષેત્રજ્ઞ જીવાત્મા, તેમને સત્ય જાણે છે, પણ જ્ઞાન-વૈરાગ્યને બળે કરીને દેવ-મનુષ્યાદિક આકારને સત્ય જાણતા નથી.

અને વળી, તમે પોતાના સંકલ્પે કરીને પ્રકૃતિપુરુષ દ્વારા રચ્યું ને જેવા જેવા જીવ છે તેમને યથા યોગ્ય કર્મફળ પમાડવાને અર્થે અંતર્યામીરૂપે કરીને નાના પ્રકારે ન્યૂનાધિકભાવે જુક્ત તમે પ્રવેશ કર્યું એવું આ વિશ્વને તમારા જ્ઞાની ભક્તે જાણ્યું છે. તે માટે તે જ્ઞાની ભક્ત જે તે નાના પ્રકારે ન્યૂનાધિકભાવે રહ્યું જે તમારું અંતર્યામીરૂપ તેને એક ભાવે ગ્રહણ કરે છે. કેની પેઠે ? તો જેમ સુવર્ણના અર્થવાળા જે પુરુષ તે જે તે કટક-કુંડલાદિકરૂપ જે સુવર્ણના વિકાર તેને એક

સુવર્ણરૂપે ત્યાગ નથી કરતા. કે'તાં એક સુવર્ણરૂપે કરીને જ ગ્રહણ કરે છે. તેવી રીતે અંતર્યામીરૂપને એક ભાવે ગ્રહણ કરે છે, પણ ભિન્ન નથી માનતા. ॥૨૬॥

तव परि ये चरन्त्यखिलसत्त्वनिकेततया ।
त उत पदाऽऽक्रमन्त्यविगणय्य शिरो निर्ऋतेः ।।
परिवयसे पशूनिव गिरा विबुधानपि तां- ।
स्त्वयि कृतसौहृदाः खलु पुनन्ति न ये विमुखाः ।।२७।।

અને હે ભગવન્ ! પરમ દયાએ કરીને દેવ-મનુષ્યરૂપે વિચરતા એવા જે સાક્ષાત્ દિવ્ય મૂર્તિ તમે, તે તમને સર્વકારણપણે કરીને ને સર્વ જીવના અંતર્યામીપણે કરીને યથાર્થ જાણીને જે જન તમારી સેવા કરે છે કે'તાં સ્વધર્મમાં રહ્યા થકા માહાત્મ્યે જુક્ત તમારી ભક્તિને કરે છે, તે જન જે તે અવગણના કરીને કાળના મસ્તકને પોતાના પગે કરીને કચરે છે. કે'તાં કાળના ભય થકી નિશ્ચે મુકાય છે. અને તમારે વિષે કર્યો છે પ્રેમ જેમણે એવા જે તે જન, તે જે તે પોતાના જીવાત્માને નિશ્ચે પવિત્ર કરે છે ને પોતાના સમાગમને કરતા જે બીજા જન, તેમને પણ પવિત્ર કરે છે. અને જે જન તમથી વિમુખ છે, કે'તાં તમારી ભક્તિ નથી કરતા તે જન જે તે પોતાના જીવાત્માને પણ પવિત્ર નથી કરતા તો બીજાને તો ક્યાંથી કરે ? અને તમથી વિમુખ એવા જે એ જન તે જો શાસ્ત્રના જાણનારા છે તોપણ તેમને તમે જે તે માયિક સુખને જણાવનારી જે શાસ્ત્રની વાણી તેણે કરીને પશુની પેઠે બાંધો છો. કે'તાં તે વિમુખ જન જે તે શાસ્ત્ર ભણીને પણ માયિક વિષય સુખમાં જ બંધાય છે, પણ તેથી છૂટવાના ઉપાયને જાણતા નથી. ॥૨૭॥

त्वमकरणः स्वराडखिलकारकशक्तिधर- ।
स्तव बलिमुद्वहन्ति समदन्त्यजयानिमिषाः ।।
वर्षभुजोऽखिलक्षितिपतेरिव विश्वसृजो ।
विदधति यत्र ये त्वधिकृता भवतश्चकिताः ।।२८।।

હે ભગવન્ ! તમે જે તે માયિક એવાં જે દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણાદિક તેણે રહિત એવા અનાદિ સિદ્ધ દિવ્ય મૂર્તિ છો. અથવા પ્રકૃતિ-પુરુષ અને કાળાદિક જે સૃષ્ટિનાં ઉપકરણ તે વિના પણ સૃષ્ટિ કરવાને અર્થે સમર્થ છો. અને સ્વતંત્ર એવું જે પોતાનું અપરિમિત ઐશ્વર્ય તેણે કરીને પોતે પોતા વતે જ શોભો એવા છો. અને સર્વે બ્રહ્માંડોના કરનારા પ્રકૃતિ-પુરુષ, કાળાદિક તથા સંકર્ષણાદિક તેમને વિષે શક્તિના ધરનારા છો. કે'તાં એમને સામર્થ્યના આપનારા છો. અને બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેના કરનારા જે એ પ્રકૃતિએ સહિત પુરુષ, કાળાદિક તથા સંકર્ષણાદિક સર્વ મોટા મોટા દેવ, જે તે મોટા મોટા ઉપચારે જુક્ત જે ભારે પૂજા તે તમને અર્પણ કરે છે.

અને એ મોટા દેવના ભક્ત જે તત્ત્વાભિમાની દેવ તથા વિરાટ પુરુષાદિક તેમણે અર્પણ કરી જે પૂજા તેને એ જે મોટા દેવ તે પોતે ગ્રહણ કરે છે. કેની પેઠે ? તો જેમ ખંડખંડના જે રાજા તે જે તે સમગ્ર પૃથ્વીના અધિપતિ ચક્રવર્તિ રાજાને કર આપે છે. અને પોતપોતાના ખંડની પ્રજા તેણે આપ્યો જે કર તેને પોતે ગ્રહણ કરે છે, તેમ તમે જે તે એ સર્વેના રાજાધિરાજ છો ને એ સર્વેના સ્વામી છો ને એ સર્વેને પૂજવા યોગ્ય છો. અને તમે એ સર્વે મોટા દેવોને જે જે કાર્યને વિષે પ્રેર્યા છે તે તે કાર્યને તમ થકી ભયને પામ્યા થકા સાવધાનપણે કરે છે. ॥૨૮॥

स्थिरचरजातयः स्युरजयोत्थनिमित्तयुजो ।
विहर उदीक्षया यदि परस्य विमुक्त ततः ॥
न हि परमस्य कश्चिदपरो न परश्च भवेद् ।
वियत इवापदस्य तव शून्यतुलां दधतः ॥२९॥

અને હે નિત્ય મુક્ત એવા ભગવન્ ! પુરુષરૂપ એવા જે તમે તે તમારો જ્યારે માયા સાથે જોવે કરીને વિહાર થાય છે ત્યારે તમારી કાળશક્તિએ કરીને ક્ષોભને પામ્યાં જે દેહ ઊપજવાનાં કારણ એવાં જીવોનાં પૂર્વકર્મ, તે સંગાથે જોડાતા એવા જે સ્થાવર-જંગમ જાતિના દેહ

જુક્ત જીવના સમૂહ તે થાય છે. કે'તાં પ્રલયકાળે પ્રકૃતિને વિષે કારણ દેહજુક્ત થકા લીનપણે વર્તતા એવા જે જીવ, તે જે તે સૃષ્ટિ કાળે તે પ્રકૃતિ થકી પોતપોતાના કર્મને અનુસારે સૂક્ષ્મ ને સ્થૂળ દેહને પામ્યા થકા ઉત્પન્ન થાય છે. અને તમે કેવા છો ? તો સ્વરૂપ, સ્વભાવાદિકે કરીને તે પ્રકૃતિપુરુષાદિક થકી વિલક્ષણ છો ને એ સર્વથી ઉત્કૃષ્ટપણે વરતો છો. ને જેમ આકાશનો આધાર સર્વેને છે પણ આકાશને કોઈનો આધાર નથી, તેમ તમારો આધાર સર્વને છે પણ તમારે કોઈનો આધાર નથી એવા તમે છો.

અને વળી આકાશની તુલા જે ઉપમા તેને ધારો છો. કે'તાં સર્વ ક્રિયાને કરતા થકા પણ આકાશની પેઠે સદા નિર્લેપપણે વર્તો છો. એવા જે તમે તે તમારે સૃષ્ટિને વિષે કોઈ પોતાનો નથી ને કોઈ પારકો પણ નથી. કે'તાં વૃક્ષાદિકરૂપ ને દેવ, મનુષ્ય, પશુ આદિક રૂપ જે વિષમ સૃષ્ટિ થાય છે તે તો જે જે જીવનાં જેવાં જેવાં સત્ત્વાદિક ગુણને અનુસરતાં કર્મ છે તે કર્મને અનુસારે થાય છે. અને તમે તો અંતર્યામીરૂપે કરીને તે તે કર્મના ફળને પમાડો છો, માટે તમારે વિષે વિષમભાવ નથી. ॥૨૯॥

अपरिमिता ध्रुवास्तनुभृतो यदि सर्वगता- ।
स्तर्हि न शास्यतेति नियमो ध्रुव नेतरथा ।।
अजनि च यन्मयं तदविमुच्य नियन्तृ भवेत् ।
सममनुजानतां यदमतं मतदुष्टतया ।।३०।।

અને હે ધ્રૂવ ! કે'તાં સદા નિત્યમૂર્તિ એવા ભગવન્ ! અપરિમિત કે'તાં ગણતીએ રહિત એવા ને સદા નિત્યપણે વર્તતા એવા જે દેહધારી જીવ, તે જે તે જ્યારે સાક્ષાત્ તમારી ઉપાસનાએ કરીને તમારા સાધર્મ્યપણાને પામ્યા થકા મુક્તભાવને પામે છે, ત્યારે પણ એ તમારી પેઠે સ્વતંત્ર તો થાતા નથી. અને જો સ્વતંત્ર થાય તો તમારે ને એમને સમપણું આવે. માટે એ સર્વેના શિક્ષક જે તમે તે તમે તેમણે એમનુ

જે શિક્ષા કરવા યોગ્યપણું તે ન ઘટે તથા એ સર્વેના નિયંતા જે તમે તે તમારે જે એ સર્વને નિયમમાં રાખવું તે પણ ન ઘટે. અને જો એ મુક્ત સ્વતંત્ર ન થાય તો ઘટે. તે માટે એ મુક્ત જે તે ક્યારેય પણ સ્વતંત્ર નથી. સ્વતંત્ર અને સર્વના સ્વામી તો એક તમે જ છો. કેમ જે અનાદિ સ્વતઃ સિદ્ધ ને નિરવધિકાતિશય જે જ્ઞાન, બળ, તેજ, ઐશ્વર્ય, આનંદરૂપ લાવણ્યતા, સુંદરતા એ આદિ ગુણગણ તેના સમુદ્રરૂપ એવા તો એક તમે જ છો.

અને એ મુક્તને વિષે જે પોતાથી ઓરા જીવ, ઈશ્વરનું નિયંતાપણું ને શિક્ષકપણું, તે જે તે તમારી સાક્ષાત્ ઉપાસનાએ કરીને તમે એમને તમારાં ઐશ્વર્ય, ગુણનો લેશ આપેલો છે તેને પ્રતાપે કરીને થયું છે. તે તમારાં ઐશ્વર્ય, ગુણનો લેશને ન મૂકીને કે'તાં એને લઈને એ નિયંતાપણું ને શિક્ષકપણું છે. અને જે પુરુષ આવી રીતે નથી સમજતા ને સ્વતંત્ર સર્વેના સ્વામી એવા પરમેશ્વર પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ વાસુદેવ નારાયણ જે તમે ને બીજા મુક્ત તેમને સમપણે જાણે છે તે પુરુષના મતની દુષ્ટતા છે. કે'તાં એમનો જે એ મત તેને અતિશય દોષે જુક્તપણું છે. તે માટે એમનો જે એ મત તે અમત છે કે'તા અનાદિ સત્શાસ્ત્ર ને સત્પુરુષ તેમના મતથી વિરુદ્ધ છે. માટે સત્યપણે માનવા યોગ્ય નથી. ॥૩૦॥

न घटत उद्भवः प्रकृतिपूरुषयोरजयो- ।
रुभययुजा भवन्त्यसुभृतो जलबुद्बुदवत् ॥
त्वयि त इमे ततो विविधनामगुणैः परमे ।
सरित इवार्णवे मधुनि लिल्युरशेषरसाः ॥३१॥

અને હે ભગવન્ ! અજન્મા કે'તાં આ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયને અર્થે અનાદિ તમારી શક્તિરૂપ એવાં પણ નવાં ઉત્પન્ન થયેલાં નહિ એવાં જે પ્રકૃતિ-પુરુષ તેનો ઉદ્ભવ જે ઉત્પત્તિ

તે જે તે ઘટે નહીં. અને ઉત્પત્તિ કાળને વિષે તમારા સંકલ્પે કરીને થયો જે એ પ્રકૃતિપુરુષનો સંજોગ, તેણે કરીને પ્રાણના ધરનારા જે જીવોના દેહ તે જે તે ઊપજે છે. કે'તાં કારણ દેહ જે તે ઉપજે છે કે'તા કારણ દેહે જુક્ત થકા અનાદિપણે પ્રકૃતિને વિષે લીન વર્તતા જે અપરિમિત જીવ, તેમના સૂક્ષ્મ અને સ્થૂળ દેહ તે ઊપજે છે. કેની પેઠે ? તો જેમ વાયુને જળના જોગે કરીને જળના પરપોટા ઊપજે છે તેમ ઊપજે છે. અને જેમ પરપોટા છે તે જળથી ઊપજે ને જળમાં રહે છે ને જળમાં લીન થાય છે, તેમ એ જીવોના દેહ પણ ઉત્પત્તિ અને સ્થિતિ કાળને વિષે વારંવાર જીવના કારણ દેહરૂપ જે પ્રકૃતિ તે થકી મહત્તત્ત્વાદિક તત્ત્વ દ્વારા ઊપજે છે ને તેને વિષે રહે છે ને તેમાં જ અવ્યક્ત વાસનારૂપે લીન થાય છે.

અને તે પછી જ્યારે પ્રલયકાળ આવે છે ત્યારે તો જીવોના જે એ સૂક્ષ્મ-સ્થૂળ દેહ તે જે તે નાના પ્રકારનાં જે દેવમનુષ્યાદિક નામ ને પોતપોતાના સ્વભાવ, તેમણે સહિત તમારી શક્તિરૂપ જે પ્રકૃતિ તેને વિષે લીન થાય છે. કે'તાં કારણ દેહના ભાવને પામ્યા થકા પ્રકૃતિ સંગાથે એક ભાવે વર્તે છે. કેની પેઠે ? તો જેમ સર્વ જળાશયથી ઉત્કૃષ્ટપણે જણાતો એવો જે સમુદ્ર તેને વિષે નદીઓ લીન થાય છે. ને જેમ મેઘને વિષે સમગ્ર રસ લીન થાય છે તેમ લીન થાય છે. ॥૩૧॥

नृषु तव मायया भ्रमममीष्ववगत्य भृशं ।
त्वयि सुधियोऽभवे दधति भावमनुप्रभवम् ।।
कथमनुवर्ततां भवभयं तव यद् भ्रकुटिः ।
सृजति मुहुस्त्रिणेमिरभवच्छरणेषु भयम् ।।३२।।

અને હે ભગવન્ ! માયિક પંચવિષયને વિષે આસક્ત એવા જે આ દેવ-મનુષ્યાદિક સર્વે જીવ, તેમને વિષે વારંવાર જન્મમૃત્યુએ જુક્ત એવો તમારી માયાએ કર્યો ભ્રમ જે સંસારને વિષે ભ્રમણ, તેને જાણીને રૂડી બુદ્ધિવાળા જે પુરુષ, તે જે તે એ માયાનો કરેલો જન્મમૃત્યુરૂપ

સંસાર, તેની નિવૃત્તિ પમાડનારા જે સાક્ષાત્ તમે, તે તમારે વિષે અતિશય ભાવ જે ભક્તિ તેને કરે છે. અને તમારી અનુવૃત્તિએ સહિત ભક્તિના કરનારા જે એ પુરુષ તેમને એ માયાએ કર્યો જે સંસાર તે થકી ભય જે તે કેમ થાય ? કોઈ રીતે થાય જ નહીં. જે કારણપણા માટે તમારી ભ્રકુટીનો વિલાસરૂપ એવો જે કાળ, તે જે તે નથી તમારો આશ્રય જેમને કે'તાં તમારી ભક્તિએ રહિત એવા જે પુરુષ તેમને વિષે ભયને કરે છે પણ તમારા ભક્તને વિષે ભયને નથી કરતો. તે માટે તમારા ભક્ત જે તે કાળ, માયાને ભયે રહિત થકા તમારા ધામને પામે છે. ॥૩૨॥

विजितहृषिकवायुभिरदान्तमनस्तुरगं ।
य इह यतन्ति यन्तुमतिलोलमुपायखिदः ।।
व्यसनशतान्विताः समपहाय गुरोश्चरणम् ।
वणिज इवाज सन्त्यकृतकर्णधरा जलधौ ।।३३।।

અને હે અજ ! કે'તાં પ્રાકૃત જન્મે રહિત એવા હે ભગવન્ ! એ સંસારને વિષે જે પુરુષ જે તે એકાંતિક ધર્મનો ઉપદેશ કરીને જીવના પરમ કલ્યાણને કરનારા એવા ગુરુ જે સાક્ષાત્ તમે અથવા તમારા એકાંતિક ભક્ત તેના ચરણકમળના આશ્રયનો ત્યાગ કરીને અતિશય ચપળ એવો જે દમ્યા વિનાનો પોતાના મનરૂપ ઘોડો, તેને નિર્બીજ અષ્ટાંગ યોગાદિક જે સાધન તેણે કરીને જીત્યાં જે ઈન્દ્રિયો ને પ્રાણ, તેણે કરીને નિયમમાં કરવાને, કે'તાં પોતાને વશ કરવાને અર્થે પ્રયત્ન કરે છે. તે પુરુષ જે તે તે અષ્ટાંગ યોગાદિક ઉપાયે કરીને ખેદને પામતા થકા પોતાના મનરૂપ ઘોડાને વશ કરી શકતા નથી.

પછી માયિક પંચવિષયને વિષે આસક્ત એવું જે મન, તેણે જુક્ત થકા અને અનેક પ્રકારનાં દુઃખ તેણે કરીને વ્યાકુળ થકા સંસાર સમુદ્રને વિષે ભમે છે. કેની પેઠે ? તો જેમ સમુદ્રને તરવાને અર્થે નાવમાં બેઠા ને નથી કર્યો નાવનો ખેવટિયો જેમણે એવા જે વણિક, તે જે તે દુઃખને પામતા થકા સમુદ્રમાં ભમે છે, તેમ તે પણ સંસાર સમુદ્રમાં

ભમે છે. અને કર્યો છે સાક્ષાત્ તમારા ચરણકમળનો આશ્રય જેમણે એવા જે પુરુષ, તે તો સંસાર સમુદ્રને સુખે તરી જાય છે. કેની પેઠે ? તો ખેવટિયે જુક્ત નાવમાં બેઠા જે વણિક તે જેમ સમુદ્રને સુખે તરે છે તેમ સુખે તરી જાય છે. ॥૩૩॥

स्वजनसुतात्मदारधनधाममधरासुरथैः ।
त्वयिसतिकिंनृणांश्रयतआत्मनिसर्वरसे ।।
इति सदजानतां मिथुनतो रतये चरतां ।
सुखयतिकोन्विहस्वविहतेस्वनिरस्तभगे ।।३४।।

અને હે ભગવન્ ! સાક્ષાત્ તમારા આશ્રયને કરતો, કે'તાં તમને એકાંતિક ભાવે ભજતો એવો જે જન, તેને સર્વ સુખના આપનારા એવા પરમાત્મા જે તમે, તે તમ સતે કે'તાં તમ થકી અલૌકિક દિવ્ય સુખ પ્રાપ્ત થયે સતે એ જનને પોતાનાં સ્વજન, પુત્ર, દેહ, સ્ત્રી, ધન, ગૃહ, ક્ષેત્ર, પ્રાણ અને રૂડા રથ એમણે કરીને શું સુખ થાય ? કાંઈ પણ ન થાય. એમને તો એ મહા દુઃખદાઈ માને છે ને એક તમને સાચા સુખદાઈ માને છે.

અને એવી રીતનો સાચો વિવેક તેને ન જાણતા તથા સ્ત્રી ને પુરુષ તે પરસ્પર ભેળાં થઈને માયિક પંચવિષયના સુખની પ્રાપ્તિને અર્થે સદા તત્પર વર્તતા એવા જે જન, તેમને એ સંસારને વિષે એવો કયો પદાર્થ છે તે સુખને પમાડે ? કોઈ પણ સુખને નથી પમાડતો. તે સંસાર કેવો છે ? તો પોતાની મેળે જ પોતે નાશ પામી જાય એવો છે. ને પોતાની મેળે જ ટળી ગઈ છે મોટપ જેની એવો છે. ॥૩૪॥

भुवि पुरुपुण्यतीर्थसदनान्यृषयो विमदा- ।
स्त उत भवत्पदांबुजहृदोऽघभिङ्घ्रिजलाः ।।
दधतिसकृन्मनस्त्वयि य आत्मनि नित्यसुखे ।
न पुनरुपासते पुरुषसारहरावसथान् ।।३५।।

અને હે ભગવન્ ! પૃથ્વીને વિષે વિવેકી એવા ઋષિ જે તે વિદ્યાદિકને મદે રહિત થકા સાક્ષાત્ તમારે સંબંધે કરીને અતિશય પવિત્ર એવાં જે ગંગાદિક તીર્થ તથા દ્વારિકાદિક ક્ષેત્ર તેમને સેવે છે. કે'તાં તે પ્રત્યે વિચરે છે. અને તે તીર્થક્ષેત્રને વિષે રહ્યા જે તમારા એકાંતિક સાધુ તેના સમાગમે કરીને તમારા ચરણકમળને વિષે દૃઢ આસક્ત થયું છે મન જેમનું એવા જે એ ઋષિ, તે જે તે અન્ય જનના પાપને નાશ પમાડે એવું છે ચરણનું જળ જેમનું એવા મહિમાએ જુક્ત થયા છે.

અને જે જન તમારા એકાંતિક સાધુનો સમાગમ કરીને નિત્ય સુખરૂપ એવા પરમાત્મા જે તમે, તે તમારે વિષે એક વાર પોતાના મનને ધારે છે. કે'તાં તમારું યથાર્થ માહાત્મ્ય સમજીને સ્થિર કરે છે તે જન જે તે પુરુષના વિવેક-વૈરાગ્યાદિક બળને હરી લે એવાં જે ગૃહ તેમને ફરીને નથી સેવતા. કે'તાં ગૃહસ્થાશ્રમ સંબંધી સુખનો ત્યાગ કરે છે. ॥૩૫॥

सत इदमुत्थितं सदिति चेन्ननु तर्कहतं ।
व्यभिचरति क्व च क्व च मृषा न तथोभययुक् ।।
व्यवहृतये विकल्प इषितोऽन्धपरंपरया ।
भ्रमयति भारती त उरुवृत्तिभिरुक्थजडान् ।।३६।।

અને હે ભગવન્ ! સત્યસંકલ્પ એવા જે તમે, તે તમ થકી પ્રકૃતિપુરુષ દ્વારા આ વિશ્વ ઉત્પન્ન થયું છે. એ કારણપણા માટે એ વિશ્વને સત્ કે'તાં અવિનાશી એવી રીતે જો કહીએ તો તે અવિનાશીપણું, જે તે તર્ક જે વિચાર તેણે કરીને હણાઈ જાય છે. શા માટે ? તો લોક, દેહ અને દેહ સંબંધી પદાર્થ તે અસ્થિર જણાય છે, તેણે કરીને એ વિશ્વ નાશવંત છે. અને વળી દેવ, મનુષ્યાદિક દેહને વિષે રહ્યા જે જીવાત્મા તે નિત્ય છે. માટે એ વિશ્વનું નાશવંતપણું નથી વ્યભિચારને પામતું. કે'તાં એનું અવિનાશીપણું સાચું છે. તે માટે એ વિશ્વને કેવળ નાશવંત

પણ ન કે'વાય ને કેવળ અવિનાશી પણ ન કે'વાય. ત્યારે કેવું કે'વાય? તો એ બેય ભાવે જુક્ત કે'વાય છે. કે'તાં જડભાવ ને ચૈતન્યભાવ એ બેય ભાવે સહિત થકું કે'વાય છે. અને એ વિશ્વ તમે શાને અર્થે કર્યું છે ? તો જીવોને ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો પમાડનારો જે વ્યવહાર તેને અર્થે વિકલ્પ જે નાના પ્રકારના દેહ-ઈન્દ્રિયાદિકરૂપ એવો વિશ્વ પ્રપંચ, તે જે તે તમે કર્યો છે. તેમાં જે સંસારનાં બંધન થકી મુકાવાને ઈચ્છતા એવા મુમુક્ષુજન છે તે તો મોક્ષને અર્થે જતન કરે છે.

અને જે સંસાર સંબંધી વિષયસુખને વિષે આસક્ત છે તે તો કેવળ ધર્મ, અર્થ, કામને અર્થે જતન કરે છે. અને ઉક્થજડ જે સ્વર્ગ, રાજ્ય અને પુત્ર-ધનાદિક તેના પમાડનારા એવા કેવળ ઈન્દ્રાદિક દેવ સંબંધિ યજ્ઞાદિક કર્મ તેને વિશે આસક્ત થયા એવા ધર્મ, અર્થ, કામ પરાયણ કર્મ જડ પુરુષ તેમને એ યજ્ઞાદિક સંબંધિ વાણી જે તે એ સ્વર્ગાદિક સુખ પ્રાપ્તિને જણાવે એવી જે વચનની પ્રવૃત્તિઓ, તેણે કરીને ચાલી જે કર્મજડ પુરુષની અંધપરંપરા તેણે કરીને ભમાવે છે. કે'તાં એ ધર્મ, અર્થ, કામ પરાયણ જે પુરુષ તેમને સ્વર્ગાદિક ફળે કરીને વિભ્રાંત કરે છે પણ મુમુક્ષુ પુરુષને નથી કરતી. ॥૩૬॥

न यदिदमग्र आस न भविष्यदतो निधना- ।
दनुमितमन्तरा त्वयि विभाति मृषैकरसे ।।
अत उपमीयते द्रविणजातिविकल्पपथै- ।
र्वितथमनोविलासमृतमित्यवयन्त्यबुधाः ।।३७।।

અને હે ભગવન્ ! દેવ, મનુષ્યાદિક અનેક ભેદે કરીને વિભાગ પામ્યું જે આ વિશ્વ, તે જે તે સૃષ્ટિ થયા મોરે તો આવું સ્થૂળરૂપે ન જણાતું હતું અને માયામાં લીન થયું થકું સૂક્ષ્મ ભાવે વર્તતું હવું. અને પ્રલયને પામીને પણ આવું સ્થૂળ ભાવે નહિ રહે ને માયામાં લીન થયું થકું સૂક્ષ્મ ભાવે રહેશે.

અને એવી રીતે આદિ તથા અંત તેને વિષે એ વિશ્વનો સ્થૂળ ભાવ સત્ય નથી. માટે સ્થિતિકાળને વિષે સ્થૂળભાવે રહ્યું થકું જ્ઞાની પુરુષને સત્યપણે જણાય છે ને સુખરૂપપણે જણાય છે. એ કારણપણા માટે દ્રવ્યની જાતિઓ જે સોનું, રૂપું ને ત્રાંબું ને તેના ભેદ જે નાના પ્રકારનાં ઘરેણાં ને પાત્રાદિક તથા સોનામોર, રૂપૈયા ને પૈસા આદિક ને તેના માર્ગ જે તેના અવાંતર ભેદ, તેણે કરીને સદૃશપણે મોટા ઋષિ તેમણે એ વિશ્વને નિરૂપણ કર્યું છે. કે'તાં પ્રલયકાળે માયામાં લીનપણે રહ્યા જે અપરિમિત એવા નિત્ય જીવાત્મા તેમના સ્વરૂપને અનાદિ આવરણ કરનારી જે અવિદ્યારૂપ માયા તે તો દ્રવ્યને ઠેકાણે છે. ને એ માયાના સમાનપણે રહ્યા જે સત્ત્વ, રજ ને તમ એ ત્રણ ગુણ તે તો સોનું, રૂપું ને ત્રાંબું તેને ઠેકાણે છે. ને તે ગુણના ભેદરૂપ જે દેવ મનુષ્યાદિકપણે જીવાત્માઓના દેહ તે તો ઘરેણાં ને પાત્રાદિકને ઠેકાણે છે. ને દેવ-મનુષ્યાદિકના જે અવાંતર ભેદ તે તો ઘરેણાં ને પાત્રાદિકના અવાંતર ભેદને ઠેકાણે છે.

એવી રીતના દૃષ્ટાંતે કરીને જીવોના ત્રિગુણાત્મક કર્મને અનુસારે સ્થિતિ સમયમાં સ્થૂળભાવે વર્તતું જે વિશ્વ, તે પ્રલયને વિષે પાછું માયામાં લીન થયું થકું સૂક્ષ્મભાવે રહે છે. એવી રીતે મોટા ઋષિએ નિરૂપણ કર્યું જે વિશ્વ, તે ક્ષણ ક્ષણ પ્રત્યે નાશ પામતું જણાય છે. માટે સત્ય છે તોપણ તમારા સ્વરૂપને યથાર્થ જ્ઞાને રહિત એવા જે અજ્ઞાની પુરુષ તે જે તે નાશવંત પોતાના મનમાં સંકલ્પમાત્રે કરીને સુખરૂપ જાણે છે ને સત્યરૂપપણે જાણે છે. અને એક આનંદમય મૂર્તિ એવા સાક્ષાત્‌ તમને માહાત્મ્યે સહિત યથાર્થપણે જાણે સતે તો એ વિશ્વ જે તે દુઃખરૂપ જ જણાય છે ને અસત્ય જણાય છે, પણ એ વિશ્વને વિષે કાંઈ પણ સુખ જણાતું નથી, સત્યપણું જણાતું નથી. ને એક તમે જ સુખરૂપ અને સત્યરૂપ જણાઓ છો. ॥૩૭॥

स यदजया त्वजामनुशयीत गुणांश्च जुषन् ।
भजति सरूपतां तदनु मृत्युमपेतभगः ।।
त्वमुत जहासि तामहिरिव त्वचमात्तभगो ।
महसि महियसेऽष्टगुणितेऽपरिमेयभगः ।।३८।।

અને હે ભગવન્ ! અનાદિ અવિદ્યારૂપ માયાએ જુક્ત એવો જીવનો સમૂહ તે જે તે ગુણ દ્વારે દેહ-ઇન્દ્રિયાદિકરૂપે પરિણામ પામી જે માયા તેણે કરીને માયિક પંચવિષયને સેવતો થકો વિષયને સમાન છે આકાર જેનો એવા જે એ વિષયની વાસના તે પણાને ભજે છે. કે'તાં વાસનાએ જુક્ત થાય છે ને તે પછી ટળી ગઈ છે પુણ્યના ફળરૂપ ઐશ્વર્ય-સમૃદ્ધિ જેની એવો થકો મૃત્યુને પામે છે. કે'તાં સંસારને વિષે અનેક પ્રકારના દેહને પામતો થકો જન્મ-મૃત્યુને પામે છે ને પછી પ્રલયકાળે માયામાં લીન થાય છે. અને સ્વરૂપ, સ્વભાવાદિકે કરીને માયા અને માયાનાં કાર્ય થકી સદા વિલક્ષણ એવા તથા પુરુષ, કાળ અને સંકર્ષણાદિક એ સર્વથી અતિ વિલક્ષણ એવું જે નિત્યસિદ્ધ અલૌકિક ઐશ્વર્ય તેણે જુક્ત એવા, વળી એવું અપરિમિત ઐશ્વર્ય છે જેમનું એવા તમે, તે જે તે જનના કલ્યાણને અર્થે પોતાની ઇચ્છાએ કરીને દેવ-મનુષ્યાદિકને વિષે પ્રગટ થઈને પણ નથી ત્યાગ કર્યો પોતાનો આવો ઐશ્વર્ય સ્વભાવ જેણે એવા થકા જ પોતાના ભક્તજનની સેવાના અંગીકારને ઉપયોગી સ્વરૂપ, સ્વભાવને ગ્રહણ કરીને તે ભક્તજને આપ્યા, જે નાના પ્રકારના ભોગ તેને ભોગવીને પછી તે દેવ-મનુષ્યાદિકરૂપ જે સ્વરૂપ, સ્વભાવ અને તે ભોગ એ રૂપ માયાનો ત્યાગ કરો છો. કેની પેઠે ? તો જેમ સર્પ જે તે કાંચળીનો ત્યાગ કરે છે તેમ ત્યાગ કરો છો પણ કોઈમાં બંધાતા નથી. અને તમે કેવા છો ? તો અલૌકિક એવો જે અણિમાદિક અષ્ટસિદ્ધિરૂપ પ્રભાવ તેને વિષે સદા વિરાજમાન છો. કે'તાં સદા એવા પ્રતાપે જુક્ત છો. ॥૩૮॥

यदि न समुद्धरन्ति यतयो हृदि कामजटा ।
दुरधिगमोऽसतां हृदि गतोऽस्मृतकण्ठमणिः ।।
असुतृपयोगीनामुभयतोप्यसुखं भगव- ।
न्ननपगतान्तकादनधिरूढपदाद् भवतः ।।३९।।

અને હે ભગવન્ ! તમારાં ચરિત્ર, શ્રવણાદિકને વિષે પ્રયત્ન કરતા એવા જે યોગી, તે જે તે પોતાના હૃદયને વિષે રહ્યું જે માયિક પંચવિષય ભોગની વાસનાઓ તેમને જો તમારા માહાત્મ્યજ્ઞાને જુક્ત જ્ઞાન, વૈરાગ્યે કરીને મૂળમાંથી નથી ઉખાડી નાંખતા, તો અસત્ પુરુષને ભોગવવા યોગ્ય એવા જે એ પંચવિષયના ભોગ તેમને વિષે આસક્તપણા થકી અસત્ પુરુષને સમાન એવા જે એ યોગી, તેમના હૃદયને વિષે તમે જે તે તમારી શ્રવણાદિક ભક્તિએ કરીને પ્રાપ્ત થયા છો તોપણ ન સંભાર્યો જે કંઠમાં બાંધેલો મણિ તેની પેઠે નથી પમાતા. કે'તાં તમે એમને સમીપે છો તોપણ છેટે વર્તતા હો નહિ શું ! એવા જણાઓ છો. અને સ્વાદુ આહારે કરીને પ્રાણને તુપ્ત કરતા કે'તાં દેહ-ઇન્દ્રિયાદિકના લાલનપરાયણ એવા જે એ સકામ યોગી તેમને કાળ તથા તમે એ બેય થકી અસુખ જે દુઃખ તે થાય છે. કેવી રીતે ? તો એ યોગી તમારા સવાસનિક ભક્ત છે. માટે તમારા અક્ષરધામની આગળ નરક તુલ્ય એવાં જે સ્વર્ગાદિકનાં સુખ તેને પામે છે. માટે એમને કાળનો ભય નિવૃત્તિ નથી પામતો. તે સારુ એ કાળ થકી દુઃખને પામે છે.

અને વળી એ સવાસનિક યોગી જે તે તમારા અક્ષરધામને નથી પામતા. માટે અક્ષરધામમાં રહ્યા જે તમે તે તમારું સુખ એમને નથી મળતું. અને એ તમારું સુખ ન મળ્યું અને સ્વર્ગાદિકનું સુખ મળ્યું તોપણ એ સુખ જે તે તમારા સુખની આગળ દુઃખરૂપ છે. તે માટે જે વિવેકી યોગી છે તે તમારા એકાંતિક નિર્વાસનિક ભક્ત થાવાને અર્થે સદા તત્પર વર્તે છે. ॥૩૯॥

त्वदवगमी न वेत्ति भवदुत्थशुभाशुभयो- ।
र्गुणविगुणान्वयांस्तर्हि न देहभृतां च गिरः ।।
अनुयुगमन्वहं सगुणगीतपरम्परया ।
श्रवणभृतो यतस्त्वमपवर्गगतिर्मनुजैः ।।૪૦।।

અને હે ભગવન્ ! તમારાં સ્વરૂપ, સ્વભાવાદિકના યથાર્થ જ્ઞાને જુક્ત એવો જે સાક્ષાત્ તમારો એકાંતિક નિર્વાસનિક ભક્ત, તે જે તે પોતાને કર્મફળના દેનારા જે અંતર્યામીરૂપ તમે, તે તમ થકી પ્રારબ્ધ કર્મરૂપે કરીને પ્રગટ થયા જે પ્રથમ પોતાનાં કરેલાં શુભ-અશુભ કર્મ તેમના ફળરૂપ જે સુખ-દુઃખના સંબંધ, તેમને નથી જાણતો કે'તાં જ્ઞાન, વૈરાગ્યના બળે કરીને પ્રાપ્ત થયો જે સત્-અસતનો દૃઢ વિવેક તેણે કરીને દેહ સંબંધિ સુખ-દુઃખના સંબંધને નથી ગણતો.

અને જો એ સુખ-દુઃખના સંબંધને નથી ગણતો તો દેહાભિમાની જને કહ્યાં જે પોતાની સ્તુતિ-નિંદારૂપ વચન, તેમને તો એ ક્યાંથી ગણે? તેમને તો ગણે જ નહીં. અને એ એકાંતિક ભક્ત તો કેવળ તમારા સ્વરૂપને સુખે કરીને જ મગ્ન રહે છે.

અને વળી જે કારણપણા માટે યુગ યુગને વિષે થયા જે તમારા અવતાર, તેમની સત્ય, શૌચ, દયાદિક ગુણે જુક્ત એવી જે કથાઓ, તેનું જે વારંવાર શ્રવણ તેણે કરીને જે મુમુક્ષુ મનુષ્યએ તમને કાન દ્વારા પોતાના હૃદયમાં ધાર્યા છે તે મનુષ્યને પણ તમે જે તે મોક્ષગતિરૂપ થાઓ છો. કે'તાં મોક્ષગતિને પમાડો છો. ત્યારે સાક્ષાત્ તમારા એકાંતિક ભક્તને તો તમે મોક્ષથી પણ અધિક જે તમારા સ્વરૂપ સંબંધી પરમસુખ તેને આપો છો. ।।૪૦।।

द्युपतय एव ते न ययुरन्तमनन्ततया ।
त्वमपि यदन्तराण्डनिचया ननु सावरणाः ।।
ख इव रजांसि वान्ति वयसा सह यच्छ्रुतय- ।
स्त्वयि हि फलन्त्यतन्निरसनेन भवन्निधनाः ।।૪૧।।

અને હે અનંતગુણનિધે ! હે વાસુદેવ ! હે ભગવન્ ! સ્વર્ગને વિષે રહ્યા જે સર્વ દેવતાના અધિપતિ બ્રહ્માદિક તથા ચિદાકાશને વિષે રહ્યા જે અક્ષર-પુરુષાદિક મુક્ત કોટિઓ, તે જે તે તમારું સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ચરિત્ર અને વિભૂતિઓ તેનું અનંતપણું છે, માટે તેના અંતને નથી પામતા. અને એ અક્ષરરૂપ મુક્ત કોટિઓ તથા પ્રકૃતિ-પુરુષ, કાળ, અનિરુદ્ધ, સંકર્ષણ, પ્રદ્યુમ્નાદિક એ સર્વેના અધિપતિ એવા જે તમે, તે તમે પણ તમારા અંતને નથી પામતા.

જે કારણપણા માટે અક્ષરધામરૂપ જે તમે, તે તમારે વિષે પૃથ્વી આદિક અષ્ટ આવરણે સહિત એવા જે બ્રહ્માંડોના સમૂહ, તે જે તે આકાશને વિષે રજની પેઠે કાળે સહિત ભમે છે. એવી રીતે અપાર મહિમાએ જુક્ત એવા તમે અક્ષરધામના પતિ મહારાજાધિરાજ છો. અને અમે જે વેદ તે અમારી આ વાણી જે તે તમારે સ્વરૂપ, સ્વભાવાદિકે કરીને અક્ષરબ્રહ્મ આદિક સર્વથી તમારું ઉત્કૃષ્ટપણું છે, એ કારણપણા માટે તમથી ઓરા જે અક્ષરબ્રહ્મ અને અક્ષરમાં રહ્યા અનંતકોટિ મુક્ત, પ્રકૃતિ-પુરુષ, કાળ, અનિરુદ્ધ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા બીજા સર્વે જીવ એ સર્વેના ઉત્કૃષ્ટપણાના નિષેધે કરીને ને તમારા સર્વોત્કૃષ્ટપણાને જાણીને તમારા સ્વરૂપને વિષે નિવાસને પામી થકી તમારે વિષે સફળ થાય છે. કે'તાં આવી રીતે તમારી સ્તુતિ કરતી થકી કૃતાર્થ થઈ છે. ॥૪૧॥

इत्येतद्ब्रह्मणः पुत्रा आश्रुत्यात्मानुशासनं ।।
सनन्दनमथानर्चुः सिद्धा ज्ञात्वात्मनो गतिम्।।४२।।

હવે ભગવાન એવા જે નારાયણ ઋષિ તે જે તે નારદજી પ્રત્યે કહે છે. હે નારદજી ! એવી રીતે બ્રહ્માના પુત્ર જે સનક, સનાતન અને સનત્કુમાર એ ત્રણ તે જે તે પોતાના સગાભાઈ જે સનંદન તેણે કહ્યું જે આ વેદસ્તુતિરૂપ એવું સાક્ષાત્ પરમાત્માનાં સ્વરૂપ, સ્વભાવાદિકના

ઉપદેશને કરનારું વચન, તે સાંભળીને ને તે સાંભળવે કરીને સાક્ષાત્ પરમાત્મા વાસુદેવનાં સ્વરૂપ સ્વભાવાદિકને યથાર્થ જાણીને કૃતાર્થ થયા થકા સનંદનને પૂજતા હવા. ॥૪૨॥

इत्यशेषसमाम्नायपुराणोपनिषद्रसः ।।
समुद्धृतः पूर्वजातैर्व्योमयानैर्महात्मभिः ।।४३।।

અને હે નારદજી ! સર્વથી પ્રથમ ઊપજ્યા ને યોગબળે કરીને આકાશને વિષે ગતિ કરનારા ને મોટી બુદ્ધિવાળા એવા જે સનકાદિક, તેમણે એવી રીતે પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરીને સમગ્ર વેદ, પુરાણ અને ઉપનિષદ તેમનો રસ જે સાર કે'તાં સિદ્ધાંત તે જે તે ઉદ્ધાર કર્યો છે. કે'તાં સર્વનું મંથન કરીને સર્વનો સિદ્ધાંત પ્રગટ કર્યો છે. ॥૪૩॥

त्वं चैतद्ब्रह्मदायाद श्रद्धयात्मानुशासनं ।।
धारयंश्चर गां कामं कामानां भर्जनं नृणाम् ।।४४।।

અને હે બ્રહ્માના પુત્ર નારદજી ! તમે જે તે આ વેદસ્તુતિરૂપ જે પરમાત્મા વાસુદેવનાં સ્વરૂપ, સ્વભાવાદિકના ઉપદેશને કરનારું વચન તેને શ્રદ્ધાએ કરીને પોતાના ચિત્તને વિષે ધારતા થકા જેમ તમારી ઈચ્છા હોય તેમ પૃથ્વી પ્રત્યે વિચરો. કે'તાં એનો મુમુક્ષુને ઉપદેશ કરવાને અર્થે પૃથ્વી પ્રત્યે ફરો. તે આ વચન કેવું છે ? તો મનુષ્યના હૃદયમાં રહી જે માયિક પંચવિષયની વાસનાઓ તેને બાળી નાખે એવું છે. કે'તાં આ ભગવાનના માહાત્મ્યની વાર્તા સાંભળીને તેને જો મનમાં ધારે તો ભગવાન વિના બીજી વાસના ન રહે. ॥૪૪॥

एवंस ऋषिणादिष्टंगृहीत्वा श्रद्धयाऽऽत्मवान् ।।
पूर्णः श्रुतधरो राजन्नाह वीरव्रतो मुनिः ।।४५।।

હવે શુકજી કહે છે, હે રાજન્ ! પોતાનું બ્રહ્મસ્વરૂપ ને પરમાત્માનું સ્વરૂપ, તેને વિષે નિષ્ઠાને પામ્યા ને જે શ્રવણ કરે તેને ધારી રાખે પણ તેની વિસ્મૃતિને ન પામે ને નૈષ્ઠિક બ્રહ્મચારી એવા જે નારદમુનિ તે

જે તે એવી રીતે નારાયણઋષિના વચનને શ્રદ્ધાએ કરીને ગ્રહણ કરીને કૃતાર્થ થયા થકા નારાયણઋષિ પ્રત્યે બોલતા હવા. ॥૪૫॥

नमस्तस्मै भगवते कृष्णायामलकीर्तये ।।
यो धत्ते सर्वभूतानामभवायोशतीः कलाः ।।४६।।

હે ભગવન્ ! નિર્મળ છે કીર્તિ જેની એવા શ્રીકૃષ્ણ વાસુદેવના અવતારરૂપ જે તમે, તે તમને હું નમસ્કાર કરું છું. તે શ્રીકૃષ્ણ વાસુદેવ કેવા છે ? તો સર્વ જીવના કલ્યાણને અર્થે અતિશય સુંદર એવા જે અનેક અવતાર તેનું ધારણ કરે છે. ॥૪૬॥

इत्याद्यमृषिमानम्य तच्छिष्यांश्च महात्मनः ।।
ततोगादाश्रमं साक्षात् पितुर्द्वैपायनस्य मे ।।४७।।

હવે શુકજી કહે છે, હે રાજન્ ! એવી રીતે નારદજી જે તે આદ્ય ઋષિ જે ધર્મના પુત્ર નરનારાયણ ભગવાન, તેને નમસ્કાર કરીને તથા મોટી બુદ્ધિવાળા જે તનુ ઋષિ આદિક તે નરનારાયણ ભગવાનના શિષ્ય તેમને નમસ્કાર કરીને તે બદરિકાશ્રમ થકી ચાલ્યા જે નારદજી, તે જે તે સાક્ષાત્ મારા પિતા જે વ્યાસજી તેનો જે શમ્યાપ્રાસ નામે આશ્રમ તે પ્રત્યે આવતા હવા. ॥૪૭॥

सभाजितो भगवता कृतासनपरिग्रहः ।।
तस्मै तद्वर्णयामास नारायणमुखाच्छ्रुतम् ।।४८।।

અને હે રાજન્ ! સમર્થ એવા જે વ્યાસજી તેણે સત્કારે સહિત પૂજ્યા અને વ્યાસજીએ આપ્યું જે આસન, તે ઉપર બેઠા એવા જે નારદજી, તે જે તે પોતે નારાયણઋષિના મુખ થકી સાંભળ્યું જે વેદસ્તુતિરૂપ વચન, તે વ્યાસજીને વિસ્તારે સહિત કહેતા હવા. ॥૪૮॥

इत्येतद्वर्णितं राजन् यन्नः प्रश्नः कृतस्त्वया ।।
यथा ब्रह्मण्येऽनिर्देश्ये निर्गुणेऽपि मनश्चरेत् ।।४९।।

અને હે રાજન્ ! તું તેણે અમ પ્રત્યે જે પ્રશ્ન કર્યો હતો તે પ્રશ્નનો જે આ ઉત્તર તે તુંને વર્ણન કરી દેખાડ્યો. તે કેવી રીતે ? તો કોઈની ઉપમાએ રહિત ને માયાના ત્રણ ગુણે વર્જિત એવા જે પરબ્રહ્મ વાસુદેવ શ્રીકૃષ્ણભગવાન તેને વિષે વેદ જે તે જે પ્રકારે ગતિ કરે છે કે'તાં સાક્ષાત્ ભગવાનની સ્તુતિ કરે છે. અને એ વેદ જે તે પ્રલયને અંત્યે સૃષ્ટિના આરંભ સમયમાં જેવી રીતે એ ભગવાનની સ્તુતિ કરે છે તેવી જ રીતે બ્રહ્માંડોનો સર્ગ થયા પછી સ્થિતિના સમયમાં પણ સ્તુતિ કરે છે. અને બ્રહ્માંડોનો પ્રલય થયા પછી પણ કરે છે. એ સર્વે વાર્તાઓને વર્ણન કરી દેખાડી. ॥૪૯॥

शार्दुलविक्रीडित :

योऽस्योत्प्रेक्षक आदिमध्यनिधने योऽव्यक्त जीवेश्वरो ।
यो सृष्ट्वेदमनुप्रविश्य ऋषिणा चक्रे पुरः शास्ति ताः ।।
यं सम्पद्य जहात्यजामनुशयी सुप्तःकुलायं यथा ।
तं कैवल्य निरस्तयोनिमभयं ध्यायेदजस्रं हरिम् ।।५०।।

હવે આ અધ્યાયને વિષે વિસ્તારે કરીને કહ્યો જે અર્થ તેને સંક્ષેપે કરીને કહે છે. હે રાજન્ ! જે શ્રીકૃષ્ણભગવાન જે તે અનંતકોટિ બ્રહ્માંડરૂપ જે આ સર્વે જગત, તેના ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયને વિષે જોનારા છે. કે'તાં જીવોને ધર્માદિકની પ્રાપ્તિ થાય તેને અર્થે પોતાની દૃષ્ટિમાત્રે કરીને અનિરુદ્ધાદિકરૂપે એ જગતના ઉત્પત્ત્યાદિક ને કરે છે પણ એનો પોતાને કાંઈ પ્રયાસ થાતો નથી.

અને એ જે ભગવાન તે જે તે પ્રકૃતિપુરુષના નિયંતા છે. કે'તાં પોતાની દૃષ્ટિ દ્વારે એ પ્રકૃતિપુરુષને સામર્થ્ય આપીને એમને જગતના સર્ગાદિક કાર્યને વિષે પ્રવર્તાવે છે. અને એ જે ભગવાન તે જે તે પુરુષરૂપે કરીને પ્રકૃતિ દ્વારા સૂક્ષ્મભાવે એ બહ્માંડોને તત્ત્વરૂપે સર્જીને અને તે તે તત્ત્વમાંદ પ્રવેશ કરીને પુર જે અનંત વિરાટપુરુષના બ્રહ્માંડરૂપ દેહ અને અપરિમિત જીવના દેવ-મનુષ્યાદિકરૂપ દેહ તેમને કરતા હવા.

અને તે વિરાટપુરુષરૂપ ઈશ્વર ને બીજા જીવ તેમના જે એ દેહ તેમને શિક્ષા કરે છે. કે'તાં અંતર્યામીરૂપે તેમને વિષે પ્રવેશ કરીને તેમના કર્મને અનુસારે ફળને આપે છે. અને સર્વેને પોતપોતાની સ્થિતિમાં રાખે છે ને સર્વેને પોતાને વશપણે વર્તાવે છે, પણ અધિકન્યૂન થાવા દેતા નથી.

અને અનુશયી કે'તાં અવિદ્યારૂપ માયાએ કરીને અનાદિ બંધાણો એવો જે જીવ, તે જે તે એ જે ભગવાન તેને સાક્ષાત્‌પણે પામીને પોતાના દેહાદિકને વિષે અહંતા-મમતા કરાવવાનું કારણ એવી જે માયા તેનો ત્યાગ કરે છે. કે'તાં અહં-મમત્વનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો ને જ્ઞાન, વૈરાગ્યે જુક્ત થકો એકાંતિક ભાવે ભગવાનને ભજે છે. અને પછી બ્રહ્મભાવને પામ્યો થકો એ ભગવાનના ધામને પામે છે ને સર્વે પ્રાકૃતભાવનો ત્યાગ કરે છે.

કેની પેઠે ? તો મૃત્યુરૂપ દીર્ઘ નિદ્રાને પામ્યો જે જીવ તે જે તે પ્રથમના દેહની વિસ્મૃતિનો ત્યાગ કરે છે, તેમ પ્રાકૃતભાવનો ત્યાગ કરે છે. અને પોતાના ભક્તજનને કૈવલ્ય જે અક્ષરધામ તેની પ્રાપ્તિ કરાવવે કરીને ટાળી નાંખ્યો છે એ ભક્તજનને જન્મ-મૃત્યુનો સંભવ જેણે એવા, અને પોતાના ભક્તને જે કાળનો ભય તેને ટાળનારા એવા હરિ જે સાક્ષાત્ શ્રીકૃષ્ણભગવાન તેનું નિરંતર સ્મરણ કરવું. ॥૫૦॥

।। इति श्रीमद्‌भागवते महापुराणे दशमस्कंधे उत्तरार्धे
सप्ताशीतितमोऽध्यायः ।।८७।।

।। इति वेदस्तुतिः संपूर्णा ।।

॥ એવી રીતે શ્રીસહજાનંદસ્વામિશિષ્ય શ્રીશુકાનંદમુનિ લિખિતા શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ ઉત્તરાર્ધે વેદસ્તુતિ ટીકા સંપૂર્ણ ॥

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



।। श्रीहरिकृष्णाय नमो नमः ।।

ધ્યાનનો મહિમા

❋ સદ્.શ્રીશુકમુનિએ મોક્ષધર્મમાંથી તારવેલા ધ્યાનના શ્લોકો :

यस्तिष्ठेदेकपादेन वायुभक्षः शतं समाः ।।
ध्यानयोगी परस्तस्मादिति ब्रह्मानुशासनम् ।।१।।

જે પુરુષ જે તે વાયુનું ભક્ષણ કરતો થકો સો વર્ષ પર્યંત એક પગે કરીને ઊભો રહે તે થકી પણ ધ્યાનયોગી જે ધ્યાને કરીને નિરંતર ભગવાનનાં જોગનો રાખનારો ભગવાનનો ભક્ત જે તે શ્રેષ્ઠ છે. એવી રીતે બ્રહ્માનું આજ્ઞા-વચન છે. ॥૧॥

अश्वमेधसहस्रेण राजसूयशतेन च ।।
पुण्डरीकसहस्रेण योगिष्ववसथो वरः ।।२।।

અને એક હજાર અશ્વમેધ યજ્ઞ કરવા, એક સો રાજસૂય નામે યજ્ઞ કરવા, તથા એક હજાર પુંડરીક નામે યજ્ઞ કરવા, તે થકી પણ યોગી જે ભગવાનનાં ધ્યાનયોગને કરનારા ભક્તજન તેને વિષે નિવાસ

કરવો તે શ્રેષ્ઠ છે; કેમ જે, તેમના સમાગમે કરીને તેમના જેવા ગુણો આવે છે. ॥૨॥

ध्याता ध्यानं तथा ध्येयं यच्च ध्यानप्रयोजनम् ॥
एतच्चतुष्टयं ज्ञात्वा योगं युञ्जीत तत्त्ववित् ॥३॥

અને ધ્યાતા જે ધ્યાનનો કરનારો પોતાનો જીવાત્મા તથા ધ્યાન જે ધ્યાન(ભગવાનનું અખંડ ચિંતન) કરવાનો પ્રકાર તથા ધ્યેય જે ધ્યાન કરવા યોગ્ય એવું ભગવાનનું સ્વરૂપ તથા તે ધ્યાનનું પ્રયોજન જે ભગવાનને વિષે સર્વ વૃત્તિનો નિરોધ થાય – એ જે ચાર વાનાં તેને યથાર્થ જાણીને પછી પરમેશ્વર એવા જે પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપને યથાર્થ જાણનારો જે ધ્યાનયોગી તે જે તે ભગવાનના ધ્યાન-યોગને કરે. ॥૩॥

गच्छंस्तिष्ठन् स्वपन् जाग्रदुन्मिषन्निमिषन्नपि ॥
शुचिर्वाप्यशुचिर्वापि ध्यायेत् सततमीश्वरम् ॥४॥

હવે ધ્યાન કરવાના પ્રકારને કહે છે : ધ્યાનનો કરનારો જે ભક્તજન તે જે તે ચાલતો થકો, બેઠો થકો, સૂતો થકો, જાગતો થકો, પોતાનાં નેત્રને ઉઘાડતો થકો, મીંચતો થકો, પવિત્રપણે રહ્યો થકો, અપવિત્રપણે રહ્યો થકો પણ પરમેશ્વર એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું નિરંતર ધ્યાન કરે. કેવી રીતે ? તો તે ભગવાનનાં ચરણારવિંદ આદિક જે એક એક અંગ તેનું પૃથક્ પૃથક્ ધ્યાન કરે અથવા સમગ્ર મૂર્તિનું ભેળું ધ્યાન કરે. ॥૪॥

अहं ब्रह्म परं ब्रह्म वासुदेवोऽस्ति मत्प्रभुः ॥
हृदीत्थं भावयन् शश्वत् ध्याता ध्यानं प्रयोजयेत् ॥५॥

હવે ધ્યાતાને અને ધ્યેયને જાણવાની રીત કહે છે : ધ્યાતા જે ધ્યાનનો કરનારો ભક્ત, તે પોતાને એમ જાણે જે 'હું જે તે બ્રહ્મ છું કે'તાં, અક્ષરબ્રહ્મ સંગાથે એકત્વભાવને પામ્યો છું. અને ધ્યેય જે ભગવાન તેને એમ જાણે જે અતિ સમર્થ એવા મારા સ્વામી જે વાસુદેવ ભગવાન તે પરબ્રહ્મ છે કે'તાં, અક્ષરબ્રહ્મ થકી પણ સ્વરૂપ, સ્વભાવ,

ગુણ, વિભૂતિ, ઐશ્વર્યાદિકે કરીને અતિ ઉત્કર્ષપણે વર્તે છે.' એવી રીતે પોતાના મનને વિશે નિરંતર ભાવનાને કરતો કે'તા વિચારને કરતો થકો નિરંતર તે ભગવાનના ધ્યાનને કરે. ।।૫।।

ध्यानात् शान्तो जपेन्मन्त्रं जपन् शान्तश्च चिन्तयेत् ।।
जपध्यानप्रसक्तस्य विष्णुः शीघ्रं प्रसीदति ।।६।।

અને એવી રીતે ધ્યાન કરતો થકો તે ધ્યાન થકી થાકે ત્યારે તે ભગવાનના નામનો અથવા અષ્ટક્ષર મંત્રનો જપ કરે અને તે જપને કરતો થકો થાકે, ત્યારે વળી તે ભગવાનનું ધ્યાન કરે. અને એવી રીતે ધ્યાન અને જપ તેને વિશે આસક્ત થયો એવો જે ભક્ત, તેની ઉપર એ ભક્તના અંતર્યામી એવા ભગવાન જે તે તત્કાળ પ્રસન્ન થાય છે; કે'તાં એ ભક્તના એવા ધ્યાનના આગ્રહને જાણીને તેને પોતાની મૂર્તિનું સાક્ષાત્ દર્શન આપે છે. ને તે મૂર્તિને વિષે એ ભક્તના ચિત્તનો નિરોધ થાય છે. અને એવી રીતે જે ચિત્તનો નિરોધ થાય તે ધ્યાનનું પ્રયોજન છે. ।।૬।।

वेदैस्तूक्ताः सर्वयज्ञक्रियास्तु यज्ञाज्जप्यं ज्ञानमाहुश्च जप्यात् ।।
ज्ञानाद् ध्यानं सङ्गरागादपेतं तस्मिन्प्राप्ते शाश्वतस्योपलम्भः ।।७।।

અને સર્વે યજ્ઞની જે ક્રિયાઓ તે જે તે વેદ તેમણે કહી છે. અને તે યજ્ઞ થકી પણ જપવાં યોગ્ય એવો જે ભગવાનનો મંત્ર તે અધિક છે અને તે મંત્ર થકી પણ જ્ઞાન જે ભગવાનના માહાત્મ્યને જાણવું તે અધિક છે. અને માયિક પદાર્થના પ્રસંગે કરીને થયો જે તે પદાર્થને વિષે રાગ તેણે રહિત એવું જે ધ્યાન તે જ્ઞાન થકી પણ અધિક છે અને એવા ધ્યાનની પ્રાપ્તિ થયે સતે અનાદિ સિદ્ધ એવું જે ભગવાનનું સ્વરૂપ તેની પ્રાપ્તિ થાય છે. કે'તા તે ભગવાનની મૂર્તિ સાક્ષાત્ દેખાય છે ને તે મૂર્તિને વિષે ધ્યાનના કરનારાના ચિત્તનો નિરોધ થાય છે એજ ધ્યાનનું પ્રયોજન છે ને ફળ પણ એ જ છે.।।૭।।

।। એવી રીતે મહાભારતના શાંતિપર્વમાં મોક્ષધર્મના શ્લોકનો આ અર્થ જે તે સાધુ શુકમુનિએ લખ્યો છે. ।।

શ્રીહરિએ સદ્.શ્રીશુકાનંદસ્વામીને ધ્યાનનો મહિમા કહ્યો

(ઉપરોક્ત ધ્યાનના મહિમાને આનુસંગિક હોવાથી અહીં દુર્ગ.માહા.ના શ્લોકો લીધા છે.)

એકવાર ગઢપુરમાં શ્રીહરિએ પોતાની પ્રસાદી જે પૂરી ઈત્યાદિનો થાળ પોતાના વહાલા મુનિવર્ય શ્રીશુકાનંદસ્વામીને આપ્યો. પછી પોતાને શરીરે જે વસ્ત્ર ધાર્યાં હતાં તે બધાં ઉતારીને પ્રેમથી તેમને આપ્યાં. અને પોતાના પ્રિય શુકસ્વામીને બાથમાં લઈને ગાઢ રીતે ભેટ્યા. પછી તેમની છાતીમાં અતિ પ્રેમથી ચરણારવિંદ ચાંપ્યાં. પછી સહુને સંભળાવતાં કહે, 'હે ભક્તો ! આ શુકાનંદસ્વામી ઘણા સારા સાધુ છે, મારા હાથ તુલ્ય છે. જેને શુકદેવજીનાં દર્શન ન થયાં હોય તેમણે આ શુકમુનિનાં દર્શન કરી લેવાં. આ શુકમુનિ સદ્‌ગુણોને લીધે વ્યાસપુત્ર શુકજી જેવા જ છે.' આમ બોલીને શ્રીહરિ પલંગ ઉપર ઉભા થયા. પછી વિદ્વદ્વર્ય શ્રીશુકાનંદસ્વામીને કહ્યું,

आनखादाशिखं धीमन् !चारुचिह्नाङ्गभास्वरा ॥
सर्वावतारहेतोर्मे मूर्तिर्धार्या त्वयाऽतुला ॥३३॥

"હે ધીમન્ ! હું સર્વ અવતારોનું કારણ છું. માટે સુંદર ચિહ્નો અને અવયવોથી પ્રભાવવાળી આ મારી અનુપમ મૂર્તિને નખથી આરંભીને શિખા પર્યંત હૃદયમાં ધારી લો." ॥૩૩॥

तेनेत्युक्तः स सद्वर्यस्तां तन्मूर्तिं मनोहराम् ॥
सभ्याश्चाऽधारयन् सर्वां सच्चिह्नावयवान्विताम् ॥३४॥

શ્રીહરિએ આમ કહ્યું એટલે સંતવર્ય શ્રીશુકાનંદસ્વામીએ ચિહ્નો અને અવયવોએ સહિત મનોહર શ્રીહરિની સંપૂર્ણ મૂર્તિને હૃદયમાં ધારી લીધી. સભામાં બેઠેલા બીજા બધા સંતો અને હરિભક્તોએ પણ તે મૂર્તિને હૃદયમાં ધારી લીધી.॥૩૪॥

साधनानां हि मन्मूर्तेर्ध्यानरूपं हि साधनम् ॥
साधनानां समग्राणां श्रेष्ठमस्त्यशुभापहम् ॥३६॥

આ મારી મૂર્તિનું ધ્યાન કરવારૂપ સાધન સર્વ સાધનોમાં શ્રેષ્ઠ છે અને પાપને નષ્ટ કરનારું છે. ॥૩૬॥

यथा कतकवृक्षोत्थफलस्यैव प्रसङ्गतः ॥
तथा वैशद्यमेत्यम्भश्चित्तं मे ध्यानतो हरेः ॥३७॥

જેમ નિર્મળી(અરીઠા)થી પાણીનો મેલ કપાઈ જાય છે અને (તન) શુદ્ધ થાય છે, તેમ આ મારી મૂર્તિના ધ્યાનથી ચિત્તનો મેલ નષ્ટ થાય છે અને તે શુદ્ધ થાય છે. ॥૩૭॥

यथा दावानलज्वालादह्यमानो वनद्विपः ॥
गङ्गा प्रवाहयोगेन शान्तिं गच्छति भूयसीम् ॥३८॥
तथा काममहादावज्वालया दग्धमातुरम् ॥
मनो मच्चिन्तनेनैव याति शान्तिं महीयसीम् ॥३९॥

જેમ દાવાનળની જ્વાળાથી દાઝેલો જંગલી હાથી ગંગાના પ્રવાહમાં પડે તો તેને શાંતિ થાય છે, તેમ કામાદિ અંતઃશત્રુરૂપ અગ્નિની જ્વાળાથી દાઝેલા અને પીડાતા મનને મારું ધ્યાન જ મહાન શાંતિ આપે છે. ॥૩૮-૩૯॥

पुरा ध्रुवेण भूपेन प्रह्लादाद्यैस्तथेतरैः ॥
दुर्लभोऽपि हरिर्नूनं ध्यानेनाऽऽशु प्रसादितः ॥४०॥

પૂર્વે મહારાજ ધ્રુવ તથા પ્રહ્લાદજી વગેરે બીજા ભક્તોએ, સર્વથા દુષ્પ્રાપ્ય આવા ભગવાન શ્રીહરિને ધ્યાનથી સત્વરે પ્રસન્ન કર્યા હતા. ॥૪૦॥

तथैव व्यापकानन्दप्रमुख्यैरद्य सज्जनैः ॥
तोषितश्चिन्तनेनाहं श्रीहरिर्धर्मनन्दनः ॥४१॥

તે રીતે જ અત્યારે શ્રીવ્યાપકાનંદ સ્વામી આદિ સંતોએ મને ધર્મનંદન શ્રીહરિને ધ્યાન-સ્મરણથી જ પ્રસન્ન કર્યો છે. ॥૪૧॥

तस्मादिच्छद्भिरीशानं भृशं प्रीणयितुं हि माम् ॥
भक्तैर्भद्रं मम ध्यानं प्रीत्या कार्यं निरन्तरम् ॥४२॥

માટે હે મુને ! મને પરમેશ્વરને અત્યંત પ્રસન્ન કરવા ચાહતા ભક્તોએ મંગળમય મારી મૂર્તિનું પ્રેમથી નિરંતર ધ્યાન કરવું. ॥૪૨॥

ध्यानेन मेऽतिपुण्येन कोटिजन्माऽघपञ्जरम् ॥
भिद्यते शतधा शैलो वज्रघातादिव द्रुतम् ॥४३॥

મારા અતિશય પાવનકારી ધ્યાનથી જ કરોડો જન્મના પાપરૂપી પાંજરાના, વજ્રઘાતથી પહાડ જેમ છિન્નભિન્ન થઈને તેના સેંકડો ટૂકડા થઈ જાય છે, તેમ સેંકડો ટૂકડા થઈને છિન્નભિન્ન થઈ જાય છે. (અર્થાત્ તમામ પાપ નષ્ટ થાય છે) ॥૪૩॥

ऊर्ध्वज्वालोमरुद्युक्तोवह्निःकक्षंयथाऽखिलम् ॥
दहत्यघं तथाऽशेषं ध्यायतां मामहं विभुः ॥४४॥

પવનની ફૂંક લાગવાથી વધેલો ઊંચી જ્વાળાવાળો અગ્નિ સૂકા ઘાસના જંગલને જેમ સંપૂર્ણ રીતે બાળી દે છે, તેમ મારું ધ્યાન કરનારા ભક્તોનાં બધાં જ પાપોને મહાસમર્થ આવો હું બાળી દઉં છું. ॥૪૪॥

मदीयस्मरणक्षीणक्लेशदोषौघवासनः ॥
याति मुक्तिं जनस्तस्य स्वर्गो विघ्नो हि सम्मतः ॥४५॥

મારા ધ્યાન-સ્મરણથી મનુષ્યનાં અવિદ્યા, અસ્મિતા આદિ ક્લેશો, કામાદિ દોષના સમૂહો અને વાસનાનો સદંતર નાશ થઈ જાય છે. પછી તે ભક્તને મોક્ષ પ્રાપ્ત થાય છે. તેને સ્વર્ગાદિ સુખ તો વિઘ્ન ગણાય છે. ॥૪૫॥

क्व नाकलोकसंयानं पुनरावर्तिसंयुतम् ॥
ध्यानंमेक्वाऽऽर्तिहृत्पुण्यंमुक्तिबीजंसुमङ्गलम् ॥४६॥

જન્મ-મૃત્યુરૂપી પુનરાવૃત્તિવાળું સ્વર્ગગમન ક્યાં ? અને ધ્યાન ક્યાં ? ધ્યાન તો બધી જ પીડાઓને હરે છે, પુણ્યરૂપ છે અને મંગળરૂપ મોક્ષનું બીજ છે. ॥૪૬॥

प्रायश्चितेषु सर्वेषु ध्यानं मे वै विशिष्यते ॥
तस्मात्सर्वप्रयत्नेन शुद्धिकामो हि मां स्मरेत् ॥४७॥

બધી જ જાતનાં પ્રાયશ્ચિતોમાં મારું ધ્યાન વિશિષ્ટ છે, મહત્વપૂર્ણ છે. માટે જેને શુદ્ધિ-પવિત્રતા પ્રાપ્ત કરવી હોય તેને બધા જ પ્રયત્ન કરીને મારું ધ્યાન-સ્મરણ સતત કરવું જોઈએ. ॥૪૭॥

ध्यायन्निरन्तरं प्रीत्या मां हरिं धर्मभावनम् ॥
पापव्रातविनिर्मुक्तो जायते पङ्क्तिपावनः ॥४८॥

જે મનુષ્ય ધર્મભાવનાવાળા મારા શ્રીહરિ સ્વરૂપનું પ્રેમથી નિરંતર ધ્યાન કરે છે તે પાપપુંજથી છૂટી જાય છે અને પંક્તિ પાવન (જ્યાં તે બેઠો હોય તે બધી પંગતને પવિત્ર કરનારો) થાય છે. ॥૪૮॥

उन्मिषन्निमिषंस्तिष्ठन् व्रजन् जाग्रत्स्वपन्नपि ॥
शुचिश्चैवाप्यशुद्धो मां धार्मिं ध्यायेद्धरिं सदा ॥४९॥

મનુષ્યની આંખો ખુલ્લી હોય કે બંધ, ઊભો હોય કે ચાલતો, જાગતો હોય કે ઊંઘતો, પવિત્ર હોય કે અપવિત્ર, તેણે ધર્મપુત્ર એવા મારા સ્વરૂપનું નિરંતર ધ્યાન કરવું. ॥૪૯॥

ध्यानवांश्चिन्तनाच्छ्रान्तो जपेन्मन्त्रं शुभं हि मे ॥
चिन्तयेन्मां जपाच्छ्रान्तस्तेन तुष्याम्यहं द्रुतम् ॥५०॥

ધ્યાની ધ્યાન કરતા જો થાકી જાય તો તેણે મારા શુભ નામમંત્રનો જપ કરવો જોઈએ. અને જાપક-જપ કરનારો જપ કરતા જો થાકી જાય તો તેણે મારું ધ્યાન કરવું. આ રીતે ધ્યાન અને ભજન કરવાથી હું જલદી પ્રસન્ન થાઉં છું. ॥૫૦॥

ब्रह्माहं परमं ब्रह्म श्रीहरिर्मेऽस्त्यधीश्वरः ॥
हृद्येवं भावयन्नित्यं ध्यायेन्मां तत्त्वविन्मुदा ॥५१॥
तत्त्ववित्प्रथमं ज्ञात्वा ध्यातारं ध्येयमेव च ॥
ध्यानप्रयोजनं ध्यानं ततो योगं समभ्यसेत् ॥५२॥

હું બ્રહ્મરૂપ છું અને મારા અંતર્યામી ઈષ્ટદેવ શ્રીહરિ પરબ્રહ્મ છે, તત્ત્વજ્ઞ જ્ઞાની ભક્ત આવી ભાવના કરીને પ્રેમથી નિત્ય મારું ધ્યાન કરે. તત્ત્વવેત્તા મુમુક્ષુએ પહેલાં ધ્યાતા-જીવાત્માને ઓળખવો, પછી ધ્યેય પરમેશ્વરને ઓળખવા, ધ્યાનનું પ્રયોજન વિચારવું અને ધ્યાનનું સ્વરૂપ સમજવું, તે પછી યોગનો અભ્યાસ કરવો. ॥૫૧-૫૨॥

वेदप्रोक्ता हि विद्यन्ते सर्वयज्ञक्रियाः शुभाः ॥
यज्ञादस्ति परं जप्यं ज्ञानं जप्यात्परं मतम् ॥५३॥
परं ज्ञानादपि ध्यानं सङ्गरागापवर्जितम् ॥
ध्यानान्मे श्रीहरेस्तूर्ण प्राप्तिमाहुर्मनीषिणः ॥५४॥

યજ્ઞની બધી જ શુભ ક્રિયાઓ વેદમાં કહી છે, યજ્ઞ કરતાં પણ જપવાનો મંત્ર પર-મહાન છે. અને મંત્ર જપ કરતાં પણ જ્ઞાન-સમજણ અધિક મહત્ત્વની છે. અને તે જ્ઞાન કરતાં પણ ધ્યાન વધારે મહત્ત્વનું છે. તે ધ્યાન સમયે આસક્તિ કે વિષયમાં રાગ હોવો જોઈએ નહીં. વિદ્વાનોનું કહેવું એવું છે કે ધ્યાન કરવાથી જ મારી-શ્રીહરિ સ્વરૂપની પ્રાપ્તિ તુરંત થાય છે. ॥૫૩-૫૪॥

शतमब्दान्मरुद्भोजी य स्तिष्ठेदेकपादतः ॥
तस्माद्ध्यानी मतः श्रेयानित्थं ब्रह्माऽब्रवीत्स्वयम् ॥५५॥

ખુદ બ્રહ્માએ પણ આમ કહ્યું છે કે કોઈ મનુષ્ય સો વર્ષ પર્યંત વાયુભક્ષણ કરે અને એક પગ ઉપર ઊભા રહીને તપ કરે, તેના કરતાં પણ એકાગ્રચિત્તે જે ભક્ત ભગવાનનું ધ્યાન કરે છે તે શ્રેષ્ઠ છે. ॥૫૫॥

सहस्रवाजिमेधेभ्यो राजसूयशतात्तथा ॥
सहस्रपुण्डरीकेभ्यो ध्यानिष्वावसतिर्वरा ॥५६॥

એક હજાર અશ્વમેધ યજ્ઞ, એક સો રાજસૂય યજ્ઞ અને એક હજાર પુંડરીક યાગ કરતાં પણ ધ્યાનીના સમાગમમાં રહેવું તે ઉત્તમ છે. ॥૫૬॥

(પ.પૂ.સદ્.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી ગાંધીનગરવાળાએ અનુવાદ કરેલ અને પ.પૂ.સદ્.શા.શ્રીહરિપ્રકાશદાસજીસ્વામી દ્વારા પ્રકાશિત કરેલ દુર્ગપુર માહાત્મ્ય અ.૭૮માંથી ઉપરોક્ત શ્લોકો લીધેલ છે.)

શ્રીહરિસ્વરૂપજ્ઞાનદીપ

ભૂમિકા

મહામુક્ત સદ્.શ્રીશુકાનંદસ્વામી વર્ષો સુધી પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનની સમીપે જ રહ્યા હતા. તેથી તેમણે પોતે **પ્રત્યક્ષ અનુભવેલ શ્રીહરિનાં અસાધારણ ૧૩ લક્ષણો** દ્વારા તેમનું પુરુષોત્તમપણું આ ગ્રંથમાં સ્પષ્ટ જણાવ્યું છે.

આ શ્રીહરિસ્વરૂપજ્ઞાનદીપમાં ફક્ત ૩૯ શ્લોકો છે. આ ગ્રંથ સ્વામીએ વડતાલધામમાં પોતાના આસને રહીને સંવત્ ૧૯૧૨ માગશર સુદિ ત્રીજ અને બુધવારે તા.૧૨/૧૨/૧૮૫૫ના રોજ સંપૂર્ણ કર્યો છે. આ નાનકડો ગ્રંથ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો મહિમા સમજવામાં અતિ ઉપયોગી છે. તો આ ગ્રંથનો એકાગ્રચિત્તે પ્રભુમાં પ્રેમ પ્રગટાવવા ગુજરાતી અનુવાદ સાથે આસ્વાદ માણીએ...

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



।। श्रीहरिकृष्णाय नमो नमः ।।

અથ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સદ્.શ્રીશુકાનંદમુનિ વિરચિત

શ્રીહરિસ્વરૂપજ્ઞાનદીપ

(ગુજરાતી અનુવાદ સાથે)

❋ મંગલાચરણ : (उपजाति छंद)

श्रीस्वामिनारायणमिष्टदेवं, श्रीकृष्णमीशं परमं महेशम् ।।
कारुण्यवात्सल्यनिधिं मुनीशं, दधे हृदि श्रीहरिकृष्णमेकम् ।।०१।।

ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ અનાદિ શ્રીકૃષ્ણ, સર્વનિયામક અને સર્વથી શ્રેષ્ઠ ઈશ્વરોના પણ ઈશ્વર છે. કરુણા અને વાત્સલ્યનો તો એ ખજાનો છે. સર્વ સંતોના સ્વામી એવા એ અદ્વિતીય શ્રીહરિકૃષ્ણ મહારાજનું હું મારા હૃદયમાં ધ્યાન ધરું છું. ॥૧॥

श्रीभक्तिधर्मतनयं, श्रीहरिं पुरुषोत्तमम् ।।
वंदे ब्रह्मपुराधीशं, सर्वकारणकारणम् ।।०२।।

સર્વ કારણના પણ કારણ અને શ્રીભક્તિધર્મના પુત્ર એવા શ્રીઅક્ષરધામાધિપતિ શ્રીહરિ પુરુષોત્તમનારાયણને હું વંદન કરું છું. ॥૨॥

✻ ગ્રંથકારની પ્રતિજ્ઞા :

तस्यावतारिणः साक्षात्, स्वयं दिव्याकृतेः सदा ।।
ब्रुवेऽसाधारणतया, लक्षणानि त्रयोदशः ।।०३।।

સદા સાકાર દિવ્ય મૂર્તિ અને સર્વ અવતારોના પણ અવતારી એવા પ્રગટ પ્રમાણ સ્વયં શ્રીહરિજીમહારાજનાં આ અસાધારણ (અજોડ) તેર લક્ષણો હું (નીચે મુજબ) કહું છું. ॥૩॥

✻ અસાધારણ લક્ષણો :

पूर्वं सर्वेऽवतारा ये, बभूवुस्तान्प्रदर्शयेत् ।।
स्वस्वरूपे बहुजनान्, एतत्प्रथमलक्षणम् ।।०४।।

પૂર્વે થઈ ગયા એવા જે રામકૃષ્ણાદિક સર્વે અવતારો, તેને પોતાના સ્વરૂપમાં અનેક જનોને દેખાડે તે અવતારી પુરુષોત્તમનું **પ્રથમ** અસાધારણ લક્ષણ છે. ॥૪॥

स्थिताया मूर्तयो दिव्या, वैकुण्ठादिषु धामसु ।।
तदैश्वर्याणि दिव्यानि, सच्छास्त्रोक्तानि यानि च ।।०५।।
सर्वास्तास्तानि सर्वाणि, स्वमूर्तौ श्रीहरिः स्वयम् ।।
प्रदर्शयेद्बहूल्लोकान्, एतद्द्वितीयलक्षणम् ।।०६।।

વૈકુંઠાદિક ધામોમાં રહી જે લક્ષ્મીનારાયણાદિક દિવ્ય મૂર્તિઓ તથા સદ્‌ગ્રંથોમાં જણાવેલ જે તેમનાં દિવ્ય ઐશ્વર્યો, તે બંનેને પોતાની મૂર્તિમાં શ્રીહરિ પોતે અનેક લોકોને દેખાડે છે. તે અવતારી પુરુષોત્તમનું **બીજું** અસાધારણ લક્ષણ છે. ॥૫-૬॥

समाधिं कारयेत्सद्यः, स्वमूर्तौ मानवान् बहून् ।।
यादृशांस्तादृशांश्चापि, तृतीयं लक्षणं त्विदम् ।।०७।।

પાત્ર-કુપાત્ર એવા જે ઘણાંક જેવા-તેવા મનુષ્યોને પણ પોતાની મૂર્તિમાં તત્કાળ સમાધિ કરાવી દે, તે આ અવતારી પુરુષોત્તમનું **ત્રીજું** અસાધારણ લક્ષણ છે. ||૭||

अन्याऽवतारान् धृत्वा च, जीवानां यादृशं कृतम् ।।
कल्याणं कारितो यादृक्, समाधिश्च पुरा स्फुटम् ।।०८।।
सामर्थ्यं तादृशं स्वामी, स्वभक्तद्वारतो बहून् ।।
जनान् प्रदर्शयेदेतत्, तुरीयं तस्य लक्षणम् ।।०९।।

પૂર્વે રામકૃષ્ણાદિક અવતારોનું ધારણ કરીને જીવોનું જેવું કલ્યાણ કર્યું હતું અને જેવી સમાધિ કરાવી હતી; તેવું પ્રત્યક્ષ સામર્થ્ય શ્રીસ્વામિનારાયણ ભગવાને તો પોતાના ભક્ત દ્વારા અનેક જીવોને દેખાડ્યું. તે અવતારી પુરુષોત્તમનું **ચોથું** અસાધારણ લક્ષણ છે. ||૮-૯||

अपारतेजोरूपं यद्, अक्षरं धाम वर्तते ।।
तन्मध्यस्थे मंदिरे च, दिव्यं सिंहासनं महत् ।।१०।।
विराजते सदा स्वामी, तस्योपरि हरिः स्वयम् ।।
नैककोटिमुक्तवृन्द-सभापरिवृत्तः प्रभुः ।।११।।

અપાર તેજરૂપ એવું જે અક્ષરધામ છે, તેની મધ્યમાં એક મંદિર (બ્રહ્મમહોલ) છે. તે મહોલમાં એક મોટું દિવ્ય સિંહાસન છે. તેની ઉપર સર્વના સ્વામી એવા સર્વોપરી શ્રીહરિ સ્વયં સદા બિરાજમાન છે. અને અનંત કોટિ મુક્તોના સમૂહોની સભાથી તે સમર્થ પ્રભુ વીંટાયેલા છે. ||૧૦-૧૧||

स्वस्येदृग्दिव्यमूर्तेस्तु, यादृशांस्तादृशान् जनान् ।।
दर्शनं कारयेत्सद्य, एतत्पञ्चमलक्षणम् ।।१२।।

આવી દિવ્ય-ભવ્ય પોતાની મૂર્તિનું જેવા તેવા જીવોને પણ તત્કાળ દર્શન કરાવે, તે અવતારી પુરુષોત્તમનું **પાંચમું** અસાધારણ લક્ષણ છે. ॥૧૨॥

पूर्वं शास्त्रोदिता धर्म-,ज्ञानवैराग्यभक्तयः ।।
वेदान्तसांख्ययोगादि-शास्त्राणां च मतानियत् ।।१३।।

यदा तल्लक्षणानां तु, स कुर्यात् प्रतिपादनम् ।।
शास्त्राणि तद्वर्णनानि, कारयेन्नूतनानि च ।।१४।।

चमत्कारस्तदात्यन्त-मायायात् पूर्वशास्त्रतः ।।
तस्मिंश्च तेष्वनायासात्, सर्वेषां बोधकर्तृषु ।।१५।।

वार्तेयं शास्त्रनिपुण -बुद्धिभिः पुरुषैः स्फुटम् ।।
याथार्थ्यतो ज्ञायते वै, षष्ठं तल्लक्षणं त्विदम् ।।१६।।

પૂર્વેનાં શાસ્ત્રોમાં કહેવાયેલાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તથા ઉપનિષદ, સાંખ્ય, યોગ વગેરે શાસ્ત્રોના સિદ્ધાંતોનું તથા તે ધર્માદિકોના સ્વરૂપનું જ્યારે તે શ્રીહરિ પ્રતિપાદન કરે તથા તેનું વર્ણન કરનારા નવાં શાસ્ત્રોની રચના કરાવે ત્યારે શ્રીહરિએ કરેલા તે પ્રતિપાદનમાં અને સહુ કોઈને સહેજે જ સમજાઈ જાય એવાં તેમણે રચાવેલ શાસ્ત્રોમાં પૂર્વનાં શાસ્ત્રો કરતાં અત્યંત ચમત્કાર (અદ્ભુતતા) આવે છે. આ બાબત કોના જાણ્યામાં આવે છે ? તો શાસ્ત્રમાં નિપુણ બુદ્ધિવાળા પુરુષોને આ વાત યથાર્થપણે સ્પષ્ટ સમજાય છે. આ અવતારી પુરુષોત્તમનું **છઠ્ઠું** અસાધારણ લક્ષણ છે. ॥૧૩-૧૬॥

वृत्तयो नैकजीवानां, स्वस्य दर्शनमात्रतः ।।
कृष्येरन्नंजसा स्वस्मिन्, सप्तमं लक्षणं त्विदम् ।।१७।।

શ્રીહરિ પોતાના દર્શનમાત્રે કરીને અનેક જીવોની વૃત્તિઓને તત્કાળ પોતાના સ્વરૂપમાં ખેંચી લે છે. તે અવતારી પુરુષોત્તમનું **સાતમું** અસાધારણ લક્ષણ છે. ॥૧૭॥

अपि स्वाश्रयमात्रेण, जीवानां च महद्भवेत् ।।
कल्याणमथस्यात्तेषाम्,अन्तकालेसुखं महत् ।।१८।।
तदा तान् नेतुमागच्छेत्, पार्षदैः स्वैर्युतो हरिः ।।
विमानादिकमारुह्य, लक्षणं त्विदमष्टमम् ।।१९।।

અને તે પુરુષોત્તમનારાયણના આશ્રયમાત્રે કરીને જ જીવોનું બહુ મોટું કલ્યાણ થાય તથા અંતકાળે તે જીવોને મોટા સુખની પ્રાપ્તિ થાય. અને વળી, તેમના અંતસમયે સ્વયં શ્રીહરિ પોતાના અનેક મુક્તોએ સહિત વિમાન આદિ વાહનોમાં બેસીને તે ભક્તને લેવા માટે પધારે, તે અવતારી પુરુષોત્તમનું **આઠમું** અસાધારણ લક્ષણ છે. ॥૧૮-૧૯॥

स्वधर्मज्ञानवैराग्य-,भक्तीनां वर्त्मसु द्रुतम् ।।
स्वस्याज्ञया प्रवर्तेरन्, नैकस्त्रीपुरुषाः सदा ।।२०।।
इत्थं स्वकीयवचसि, प्रतापश्च महान्भवेत् ।।
वासुदेवस्य तस्यैवं, लक्षणं नवमं स्मृतम् ।।२१।।

એ શ્રીહરિની આજ્ઞાથી અનેક સ્ત્રી-પુરુષો તત્કાળ સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના માર્ગે હંમેશાં પ્રવર્તે, આવો મોટો તેમના વચનમાં પ્રતાપ હોય તે સર્વોપરી વાસુદેવ ભગવાનનું **નવમું** અસાધારણ લક્ષણ છે. ॥૨૦-૨૧॥

स्वसंबंधमनुप्राप्ता, वस्त्रपुष्पादयश्च ये ।।
तेषां दर्शनमात्रेण, स्पर्शमात्रेण च द्रुतम् ।।२२।।
स्यात्समाधिर्हि जीवानां, ततो ब्रह्मपुरादिकम् ।।
धाम दिव्यं तदैश्वर्यं, पश्येयुस्ते महाद्भुतम् ।।२३।।
ततो भवेयुस्ते सर्वे, प्राप्तदिव्यमहासुखाः ।।
दयानिधेर्हरेस्तस्य, लक्षणं दशमं त्विति ।।२४।।

શ્રીસ્વામિનારાયણ ભગવાનના સંબંધને પામેલાં એવાં જે વસ્ત્ર, પુષ્પ વગેરે પદાર્થો તેના દર્શનમાત્ર કે સ્પર્શમાત્રથી જીવોને તત્કાળ સમાધિ થઈ જાય. અને તે સમાધિમાં બ્રહ્મપુરાદિક જે દિવ્ય ધામો અને

તેમાં રહેલાં જે મહા અદ્‌ભુત ઐશ્વર્યો, તેને તે જીવો જુએ અને તેણે કરીને તે સર્વે લોકો ત્યાંના દિવ્ય સુખે કરીને મહા સુખી થઈ જાય. તે દયાસાગર શ્રીહરિનું **દસમું** અસાધારણ લક્ષણ છે. ॥૨૨-૨૪॥

स्वमूर्तिलीलासंबंधि-, वार्ता देशान्तरेऽपि च ।।
गत्वा कुर्यान्मानवानां, पुरतः कोऽपि पुरुषः ।।२५।।
श्रुत्वा तां प्राप्नुयुः सद्य, स्ते तु भावमलौकिकम् ।।
इत्थमेकादशं तस्य, लक्षणं कथितं स्फुटम् ।।२६।।

કોઈ પુરુષ અન્ય પ્રદેશોમાં જઈને અજાણ્યા લોકોની આગળ તે શ્રીહરિની મૂર્તિ અને લીલા સંબંધી વાતો કરે તો તેને સાંભળીને તે લોકો તત્કાળ કાંઈક અલૌકિકતાને અનુભવે. આવું તે અવતારી પુરુષોત્તમનું **અગિયારમું** અસાધારણ લક્ષણ સ્પષ્ટ કહેલું છે. ॥૨૫-૨૬॥

जीवात्मानश्च वैराज-, पुरुषा ईश्वराभिधाः ।।
प्रधानपुरुषा नैके, महाप्रकृतिपुरुषौ ।।२७।।
धामाऽक्षरं चाक्षरस्था, मुक्ता अक्षररूपिणः ।।
सदा तद्धामवासी च, स स्वयं पुरुषोत्तमः ।।२८।।

અનંત જીવાત્માઓ, ઈશ્વર એવા નામે ઓળખાતા અનેક વૈરાજપુરુષો તથા અનેક પ્રધાનપુરુષો, મહામાયા અને મહાપુરુષ, અક્ષરધામ, અક્ષરધામમાં રહેલા અક્ષરરૂપ મુક્તો અને તે ધામમાં સદાય બિરાજમાન એવા સ્વયં શ્રીપુરુષોત્તમનારાયણ. ॥૨૭-૨૮॥

एषां भेदेन सहितम्, ऐश्वर्येण युतं तथा ।।
निरुपणं स्पष्टतया, स्वयं कुर्यात् पृथक्पृथक् ।।२९।।
तथैश्वर्येण युक्तानि, तेषां रुपाणि दर्शयेत् ।।
एतज्ज्ञानं हरेः प्राप्य, वर्तयेरंश्च तज्ज्ञानाः ।।३०।।
यो वेत्तीति श्रुतिप्रोक्त, महाज्ञानसरित्पतेः ।।
हरेरस्येति कथितं, द्वादशं लक्षणं स्फुटम् ।।३१।।

એ સર્વેનું યથાર્થ ભેદે સહિત અને તેમના તેમના ઐશ્વર્યે યુક્ત એવું અલગ અલગ નિરૂપણ સ્પષ્ટપણે પોતે કરી બતાવે. અને તેવી જ રીતે ઐશ્વર્યોએ યુક્ત તેમનાં સ્વરૂપોનું બીજાને દર્શન પણ કરાવે. એટલું જ નહિ પરંતુ તે પ્રગટ પુરુષોત્તમ પાસેથી ઉપરોક્ત સર્વ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેમના જ્ઞાની ભક્તો બીજાને પણ તેવી જ રીતે સમજાવે - અનુભવ કરાવે. **'यो वेत्ति युगपत् सर्वं प्रत्यक्षेण सदा स्वतः'** આ શ્રુતિમાં કહ્યા મુજબ અનંત જ્ઞાનના મહાસાગર એવા શ્રીહરિનું આ **બારમું** અસાધારણ લક્ષણ સ્પષ્ટ કહ્યું. ॥૨૯-૩૧॥

अवताराः पूर्वमासन्, ये ते यायुर्हि लीनताम् ।।
स्वमूर्तौस्वीयमूर्तिस्तु,कस्मिंश्चिन्नैति तत्र ताम् ।।३२।।
इत्थं समाधिषु हरिः, कांश्चिद्भक्तान् प्रदर्शयेत् ।।
तस्याऽसाधारणमिति, लक्षणं तु त्रयोदशम् ।।३३।।

પૂર્વે રામકૃષ્ણાદિક જે જે અવતારો થઈ ગયા તે સર્વે શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ જાય, પરંતુ શ્રીહરિની મૂર્તિ તો કોઈ પણ અવતારને વિષે લીન ન થાય. એવું શ્રીહરિ સમાધિમાં કેટલાક ભક્તોને બતાવે. આ તે અવતારી પુરુષોત્તમનું **તેરમું** અસાધારણ લક્ષણ છે. ॥૩૨-૩૩॥

❋ ઉપસંહાર :

एवं त्वसाधारणानि, लक्षणानि त्रयोदशः ।।
स्वयं ब्रह्मपुराधीश-,श्रीहरेः कथितानि हि ।।३४।।

આવી રીતે બ્રહ્મપુર ધામના અધિપતિ એવા સ્વયં શ્રીહરિનાં તેર અસાધારણ લક્ષણો કહ્યાં. ॥૩૪॥

❋ ગ્રંથનું મહત્ત્વ :

स्वकान्त्या दीपवदयं, त्वसाधारणलक्षणैः ।।
हरिस्वरूपज्ञानं च, दीपयत्येव तत्त्वतः ।।३५।।

જેમ દીપક પોતાની કિરણો વડે અન્ય વસ્તુઓને પ્રકાશે છે તેમ જ

આ **શ્રીહરિસ્વરૂપજ્ઞાનદીપ** ગ્રંથ પણ શ્રીહરિનાં અસાધારણ લક્ષણો દ્વારા શ્રીહરિના સ્વરૂપજ્ઞાનને યથાર્થપણે જણાવશે જ. ॥૩૫॥

❊ ગ્રંથનો હેતુ :

एतस्माज्ज्ञानदीपोऽयं, शुकानन्देन साधुना ।।
रचितो ज्ञानसिद्ध्यर्थं, श्रीहरेस्तत्त्वतो मया ।।३६।।

એટલે જ **શુકાનંદ નામના સાધુ** એવા મેં સર્વોપરી શ્રીહરિના યથાર્થ જ્ઞાનની સિદ્ધિ કરાવવા માટે આ ગ્રંથરૂપ જ્ઞાનદીપ રચ્યો-પ્રગટાવ્યો છે. ॥૩૬॥

गोपालानन्दमुख्यानां, साधुनां संमतेन च ।।
प्रीतये हरिभक्तानां, कृतो ग्रंथोऽयमादरात् ।।३७।।

સદ્‌.શ્રીગોપાળાનંદસ્વામી વગેરે સંતોએ પ્રમાણભૂત કરેલ એવા મેં(શુકમુનિએ) શ્રીહરિના તમામ આશ્રિતોને રાજી કરવા માટે આ ગ્રંથ અતિ આદરથી કર્યો છે. ॥૩૭॥

❊ ગ્રંથશ્રવણ-વાંચનનું ફળ :

य एतं श्रृणुयाद्भक्तः, पठेत्प्रयतमानसः ।।
हेतुरेकांतिकत्वस्य, स्याज्ज्ञानं तस्य वै हरेः ।।३८।।

સાવધાન મનવાળો જે ભક્ત આ ગ્રંથને સાંભળશે કે વાંચશે તેને શ્રીહરિનું આ જ્ઞાન એકાંતિક ભક્તપણું પ્રદાન કરનારું થશે. ॥૩૮॥

❊ અંતિમ મંગલાચરણ :

वसंततिलकावृत्तम् :

श्रीभक्तिधर्मतनयः पुरुषोतमाख्यः, श्रीब्रह्मधामपतिरक्षरतः परश्च ।।
नारायणो मुनिसमर्चितपादपद्मः, प्रीतोऽस्तु मे निजजनैः सह सर्वदैव ।।३९।।

।। इति श्रीशुकानंदमुनिविरचितः श्रीभक्तिधर्मात्मजब्रह्मपुराधीश्वर-पुरुषोत्तम श्रीहरिस्वरूपज्ञानदीपः समाप्तः ।।

શ્રીભક્તિધર્મના પુત્ર પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ શ્રીઅક્ષરધામના અધિપતિ છે. અક્ષરબ્રહ્મથી પણ પર સર્વોત્કૃષ્ટ છે. મોટા-મોટા સંતો પણ તેમના ચરણકમળને પૂજે છે. એવા તે શ્રીસ્વામિનારાયણ ભગવાન તેમના સર્વે સંતો-ભક્તો-મુક્તોએ સહિત મારા ઉપર હંમેશાં પ્રસન્ન રહો. ॥૩૯॥

॥ એવી રીતે શ્રીભક્તિધર્મના પુત્ર, બ્રહ્મપુરના રાજાધિરાજ પુરુષોત્તમ એવા શ્રીહરિના સ્વરૂપજ્ઞાનને પ્રકાશી આપનાર એવો આ શ્રીહરિસ્વરૂપજ્ઞાનદીપ નામનો ગ્રંથ સદ્.શ્રીશુકાનંદસ્વામી રચિત સમાપ્ત થયો. ॥

संवत् १९१२ वर्षे मार्गशीर्षमासे शुक्लपक्षे तृतीयायां बुधवासरे संपूर्णोऽयमभूत् । श्रीरस्तु ॥

સંવત્ ૧૯૧૨ની સાલમાં માગશર મહિનાની સુદિ ત્રીજે અને બુધવારે આ ગ્રંથ સંપૂર્ણ થયો છે. વાંચનારા સહુ કોઈનું મંગલ થાઓ.

વિશ્વમંગલ સ્તોત્ર

ભૂમિકા

જેમ શ્રીમત્સત્સંગિજીવન ગ્રંથના સારરૂપે સદ્.શ્રીશતાનંદસ્વામીએ જનમંગલ સ્તોત્ર બનાવ્યું છે, એ જ રીતે શ્રીહરિની સર્વોપરીતા સૂચવતો **શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથના સારરૂપે સદ્.શ્રીશુકાનંદસ્વામીએ વિશ્વમંગલ સ્તોત્રની રચના કરી છે**. આ સ્તોત્રનું સંશોધન ગાંધીનગરવાસી પ.પૂ. સદ્.શા.શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામીએ આદર સાથે કરી આપ્યું છે. આ સ્તોત્ર **પાંત્રીશ** શ્લોકનું છે અને તેમાં ૧૦૮ મંત્રો છે. તેનો અનુપમ આસ્વાદ ગુજરાતી અનુવાદ સાથે માણીએ...

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



।। श्रीहरिकृष्णाय नमो नमः ।

શ્રીસહજાનંદસ્વામિશિષ્ય શુકાનંદમુનિકૃત

વિશ્વમંગલ સ્તોત્ર

(ગુજરાતી અનુવાદ સાથે)

પ્રથમ બે શ્લોકથી નમસ્કારાત્મક એવં ધ્યાનાત્મક મંગલાચરણ

नमो नमः सुधीदात्रे स्वाश्रितामरशाखिने ॥
दयार्णवाय हरये भक्तिधर्मात्मजन्मने ॥०१॥

સદ્બુદ્ધિ આપનારા, પોતાના આશ્રિતો માટે કલ્પવૃક્ષ સમાન, દયાના મહાસાગર અને ભક્તિધર્મના પુત્ર એવા શ્રીહરિને હું (શુકાનંદસ્વામી) વંદન કરું છું. ॥૧॥

सामोदमाल्यमाल्याद्यैर्विचित्रैरुपचारकैः ॥
अर्चितायाऽऽश्रितशतैः श्वेतसद्वस्त्रधारिणे ॥०२॥

સુગંધીમાન હાર, ગજરા વગેરે વિવિધ ઉપચારો લઈને આવેલા પોતાના સેંકડો આશ્રિતો દ્વારા પુજાયેલા અને સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કરનારા શ્રીહરિને હું વંદન કરું છું. ॥૨॥

હવે એક શ્લોકથી આ સ્તોત્રના પાઠનું ફળ દર્શાવે છે.

नाम्नामष्टोत्तरशतं कीर्तये तस्य सत्पतेः ॥
जनानामञ्जसा तूर्णं सर्ववाञ्छितसिद्धिदम् ॥०३॥

હવે હું સંતોના પતિ એવા તે શ્રીહરિનાં એકસો ને આઠ નામો કહું છું. શ્રીહરિના નામનું આ વિશ્વમંગલ સ્તોત્ર તેનો પાઠ કરનારા મનુષ્યોને મનોવાંછિત સર્વ સિદ્ધિઓને યથાર્થપણે તત્કાળ દેનારું છે. ॥૩॥

अस्य श्रीविश्वमंगलाख्यस्य श्रीहर्यष्टोत्तरशतनामस्तोत्रमंत्रस्य शुकानंदऋषिः। अनुष्टुप्छंदः। धर्मजन्मा श्रीहरिर्देवता। श्रीधर्मनंदन इति बिजनम्। नैष्ठिकाग्रणीरिति शक्तिः। भक्तिपोषक इति कीलकम्। चतुर्वर्गसिद्ध्यर्थे जपे विनियोगः।

શ્રીહરિનાં એકસો આઠ નામવાળા આ વિશ્વમંગલ સ્તોત્રરૂપી મંત્રના ઋષિ-દષ્ટા સદ્.શ્રીશુકાનંદસ્વામી છે. અર્થાત્ સ્વામીને શ્રીહરિનાં સ્વરૂપ, સ્વભાવ, કલ્યાણકારી ગુણો, લીલાઓ વગેરેને જણાવનારા જે જે નામોની અંતઃસ્ફૂરણા થઈ તે નામોને તેમણે આ સ્તોત્રના રૂપમાં ગૂંથ્યાં છે.

આ સ્તોત્ર અનુષ્ટુપ છંદમાં ગૂંથાયેલ છે.

આ સ્તોત્રના અધિષ્ઠાતા દેવ ધર્મદેવના પુત્ર શ્રીહરિ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. અર્થાત્ આ સ્તોત્રના પાઠથી શ્રીસ્વામિનારાયણ ભગવાનની ઉપાસના થાય છે. અને તે ઉપાસ્ય શ્રીસ્વામિનારાયણ ભગવાન સ્તોત્રનો પાઠ કરનારના ઈચ્છિત સર્વ સંકલ્પો પૂરા કરે છે.

આ સ્તોત્રરૂપી મંત્રોનું બીજ ધર્મપાલનથી આનંદ પામનારા શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. જેમ બીજ હોય તો એમાંથી વૃક્ષ થાય છે ને તે ફળ આપે છે, તેમ જેનામાં ધર્મ હોય તેવા પોતાના ઉપાસક પર શ્રીહરિ પ્રસન્ન થાય છે, ને તેને ઉપાસનાનું ફળ આપે છે. માટે જેને આ સ્તોત્રનો પાઠ કરીને શ્રીહરિની પ્રસન્નતા અને મનોવાંછિત ફળ પ્રાપ્ત કરવું હોય, તેણે સ્વધર્મનું અવશ્ય પાલન કરવું.

આ સ્તોત્રની શક્તિ નૈષ્ઠિકોમાં-બ્રહ્મચર્યનું પાલન કરનારામાં અગ્રણી-મુખ્ય એવા શ્રીહરિ છે. કોઈ કાર્ય સિદ્ધ કરવું હોય તો શક્તિની જરૂર પડે છે, તેમ આ સ્તોત્રનો પાઠ કરી મનોવાંછિત ફળ મેળવી આપનાર શક્તિ નૈષ્ઠિકવ્રતધારી સ્વયં શ્રીહરિ છે. અર્થાત્ બ્રહ્મચર્યવ્રતના પાલન સાથે આ સ્તોત્રનો પાઠ કરવાથી પ્રસન્ન થયેલા શ્રીહરિ તત્કાળ તેનું ફળ આપે છે.

આ સ્તોત્રનું કીલક એટલે કે આધાર ભક્તિપોષક એવા શ્રીહરિ છે. જે જેના દ્વારા ટકી રહે અને પોષણ પામે તે તેનો આધાર કહેવાય. આ સ્તોત્રનો પાઠ કરનારની પાઠ કરવામાં શ્રદ્ધા અડગ રહે અને વૃદ્ધિ પામતી રહે, તે માટે તેને પોતાના ઉપાસ્ય શ્રીહરિમાં ભક્તિ હોવી જોઈએ અને એ ભક્તિનું પોષણ પણ શ્રીહરિ જ કરે છે. માટે આ સ્તોત્રનું કીલક ભક્તિપોષક એવા શ્રીહરિ કહેલ છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થની સિદ્ધિ માટે આ સ્તોત્રનો પાઠ કરવાનો હોય છે.

❋ अथ ध्यानम् :

હવે સદ્.શ્રીશુકાનંદસ્વામી શ્રીહરિનાં એકસો ને આઠ નામ કહેતા પહેલા પોતાના ઈષ્ટદેવ શ્રીહરિનું ધ્યાનરૂપ મંગલાચરણ કરે છે.

वसंततिलकावृत्त :

सद्वर्णिवेषरमणीयतरावलोकं चारुस्मितातिविलसद्वदनारविंदम् ॥
प्रीत्याऽर्चितं सुरनरैर्विविधोपचारैर्ध्यायामि धर्मतनयं हरिकृष्णमीशम् ।।०४।।

શ્રેષ્ઠ વર્ણીનો વેષ ધારણ કરવાથી જેમનાં દર્શન અતિશય રમણીય લાગે છે; સુંદર સ્મિતથી જેમનું મુખકમળ અતિ શોભાયમાન થયું છે; વળી જે દેવો અને ભક્તો દ્વારા વિવિધ ઉપચારોથી પ્રીતિપૂર્વક પુજાયેલા છે; એવા સર્વના નિયંતા ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ મહારાજનું હું ધ્યાન કરું છું. ॥૪॥

હવે સદ્.શ્રીશુકાનંદસ્વામી પોતાના ઈષ્ટદેવ શ્રીહરિનાં એકસો ને આઠ નામો કહે છે.

रघुवीरार्यवरदो गोपालानन्दमोहनः ॥
मानसिंहैकशरणं शुकानन्दप्रवर्णितः ॥०५॥

૧. આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને વરદાન દેનારા,
૨. સદ્. શ્રીગોપાળાનંદ સ્વામી જેવા મહાયોગીને પણ નિજસ્વરૂપમાં મોહ પમાડનારા,
૩. મેંગણીના માનસિંહ રાજાના એકમાત્ર આધાર,
૪. શુકાનંદસ્વામી દ્વારા વર્ણન કરાયેલા.

श्रीधर्मनन्दनोभक्तिपोषकोनैष्ठिकाग्रणीः ।।
मध्वाद्यनवमीजन्मा पद्मजन्मादिसंस्तुतः ।।०६।।

૫. શ્રીધર્મદેવના પુત્ર,
૬. ભક્તિનું પોષણ કરનારા,
૭. નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં અગ્રણી,
૮. સંવત્ ૧૮૩૭ ચૈત્ર સુદ નવમીના દિવસે જન્મ ધારણ કરનારા,
૯. બ્રહ્માદિ દેવોથી સ્તુતિ કરાયેલા.

कृत्याविद्रावणप्रेक्षः कालिदत्तपराभवः ॥
पित्रादिदर्शितैश्वर्यः पौरबालसमाधिदः ।।०७।।

૧૦. દૃષ્ટિમાત્રથી કૃત્યાઓને ભગાડનારા,

૧૧. કાલિદત્તનો પરાભવ કરનારા,

૧૨. ભક્તિમાતા તથા પિતા ધર્મદેવ વગેરે પોતાના સંબંધીજનોને પોતાનું ઐશ્વર્ય બતાવનારા,

૧૩. છપૈયા તથા અયોધ્યા ગામના બાળકોને સમાધિ કરાવનારા.

नानातीर्थचरस्तीव्रतपा दैत्यनिषूदनः ।।
कृतलोजपुरावासो रामानन्दमुदावहः ।।०८।।

૧૪. વિવિધ તીર્થોમાં વિચરણ કરનારા,

૧૫. વનમાં તીવ્ર તપ કરનારા,

૧૬. તીર્થોમાં રહેલા અસુરોનો નાશ કરનારા,

૧૭. લોજપુરમાં નિવાસ કરનારા,

૧૮. રામાનંદસ્વામીને આનંદ-સુખ આપનારા.

नीलकण्ठोघनश्यामःस्वामिनारायणोहरिः ।।
कृष्णो नारायणमुनिः सहजानन्द इष्टदः ।।०९।।

૧૯. ત્યાગ, જ્ઞાન, તપ, ધર્મ અને યોગ એ પાંચ ગુણે કરીને શિવજી જેવા હોવાથી નીલકંઠ,

૨૦. નવીન વાદળ જેવા શ્યામ વર્ણવાળા હોવાથી ઘનશ્યામ,

૨૧. સ્વં એટલે ઐશ્વર્ય, શ્રીહરિ સમગ્ર ઐશ્વર્યોથી યુક્ત છે માટે તેઓ સ્વામી કહેવાય છે. નાર એટલે જેમનો નાશ નથી થતો એવા જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એ ચાર નિત્ય તત્ત્વોનો સમૂહ. અયન એટલે સ્થાન. એ ચારે તત્ત્વોનું આશ્રય સ્થાન - આધાર શ્રીહરિ છે.

વળી શ્રીહરિ એ ચારે તત્ત્વોમાં નિત્ય વ્યાપીને રહ્યા છે, માટે એ ચારે શ્રીહરિનું નિવાસસ્થાન છે, તેથી પણ તેઓ નારાયણ કહેવાય છે. આમ, શ્રીહરિ સ્વામી એવા નારાયણ છે, માટે સ્વામિનારાયણ કહેવાય છે.

૨૨. પોતાના આશ્રિતોનાં દુઃખો હરનારા હોવાથી હરિ,

૨૩. ભક્તોનાં મન સ્વસ્વરૂપમાં આકર્ષનારા હોવાથી કૃષ્ણ,

૨૪. શમ, દમ, તપ, ક્ષમા, કરુણા વગેરે ગુણોવાળા હોવાથી નારાયણમુનિ નામ ધારણ કરનારા,

૨૫. સહજ-સ્વભાવસિદ્ધ સ્વસ્વરૂપના જ આનંદવાળા માટે સહજાનંદ,

૨૬. પોતાના આશ્રિતોને તેમનું ઈષ્ટ-અત્યંત પ્રિય દેનારા.

भक्तग्रामपुराह्लादो भूरिभक्तसमर्चितः।।
समाधिज्ञापितैश्वर्यो मेघजित्त्याज्यदर्पहृत्।।१०।।

૨૭. પોતાના ભક્તોનાં ગામ, નગર વગેરેમાં જઈને તેમને આનંદ આપનારા,

૨૮. ઘણા બધા ભક્તોથી પૂજન-અર્ચન કરાયેલા,

૨૯. મનુષ્યોને સમાધિ કરાવીને પોતાનું ઐશ્વર્ય બતાવનારા,

૩૦. સદ્.શ્રીરામાનંદસ્વામીની કૃપાથી સમાધિની સિદ્ધિ પ્રાપ્ત કરનાર મેઘજી કંદોઈ તે સિદ્ધિના અતિ ગર્વથી પૂર્ણ થઈ ગયા હતા. ત્યાગ કરવા જેવા તેના તે ગર્વને હરનારા.

भक्तग्रामोत्सवकरोभूपव्रातार्हितोऽर्थदः।।
दुर्गपत्तनसंवासोऽभयभूपादिसेवितः।।११।।

૩૧. ભક્તોનાં ગામોમાં ઉત્સવ કરનારા,

૩૨. ઘણા બધા રાજાઓ દ્વારા પૂજાયેલા,

૩૩. ભક્તોની ઈચ્છા પૂર્ણ કરનારા,

૩૪. ગઢપુરમાં નિવાસ કરી રહેનારા,

૩૫. એભલ ખાચર, દાદા ખાચર, જીવા ખાચર વગેરે દ્વારા સેવાયેલા.

असुरार्दितसत्त्राता गवेन्द्रक्ष्मेशपूजितः ।।
चारुश्रीनगरावासी विचित्राश्चर्यदर्शकः ।।१२।।

૩૬. અસુરોથી પીડા પામેલા સંતોનું રક્ષણ કરનારા,

૩૭. અંગ્રેજ અધિકારી દ્વારા પુજાયેલા,

૩૮. સુંદર અમદાવાદ નગરમાં નિવાસ કરનારા,

૩૯. અદ્‌ભુત આશ્ચર્યો બતાવનારા.

जयतल्यपुरावासःसन्माहात्म्यावबोधकृत् ।।
मुक्तानन्दगुणस्तोता दोलारोहाद्भुताकृतिः ।।१३।।

૪૦. જેતલપુરમાં નિવાસ કરનારા,

૪૧. સંતોના માહાત્મ્યનું જ્ઞાન આપનારા,

૪૨. સદ્‌.શ્રીમુક્તાનંદસ્વામીના ગુણોની પ્રશંસા કરનારા,

૪૩. પોતાના ભક્તોને સુખ આપવા ઘણીવાર હિંડોળા ઉપર બિરાજી અદ્‌ભુત સ્વરૂપ જણાવનારા.

विहितोन्मत्तगंगाम्बुक्रीडनो भक्तविक्षितः ।।
तज्जिनाखेलनो राधावाटीक्षोऽनुद्रुताश्रितः ।।१४।।

૪૪. ગઢપુર ઘેલાનદીમાં સંતો-ભક્તો સાથે ઘણીવાર જલક્રીડા કરનારા,

૪૫. ભક્તો જેમનાં દર્શન કરી રહ્યા છે એવા,

૪૬. તાંજણ ઘોડીને ખેલાવનારા,

૪૭. ગઢપુરના રાધાબાગમાં પધારી તેનું નિરીક્ષણ કરનારા,

૪૮. ભક્તો જેમની પાછળ દોડ્યા જાય છે એવા.

नित्यानन्दकथाप्रीतः कृतवृत्तालयस्थितिः ।।
प्राप्तात्मबान्धवानन्दी भक्तचित्रप्रदर्शकः ।।१५।।

૪૯. સદ્‌.શ્રીનિત્યાનંદસ્વામીની કથાથી પ્રસન્ન થયેલા,

૫૦. વડતાલમાં નિવાસ કરનારા,

૫૧. વડતાલમાં મળેલા પોતાના ભાઈઓ રામપ્રતાપજી તથા ઈચ્છારામજીને આનંદ પમાડનારા,

૫૨. ભક્તોને અનેકવાર અનેક આશ્ચર્ય દેખાડનારા.

अन्नकूटेक्षणो वर्णिसाधुव्रातसमर्चितः ।।
महायज्ञोत्सवकरो रोहिताश्वादिरोहणः ।।१६।।

૫૩. સંતો-ભક્તોએ પૂરેલા અન્નકૂટને જોનારા,

૫૪. વર્ણી અને સાધુઓએ સારી રીતે પૂજેલા,

૫૫. મોટા મોટા યજ્ઞો અને ઉત્સવો કરનારા,

૫૬. રોજા ઘોડા આદિ અશ્વો ઉપર સવારી કરનારા.

वादिजेता जडतरब्राह्मणोच्चारितश्रुतिः ।।
चित्रवार्तः केनगरप्रयाणः कुशलार्हितः ।।१७।।

૫૭. વિવિધ મતોના વાદીઓને જીતનારા,

૫૮. અતિશય મંદબુદ્ધિવાળા બ્રાહ્મણના મુખે વેદ બોલાવનારા,

૫૯. આશ્ચર્યજનક આધ્યાત્મિક વાતો કરનારા,

૬૦. આણંદનગરમાં પધારેલા,

૬૧. ડાહ્યા સજ્જનો દ્વારા પૂજાયેલા.

धर्मवंश्याशितो धर्मवंशीयजनपूजितः ।।
जीर्णदुर्गपुरानंदः पौरविस्मयदर्शकः ।।१८।।

૬૨. ધર્મવંશીઓએ જમાડેલા,

૬૩. ધર્મવંશી જનો દ્વારા પુજાયેલા,

૬૪. જૂનાગઢના ભક્તોને આનંદ આપનારા,

૬૫. જૂનાગઢના લોકોને આશ્ચર્ય દેખાડનારા.

वृन्ताकशाकसंस्कारकारकस्तर्पिताश्रितः।।
पञ्चालग्रामवसतिर्हेमन्तापचितोऽच्युतः।।१९।।

૬૬. લોયામાં રીંગણાના શાકનો વઘાર કરનારા,

૬૭. પોતાના આશ્રિતોને જમાડીને તૃપ્ત કરનારા,

૬૮. પંચાળા ગામમાં નિવાસ કરનારા,

૬૯. દરબાર ઝીણાભાઈએ પૂજેલા,

૭૦. સદા નિર્વિકારી.

कृतातिगूढसंकल्पः कारितानेकमन्दिरः॥
लक्ष्मीनारायणाद्यर्चास्थापको भोजितद्विजः।।२०।।

૭૧. અનંત કાળ સુધી જીવોનાં કલ્યાણ થતાં રહે એવા અતિ ગૂઢ સંકલ્પ કરનારા,

૭૨. પૃથ્વી પર અનેક મંદિરો કરાવનારા,

૭૩. શ્રીલક્ષ્મીનારાયણ વગેરે દેવોની સ્થાપના કરનારા,

૭૪. અનેકવાર ચોર્યાસીઓ કરીને બ્રાહ્મણોને જમાડનારા.

गोमतीसलिले स्नाता तीर्थमाहात्म्यवर्धनः।।
तप्तमुद्राधृतिफलप्रवक्ता मोदिताश्रितः।।२१।।

૭૫. વડતાલમાં ગોમતી સરોવરમાં સ્નાન કરનારા,

૭૬. તીર્થોનો મહિમા વધારનારા,

૭૭. શંખ, ચક્ર, ગદા ને પદ્મ એ આયુધોની તપાવેલી છાપો લેવાનું ફળ બતાવનારા,

૭૮. પોતાના આશ્રિતોને આનંદ આપનારા.

वृत्तालयागमो दत्तविधानात्तसुतद्वयः।।
पुत्रदत्तात्मगुरुतः पुत्राधीनीकृताश्रितः।।२२।।

૭૯. વડતાલ ગામમાં પધારેલા,

૮૦. દત્તક વિધિથી પોતાના બંને ભાઈઓના પુત્રો અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને પોતાના દત્તપુત્ર તરીકે સ્વીકારનારા,

૮૧. દત્તપુત્રોને પોતાનું ગુરુપણુ પ્રદાન કરનારા,

૮૨. પોતાના સર્વે આશ્રિતો તે બંને પુત્રોને આધીન કરનારા.

वटपूर्यागमो भूषाभूषितद्विपसंस्थितः।।
सिंहजित्पूजितो विद्वद्वृंदजेता स्मयापहः।।२३।।

૮૩. સયાજીરાવ સરકારની પ્રાર્થનાથી તેમને દર્શન દેવા વડોદરા શહેરમાં પધારેલા,

૮૪. વડોદરાની અસવારીમાં આભૂષણોથી શણગારેલા હાથી પર વિરાજમાન થયેલા,

૮૫. વડોદરામાં સયાજીરાવ સરકારે પૂજેલા,

૮૬. વડોદરામાં પંડિતોના સમુદાયને જીતનારા,

૮૭. પંડિતોના ગર્વને ઉતારનારા.

रहोविचारकृद् ब्रह्मधाममुक्तकृतस्तुतिः।।
पूर्णकामस्तिरोधानलीलादेवारिमोहनः।।२४।।

૮૮. એકાંતમાં સ્વધામ જવાનો વિચાર કરનારા,

૮૯. અક્ષરધામના મુક્તો દ્વારા સ્વધામ પધારવા માટે સ્તુતિ કરાયેલા,

૯૦. જેમના સર્વ સંકલ્પો પૂર્ણ થઈ ગયા છે તેવા,

૯૧. અંતર્ધાન લીલા કરી અસુરોને મોહ પમાડનારા.

नानाऽऽपद्रक्षितस्वीयो नानैश्वर्यप्रकाशकः ॥
रघुवीरार्यविहितमहःप्रीतो हितावहः ।।२५।।

૯૨. પોતાના આશ્રિતોની વિવિધ આપત્તિઓમાં રક્ષા કરનારા,

૯૩. ભક્તોને વિવિધ પ્રકારનાં ઐશ્વર્ય બતાવનારા,

૯૪. આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે કરાવેલા ઉત્સવથી પ્રસન્ન થયેલા,

૯૫. સહુનું સર્વ પ્રકારે હિત કરનારા.

दत्ताचार्यत्वभगवत्प्रसादप्रीतआर्त्तिहृत् ।।
स्वार्च्चाप्रदर्शितैश्वर्योमानसिंहनृपेक्षितः ।।२६।।

૯૬. આચાર્ય શ્રીરઘુવીરજી દ્વારા ભગવત્પ્રસાદજીને આચાર્યપદ અપાવીને પ્રસન્ન થયેલા,

૯૭. પોતાના આશ્રિતોની પીડા હરનારા,

૯૮. પોતાની મૂર્તિઓ દ્વારા ઐશ્વર્યો દેખાડનારા,

૯૯. મેંગણીના માનસિંહ રાજાને પોતાનાં દર્શન આપનારા.

अंतकालाश्रितस्वेक्षाप्रदो भक्तावनक्षमः ॥
विचित्रदिव्ययानस्थो दिव्यतेजोमयाकृतिः ।।२७।।

૧૦૦. પોતાના આશ્રિતોને અંતકાળે પોતાનું દર્શન આપનારા,

૧૦૧. ભક્તોનું રક્ષણ કરવામાં સમર્થ,

૧૦૨. અદ્‌ભુત દિવ્ય વિમાનમાં વિરાજમાન થનારા,

૧૦૩. દિવ્ય તેજોમય સ્વરૂપવાળા.

नानाऽप्राकृतयानस्थः पार्षद्वृत्त इतीक्षितः ।।
भक्तदत्ताक्षरपदो भक्ताभीष्टसुखप्रदः ।।२८।।

૧૦૪. વિવિધ પ્રકારનાં દિવ્ય વાહનોમાં વિરાજમાન,

૧૦૫. પાર્ષદોથી વીંટાયેલા,

૧૦૬. (ઉપરના બે મંત્રમાં કહ્યા પ્રમાણે) ભક્ત-અભક્તોએ દેખેલા,

૧૦૭. પોતાના ભક્તોને અક્ષરધામનું પદ આપનારા,

૧૦૮. પોતાના ભક્તોને અભિષ્ટ સુખ આપનારા.

एतत्पुण्यं परं स्तोत्रं विश्वमङ्गलसंज्ञितम् ।।
यःपठेत्तेनसर्वंस्यात्पठितं लोकमङ्गलम् ।।२९।।

અતિ શ્રેષ્ઠ પાવનકારી આ વિશ્વમંગલ નામના સ્તોત્રનો જે મનુષ્ય પાઠ કરે, તેને આ લોકનું મંગલ કરનારું બીજું જે કંઈ છે તે બધું જ વાંચી-જાણી લીધું છે. ॥૨૯॥

त्रिकालं यः पठेद् भक्त्या शृणुयाच्छ्रावयेत्तथा ।।
इदं तस्याऽऽप्नुयुर्नाशं नूनमेनांसि सर्वशः ।।३०।।

જે મનુષ્ય પ્રાતઃકાળે, મધ્યાહ્ને અને સાયંકાળે એમ ત્રણેય સમયે ભક્તિપૂર્વક આ સ્તોત્રનો પાઠ કરે અથવા આ સ્તોત્રને સાંભળે તથા સંભળાવે તેનાં સર્વ પાપો નિશ્ચિત નાશ પામે છે. ॥૩૦॥

एतस्याऽयुतपाठैस्तु भूतप्रेताद्युपद्रवः ।।
वैरिकृताभिचारो वा नश्येद्रोगाद्युपद्रवः ।।३१।।

આ સ્તોત્રના દશ હજાર પાઠ કરવાથી ભૂતપ્રેતાદિકના ઉપદ્રવ, દુશ્મનોએ કરેલ મારણાદિ અભિચાર પ્રયોગો અને રોગાદિના ઉપદ્રવોનો પણ નાશ થાય છે. ॥૩૧॥

सेवमानस्त्विदं भक्त्या पुरुषार्थानशेषतः ।।
जनः श्रीहरिकृष्णस्य प्रसादेन ध्रुवं व्रजेत् ।।३२।।

આ સ્તોત્રને ભક્તિપૂર્વક સેવનાર અર્થાત્ આ સ્તોત્રનો નિયમપૂર્વક શ્રદ્ધાથી પાઠ કરનાર શ્રીહરિકૃષ્ણ મહારાજની કૃપાથી સર્વ પુરુષાર્થને નિશ્ચય પામે છે. ॥૩૨॥

नित्यदाऽस्य दशावृत्त्या स्वेप्सितं स्यात्सुखं नृणाम् ।।
पठनीयं त्विदं तस्मात्त्यागिभिर्गृहिभिस्तथा ।।३३।।

આ સ્તોત્રનો પ્રતિદિન દશ વાર પાઠ કરનાર મનુષ્યને પોતાનું ઈચ્છિત તમામ સુખ પ્રાપ્ત થાય છે. તેથી ત્યાગી તથા ગૃહસ્થ સર્વ માટે આ સ્તોત્ર પાઠ કરવા યોગ્ય છે. ॥૩૩॥

हरिकृष्णं हरिं कृष्णं स्वामिनारायणप्रभुम् ।।
चिन्तये सहजानन्दं नारायणमुनिं सदा ।।३४।।

શ્રીહરિકૃષ્ણ, શ્રીહરિ, શ્રીકૃષ્ણ, શ્રીનારાયણમુનિ અને સહજ આનંદના સાગર એવા શ્રીસહજાનંદસ્વામી, આવા અનેક નામો ધારણ કરનારા સર્વ સમર્થ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું હું સદા ધ્યાન કરું છું. ॥૩૪॥

उपजातिवृत्तम् :

दिव्याऽतुलैश्वर्यगुणादिवार्द्धि सदात्मतंत्रं ह्यवतारहेतुम् ।।
वन्दे हरिं भक्तिवृषाङ्गजातं श्रीस्वामिनारायणमीश्वरेशम् ।।३५।।

।। इति श्रीशुकानंदमुनिविरचितं श्रीहर्यष्टोत्तरशतनामस्तोत्रमन्त्रं विश्वमङ्गलाख्यं समाप्तम् ।।

દિવ્ય અને અપાર એવાં ઐશ્વર્ય, ગુણ, વિભૂતિ વગેરેના મહાસાગર, સદા સ્વતંત્ર, સર્વ અવતારના કારણ, સર્વ ઈશ્વરોના ઈશ્વર, સર્વના દુઃખ હરનારા અને ધર્મ ભક્તિ થકી પ્રગટ થનારા શ્રીસ્વામિનારાયણ ભગવાનને હું(શુકાનંદસ્વામી) વંદન કરું છું. ॥૩૫॥

॥ એવી રીતે શ્રીશુકાનંદમુનિએ રચેલ શ્રીહરિના એકસો ને આઠ નામમંત્રવાળું વિશ્વમંગલનામનું આ સ્તોત્ર સંપૂર્ણ થયું. ॥

લોકમંગલ નામાવલી

ભૂમિકા

શ્રીહરિકૃષ્ણમહારાજના એકહજાર-૧૦૦૦ **લોકમંગલ નામો શ્રીહરિલીલાકલ્પતરુ મહાગ્રંથના આધારે લખાયા છે.** જેનું વાંચન-શ્રવણ આત્મસંતોષ અને શાંતિ આપે એવુ છે.

જેમ સત્સંગિજીવન ગ્રંથના સારરૂપે સદ્.શ્રીશતાનંદસ્વામીએ ૧૦૮ નામનું જનમંગલ સ્તોત્ર અને ૧૦૦૦ નામનું સર્વમંગલ સ્તોત્ર તથા નામાવલી બનાવ્યા છે, એ જ રીતે શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથના સારરૂપે સદ્.શ્રીશુકાનંદસ્વામીએ ૧૦૮ નામનું વિશ્વમંગલ સ્તોત્ર રચ્યું છે. અને મુક્તરાજ કવિસમ્રાટ સદ્.શ્રીઅચિંત્યાનંદ બ્રહ્મચારીએ 'लोकमंगलाख्यं श्रीहरिकृष्णसहस्रनाम' સ્તોત્રની રચના પણ કરેલી છે.

એ જ રીતે શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથના આધારે આ લોકમંગલ નામાવલી લખાયેલી છે. પરંતુ કોણે રચી છે તે કોઈ ઉલ્લેખ મળતો નથી છતાં આ નામાવલી સ.શ્રીશુકાનંદસ્વામીએ રચી હોય એવુ વર્ણન ઉપરથી અંદાજે જણાય છે. પ્રભુમાં પ્રેમ અને મહિમા વધારવામાં ઉપયોગી જાણી અહી લીધી છે. તો સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની સર્વોપરિતા, કરુણા, સદ્ગુણો, સત્કાર્યો અને ઐશ્વર્યપ્રતાપથી ઘૂઘવતા આ મંગલકારી નામોનો ભાવથી પાઠ કરીએ...

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



।। श्रीहरिकृष्णाय नमो नमः ।

લોકમંગલ નામાવલી

(ગુજરાતી અનુવાદ સાથે)

१. श्रीस्वामिने नमः

અનંત શોભાએ યુક્ત અને સર્વેના સ્વામી એવા શ્રીહરિકૃષ્ણ મહારાજને મારા નમસ્કાર.

२. रघुवीरार्यमङ्गलाचरणस्तुताय नमः

શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથના મંગલાચરણમાં આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ દ્વારા સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

३. गोपालानन्दसद्द्वारमानसिंहात्मबोधनाय नमः

સદ્.શ્રીગોપાળાનંદસ્વામી દ્વારા મેંગણીના માનસિંહ રાજાને પોતાનું જ્ઞાન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૪. राजपृष्टमुनिद्वारनिजैश्वर्यप्रदर्शकाय नमः

માનસિંહ રાજાના પૂછવાથી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી દ્વારા રાજાને પોતાનું ઐશ્વર્ય જણાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૫. स्वाश्रयीकृतभूपालगोपालानन्दहर्षदाय नमः

પોતાનો આશ્રય કરનાર માનસિંહ રાજાને તથા સદ્. શ્રીગોપાળાનંદસ્વામીને આનંદ આપનારા અથવા પોતાનો આશ્રય કરનાર માનસિંહ રાજાને સદ્.શ્રીગોપાળાનંદસ્વામી દ્વારા આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૬. वृत्तालयहरिप्रेक्षामानसिंहप्रवर्तकाय नमः

સદ્.શ્રીગોપાળાનંદસ્વામી દ્વારા માનસિંહ રાજાને વડતાલપુરમાં શ્રીહરિના દર્શન માટે પ્રેરનાર શ્રીહરિકૃષ્ણ૦

૭. शुकानन्दमुनिद्वारराजप्रश्नोत्तरप्रदाय नमः

સદ્.શ્રીશુકાનંદસ્વામી દ્વારા માનસિંહ રાજાના પ્રશ્નનો ઉત્તર આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮. सत्सङ्गिजीवनकथारघुवीरसमीरणाय नमः

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને વડતાલમાં શ્રીમત્સત્સંગિજીવનની કથા કરાવવાની પ્રેરણા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯. स्वलीलाग्रन्थरचनारघुवीरार्यधीप्रदाय नमः

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને સર્વાવતારી એવા પોતાના દિવ્ય લીલાચરિત્રનો સવિસ્તર ગ્રંથ રચવાની સદ્‌બુદ્ધિ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૦. रघुवीरार्यदत्तेक्षाय नमः

શ્રીહરિના લીલાચરિત્રનો ગ્રંથ રચવાનો વિચાર કરતા આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને પોતાના દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

११. रघुवीरार्यसंस्तुताय नमः

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ દ્વારા સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१२. रघुवीरार्यवरदाय नमः

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને પોતાનું સર્વાવતારી સ્વરૂપ તથા તે સ્વરૂપનાં દિવ્ય લીલા-ચરિત્રોને વર્ણવતો સર્વોત્તમ ગ્રંથ રચવાનો અને તે માટે સર્વજ્ઞતા પામવાનો અને વિવિધ ચરિત્રોની સ્ફુરણા થવાનો વર આપનારા શ્રીહરિકૃષ્ણ૦

१३. रघुवीरप्रसादिताय नमः

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે પ્રસન્ન કરેલા શ્રીહરિકૃષ્ણ૦

१४. ब्रह्मधाम्ने नमः

અક્ષરબ્રહ્મ ધામના સ્વામી એવા શ્રીહરિકૃષ્ણ૦

१५. परब्रह्मणे नमः

અક્ષરબ્રહ્મથી પણ પર-શ્રેષ્ઠ એવા શ્રીહરિકૃષ્ણ૦

१६. ब्रह्ममुक्तनिषेविताय नमः

બ્રહ્મસ્વરૂપ એવા અનંત અક્ષરમુક્તોથી સદા સેવાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१७. दिव्यावयववते नमः

સદા સાકાર દિવ્ય અવયવોવાળા શ્રીહરિકૃષ્ણ૦

१८. स्वीयप्रादुर्भावविचारकृते नमः

પોતાના બ્રહ્મધામમાં રહ્યા થકા જીવોના આત્યંતિક કલ્યાણ માટે સ્વયં અવતાર ધરવાનો વિચાર કરનારા સર્વાવતારી શ્રીહરિકૃષ્ણ૦

१९. नरनारायणप्रोक्तभविष्यवृत्तविस्ताराय नमः

પોતે જ પૃથ્વી પર અવતાર લેવાના છે, તેમાં દુર્વાસાનો શાપ નિમિત્ત થવાનો છે તથા પોતે અવતાર લઈને કેવા કાર્યો કરવાના છે, વગેરે ભવિષ્યનું વૃત્તાંત શ્રીનરનારાયણદેવને વિસ્તારપૂર્વક કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૦. भक्तिधर्मजनुःप्रीताय नमः
જેમના થકી પોતે અવતાર લેવાના છે, એવા ધર્મ અને ભક્તિનો જન્મ થવાથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૰

૨૧. भक्तिधर्मावनक्षमाय नमः
ધર્મદેવ અને ભક્તિદેવીનું અસુરો થકી રક્ષણ કરવામાં સમર્થ એવા શ્રીહરિકૃષ્ણ૰

૨૨. भक्तिधर्ममरीच्यादिविष्णुयागाभिराधिताय नमः
વૃંદાવનમાં ભક્તિ, ધર્મ તથા મરીચ્યાદિ મુનિઓએ વિષ્ણુયાગમાં જેમની આરાધના કરી છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

૨૩. भक्तिधर्मादिदत्तेक्षाय नमः
વૃંદાવનમાં આરાધના કરતાં ભક્તિ, ધર્મ, મુનિઓ વગેરેને દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૨૪. भक्तिधर्माद्यनुग्रहाय नमः
ભક્તિ, ધર્મ અને મુનિઓ વગેરે પર કૃપા કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૨૫. भक्तिधर्मादिवरदाय नमः
પોતે પૃથ્વી પર પ્રગટ થઈને અધર્મનો નાશ કરશે, ભક્તોને અસુરોના કષ્ટ થકી મુકાવશે વગેરે વરદાનો ધર્મ-ભક્તિ, મુનિઓ આદિને આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૨૬. द्रौणिशापार्त्तिनाशनाय नमः
દ્રોણપુત્ર અશ્વત્થામાના શાપથી ધર્મ-ભક્તિને આવેલ કષ્ટનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૨૭. विन्ध्यवासिन्यतिक्रोधशप्तदैत्यभयप्रदाय नमः
વિન્ધ્યવાસિની દેવી દ્વારા અતિ ક્રોધપૂર્વક શાપ આપીને દૈત્યોને ભય પમાડનારા શ્રીહરિકૃષ્ણ૰

२८. मध्वाद्यनवमीदिव्यभावाविर्भावाय नमः

ચૈત્ર શુદિ નવમીના દિવસે પૃથ્વી પર પોતાના પ્રાગટ્ય સમયે પોતાનો અમાપ દિવ્યભાવ પ્રગટ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

२९. आत्मभुवे नमः

ચૈત્ર શુદિ નવમીના દિવસે પોતે જ પ્રગટ થનારા સર્વાવતારી શ્રીહરિકૃષ્ણ૦

३०. भुवनस्थजनानन्दाय नमः

સર્વ લોકમાં રહેલા લોકોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

३१. वन्द्याय नमः

સર્વને વંદન કરવા યોગ્ય શ્રીહરિકૃષ્ણ૦

३२. ब्रह्मादिसंस्तुताय नमः

જન્મ સમયે બ્રહ્માદિ દેવો દ્વારા સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

३३. धर्मेडिताय नमः

ધર્મદેવ દ્વારા સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

३४. वृषप्रोक्तप्राग्वृत्तान्ताय नमः

ધર્મદેવને તેમનું પૂર્વનું વૃત્તાંત કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

३५. अद्भुताकृतये नमः

અદ્ભુત-દિવ્ય રૂપવાળા શ્રીહરિકૃષ્ણ૦

३६. कोटिकामस्मयहराय नमः

પોતાના અત્યંત કમનીય આકાર વડે કોટિ કામદેવના ગર્વને હરનારા શ્રીહરિકૃષ્ણ૦

३७. दिव्याङ्गाय नमः

દિવ્ય અંગ-અવયવોવાળા શ્રીહરિકૃષ્ણ૦

३८. मुक्तिदेक्षणाय नमः
જેમનું દર્શન મુક્તિ આપનાર છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

३९. भक्तिधर्मात्मजाय नमः
ધર્મદેવ-ભક્તિમાતાના પુત્ર એવા શ્રીહરિકૃષ્ણ૰

४०. भक्तिधर्मतीव्रतपःफलाय नमः
ધર્મદેવ-ભક્તિમાતાને તેમના તીવ્ર તપના ફલસ્વરૂપે પુત્રપણે પ્રાપ્ત થનારા શ્રીહરિકૃષ્ણ૰

४१. रामप्रतापानुजनये नमः
રામપ્રતાપજીના નાના ભાઈ એવા શ્રીહરિકૃષ્ણ૰

४२. धर्मवंशविभूषणाय नमः
ધર્મવંશને અત્યંત શોભાડનારા શ્રીહરિકૃષ્ણ૰

४३. कृत्याद्रावणदृशे नमः
દૃષ્ટિમાત્રથી કૃત્યાઓને ભગાડનારા શ્રીહરિકૃષ્ણ૰

४४. वातपुत्रमात्रङ्कलम्भिताय नमः
કૃત્યાઓ પાસેથી વાયુપુત્ર હનુમાનજી દ્વારા ભક્તિમાતાને ખોળામાં પ્રાપ્ત થયેલા શ્રીહરિકૃષ્ણ૰

४५. बाललीलातिललिताय नमः
બાળલીલાથી સૌને અત્યંત પ્રિય લાગતા શ્રીહરિકૃષ્ણ૰

४६. ललनावृन्दलालिताय नमः
છપૈયાની સ્ત્રીઓ દ્વારા લાડ લડાવાયેલા શ્રીહરિકૃષ્ણ૰

४७. घनश्यामाय नमः
નવીનમેઘ સમાન શ્યામ વર્ણવાળા હોવાથી ઘનશ્યામ નામધારીશ્રીહરિ૰

४८. हरये नमः
આશ્રિતોની આપદાને હરનારા હોવાથી હરિનામધારી શ્રીહરિકૃષ્ણ૰

૪૯. कृष्णाय नमः

ભક્તોના મનને આકર્ષનારા અને શ્યામ વર્ણવાળા હોવાથી કૃષ્ણનામધારી શ્રીહરિકૃષ્ણ૰

૫૦. हरिकृष्णाय नमः

હરિ અને કૃષ્ણ આ બે નામ ભેગાં થવાથી હરિકૃષ્ણ નામવાળા શ્રીહરિ૰

૫૧. मुनिप्रियाय नमः

મુનિઓને પ્રિય અને મુનિઓ જેમને પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

૫૨. नीलकण्ठाय नमः

જ્ઞાન, વૈરાગ્યાદિથી નીલકંઠ-શિવજી સમાન શ્રીહરિકૃષ્ણ૰

૫૩. गुणाम्भोधये नमः

અસંખ્ય કલ્યાણકારી ગુણોના સાગર એવા શ્રીહરિકૃષ્ણ૰

૫૪. छुप्पयावासिहर्षदाय नमः

છપૈયાવાસીઓને હર્ષ પમાડનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૫. चन्द्रार्चितस्तुताय नमः

ચંદ્રદેવ દ્વારા પૂજાયેલા અને સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૫૬. मातृभ्रातृस्त्रीचित्रदर्शकाय नमः

પોતાની પાસે સાક્ષાત્ ચંદ્રદેવને બોલાવીને માતા અને ભાભીને આશ્ચર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૭. नारायणसरोयोषायुक्प्रसूकारिताप्लवाय नमः

સ્ત્રીઓ અને માતા દ્વારા નારાયણ સરોવરમાં સ્નાન કરાવાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૫૮. ब्रह्मादीशत्रयकृतप्रणामार्चनसंस्तुतये नमः

બ્રહ્મા, વિષ્ણુ અને શંકરે જેમને પ્રણામ, અર્ચન અને સ્તુતિ કરી છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

૫૯. स्वर्णनद्धमणिप्रेंखास्वमात्रान्दोलिताय नमः
મણિઓ જડેલા સુવર્ણના પારણામાં પોતાની માતા દ્વારા ઝુલાવાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૬૦. अतुलाय नमः
કોઈની સાથે જેમની તુલના ન થઈ શકે એવા શ્રીહરિકૃષ્ણ૦

૬૧. खेलद्बालसुखाय नमः
પોતાની સાથે રમતા બાળકોને સુખ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૨. वीक्षाकालीदत्तनिबर्हणाय नमः
દૃષ્ટિમાત્રથી કાલીદત્ત અસુરનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૩. धर्मस्त्रीस्तनपाय नमः
શ્રદ્ધાદિક બાર માતાઓનું બાર સ્વરૂપે સ્તનપાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૪. स्वीयमातुल्यादिमुदम्बुधये नमः
પોતાની મામી વગેર સંબંધીઓ માટે આનંદના સાગર સમાન શ્રીહરિકૃષ્ણ૦

૬૫. अयोध्यानगरावासाय नमः
છપૈયા છોડી માતા-પિતાદિ સાથે અયોધ્યા નગરીમાં વાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૬. पौरलोचनलोभनाय नमः
અયોધ્યાપુરના જનોનાં નેત્રોને લોભાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૭. सरयूसततस्नात्रे नमः
સરયૂ નદીમાં નિત્ય સ્નાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૮. देवेक्षाय नमः
અયોધ્યાના મંદિરોમાં નિત્ય દેવોના દર્શન માટે જનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૯. अमानुषक्रियाय नमः
અમાનુષી ક્રિયા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૦. स्वमातृदर्शितैश्वर्याय नमः
અનેક બ્રહ્માદિ દેવો, લોકેશ્વરો શ્રીહરિનાં દર્શને આવ્યા અને પૂજા-સ્તુતિ કરીને પોતાના ધામ પ્રત્યે ગયા; એવું ઐશ્વર્ય પોતાની માતાને બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૧. नैकब्रह्मादिपूजिताय नमः
અનેક બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ દેવોથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૨. भृगुजुष्टाय नमः
અયોધ્યાના વૈશ્ય મિત્ર ભૃગુ જેમનામાં અતિ આસક્ત છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૭૩. अतुलप्रज्ञाय नमः
અતુલ મેધા-બુદ્ધિવાળા શ્રીહરિકૃષ્ણ૦

૭૪. मानसारामसेविताय नमः
મામાના પુત્ર મંછારામથી સેવાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૫. सवयोव्रातसञ्जुष्टाय नमः
સમાન વયના બાળમિત્રોને પ્રસન્ન કરનારા અને એમનાથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૬. भूपयुग्मकृतार्हणाय नमः
અયોધ્યા-નરેશના રાજકુમારો ભવાનીસિંહ અને દાનસિંહ દ્વારા વારંવાર પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૭. सक्तपौरव्रजाय नमः
અયોધ્યાપુરના વાસીઓ જેમનામાં આસક્ત થયા છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૭૮. भ्रातृपत्नीचित्रप्रदर्शकाय नमः

સુવાસિનીભાભીને આશ્ચર્ય-ઐશ્વર્ય બતાવનારા[1] શ્રીહરિકૃષ્ણ૦

૭૯. स्वासक्तवल्लभाजुष्टाय नमः

પોતાનામાં અતિ પ્રીતિવાળી વલ્લભાથી[2] સેવાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૦. दिव्यदृष्टिप्रदाय नमः

ભક્તિમાતાને દિવ્ય દૃષ્ટિ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૧. मृदवे नमः

મૃદુ સ્વભાવવાળા શ્રીહરિકૃષ્ણ૦

૮૨. मातृसन्दर्शितेशादिलोकब्रह्मपुराय नमः

માતાને ઈશ્વરાદિકના તમામ લોક તથા બ્રહ્મપુરધામ બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૩. पतये नमः

સર્વ લોક અને સર્વ ઈશ્વરાદિકના પતિ શ્રીહરિકૃષ્ણ૦

૮૪. लोकेशाद्यर्चितायनमः

ભક્તિમાતાને સમાધિ કરાવીને પોતે તેમની સાથે વિવિધ લોકમાં ગયા ત્યારે સર્વ લોકના ઈશ્વરોએ પૂજેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૫. ब्रह्मधाममुक्तप्रपूजिताय नमः

સમાધિમાં ભક્તિમાતા સાથે પોતે અક્ષરધામમાં પધાર્યા ત્યારે ત્યાંના મુક્તોએ પૂજેલા શ્રીહરિકૃષ્ણ૦

---

૧. પોતાની વીંટી ચોરીને ભાગેલા ઘનશ્યામને સુવાસિની ભાભીએ ઘરમાં પૂરી દીધા. ત્યારે ભાભી ઘરમાં જુએ તો ઘરમાં ઘનશ્યામ દેખાય અને બહાર જુએ તો બહાર પણ દેખાય. આવું ઐશ્વર્ય બતાવનારા.

૨. આ વલ્લભા છપૈયાપુરના વૈશ્યની પુત્રી હતી. ભક્તિમાતાને તેની સાથે પોતાની બહેનો કરતાં પણ અધિક પ્રીતિ હતી. તે વલ્લભાના અયોધ્યામાં લગ્ન થયાં હતાં. તેને ઘનશ્યામમાં પોતાના પુત્ર કરતાં અધિક સ્નેહ હતો. શ્રીહરિ વલ્લભાને માતા સમાન માનતા હતા.

८६. स्वैश्वर्यदर्शनप्राप्तचित्रभक्तिसमीडिताय नमः
પોતાના વિવિધ ધામો અને ઐશ્વર્યો જોઈને આશ્ચર્યચકિત થયેલા ભક્તિમાતાથી સારી રીતે સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

८७. इच्छारामाग्रजाय नमः
ઈચ્છારામના મોટા ભાઈ શ્રીહરિકૃષ્ણ૦

८८. पौरबालव्रातसमाधिदाय नमः
અયોધ્યાના બાળકોને સમાધિ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

८९. बालप्रदर्शितैश्वर्याय नमः
અયોધ્યાના બાળકોને પોતાનું ઐશ્વર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

९०. पौरगीतगुणोदयाय नमः
અયોધ્યાવાસીઓએ ગાઈ છે ગુણોની સમૃદ્ધિ જેમની એવા શ્રીહરિકૃષ્ણ૦

९१. चतुर्भुजस्वरूपादिस्वीयपितृप्रदर्शकाय नमः
પોતાનાં ચતુર્ભુજાદિ દિવ્ય સ્વરૂપો તથા પોતાનું પૂજન-સ્તુતિ કરતાં મુક્તો, ઈશ્વરો, શક્તિઓ વગેરે, પોતાના પિતાને બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

९२. पितृस्तुताय नमः
પોતાનું ઐશ્વર્ય જોઈને પિતાએ જેમની સ્તુતિ કરી છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

९३. बन्धुवर्गस्वरूपज्ञानदाय नमः
પોતાના બંધુજનોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

९४. प्रभवे नमः
સર્વસમર્થ, સર્વના શાસક અને સર્વના સ્વામી એવા શ્રીહરિકૃષ્ણ૦

૯૫. सदर्पमल्लनिर्जेत्रे नमः

દેશાન્તરથી આવેલા ગર્વિષ્ઠ મલ્લોને સારી રીતે જીતનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૬. चित्रितक्ष्मेश्वरादिकाय नमः

પૃથ્વીમાં ઘણા બધા મલ્લોને જીતીને આવનારા અજેય ગર્વિષ્ઠ મલ્લોને જીતીને અયોધ્યાના રાજકુમારો, પુરજનો વગેરેને આશ્ચર્ય પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૭. पौरपण्डितसङ्गीतरूपैश्वर्यगुणाय नमः

અયોધ્યાપુરના પંડિતોએ સારી રીતે ગાયાં છે રૂપ, ઐશ્વર્ય અને ગુણો જેમના એવા શ્રીહરિકૃષ્ણ૦

૯૮. शुचये नमः

બાહ્ય અને આંતરિક પવિત્રતાવાળા શ્રીહરિકૃષ્ણ૦

૯૯. सामगाय नमः

પિતા પાસે સામવેદ ભણતા થકા તેનું ગાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૦૦. ब्रह्मचर्यस्थाय नमः

બ્રહ્મચર્યાશ્રમમાં દૃઢ રહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૦૧. धर्मगुपे नमः

ધર્મનું રક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૦૨. दैत्यमोहनाय नमः

દૈત્યોને મોહ પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૦૩. ज्ञानदाय नमः

પોતાના આશ્રિતોને જ્ઞાન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૦૪. कृतसच्छास्त्रसारोद्धाराय नमः

સચ્છાસ્ત્રોનો સાર કાઢનારા શ્રીહરિકૃષ્ણ૦

१०५. **अनहङ्कृतये नमः**
અહંકાર રહિત શ્રીહરિકૃષ્ણ૦

१०६. **काशीपण्डितनिर्जेत्रे नमः**
પિતાની સાથે કાશી જઈને ત્યાંના પંડિતોને સારી રીતે જીતનારા શ્રીહરિકૃષ્ણ૦

१०७. **दर्शिताप्राकृताकृतये नमः**
પંડિતોને પોતાનું અપ્રાકૃત-દિવ્ય સ્વરૂપ બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

१०८. **अजेयाय नमः**
કોઈનાથી પણ ન જિતાય એવા શ્રીહરિકૃષ્ણ૦

१०९. **स्थापितस्वीयविशिष्टाद्वैतसन्मताय नमः**
પંડિતોની તમામ શંકાઓનું સમાધાન કરી સત્ય એવો પોતાનો વિશિષ્ટાદ્વૈત મત સ્થાપનારા શ્રીહરિકૃષ્ણ૦

११०. **काशीविद्वद्गणनुताय नमः**
કાશીના વિદ્વાનોથી સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१११. **काशीराजसमर्चिताय नमः**
કાશીના રાજાએ સારી રીતે પૂજેલા શ્રીહરિકૃષ્ણ૦

११२. **स्वान्तर्विचारितस्वीयप्रादुर्भाव- प्रयोजनाय नमः**
પોતાના અંતરમાં પોતે લીધેલ અવતારના પ્રયોજનને વિચારનારા શ્રીહરિકૃષ્ણ૦

११३. **जनन्यादिष्टसाङ्गस्वभक्तये नमः**
ભક્તિમાતાને અંગે સહિત પોતાની ભક્તિનો ઉપદેશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

११४. **अज्ञाननाशकाय नमः**
પોતાના આશ્રિતોના અજ્ઞાનનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૧૫. पितृस्वज्ञानदाय नमः

માતા-પિતાને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૧૬. पितृप्रत्तदिव्यगतये नमः

માતાપિતાને દિવ્ય ગતિ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૧૭. विभवे नमः

જેમનું સ્વરૂપ વ્યાપક છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૧૧૮. निस्तृष्णाय नमः

સદા તૃષ્ણાથી રહિત શ્રીહરિકૃષ્ણ૦

૧૧૯. तीव्रनिर्वेदाय नमः

તીવ્ર વૈરાગ્યવાળા શ્રીહરિકૃષ્ણ૦

૧૨૦. विसृष्टागारबान्धवाय नमः

ગૃહ અને બંધુજનોનો ત્યાગ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૨૧. वर्णिवेषाय नमः

બ્રહ્મચારીના વેષને ધારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૨૨. निजाज्ञातप्रयाणाय नमः

સ્વજનો ન જાણે તે રીતે વન તરફ પ્રયાણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૨૩. भूरिधैर्यवते नमः

અતિશય ધૈર્યવાળા શ્રીહરિકૃષ્ણ૦

૧૨૪. वनवासप्रियाय नमः

વનવાસ જેમને પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૧૨૫. शान्ताय नमः

શાંત સ્વભાવવાળા શ્રીહરિકૃષ્ણ૦

१२६. नैष्ठिकेन्द्राय नमः

નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં શ્રેષ્ઠ એવા શ્રીહરિકૃષ્ણ૦

१२७. तपोरुचये नमः

તપ કરવામાં રુચિવાળા શ્રીહરિકૃષ્ણ૦

१२८. गरुडारोहणाय नमः

સરયુ નદી તરતી વખતે ગરુડજી પર સવારી કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१२९. तीर्णसरय्वे नमः

સરયુ નદીને પાર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१३०. मोहितासुराय नमः

પોતાને સરયુ નદીમાં નાખીને મારવા આવેલ અસુરને પોતાનું સ્વરૂપ નદીમાં તણાતું દેખાડીને મોહ પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

१३१. विलपद्बन्धुपौरौघान्विष्टाय नमः

વિલાપ કરતા બંધુજનો અને પુરજનો જેમને આતુરતાપૂર્વક શોધી રહ્યા હતા, એવા શ્રીહરિકૃષ્ણ૦

१३२. बन्ध्वादिसान्त्वनाय नमः

પોતાનું દિવ્ય દર્શન આપી બંધુજનો આદિને આશ્વાસન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

१३३. वटच्छायासमासीनाय नमः

વનમાં વડની છાયા નીચે બેઠેલા શ્રીહરિકૃષ્ણ૦

१३४. ब्रह्मेन्द्रादिकृतस्तवाय नमः

પોતે વડ નીચે બેઠા હતા ત્યારે બ્રહ્માદિ દેવો, નારદાદિ ઋષિઓ, હિમાલયાદિ પર્વતો, પુષ્કરાદિ તીર્થો, ગંગાદિ નદીઓ વગેરે દ્વારા સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१३५. नैमिषारण्यसञ्चाराय नमः
નૈમિષારણ્ય ક્ષેત્ર તરફ જનારા શ્રીહરિકૃષ્ણ૰

१३६. महर्षिव्रातसत्कृताय नमः
નૈમિષારણ્ય ક્ષેત્રમાં ઋષિઓના સમૂહો વડે સત્કાર કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

१३७. बदरीनाथवरदाय नमः
બદરીનાથ ક્ષેત્રમાં શ્રીબદરીનાથને 'હું પૃથ્વીમાં શ્રીનગર તથા ભૂજમાં તમારી મૂર્તિનું સ્થાપન કરીશ' એવું વરદાન આપનારા શ્રીહરિ૰

१३८. दृक्पराभूतभैरवाय नमः
દૃષ્ટિમાત્રથી ભૈરવને ભગાડી દેનારા શ્રીહરિકૃષ્ણ૰

१३९. मारुतिदत्तफलभुजे नमः
હનુમાનજીએ લાવી આપેલાં ફળો જમનારા શ્રીહરિકૃષ્ણ૰

१४०. तुषारक्ष्माधरस्तुताय नमः
બરફના પહાડ એવા હિમાલયથી સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

१४१. पुलहाश्रमसंवासाय नमः
પુલ્હાશ્રમમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

१४२. चीर्णदिव्यमहातपसे नमः
પુલ્હાશ્રમમાં દિવ્ય મહાન તપ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

१४३. भूरितेजसे नमः
અતિશય કાન્તિવાળા શ્રીહરિકૃષ્ણ૰

१४४. कृशतनवे नमः
ક્ષીણ-દુબળા શરીરવાળા શ્રીહરિકૃષ્ણ૰

१४५. दीर्घदृशे नमः
દેશ અને કાળની સીમા પાર પણ જોઈ શકનારા શ્રીહરિકૃષ્ણ૰

१४६. पितृसेविताय नमः

પુલ્હાશ્રમમાં તપ દરમિયાન દિવ્ય સ્વરૂપે રહેલા ધર્મપિતા અને ભક્તિમાતાથી સેવાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१४७. रवीक्षिताय नमः

સૂર્યદેવે જેમનાં દર્શન કર્યા છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

१४८. रविनुताय नमः

સૂર્યદેવથી સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१४९. महर्षिस्तुतसद्यशसे नमः

પુલ્હાશ્રમના મહર્ષિઓએ શ્રેષ્ઠ યશ ગાઈને જેમની સ્તુતિ કરી છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

१५०. मायास्वसृसमादिष्टमहादत्तनृपार्चिताय नमः

બુટોલપુરમાં બેન માયાદેવીની પ્રેરણાથી મહાદત્ત રાજા દ્વારા સેવા-પૂજા કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१५१. कामदोषवदाय नमः

મહાદત્ત રાજાને કામના દોષ કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

१५२. चित्रदर्शकाय नमः

મહાદત્ત રાજા તથા તેમના સંબંધિઓને પોતાનું દિવ્ય દર્શન કરાવવા રૂપ આશ્ચર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

१५३. भूपतीलिताय नमः

મહાદત્ત રાજા પાસેથી ચાલી નીકળેલા શ્રીહરિકૃષ્ણ૦

१५४. गोपालयोगिवर्याप्तसाङ्ग्योगाय नमः

યોગીઓમાં શ્રેષ્ઠ ગોપાળયોગી પાસેથી અષ્ટાંગયોગને શીખનારા શ્રીહરિકૃષ્ણ૦

१५५. भयापहाय नमः

તપસ્વી ગોપાળયોગીના આશ્રમની આજુબાજુ રહેનારા ગોવાળિયાઓનો હિંસક પશુઓથી રહેતો ભય નાશ કરનારા શ્રીહરિ૦

१५६. दर्शिताप्राकृतवपुषे नमः

યોગનિષ્ઠ ગોપાળયોગીને દિવ્ય સ્વરૂપ બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

१५७. स्तवप्रीताय नमः

યોગીરાજ ગોપાળયોગીએ કરેલ સ્તુતિથી પ્રસન્ન થયેલા શ્રીહરિ૦

१५८. स्वधामदाय नमः

યોગીવર્ય ગોપાળયોગીને પોતાનું ધામ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

१५९. सिद्धवल्लभभूपालज्ञाततत्त्वाय नमः

સીરપુરના સિદ્ધવલ્લભ રાજાને આત્માપરમાત્માનું વિજ્ઞાન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

१६०. तदर्हिताय नमः

સિદ્ધવલ્લભ રાજાથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१६१. गोपालदासगुपे नमः

પોતાની સેવામાં રહેલા ગોપાળદાસ સાધુની અસુર સિદ્ધ થકી રક્ષા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१६२. सिद्धस्मयघ्नाय नमः

સીરપુરના દંભી સિદ્ધોનું સિદ્ધપણાનું અભિમાન નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१६३. मान्त्रिकार्चिताय नमः

સીરપુરમાં મંત્રની સાધનાવાળા માંત્રિકોએ જેમને દેવ જાણીને પૂજ્યા છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

१६४. भूपस्तुताय नमः

સિદ્ધવલ્લભ રાજાથી સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१६५. तिलिङ्गीयविप्रदोषनिवारणाय नमः

હસ્તિ તથા કાળપુરુષ આદિનું મહાદાન લેવાના દોષથી શ્યામવર્ણ-વાળા થઈ ગયેલ તૈલંગ દેશના વિપ્રને ગૌરવર્ણવાળો કરી તેના દોષનું નિવારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१६६. कालभैरववीरादित्रासदेक्षाय नमः

પિબૈકે મોકલેલા કાલી, કાળભૈરવ, બટુકભૈરવ આદિના વીરોને દૃષ્ટિમાત્રથી ત્રાસ પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

१६७. निराकुलाय नमः

પોતાના પર મંત્રાભિચાર કરનાર પિબૈક સામે અકળાયા વગર સંપૂર્ણ સ્વસ્થ-નિર્ભય રહેનારા શ્રીહરિકૃષ્ણ૦

१६८. पिबैकदर्पदलनाय नमः

પિબૈકના ગર્વનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१६९. नवलक्षाख्यशैलगाय नमः

નવલખા નામના પર્વત પર પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

१७०. युगपत्सिद्धनिकरस्वञ्जनाऽनेकरूपभृते नमः

નવલખા પર્વત પર રહેલા સિદ્ધોને એકસાથે ભેટવા માટે અનેક રૂપ ધરનારા શ્રીહરિકૃષ્ણ૦

१७१. सिद्धसन्दर्शितैश्वर्याय नमः

સિદ્ધોને ઐશ્વર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

१७२. तुष्टाय नमः

શ્રીહરિ અર્થે લાંબા કાળ પર્યંત તપ કરનારા સિદ્ધો પર પ્રસન્ન થનારા શ્રીહરિકૃષ્ણ૦

१७३. सिद्धगणेडिताय नमः
સિદ્ધોથી સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१७४. सिद्धवृन्देष्टवरदाय नमः
સર્વ સિદ્ધોને તેમણે ઈચ્છેલ વર[૧] આપનારા શ્રીહરિકૃષ્ણ૦

१७५. कपिलाश्रमवासकृते नमः
કપિલાશ્રમમાં વાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१७६. दयार्द्राय नमः
હંમેશાં દયાથી કોમળ હૃદયવાળા શ્રીહરિકૃષ્ણ૦

१७७. अधर्मभारार्त्तक्षित्यभीति- प्रदायकाय नमः
કપિલાશ્રમમાં પોતાને શરણે આવેલ અધર્મના ભારથી પીડા પામેલી પૃથ્વીને અભય આપનારા શ્રીહરિકૃષ્ણ૦

१७८. देवहूतिसुतप्रीताय नमः
કપિલાશ્રમમાં કેટલાક દિવસ રહીને દેવહૂતિના પુત્ર શ્રીકપિલમુનિને પ્રસન્ન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१७९. जगन्नाथपुरस्थितये नमः
જગન્નાથપુરીમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१८०. आनन्दितजगन्नाथाय नमः
પોતાના સ્થાનમાં રહેલ ઉગ્ર અધર્મનો નાશ કરવાની પ્રાર્થના કરનારા શ્રીજગન્નાથજીને તે પ્રમાણે કરવાનું વચન આપીને પ્રસન્ન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१८१. दैत्यवृन्दनिषूदनाय नमः
જગન્નાથપુરીમાં અસુરોના સમૂહનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧. આ લોકમાં તમારી દિવ્ય લીલા જોઈને તમારું ચિંતવન કરતા અંતે તમારા ધામને પામીએ જેથી નિત્ય તમારાં દર્શન અને સેવા મળે. આવો માંગેલ વર

१८२. मानसाख्यपुरावासाय नमः
માનસપુરમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१८३. सत्रधर्मनृपाश्चिताय नमः
માનસપુરમાં સત્રધર્મા રાજાથી સેવા-પૂજા કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१८४. प्रादुष्कृतनिजैश्वर्याय नमः
પોતાને મારવા આવેલા અસુરોને મોહ પમાડી તેમને પરસ્પર એકબીજામાં જ પોતાનું સ્વરૂપ જણાવવારૂપ પોતાનું અતર્ક્ય ઐશ્વર્ય પ્રગટ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१८५. दैत्ययूथविमर्दनाय नमः
સ્વૈશ્વર્યથી અસુરોનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१८६. नानातीर्थचराय नमः
વિવિધ તીર્થોમાં વિચરણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१८७. तीर्थश्रवसे नमः
તીર્થોમાં વિચરણ કરીને તેમની કીર્તિ વધારનારા શ્રીહરિકૃષ્ણ૦

१८८. तैर्थिकचर्चिताय नमः
તીર્થવાસીઓથી સેવાયેલા-પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१८९. तीर्थस्थाधर्मविध्वंसिने नमः
તીર્થસ્થાનોમાં રહેલ અધર્મનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१९०. मुमुक्षुश्रितपत्कजाय नमः
વેંકટાદ્રીમાં મુમુક્ષુઓએ જેમના ચરણકમળનો આશ્રય કર્યો, એવા શ્રીહરિકૃષ્ણ૦

१९१. प्रतिवादिव्रजजयाय नमः
શિવકાંચી તથા શ્રીરંગક્ષેત્રમાં પ્રતિવાદીઓને જીતનારા શ્રીહરિકૃષ્ણ૦

१९२. चापमुक्तेषुसञ्चराय नमः

ધનુષમાંથી છૂટેલ બાણના જેવી ગતિથી વિચરણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१९३. घोराटवीचराय नमः

ઘોર-ભયાનક નિર્જન વનમાં વિચરણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१९४. अपृष्टमार्गाय नमः

વનમાં વિચરણ દરમ્યાન નથી પૂછ્યો માર્ગ જેમણે એવા શ્રીહરિકૃષ્ણ૦

१९५. योगिव्रजानताय नमः

યોગીઓ દ્વારા આદર-સત્કાર કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१९६. शालग्रामतृषाहारिणे नमः

છ દિવસ સુધી અન્ન-જળ ન મળવાથી તૃષાતુર થયેલા પોતાને પૂજવાના શાલગ્રામ પર કમંડલુંથી વારંવાર જળધારા કરીને તેમની તૃષાને હરનારા શ્રીહરિકૃષ્ણ૦

१९७. शिवसम्प्राप्तसक्तुकाय नमः

ઘોર વનમાં કાપડીના વેશે આવેલા શિવજી પાસેથી પ્રાપ્ત થયો છે સાથવો જેમને એવા શ્રીહરિકૃષ્ણ૦

१९८. शिवप्रीतिकृतस्तोत्राय नमः

શિવજી દ્વારા પ્રીતિપૂર્વક સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

१९९. सुमतिक्ष्मेश्वरार्हिताय नमः

આદિકેશવ ક્ષેત્રમાં સુમતિ રાજાથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

२००. भूतपूर्यादिसत्तीर्थगन्त्रे नमः

ભૂતપુરી આદિ શુભ તીર્થોમાં પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

२०१. अधर्मासुरौघहृते नमः

તીર્થોમાં રહેલા અધર્મ અને અસુરોના સમૂહનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

२०२. कृतलोजपुरावासाय नमः

લોજપુરમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

२०३. साधुमण्डलसत्कृताय नमः

લોજમાં સદ્.શ્રીમુક્તાનંદસ્વામી વગેરે સંતોના મંડળથી આદર-સત્કાર કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

२०४. प्रश्नोत्तरातिनैपुण्याय नमः

પ્રશ્નોત્તરી કરવામાં અતિ નિપુણ એવા શ્રીહરિકૃષ્ણ૦

२०५. रामानन्देक्षणोत्सुकाय नमः

સદ્.શ્રીરામાનંદસ્વામીના દર્શન કરવા માટે ઉત્સુક એવા શ્રીહરિ૦

२०६. स्वसंलिखितसत्पत्रीवाचनाश्चर्यदर्शकाय नमः

પોતે લખેલ શુભ પત્ર ભુજમાં સદ્. શ્રીરામાનંદસ્વામીએ વાંચતાં સ્વામીને તથા તેમના આશ્રિતોને સમાધિમાં અક્ષરધામ બતાવવારૂપ આશ્ચર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

२०७. रामानन्दादिमुद्वृन्दप्रदाय नमः

સમાધિમાં આશ્ચર્ય બતાવીને સદ્.શ્રીરામાનંદસ્વામી તથા તેમના આશ્રિતોને અત્યંત આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

२०८. चित्रावहक्रियाय नमः

લોજમાં આશ્ચર્યકારી ક્રિયાઓ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

२०९. रामानन्दोक्तमाहात्म्याय नमः

ભુજમાં પોતાના આશ્રિતોને સદ્.શ્રીરામાનંદસ્વામીએ જેમનું માહાત્મ્ય કહ્યું, એવા શ્રીહરિકૃષ્ણ૦

૨૧૦. मुनिप्रार्थितदर्शनाय नमः

સદ્‌.શ્રીરામાનંદસ્વામીનાં દર્શન માટે સંતોને પ્રાર્થના કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૧૧. रामानन्देक्षणानन्दाय नमः

પીપલાણામાં સદ્‌.શ્રીરામાનંદસ્વામીના દર્શનથી આનંદ પામનારા અને જેમનાં દર્શનથી સદ્‌.શ્રીરામાનંદસ્વામી આનંદ પામ્યા, એવા શ્રીહરિકૃષ્ણ૦

૨૧૨. रामानन्दान्तिकस्थितये नमः

સદ્‌.શ્રીરામાનંદસ્વામીની સમીપ નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૧૩. निजासाधारणैश्वर्यदर्शकाय नमः

પિપલાણામાં એક યોગીને પોતાનું અસાધારણ ઐશ્વર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૧૪. योगिसंश्रिताय नमः

તે યોગીએ જેમનો આશ્રય કર્યો છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૨૧૫. बोधन्येकादशीप्राप्तमहादीक्षाय नमः

પિપલાણામાં પ્રબોધની એકાદશીના દિવસે સદ્‌.શ્રી રામાનંદસ્વામી થકી મહાદીક્ષા પ્રાપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૧૬. गुरुप्रियाय नमः

પોતાના ગુરુવર્ય શ્રીરામાનંદસ્વામી જેમને પ્રિય છે અને ગુરુને જેઓ પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૨૧૭. श्रीमते नमः

અનંત સદ્‌ગુણ, ઐશ્વર્ય અને સમૃદ્ધિ વગેરેની શોભાવાળા શ્રીહરિકૃષ્ણ૦

२१८. नारायणमुनये नमः

સદ્.શ્રીરામાનંદસ્વામીએ જેમનું નારાયણમુનિ નામ પાડ્યું, એવા શ્રીહરિકૃષ્ણ૰

२१९. सहजानन्दाय नमः

સદ્. શ્રીરામાનંદસ્વામીએ જેમનું શ્રીસહજાનંદસ્વામી નામ પાડ્યું, એવા શ્રીહરિકૃષ્ણ૰

२२०. आर्तिहृते नमः

મારા આશ્રિતો અન્ન-વસ્ત્રાદિકે કરીને દુઃખી ન થાય - એવું સદ્. શ્રીરામાનંદસ્વામી પાસે વરદાન માંગીને પોતાના આશ્રિતોની પીડાને હરનારા શ્રીહરિકૃષ્ણ૰

२२१. रामानन्दार्पितधुराय नमः

સદ્.શ્રીરામાનંદસ્વામીએ જેમને ધર્મધુરા અર્પણ કરી, એવા શ્રીહરિકૃષ્ણ૰

२२२. महर्षीशाद्यभिष्टुताय नमः

ધર્મધુરાની ગાદીએ બેઠા ત્યારે મહર્ષિઓ, ઈશ્વરો વગેરે દ્વારા સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

२२३. स्वीयभक्तसभासीनाय नमः

પીપલાણામાં પોતાના ભક્તોની સભામાં વિરાજમાન શ્રીહરિકૃષ્ણ૰

२२४. महार्हांबरभूषणाय नमः

પોતાના પ્રેમી ભક્તોએ અર્પણ કરેલાં મહામૂલ્યવાળાં વસ્ત્ર તથા આભૂષણો ધારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

२२५. सौन्दर्यादिमहाम्भोधये नमः

સૌંદર્યાદિ ગુણોના મહાસાગર એવા શ્રીહરિકૃષ્ણ૰

૨૨૬. भद्रधर्मोपदेशकृते नमः

પોતાના આશ્રિતોને કલ્યાણકારી ધર્મનો ઉપદેશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૨૭. दर्शिताप्राकृताकाराय नमः

પોતાનું દિવ્ય સ્વરૂપ બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૨૮. भक्तोपात्तमहार्हणाय नमः

ધર્મધુરાની ગાદીએ બેઠા ત્યારે સ્વભક્તોએ અર્પણ કરેલ છે મહામૂલ્યવાન ભેટ-સામગ્રીઓ જેમને એવા શ્રીહરિકૃષ્ણ૦

૨૨૯. भूसुरार्पितवित्तादये नमः

ભેટમાં આવેલ ધનાદિ બ્રાહ્મણોને અર્પણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૩૦. वर्णिमुन्यादिसेविताय नमः

વર્ણી, સંતો વગેરેથી સેવાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૨૩૧. भक्तग्रामपुरावासाय नमः

ભક્તોના ગામો અને નગરોમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૩૨. तत्तद्भक्तकृतार्चनाय नमः

તે તે ગામના ભક્તોથી સેવા-પૂજા કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૨૩૩. मकरालयसंवासाय नमः

માંગરોળ બંદરમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૩૪. भूपभक्तसभाजिताय नमः

માંગરોળના રાજા બદરુદીન (વજુદીન) અને ભક્તો દ્વારા આદર-સત્કાર કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૨૩૫. कृतपूर्तोत्सवाय नमः

માંગરોળમાં વાવનો પૂર્તકર્મોત્સવ (ભર્યુ)કરનારા શ્રીહરિકૃષ્ણ૦

२३६. विप्रदिव्यरूपेक्षप्रदाय नमः

પૂર્તકર્મોત્સવ દરમિયાન મયારામ વગેરે વિપ્રોને વિષ્ણુ, શ્રીકૃષ્ણાદિ સ્વરૂપે દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

२३७. विप्रौघापचिताय नमः

માંગરોળમાં બ્રાહ્મણોએ કરી છે જેમની મહાપૂજા એવા શ્રીહરિકૃષ્ણ૦

२३८. विप्रव्राताश्रितपदाम्बुजाय नमः

બ્રાહ્મણોએ જેમનાં ચરણકમળનો આશ્રય કર્યો છે, શ્રીહરિકૃષ્ણ૦

२३९. मेघजिद्गर्वशमनाय नमः

માંગરોળના મેઘજીતનો ગર્વ નાશ કરાનારા શ્રીહરિકૃષ્ણ૦

२४०. मेघजित्कृतसंश्रयाय नमः

મેઘજીતે જેમનો આશ્રય કર્યો છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

२४१. प्रोक्तासाधारणस्वीयदिव्यैश्वर्याय नमः

મેઘજીત તથા તેમના આશ્રિતોને પોતાનું અસાધારણ દિવ્ય ઐશ્વર્ય કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

२४२. अद्भुतावहाय नमः

માંગરોળમાં આવેલા વિવિધ મતવાદીઓને ઐશ્વર્યો બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

२४३. नानामतजनप्रत्तस्वस्वेष्टामरदर्शनाय नमः

માંગરોળમાં વિવિધ મતોના આશ્રિત લોકોને સમાધિમાં પોત પોતાના ઈષ્ટદેવના દર્શન કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

२४४. आश्चर्याम्भोनिधये नमः

માંગરોળમાં પુરજનો, યાત્રિકો વગેરે સર્વને આશ્ચર્યજનક ઘણું ઐશ્વર્ય બતાવ્યું, તેથી આશ્ચર્યના સાગર એવા શ્રીહરિકૃષ્ણ૦

૨૪૫. नानामतप्राणिव्रजाश्रिताय नमः

વિવિધ મતોના લોકોએ જેમનો આશ્રય કર્યો છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

૨૪૬. जनार्च्याय नमः

સર્વ જનોએ મહામૂલ્યવાન વસ્ત્રાભૂષણાદિથી પૂજેલા શ્રીહરિકૃષ્ણ૰

૨૪૭. युगपत्पौरसमाधिप्रापणेक्षणाय नमः

દૃષ્ટિમાત્રથી સર્વ પુરજનોને એકસાથે સમાધિ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૰

૨૪૮. कृतमङ्गिपराभूतये नमः

દેવી ઉપાસક મગનીરામનો પરાભવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૨૪૯. मङ्गीड्याय नमः

મગનીરામથી સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૨૫૦. मङ्ग्युपाश्रिताय नमः

મગનીરામે જેમનો આશ્રય કર્યો, એવા શ્રીહરિકૃષ્ણ૰

૨૫૧. समाधिज्ञापितैश्वर्याय नमः

મગનીરામને સમાધિમાં પોતાનું ઐશ્વર્ય જણાવનારા શ્રીહરિકૃષ્ણ૰

૨૫૨. भूरिपौरकृताश्रयाय नमः

માંગરોળમાં ઘણા બધા લોકોએ કર્યો છે આશ્રય જેમનો એવા શ્રીહરિકૃષ્ણ૰

૨૫૩. पौरगीतमहाकीर्त्तये नमः

ગામલોકોએ જેમની મહાન કીર્તિ ગાઈ છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

૨૫૪. वज्रदीननृपाश्रिताय नमः

બદરુદીન (વજ્રુદીન) રાજાએ જેમનો આશ્રય કર્યો છે, એવા શ્રીહરિ૰

२५५. सालङ्कारहयारूढाय नमः
માંગરોળમાં સમુદ્રસ્નાન કરવા જતી વખતે અલંકારોથી શણગારેલા ઘોડા પર સવાર થયેલા શ્રીહરિકૃષ્ણ૦

२५६. गृहित्यागीव्रजावृताय नमः
સમુદ્રસ્નાન કરવા જતી વખતે ગૃહી-ત્યાગીઓથી વીંટળાયેલા શ્રીહરિકૃષ્ણ૦

२५७. कृतनीरनिधिस्नानाय नमः
માંગરોળ સમુદ્રમાં સંતો-ભક્તો સાથે સ્નાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

२५८. पाशिवार्ध्यपचायिताय नमः
વરુણદેવ તથા સમુદ્રથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

२५९. जन्माष्टम्युत्सवकराय नमः
માંગરોળમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

२६०. कृष्णरूपात्मदृष्टिदाय नमः
જન્માષ્ટમીના દિવસે પોતાનું શ્રીકૃષ્ણરૂપે દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

२६१. कालवाणीस्थितये नमः
કાલવાણીમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

२६२. भक्तपरिचर्याप्रसादिताय नमः
કાલવાણીમાં ભક્તોની સેવાથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

२६३. नानासमाधिसम्प्राप्तिप्रेक्षणाय नमः
કાલવાણીમાં દૃષ્ટિમાત્રથી વિવિધ પ્રકારની સમાધિ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

२६४. भक्तवत्सलाय नमः
ભક્તો પ્રત્યે વાત્સલ્યવાળા એવા શ્રીહરિકૃષ્ણ૦

२६५. दर्शितानेकलोकादये नमः
કાલવાણીમાં જનોને સમાધિમાં અનેક લોકાદિ બતાવનારા શ્રીહરિ૦

२६६. वैकुण्ठादीक्षणप्रदाय नमः
લોકોને સમાધિમાં વૈકુંઠાદિ ધામના દર્શન કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

२६७. योगेशाय नमः
સર્વ પ્રકારના યોગૈશ્વર્યના સ્વામી એવા શ્રીહરિકૃષ્ણ૦

२६८. योगकलनाशिक्षकाय नमः
કાલવાણીમાં વિવિધ પ્રકારની યોગકળાને શીખવનારા શ્રીહરિકૃષ્ણ૦

२६९. योगीवल्लभाय नमः
યોગી જેમને પ્રિય છે અને યોગીને જેઓ પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

२७०. पर्वताख्यात्मभक्तस्वावतारेक्षणकारकाय नमः
અગત્રાઈના પર્વતભાઈ નામના મહાન ભક્તને પોતાના તેજોમય સ્વરૂપમાંથી શ્રીરામકૃષ્ણાદિ અવતારો પ્રગટ થતા અને પાછા એમાં લીન થતા બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

२७१. क्ष्मादिकालाक्षरादीशाय नमः
પૃથ્વી વગેરે તત્ત્વાભિમાની દેવતાઓ તથા કાળ, અક્ષરાદિના સ્વામી એવા શ્રીહરિકૃષ્ણ૦

२७२. मूलजिद्भूतिदर्शकाय नमः
મૂળજીતને સમાધિમાં સર્વાવતારો, સર્વ ધામો, ધામોના અધિપતિઓ વગેરે રૂપ પોતાની વિભૂતિ-સમૃદ્ધિ બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

२७३. अवतारावतारित्वभेदबोधनपाटवाय नमः
અવતાર-અવતારીના ભેદનો બોધ કરવામાં નિપુણ એવા શ્રીહરિકૃષ્ણ૦

૨૭૪. मुक्तानन्दमुनिज्ञातावतारित्वाय नमः

સદ્.શ્રીમુક્તાનંદસ્વામીને સમાધિ કરાવીને પોતાનું અવતારીપણું જણાવનારા[૧] શ્રીહરિકૃષ્ણ૦

૨૭૫. महद्गतये नमः

સર્વશ્રેષ્ઠ પ્રાપ્તિરૂપ એવા શ્રીહરિકૃષ્ણ૦

૨૭૬. व्यापकानन्दविदितप्रभावाय नमः

સદ્.શ્રીવ્યાપકાનંદસ્વામીએ જાણ્યો છે, સર્વોપરિ પ્રભાવ જેમનો એવા શ્રીહરિકૃષ્ણ૦

૨૭૭. मुनिवत्सलाय नमः

સંતો પર અત્યંત વાત્સલ્ય વરસાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૭૮. स्वप्रतापक्षताऽधर्माय नमः

પોતાના પ્રતાપથી અધર્મનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૭૯. धर्मसर्गप्रवर्त्तकाय नमः

ધર્મસર્ગને પ્રવર્તાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૮૦. द्विरूपयुगपद्ग्रामद्वयावेशाय नमः

બે રૂપ ધારણ કરી આખા અને પીપલાણા બન્ને ગામમાં એકસાથે પ્રવેશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૮૧. अद्भुतक्रियाय नमः

આખા અને પીપલાણા બન્ને ગામમાં એકસાથે બે રૂપે દશ દિવસ રહી સર્વને દર્શનાદિકનું સુખ આપ્યું, આવા પ્રકારની અનેક અદ્‌ભુત-આશ્ચર્યજનક ક્રિયાઓ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૮૨. ओजस्वतीनदीतीरविष्णुयागमहोत्सवाय नमः

ઓજસ્વતી નદીના કિનારે વિષ્ણુયાગ મહોત્સવ કરનારા શ્રીહરિ૦

૧.હ.લી.ક. ૩/૨૧/૪૩-૪૯

૨૮૩. षण्मासतर्पिताऽसंख्यविप्राय नमः

વિષ્ણુયાગ મહોત્સવમાં છ માસ સુધી અસંખ્ય વિપ્રોને જમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૮૪. भूरितरश्रवसे नमः

મહાવિષ્ણુયાગમાં અનેક બ્રાહ્મણોને છ માસ સુધી ઉત્તમ ભોજનોથી તૃપ્ત કર્યા અને ધન, ભૂમિ, ગાયો, વસ્ત્રાદિકનું ખૂબ દાન કર્યું, તેથી જેમની કીર્તિ ખૂબ વધી ગઈ છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૨૮૫. ओजस्वतीकृतस्नानाय नमः

સંતો-ભક્તોની સાથે ઓજસ્વતી (ઓજત) નદીમાં વારંવાર સ્નાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૮૬. स्वभक्ताभ्यर्हणादराय नमः

પોતાના ભક્તોએ કરેલ પૂજાનો આદર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૮૭. प्राप्तमेघपुराय नमः

મેઘપુર ગામ પધારેલા શ્રીહરિકૃષ્ણ૦

૨૮૮. स्वीयभक्तव्राताभ्युपासिताय नमः

પોતાના ભક્તોથી સર્વ પ્રકારે ઉપાસના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૨૮૯. ऋणनिर्मुक्तरवजिद्विप्राय नमः

મેઘપુરના રવજી વિપ્રને ઘણું દ્રવ્ય આપીને ઋણથી મુક્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૯૦. विप्रौघतोषणाय नमः

ઘણા વિપ્રોને ઋણની આપત્તિથી મુકાવીને પ્રસન્ન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૨૯૧. आसुरेङ्गितविज्ञात्रे नमः

મેઘપુરમાં અસુરોના ઇરાદાઓને યથાર્થ જાણનારા શ્રીહરિકૃષ્ણ૦

२९२. स्वौजोदैत्यौघमर्दनाय नमः

સ્વપ્રતાપથી દૈત્યોના સમૂહનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

२९३. मणिभद्रपुरावासिने नमः

માણાવદર ગામમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

२९४. भूपभक्तौघसत्कृतये नमः

માણાવદરના નવાબ તથા ભક્તોથી આદર-સત્કાર કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

२९५. जन्माष्टमीमहाय नमः

માણાવદરમાં કૃષ્ણજન્મોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

२९६. भक्तधामादीक्षणकारकाय नमः

ભક્તોને સમાધિમાં વિવિધ ધામો વગેરેનું દર્શન કરાવનારા શ્રીહરિકૃષ્ણ૰

२९७. नानाधामेश्वरोक्तस्वावतारित्वनिजश्रुतये नमः

સમાધિમાં વિવિધ ધામોમાં મોકલેલ પોતાના ભક્તોને તે તે ધામોના ધામીએ શ્રીહરિકૃષ્ણમહારાજનું જે અવતારીપણું કહ્યું, તેને સમાધિમાંથી જાગૃત થયેલા તે ભક્તો થકી સાંભળનારા શ્રીહરિકૃષ્ણ૰

२९८. भांडीरावसतये नमः

ભાડેરપુરમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

२९९. हिंसाध्वंसिने नमः

ભાડેરપુરમાં હિંસાના આચરણનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

३००. भक्तातिमानिताय नमः

ભક્તોથી અતિ સેવા-સત્કારાદિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

३०१. अन्नकूटोत्सवाय नमः

ભાડેરપુરમાં અન્નકૂટોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३०२. भक्तनानाग्रामनिवासकृते नमः

ભક્તોના વિવિધ ગામોમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३०३. महौजसे नमः

મહાતેજવાળા શ્રીહરિકૃષ્ણ૦

३०४. नूत्ननगरप्रयाताय नमः

નવાનગર-જામનગર પ્રતિ પ્રયાણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३०५. भूपवन्दिताय नमः

નવાનગરના રાજાથી વંદન કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

३०६. नानामतप्रतिवदद्वृन्दजेत्रे नमः

નવાનગરના વિવિધ મતોના પ્રતિવાદીઓને જીતનારા શ્રીહરિકૃષ્ણ૦

३०७. आश्रितोत्सवाय नमः

વિવિધ મતવાદીઓ સામે વિજય પામીને પોતાના આશ્રિતોનો ઉત્સાહ વધારનારા શ્રીહરિકૃષ્ણ૦

३०८. द्वारिकागमनाय नमः

દ્વારિકા તરફ પ્રયાણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३०९. अमात्यमान्याय नमः

દ્વારિકાના મંત્રીએ પૂજા-સ્તુતિ કરેલા શ્રીહરિકૃષ્ણ૦

३१०. वादिस्मयापहाय नमः

દ્વારિકાના વિવિધ મતવાદી એવા વિદ્વાન બ્રાહ્મણોનો ગર્વ નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૩૧૧. प्रोक्ततीर्थविधये नमः

તીર્થયાત્રા કરવાનો વિધિ કહેનારા શ્રીહરિકૃષ્ણ૰

૩૧૨. कृष्णप्रोक्तहार्दाय नमः

હે અવતારી ! આપ અને આપના ધર્મનિષ્ઠ ભક્તોનો જ્યાં નિવાસ છે, ત્યાં નિવાસ કરવાની મારે ઈચ્છા છે; એવો દ્વારિકાધીશ શ્રીકૃષ્ણે જેમને પોતાનો અભિપ્રાય કહ્યો અને પછી તે શ્રીકૃષ્ણ ભગવાનને તેના માટે અનુકૂળતા કરી આપવારૂપ પોતાનો અભિપ્રાય જેમણે કહ્યો, એવા શ્રીહરિકૃષ્ણ૰

૩૧૩. मुदावहाय नमः

શાસ્ત્રના સારરૂપ વાતો કરીને દ્વારિકાના મંત્રી તથા સર્વજનોને આનંદ પમાડનારા શ્રીહરિકૃષ્ણ૰

૩૧૪. माण्डव्यनगरानन्दाय नमः

માંડવીપુરમાં પધારીને પોતાના ભક્તોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૩૧૫. निजजुष्टाय नमः

માંડવી (કચ્છ)માં પોતાના ભક્તોથી સેવાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૩૧૬. निजप्रियाय नमः

પોતાના આશ્રિતોને પ્રિય અને પોતાના આશ્રિતો જેમને પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

૩૧૭. एकत्ववादिविजयाय नमः

માંડવીમાં અદ્વૈતવાદી-શુષ્કવેદાંતિ એવા વિદ્વાનોને જીતનારા શ્રીહરિકૃષ્ણ૰

૩૧૮. दत्तदिव्यात्मदर्शनाय नमः

વિદ્વાનોને પોતાનું દિવ્ય દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૩૧૯. विपश्चिद्वर्णिताय नमः

પોતાના દિવ્ય દર્શન પામેલા વિદ્વાનો દ્વારા તે રીતે જ વર્ણવાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૩૨૦. विद्वत्संश्रिताय नमः

વિદ્વાનોએ જેમનો આશ્રય કર્યો છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૩૨૧. पौरहर्षदाय नमः

માંડવીપુરના જનોને ધર્મ, જ્ઞાનાદિની અમૃતથી અધિક સારવાળી વાતો કરીને આનંદ પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૩૨૨. भक्तग्रामगतये नमः

માંડવીથી ડોણ્ય, કાળાતળાવ વગેરે ભક્તોનાં ગામમાં પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

૩૨૩. भक्तस्वर्च्यमानाय नमः

તે ગામોમાં ભક્તોથી સારી રીતે પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૩૨૪. निजार्थिताय नमः

તે ગામોમાં પોતાના આશ્રિતોથી પ્રાર્થના-યાચના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૩૨૫. नारायणसरःस्नाताय नमः

નારાયણ સરોવર(કોટેશ્વર)માં સ્નાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૩૨૬. तैर्थिकाधर्मखण्डनाय नमः

નારાયણસર તીર્થમાં થયેલ સભામાં તીર્થોમાં રહેલ અધર્મનું ખંડન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૩૨૭. मानकूपजनानन्दाय नमः

માનકૂવાના જનોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

३२८. भक्तजुष्टाङ्घ्रिपङ्कजाय नमः

માનકૂવાના ભક્તોથી પુજાયા-સેવાયા છે ચરણકમળ જેમનાં એવા શ્રીહરિકૃષ્ણ૦

३२९. भूजङ्गनगराह्लादाय नमः

ભુજનગરના રાજા વતી મંત્રી સુંદરજીની પ્રાર્થનાથી ત્યાં પધારી ત્યાંના જનોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

३३०. भूपभक्तकृतादराय नमः

ભુજના રાજા તથા ભક્તોથી આદર-સન્માન કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

३३१. कृतमध्वाद्यनवमीमहाय नमः

ભુજમાં ચૈત્રસુદ નવમીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३३२. भक्तौघवीक्षिताय नमः

ભક્તોના સમૂહે જેમનાં દર્શન કર્યાં છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

३३३. समाधिदर्शितानेकधामैश्वर्यादये नमः

સમાધિમાં ભક્તોને અનેક ધામ, ઐશ્વર્ય વગેરે બતાવનારા શ્રીહરિ૦

३३४. ऊर्जिताय नमः

ભુજના ભક્તોથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

३३५. भक्तवर्णितसत्कीर्त्तये नमः

ભક્તોએ વર્ણવી છે સત્કીર્તિ જેમની એવા શ્રીહરિકૃષ્ણ૦

३३६. सहिंसाध्वरखण्डनाय नमः

ભુજમાં હિંસામય યજ્ઞનું ખંડન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३३७. श्रितग्रामव्रजाय नमः

ભુજથી અંજાર, ધમડકા વગેરે પોતાના આશ્રિતોના ગામોમાં જનારા શ્રીહરિકૃષ્ણ૦

३३८. भक्तसेवार्चाप्रीतमानसाय नमः

તે ગામોના ભક્તોની સેવા-પૂજાથી પ્રસન્ન થયેલ મનવાળા શ્રીહરિકૃષ્ણ૦

३३९. मूलजिद्विप्रसंप्रोक्तदैत्यलक्ष्मणे नमः

ભાદરામાં વિપ્ર મૂળજી શર્માને દૈત્યનાં લક્ષણો કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

३४०. विचक्षणाय नमः

દરેક બાબતને ચતુરાઈપૂર્વક યથાર્થ સમજી તથા સમજાવી શકવામાં અતિ કુશળ એવા શ્રીહરિકૃષ્ણ૦

३४१. राजकूटपुरानन्दाय नमः

રાજકોટ પધારી ત્યાંના જનોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

३४२. लक्ष्मीराज्ञीसमाधिकृते नमः

રાજકોટના રાણી લક્ષ્મીબાઈને યોગની સિદ્ધિરૂપ સમાધિ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

३४३. शरधारपुरावासाय नमः

સરધારપુરમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३४४. भक्तसंसेवनप्रियाय नमः

ભક્તોની સેવા અંગીકાર કરીને અને ભક્તોની સેવા કરીને પ્રસન્ન થનારા શ્રીહરિકૃષ્ણ૦

३४५. श्रीकृष्णजन्ममहकृते नमः

સરધારમાં શ્રીકૃષ્ણજન્માષ્ટમીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३४६. तुङ्गजित्सेविताय नमः

સરધારમાં રાજા તોંગાજીથી સેવાયેલા શ્રીહરિકૃષ્ણ૦

३४७. व्रतिने नमः

જન્માષ્ટમી વગેરે વ્રતો કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३४८. समाधिहेतवे नमः

સરધારમાં અનેક મતવાદીઓ તથા પોતાના આશ્રિતોને દર્શનમાત્રથી સમાધિ કરાવતા હતા, તેથી સમાધિના હેતુ એવા શ્રીહરિકૃષ્ણ૦

३४९. आनन्दिने नमः

પોતાના ભક્તોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

३५०. दर्शितस्वीयदिव्यताय नमः

સરધારમાં અનેક લોકોને પોતાના દિવ્ય ધામ, મૂર્તિ, પાર્ષદો, ઐશ્વર્ય વગેરે રૂપ દિવ્યતા બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

३५१. मुक्तानन्दोदितैश्वर्याय नमः

સદ્.શ્રીમુક્તાનંદસ્વામીએ તોંગાજી રાજાને જેમનું સર્વોપરિ, મહા આશ્ચર્યકારી અને દિવ્ય ઐશ્વર્ય કહ્યું, એવા શ્રીહરિકૃષ્ણ૦

३५२. खट्वाङ्गप्रार्थिताय नमः

સરધારમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા આવેલા ખટ્વાંગ રાજા-માંચા ખાચર દ્વારા કારિયાણી પધારવા પ્રાર્થના કરાયેલા શ્રીહરિ૦

३५३. अर्थदाय नमः

માંચા ખાચરે કરેલ પ્રાર્થના સ્વીકારીને કારિયાણી આવવાનું વચન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

३५४. खट्वाङ्गोक्तानुभावादये नमः

પ્રબોધની ઉત્સવ સુધી સરધારપુરમાં જ રહેવાની પોતાની પ્રતિજ્ઞા વગેરે ભાવો માંચા ખાચરને જણાવનારા શ્રીહરિકૃષ્ણ૦

३५५. वन्दनीयाय नमः

સર્વને વંદનીય એવા શ્રીહરિકૃષ્ણ૦

३५६. जगद्गुरवे नमः

સમગ્ર જગતના ગુરુ એવા શ્રીહરિકૃષ્ણ૦

३५७. खट्वाङ्गभूपतिद्वारस्वज्ञानप्रापिताभयाय नमः

કારિયાણીના માંચા ખાચર દ્વારા ગઢડાના અભેલ ખાચરને પોતાનું જ્ઞાન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

३५८. खट्वाङ्गप्रोक्तसामान्यविशेषध्यानाय नमः

માંચા ખાચરે જેમના સામાન્ય અને વિશેષ ધ્યાનની રીત એભલ ખાચરને સમજાવી છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

३५९. आत्मदाय नमः

પોતાના એકાન્તિક ભક્તોને પોતાનું સ્વરૂપ પણ દાનમાં આપી દેનારા શ્રીહરિકૃષ્ણ૦

३६०. राजोक्तपादलक्ष्माङ्गध्यानभद्रफलप्रदाय नमः

માંચા ખાચરે વર્ણવેલ પોતાનાં ચરણનાં સોળ ચિહ્ન તથા મૂર્તિના ધ્યાનનું અતિ કલ્યાણકારી ફળ ભક્તોને પ્રદાન કરનારા, તે શ્રીહરિકૃષ્ણ૦

३६१. प्रबोधन्युत्सवकराय नमः

સરધારમાં પ્રબોધનીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३६२. कृतकार्यायनस्थितये नमः

કારિયાણીમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३६३. स्वदत्तदिव्यरूपेक्षाय नमः

માંચા ખાચર આદિ ભક્તોને અનંત મુક્તો તથા અવતારોથી યુક્ત અક્ષરધામસ્થ પોતાના દિવ્ય સ્વરૂપનું દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

३६४. खट्वाङ्गादीकृतादराय नमः

કારિયાણીમાં માંચા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર વગેરે દ્વારા આદર-સત્કાર કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

३६५. अभयप्रमुखाश्चर्यदर्शकाय नमः

ગઢપુરમાં એભલ ખાચરના પરિવારને સ્વપ્નમાં દિવ્ય એક વિમાનમાં પોતાના તથા બીજા વિમાનોમાં અક્ષર મુક્તોના દર્શન કરાવી પોતે ગઢપુર પધારશે વગેરે વાતો કહેવારૂપ આશ્ચર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૰

३६६. हर्षिताश्रिताय नमः

આશ્રિતોને હર્ષિત કરનારા ને આશ્રિતો થકી હર્ષિત થનારા શ્રીહરિ૰

३६७. खट्वाङ्गाभयभूपादिस्तूयमानाय नमः

માંચા ખાચર, એભલ ખાચર વગેરે રાજાઓથી સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

३६८. अभयार्थिताय नमः

એભલ ખાચર દ્વારા પોતાના ગઢપુરમાં પધારવા પ્રાર્થના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

३६९. पूर्त्तकर्मोत्सवाय नमः

કારિયાણીમાં સરોવર ખોદાવી પૂર્તકર્મોત્સવ-ભર્યુ કરનારા શ્રીહરિ૰

३७०. धर्मपोष्ट्रे नमः

ધર્મનું રક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

३७१. सद्विष्णुयागकृते नमः

કારિયાણીમાં શ્રેષ્ઠ વિષ્ણુયાગ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

३७२. वासन्तिकोत्सवकराय नमः

કારિયાણીમાં વસંતપંચમીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

३७३. दुर्गपत्तनवासकृते नमः
ગઢપુરમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

३७४. अभयादिप्रियाय नमः
એભલ ખાચર વગેરેને પ્રિય તથા એભલ ખાચર વગેરે જેમને પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

३७५. पौरप्रेक्षिताय नमः
ગઢપુરના જનોથી દર્શન કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

३७६. जनपावनाय नमः
ગઢપુરના જનોને પાવન કરનારા શ્રીહરિકૃષ્ણ૰

३७७. सकुटुम्बाभयक्ष्मेशजुष्टाय नमः
કુટુંબે સહિત એભલ ખાચરની સેવા-ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૰

३७८. भक्तप्रियङ्कराय नमः
પોતાના ભક્તોનું પ્રિય કરવાના સ્વભાવવાળા શ્રીહરિકૃષ્ણ૰.

३७९. मुकुन्दादिस्वभक्तौघपर्यायकृतसेवनाय नमः
બ્રહ્મચારી મુકુંદાનંદ આદિ સંતો તથા ભક્તોથી સમયાનુસાર સેવા કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

३८०. पुष्पदोलोत्सवकराय नमः
ગઢપુરમાં પુષ્પદોલોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

३८१. दोलारूढाय नमः
ફૂલના હિંડોળા પર વિરાજમાન શ્રીહરિકૃષ્ણ૰

३८२. मनोरमाय नमः
પોતાના આશ્રિતોના મનને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૰

३८३. रङ्गक्रीडातिचतुराय नमः
રંગક્રીડા કરવામાં અતિ ચતુર શ્રીહરિકૃષ્ણ૦

३८४. रङ्गार्द्रीकृतसज्जनाय नमः
સંતોને રંગથી ભીના કરનારા અને સંતો દ્વારા રંગથી ભીના થનારા શ્રીહરિકૃષ્ણ૦

३८५. क्रीडत्सद्वृन्दजयदाय नमः
રંગક્રીડા કરનારા સંતોને જય અપાવનારા શ્રીહરિકૃષ્ણ૦

३८६. परिरब्धात्मसद्गणाय नमः
રંગક્રીડાને અંતે પોતાના પ્યારા સંતોને ભેટનારા શ્રીહરિકૃષ્ણ૦

३८७. मङ्गलस्मृतये नमः
જેમનું સ્મરણ કરવા માત્રથી જ સર્વકોઈનું સર્વ પ્રકારે મહામંગલ થાય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

३८८. उन्मत्तगङ्गास्नात्रे नमः
રંગક્રીડા પછી સંતો-ભક્તો સાથે ઘેલા નદીમાં સ્નાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

३८९. निजावृताय नमः
ઘેલા નદીએ જતા આવતા પોતાના આશ્રિત સંતો-ભક્તોથી વીંટળાયેલા શ્રીહરિકૃષ્ણ૦

३९०. सत्प्रेयसे नमः
સંતોને અતિશય પ્રિય અને સંતો જેમને અતિશય પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

३९१. प्रोक्तसल्लक्ष्मणे नमः
સત્પુરુષનાં લક્ષણો કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૩૯૨. देशिकेन्द्राय नमः

આચાર્યોમાં શ્રેષ્ઠ એવા શ્રીહરિકૃષ્ણ૦

૩૯૩. दयेक्षणाय नमः

સર્વને દયાપૂર્ણ નેત્રોથી જોનારા શ્રીહરિકૃષ્ણ૦

૩૯૪. चैत्राद्यनवमीचारुमहकृते नमः

ગઢપુરમાં ચૈત્રશુદ નવમીનો સુંદર મહોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૩૯૫. भक्तशर्मदाय नमः

મહોત્સવમાં સર્વ ભક્તોને અતિ સુખ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૩૯૬. समाधिप्रापकाय नमः

એભલ ખાચરને સમાધિ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૩૯૭. भक्तब्रह्मधामादिदर्शकाय नमः

એભલ ખાચરને સમાધિમાં પોતાનું અક્ષરધામ, તે ધામમાં રહેલ પોતાનું દિવ્ય સ્વરૂપ વગેરે બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૩૯૮. अभयप्रणुताय नमः

એભલ ખાચરે જેમની સ્તુતિ કરી છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૩૯૯. स्तुत्याय नमः

સર્વ કોઈ માટે સ્તુતિ કરવા યોગ્ય એવા શ્રીહરિકૃષ્ણ૦

૪૦૦. महाश्चर्याय नमः

મહાન છે આશ્ચર્યો જેમનાં અથવા જેમનું સ્વરૂપ જ મહા આશ્ચર્યમય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૪૦૧. नृपार्हिताय नमः

એભલ ખાચરે પૂજેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૦૨. भक्तार्चास्वीकृतये नमः

મહોત્સવમાં આવેલા ભક્તોની પૂજા સ્વીકારનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૦૩. साधुमुख्यसद्भोज्यतृप्तिकृते नमः

સંતો, પાર્ષદો વગેરેને શ્રેષ્ઠ ભોજનો જમાડીને તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૦૪. ब्राह्मणार्पितवस्त्रादये नमः

એભલ ખાચરે અર્પણ કરેલ વસ્ત્રાદિ બ્રાહ્મણોને અર્પણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૦૫. कृतकृष्णजनुर्महाय नमः

ગઢપુરમાં કૃષ્ણજન્મોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૦૬. शरद्राकोत्सवाय नमः

ગઢપુરમાં શરદ પૂર્ણિમાનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૦૭. साधुदत्तप्राग्जन्मवेदनाय नमः

પોતે ઐશ્વર્યયુક્ત મહાતેજોમય કોઈ મુક્ત છે, એવું પૂર્વ-જન્મનું અનુભવાત્મક જ્ઞાન સંતોને થોડા સમય માટે કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૦૮. सच्छिक्षकाय नमः

ગામડે વિચરણ માટે જતા સંતોને અનંત જીવોના હિત માટેની શિક્ષા-ઉપદેશ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૦૯. सदानन्दिने नमः

સદા આનંદમાં જ રહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૧૦. बोधन्युद्धवकृते नमः

ગઢડામાં પ્રબોધિની એકાદશીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૧૧. कृतिने नमः

સદા પૂર્ણકામ અથવા પોતાના સર્વ કર્તવ્યોને યથાર્થ અનુસરનાર એવા શ્રીહરિકૃષ્ણ૦

૪૧૨. अभयक्ष्मेशवरदाय नमः

એભલ ખાચરને તેમના દરબારમાં પોતે સદા નિવાસ કરીને રહેશે, એવું વરદાન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૧૩. देशप्रेषितसज्जनाय नमः

સંતોને જુદા જુદા દેશોમાં ફરવા મોકલનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૧૪. प्रोक्तक्रोधजयोपायाय नमः

સંતોને ક્રોધ જીતવાના ઉપાયો કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૧૫. तितिक्षातिप्रशंसकाय नमः

સુખદુઃખાદિ દ્વન્દ્વોથી પરાભવ નહીં પામવારૂપ તિતિક્ષા ગુણની અતિ પ્રશંસા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૧૬. असुरार्दितसद्दुःखश्रुतिभूरिदयाऽऽकुलाय नमः

અસુરોથી પીડા પામેલ સંતોનું દુઃખ સાંભળીને અતિશય દયાથી આકુળ-ખિન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૧૭. स्वाज्ञाकृतातुलतपोमुनिव्रातातितोषिताय नमः

પોતાની આજ્ઞાથી અતુલ તપ કરનાર સંતસમૂહ પર અતિશય પ્રસન્ન થનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૧૮. व्यापकानन्दसद्द्वाराङ्गदीयक्ष्मेशबोधकृते नमः

સદ્.શ્રીવ્યાપકાનંદસ્વામી દ્વારા કિંપુરુષ દેશના અંગ્રેજ રાજાને સ્વપ્રતાપનો બોધ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૧૯. भूपसन्दर्शितैश्वर्याय नमः

સદ્.શ્રીવ્યાપકાનંદસ્વામીના સંકલ્પથી અંગ્રેજ રાજાને પોતાનું ઐશ્વર્ય[1] બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૨૦. राजदिग्विजयेरणाय नमः

અંગ્રેજ રાજાને તે દિવ્ય સ્વરૂપે જ ભારતમાં દિગ્વિજય કરવાની પ્રેરણા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૨૧. सत्प्रोक्तभूपवृत्तान्ताय नमः

સદ્.શ્રીવ્યાપકાનંદસ્વામીએ અંગ્રેજ રાજાનું વૃત્તાંત જેમને કહ્યું, એવા શ્રીહરિકૃષ્ણ૦

૪૨૨. दयालवे नमः

અસુરોથી સંતોને થતું અતિશય દુઃખ સાંભળીને સંતો પ્રતિ અતિ દયાળુ થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૨૩. सत्प्रशंसनाय नमः

પોતાની આજ્ઞાથી લોકોનું કલ્યાણ કરવા અસુરોનો ઉપદ્રવ સહન કરીને પણ દેશોમાં વિચરણ કરનારા સંતોની પ્રશંસા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૨૪. दैत्यांशार्दितसद्वृन्दसान्त्वनाय नमः

અસુરોથી પીડા પામેલા સંતોને સાન્ત્વના આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૨૫. मुनिरक्षणाय नमः

આસુરી જનો થકી સંતોનું રક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૨૬. गवेन्द्रराज्यदाय नमः

અંગ્રેજ રાજાને રાજ્ય આપનારા શ્રીહરિકૃષ્ણ૦

---

૧. રાજાના સમગ્ર ભુવનમાં તેજ વ્યાપી ગયું. તે તેજની મધ્યે સિંહાસન પર વિરાજમાન દિવ્ય સ્વરૂપ શ્રીહરિને જોયા. પછી શ્રીહરિની ઈચ્છાથી પ્રાપ્ત થયેલ નિરાવરણ દૃષ્ટિથી રાજાએ ભારત દેશના સમગ્ર રાજાઓને નિસ્તેજ અને અતિ દીન જોયા, આવું ઐશ્વર્ય.

૪૨૭. प्रीताय नमः
અંગ્રેજ રાજાનો પત્ર વાંચી પ્રસન્ન થનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૨૮. राजकूटपुरागमाय नमः
અંગ્રેજ ગવર્નર સર માલ્કમના આમંત્રણથી રાજકોટ પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૨૯. प्रत्युद्गतनृपव्रातगवेन्द्रध्वजिनीक्षणाय नमः
અંગ્રેજ રાજાએ પોતાની સન્મુખ મોકલેલ, ખંડિયા રાજાઓએ તથા અંગ્રેજ રાજાની સેનાએ જેમના દર્શન કર્યાં છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૪૩૦. पादानमद्गवेन्द्रातिप्रसन्नाय नमः
પોતાના ચરણમાં મસ્તક મૂકી નમન કરનાર અંગ્રેજ રાજા પર અતિ પ્રસન્ન થનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૩૧. राजवन्दिताय नमः
અંગ્રેજ રાજા દ્વારા વંદન કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૩૨. गवेन्द्रनीतशिबिराय नमः
અંગ્રેજ રાજા જેમને પોતાની છાવણીમાં લઈ ગયા, એવા શ્રીહરિકૃષ્ણ૦

૪૩૩. गवेन्द्रप्रापितासनाय नमः
અંગ્રેજ રાજાએ રત્નજડિત સુવર્ણના સિંહાસન પર બેસાડેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૩૪. गवेन्द्रप्रीत्यपचिताय नमः
અંગ્રેજ રાજા દ્વારા પ્રેમથી પૂજા-સત્કારાદિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૩૫. गवेन्द्रप्रार्थिताय नमः
મેં જાણતાં-અજાણતાં જે કાંઈ દુષ્કર્મો કર્યાં હોય તે સર્વથી હું મુક્ત થાઉં; એવી અંગ્રેજ રાજા દ્વારા પ્રાર્થના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૩૬. अघहृते नमः

અંગ્રેજ રાજાના પાપોને હરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૩૭. गवेन्द्राभीष्टदाय नमः

અંગ્રેજ રાજાને અભીષ્ટ-માંગેલ વરદાન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૩૮. दुर्गपुरस्थाय नमः

રાજકોટથી ગઢપુર આવી નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૩૯. पौरवल्लभाय नमः

ગઢપુરવાસીને પ્રિય અને ગઢપુરવાસી જેમને પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૪૪૦. कृतदोलोत्सवाय नमः

ગઢપુરમાં પુષ્પ-દોલોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૪૧. भक्तदृष्टैकैकाङ्गचित्तहृते नमः

જેમનાં દરેક અંગ દર્શન કરનારા ભક્તના ચિત્તને હરી લે છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૪૪૨. भक्तग्रामाभिगमनाय नमः

ગઢપુરથી ગઢાળી, માંડવધાર વગેરે ભક્તોના ગામોમાં જનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૪૩. स्वीकृतस्वाश्रिताहर्णाय नमः

પોતાના આશ્રિતોની પૂજાને સ્વીકારનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૪૪. माणिक्यवर्णतुरगीखेलनाय नमः

માણકી ઘોડીને ખેલવનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૪૫. चञ्चलाकृतये नमः

માણકી ઘોડીને ખેલવવાને કારણે ચંચળ આકૃતિવાળા બનેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૪૬. कान्ताय नमः
માણકી ઘોડીને ખેલવતી વખતે અતિશય સુંદર દેખાતા શ્રીહરિકૃષ્ણ૦

૪૪૭. मध्वाद्यनवमीमहकारिणे नमः
ગઢપુરમાં ચૈત્ર શુદ નવમીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૪૮. श्रितेक्षिताय नमः
પોતે ઉત્સવમાં વિવિધ લીલા કરતા હોય ત્યારે પોતાના આશ્રિતોથી દર્શન કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૪૯. तज्जिनाचित्रधारेक्ष्याय नमः
તાજણ ઘોડી પર સ્વાર થઈને વિવિધ પ્રકારની ચાલો ચલાવવાને કારણે દર્શનીય બનેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૫૦. लक्ष्मीवाटीविलोकनाय नमः
લક્ષ્મીવાડીની સુંદરતાનું નિરીક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૫૧. वितर्द्दिस्वासनासीनाय नमः
લક્ષ્મીવાડીમાં કોમળ ગાદલા યુક્ત સુંદર આસન પર વિરાજમાન શ્રીહરિકૃષ્ણ૦

૪૫૨. नानामाल्यविभूषणाय नमः
એભલ ખાચરે આપેલ વિવિધ પુષ્પોનાં આભૂષણોને ધારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૫૩. कृष्णजन्मोत्सवकराय नमः
ગઢપુરમાં કૃષ્ણજન્મોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૫૪. कृतवासन्तिकोत्सवाय नमः
ગઢપુરમાં વસંતપંચમીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૫૫. कृतमत्स्यपुरावासाय नमः
મછિયાવ પુરમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૫૬. सूरसिंहाद्युपासिताय नमः
મછિયાવ પુરમાં સૂરસિંહ રાજા વગેરેથી સેવા-ઉપાસના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૫૭. समाधिदर्शिताश्चर्याय नमः
સૂરસિંહ રાજાને સમાધિમાં પોતાનું દિવ્ય સ્વરૂપ તથા ઐશ્વર્ય બતાવવા રૂપ આશ્ચર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૫૮. भूपाद्यर्चातिशोभनाय नमः
સૂરસિંહ રાજા તથા તેમના પરિવારે કરેલી પૂજાથી અતિ શોભતા શ્રીહરિકૃષ્ણ૦

૪૫૯. दोलोत्सवाश्रितानन्दिने नमः
મછિયાવ પુરમાં પુષ્પદોલોત્સવમાં પોતાના આશ્રિતોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૬૦. मल्लक्रीडेक्षणादराय नमः
ભુજના ગંગારામ મલ્લ વગેરે મલ્લ ભક્તોની પ્રસન્નતા માટે તેમની મલ્લ ક્રીડાને આદરપૂર્વક જોનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૬૧. भक्तसंवसथावासाय नमः
મછિયાવ પુરથી નીકળી ભક્તોના જુદા જુદા ગામોમાં રહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૬૨. स्वीकृतस्वीयसद्बलये नमः
વિવિધ ગામોમાં પોતાના આશ્રિતોએ અર્પણ કરેલી સુંદર ભેટોને સ્વીકારનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૬૩. प्राप्तसिद्धपदाय नमः
સિદ્ધપુર તીર્થમાં પધારેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૬૪. देवाय नमः

દેદીપ્યમાન મૂર્તિ એવા શ્રીહરિકૃષ્ણ૦

૪૬૫. कृतचैत्रीमहोत्सवाय नमः

સિદ્ધપુરમાં ચૈત્ર માસની પૂર્ણિમાનો મહોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૬૬. उक्ततीर्थविधये नमः

તીર્થોમાં ગુપ્ત રીતે થતા અધર્મનો નાશ કરવા સિદ્ધપુરમાં યાત્રિકોને વેદ-શાસ્ત્રોના પ્રમાણથી તીર્થવિધિ કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૬૭. नानादानकृते नमः

સિદ્ધપુરમાં બ્રાહ્મણોને વિવિધ પ્રકારના દાન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૬૮. विप्रतर्पणाय नमः

સિદ્ધપુરમાં બ્રાહ્મણોને શ્રેષ્ઠ ભોજન અને દક્ષિણા વગેરેથી તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૬૯. वादिपण्डितनिर्जेत्रे नमः

સિદ્ધપુરમાં દૂર્જય એવા વિવિધ મતવાદી પંડિતોને જીતનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૭૦. कृतविश्नगरस्थितये नमः

ભક્તોની પ્રાર્થનાથી વીસનગરમાં રહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૭૧. रथयात्रोत्सवानन्दाय नमः

વીસનગરમાં રથયાત્રા ઉત્સવ કરી ભક્તોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૭૨. गृहीतस्वाश्रितार्चनाय नमः

વીસનગરમાં પોતાના આશ્રિતોની પૂજા સ્વીકારનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૭૩. सार्द्धमासाशितपुरद्वयविप्राय नमः

વીસનગર અને વડનગર ગામના બ્રાહ્મણોને દોઢ માસ સુધી વિવિધ પ્રકારના પકવાનો જમાડનારા શ્રીહરિકૃષ્ણ૰

૪૭૪. द्विजप्रियाय नमः

વિપ્રો જેમને પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

૪૭૫. वटपुर्यागमाय नमः

વડનગર પધારેલા શ્રીહરિકૃષ્ણ૰

૪૭૬. भक्तसत्कृताय नमः

વડનગરના ભક્તોથી સત્કાર કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૪૭૭. श्रितशान्तिदाय नमः

આશ્રિતોને શાન્તિ આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૪૭૮. भक्तग्रामास्थितिकराय नमः

વડનગરથી નીકળી વિવિધ ગામોમાં જઈને રહેનારા શ્રીહરિકૃષ્ણ૰

૪૭૯. भक्तोपात्तार्हणाय नमः

વિવિધ ગામોમાં ભક્તોની પૂજા સ્વીકારનારા શ્રીહરિકૃષ્ણ૰

૪૮૦. वशिने नमः

સર્વ કોઈને વશ રાખનારા શ્રીહરિકૃષ્ણ૰

૪૮૧. सद्चतुष्टयसन्दत्तसन्मुख्यत्वाय नमः

મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા ચૈતન્યાનંદસ્વામી આ ચાર સંતોને આદરજમાં સદ્‌ગુરુની પદવી આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૪૮૨. सदर्चकाय नमः

ચાર સદ્‌ગુરુઓનું પૂજન કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૪૮૩. वापीकृन्मुक्तिसङ्कल्पाय नमः
અડાલજમાં વાવ કરાવનાર રૂડબાઈના મોક્ષનો સંકલ્પ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૮૪. कृतलक्ष्मीपुरस्थितये नमः
અમદાવાદમાં જેમણે નિવાસ કર્યો છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૪૮૫. कृतकृष्णोद्भवमहाय नमः
અમદાવાદમાં શ્રીકૃષ્ણજન્મોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૮૬. विप्रमुन्यादितर्पकाय नमः
શ્રીકૃષ્ણજન્મોત્સવમાં બ્રાહ્મણો તથા સંતોને શ્રેષ્ઠ પકવાનો જમાડીને તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૮૭. समाधिप्रापणाय नमः
અમદાવાદના ભક્તોને સમાધિ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૮૮. वीक्षातापहृते नमः
દર્શનમાત્રથી અમદાવાદના જનોના તાપને હરનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૮૯. पौरसत्कृताय नमः
અમદાવાદના જનોથી સત્કાર કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૯૦. स्वैश्वर्यदर्शकाय नमः
અમદાવાદના ભક્તોને સમાધિમાં પોતાનું ઐશ્વર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૯૧. विद्वद्वृन्दविस्मयकारकाय नमः
અમદાવાદના ભક્તોને સમાધિ કરાવી વિદ્વાનોને વિસ્મય પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૪૯૨. विद्वन्नुताय नमः
અમદાવાદના વિદ્વાનોથી સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૪૯૩. बुधव्रातश्रिताय नमः

અમદાવાદના વિદ્વાનોએ જેમનો આશ્રય કર્યો, એવા શ્રીહરિકૃષ્ણ૰

૪૯૪. दैवजनाश्रिताय नमः

અમદાવાદના દૈવી જનોએ જેમનો આશ્રય કર્યો, એવા શ્રીહરિકૃષ્ણ૰

૪૯૫. जनेष्टदेवसम्प्रोक्तमाहात्म्याय नमः

અનેક લોકોને તેમના ઈષ્ટદેવોએ દર્શન આપીને જેમનો મહિમા કહ્યો, એવા શ્રીહરિકૃષ્ણ૰

૪૯૬. मुक्तिदाय नमः

હજારો જનોને મુક્તિ આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૪૯૭. अव्ययाय नमः

સદા નિર્વિકારી એવા શ્રીહરિકૃષ્ણ૰

૪૯૮. नानामताङ्कभृद्व्रातश्रिताय नमः

વિવિધ પ્રકારના મતના ચિહ્નોને ધારણ કરનારાઓએ જેમનો આશ્રય કર્યો છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

૪૯૯. अदेवांशनिर्जयाय नमः

હિરાચંદ શેઠને સમાધિ કરાવીને તેમના દ્વારા ઐશ્વર્ય બતાવીને અસુર ખાખીઓને સારી રીતે જીતનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૦૦. कृतदीपावलीमहाय नमः

અમદાવાદમાં દીપાવલી મહોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૦૧. स्वन्नकूटमहोत्सवाय नमः

અમદાવાદમાં સુંદર અન્નકૂટોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૦૨. प्रबोधन्युत्सवकृतये नमः

અમદાવાદમાં પ્રબોધની ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૦૩. गृहीताश्रितपूजनाय नमः

પ્રબોધની ઉત્સવમાં આશ્રિતોની પૂજા સ્વીકારનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૦૪. जयतल्यपुरावासाय नमः

જેતલપુરમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૦૫. भक्तेच्छापूरणक्षमाय नमः

ભક્તોની ઈચ્છા પૂરી કરવામાં સક્ષમ એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૦૬. मुक्तानन्दगुणस्तोत्रे नमः

જેતલપુરમાં ત્યાગી-ગૃહી જનોની સભામાં સદ્.શ્રીમુક્તાનંદ સ્વામીના ગુણોનું ગાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૦૭. साधुमाहात्म्यबोधकाय नमः

સાધુના મહિમાનો બોધ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૦૮. स्वेक्षायातेश्वरानेकधाममुक्ताय नमः

જેતલપુરમાં જેમનાં દર્શન કરવા માટે ઈશ્વરો અને અનેક ધામના મુક્તો આવ્યા, એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૦૯. दयेक्षित्रे नमः

દયાર્દ્ર દષ્ટિથી પોતાના અશ્રિતોને જોનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૧૦. प्रोक्तस्वीयातुलैश्वर्याय नमः

જેતલપુરમાં પોતાના આશ્રિતોને પોતાનું અતુલ ઐશ્વર્ય કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૧૧. दोलारोहाय नमः

ભક્તોની પ્રાર્થનાથી જેતલપુરમાં મોટા વડની ડાળે બાંધેલા ગાદિ તકિયા યુક્ત મનોહર હિંડોળા પર વિરાજમાન એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૧૨. अञ्चिताकृतये नमः

વિવિધ વસ્ત્રાભૂષણો ધારણ કરીને હિંડોળામાં ઝૂલતી વખતે અત્યંત સુંદર મરોડદાર આકૃતિવાળા થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૧૩. ब्रह्मराक्षसनित्यार्त्तविप्रत्रात्रे नमः

બ્રહ્મરાક્ષસથી નિત્ય પીડા પામતા મુમધા નગરના ઈશ્વર નામના વિપ્રના દેહમાંથી બ્રહ્મરાક્ષસને કાઢીને તેની રક્ષા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૧૪. द्विजाश्रिताय नमः

મુમધાના ઈશ્વર વગેરે વિપ્રો જેમના આશ્રિત થયા, એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૧૫. मोक्षदैकादशीमहाय नमः

જેતલપુરમાં મોક્ષદા એકાદશીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૧૬. भक्तग्रामाजये नमः

જેતલપુરથી નીકળી ધોળકા, જવારજ, ખડોળ, જસકા, કુંડળ વગેરે ભક્તોના ગામોમાં જનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૧૭. अञ्चिताय नमः

તે ગામોમાં ભક્તોથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૧૮. दुर्गपूर्यालयाक्षाब्जभानवे नमः

પોતાના નિવાસ સ્થાન એવા ગઢપુરરૂપી નેત્રકમળ માટે સૂર્ય સમાન એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૧૯. भक्तार्तिहृद्दूशये नमः

જેમનું દર્શન ગઢડાના ભક્તોનું દુઃખ હરનારું છે, એવા શ્રીહરિ૦

૫૨૦. नारायणह्रदस्नात्रे नमः

નારાયણ ધરામાં સંતો-ભક્તો સાથે સ્નાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૨૧. भक्तव्रातावलोकिताय नमः

પોતે રથ, અશ્વ વગેરે પર બેસીને ઘેલાનદીએ જતા, ત્યાં સ્નાનલીલા કરતા અને ત્યાંથી પાછા આવતાં ત્યારે ભક્તસમૂહે જેમનાં દર્શન કર્યા છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૨૨. समग्रोन्मत्तगङ्गासत्तीर्थस्नायिने नमः

ઘેલાનદીના સમગ્ર તીર્થોમાં વિવિધ પ્રકારે સ્નાનલીલા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૨૩. शुचिश्रवसे नमः

પવિત્ર કીર્તિવાળા શ્રીહરિકૃષ્ણ૦

૫૨૪. गायते नमः

મધુર ઘેરા રાગે ગાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૨૫. उन्मत्तगङ्गाम्बुक्रीडनाय नमः

ઘેલાનદીમાં જળક્રીડા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૨૬. पद्यगायनाय नमः

ઘેલાનદીમાં સ્નાન કરતાં કરતાં તથા તેના કિનારા પર બેસીને સંતો-ભક્તો સાથે તાળી વગાડીને હરિનાં પદો ગાનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૨૭. तज्जिनाखेलनाय नमः

તાજણ ઘોડીને ખેલવનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૨૮. राधावाटीक्षाय नमः

રાધાબાગનું અવલોકન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૨૯. अनुद्रुताश्रिताय नमः

જેમની પાછળ આશ્રિતો દોડ્યા આવે છે, એવા ઉતાવળા થકા રાધાબાગે જનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૩૦. वरारामासनासीनाय नमः
રાધાબાગમાં આરામ કરવાના શ્રેષ્ઠ આસન પર બિરાજમાન શ્રીહરિકૃષ્ણ૦

૫૩૧. नानास्वादुफलाशनाय नमः
રાધાબાગમાં વિવિધ પ્રકારના મીઠા ફળ જમનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૩૨. मुक्तानन्दादिसद्गीतकीर्तये नमः
રાધાબાગમાં સદ્.શ્રીમુક્તાનંદસ્વામી વગેરે સંતોએ જેમની કીર્તિ ગાઈ છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૩૩. सज्जनरञ्जनाय नमः
સંતોને આનંદ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૩૪. उत्तमप्रत्तसद्भुषावासोभृते नमः
દાદા ખાચરે આપેલ શ્રેષ્ઠ આભૂષણો અને વસ્ત્રો ધારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૩૫. भक्तभावविदे नमः
ભક્તના ભાવને જાણનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૩૬. अभयागारसम्भुक्तये नमः
એભલ ખાચરના ભુવનમાં સારી રીતે ભોજન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૩૭. वर्णिमुन्यादितृप्तिकृते नमः
એભલ ખાચરના ભુવનમાં વર્ણી, સંતો વગેરેને વારંવાર પ્રેમથી જમાડીને તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૩૮. दोषघ्नाय नमः
પોતાના શરણાગતના તમામ દોષોનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૩૯. ललितासौधबहिर्वेदिस्थिताय नमः
લાડુબાના ઓરડાની બહાર વેદી પર વિરાજમાન એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૪૦. अर्हिताय नमः
પોતાના આશ્રિતોથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૪૧. स्वर्णसूत्राम्बरधराय नमः
સુવર્ણના તારવાળા વસ્ત્રો ધારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૪૨. मणिस्वर्णविभूषणाय नमः
જેમાં મણિઓ જડેલ છે, એવા સુવર્ણના આભૂષણો ધારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૪૩. प्रोक्तसर्वोपरिस्वीयनिश्चयोत्तमवार्तिकाय नमः
પોતાના એકાંતિક સંતો-ભક્તો પાસે પોતાના સર્વોપરિ ઉત્તમ નિશ્ચયની વાર્તા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૪૪. भक्तिप्रत्यूहविषयदोषोक्तये नमः
ભક્તિમાં વિઘ્ન કરનારા શબ્દાદિ પંચવિષયના દોષો કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૪૫. तज्जयोक्तिमते नमः
શબ્દાદિક પંચવિષયોને જીતવાના ઉપાયો કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૪૬. मारुत्युक्तसुहृद्वृत्तमुक्तानन्दार्थिताय नमः
હનુમાનજીએ શ્રીહરિના ગૃહત્યાગ પછી તેમના સ્નેહી બંધુજનોની વિરહ વેદનાનું વૃત્તાંત જેમને કહ્યું, તે સદ્.શ્રીમુક્તાનંદસ્વામી દ્વારા ધર્મકુળને ગઢડા તેડાવવાની પ્રાર્થના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૪૭. अर्थविदे नमः
સર્વના આશય, ઈચ્છા કે પ્રયોજનને સહજમાં જ જાણી જનારા શ્રીહરિ૦

૫૪૮. मुक्तानन्दोक्तगोत्रादये नमः
સદ્.શ્રીમુક્તાનંદસ્વામીને પોતાના ગોત્ર, વેદ વગેરે કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૪૯. मुन्याहूतात्मबान्धवाय नमः
સદ્.શ્રીમાયાજીતાનંદસ્વામી દ્વારા પોતાના બંધુજનોને અયોધ્યાથી બોલાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૫૦. लोहाग्रामजनानन्दाय नमः
ભક્તોની પ્રાર્થનાથી લોયા પધારી ત્યાંના જનોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૫૧. सूरमुख्यातिमानिताय नमः
સુરા ખાચર વગેરે લોયાના ભક્તોથી સન્માન-પૂજન કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૫૨. वासन्तिकोत्सवानन्दिने नमः
લોયામાં વસંતપંચમીનો ઉત્સવ કરી સૌને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૫૩. प्राप्तभ्रातृद्वयार्त्तिहृते नमः
લોયામાં દેશમાંથી આવીને પોતાને મળેલા રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈનું વિયોગનું દુઃખ હરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૫૪. सम्प्राप्तदुर्गनगराय नमः
પોતાના ભાઈઓ, સંતો વગેરે સાથે લોયાથી ગઢપુર પધારેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૫૫. जीववर्मनृपार्थिताय नमः
ગઢપુરના જીવા ખાચર દ્વારા પોતાના ભુવનમાં પુષ્પદોલોત્સવ કરવા પ્રાર્થના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૫૬. जीववर्माङ्गणप्रेंखास्थिताय नमः
જીવા ખાચરના આંગણામાં હિંડોળામાં વિરાજમાન શ્રીહરિકૃષ્ણ૦

૫૫૭. असङ्ख्यजनेक्षिताय नमः
પુષ્પદોલોત્સવમાં વિવિધ દેશોમાંથી આવેલા અસંખ્ય જનોએ જેમનાં દર્શન કર્યાં છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૫૮. रङ्गक्रीडनकृते नमः
જીવા ખાચરના દરબારમાં રંગક્રીડા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૫૯. जीववर्माद्यर्चाप्तमुद्धराय नमः
જીવા ખાચર અને તેમના પરિવાર જનોની પૂજા સ્વીકારીને અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૬૦. स्वजन्मोत्सवकृते नमः
દાદા ખાચરના દરબારમાં રામ નવમીના દિવસે પોતાનો જન્મોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૬૧. भक्तमहिताय नमः
પોતાના જન્મોત્સવમાં આવેલા દેશોદેશના ભક્તોથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૬૨. भोजिताश्रिताय नमः
જન્મોત્સવમાં પોતાના આશ્રિતોને જમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૬૩. अयोध्याप्रेषितसुहृदे नमः
ધર્મકુળને તેડી લાવવા માટે પોતાના સ્નેહી ભાઈઓને અયોધ્યા મોકલનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૬૪. मुनिस्नेहाय नमः
પોતાના જન્મોત્સવ બાદ પોતાની આજ્ઞાથી વિવિધ દેશોમાં વિચરણ કરવા જઈ રહેલા સંતોમાં અતિ સ્નેહવાળા શ્રીહરિકૃષ્ણ૦

૫૬૫. मुनिस्तुताय नमः
દેશોમાં વિચરણ કરવા જતા સંતોથી સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૬૬. नित्यानन्दकथाश्रोत्रे नमः

ગઢપુરમાં નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવી તેને સાંભળનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૬૭. कृतनानामहोत्सवाय नमः

ગઢપુરમાં વિવિધ મહોત્સવો કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૬૮. उत्तमप्रार्थिताय नमः

'મારી બહેનો, જીવુબા અને લાડુબાએ બનાવેલ થાળ અંગીકાર કરી આપને જમાડવાનો તેમનો મનોરથ પૂરો કરવા કૃપા કરો' એવી દાદા ખાચર દ્વારા પ્રાર્થના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૫૬૯. कृष्णस्वलेख्यार्चाप्रदानकृते नमः

દાદા ખાચરની બહેનોને પોતાના હાથે થાળ બનાવી પ્રગટ હરિને જમાડવાનો ભાવ હતો, પરંતુ લોકસંગ્રહ માટે મૂર્તિ દ્વારા તેમનો ભાવ પૂરો કરવાનો વર આપીને શ્રીરાધાકૃષ્ણની અને પોતાની ચિત્રપ્રતિમા તેમને અર્પણ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૭૦. निजार्चार्पितभोज्याशिने नमः

જીવુબા અને લાડુબાના ભુવનમાં પોતાની મૂર્તિ આગળ તેમણે અર્પણ કરેલ ભોજનને મૂર્તિમાંથી બે રૂપે પ્રગટ થઈ પ્રત્યક્ષપણે જમનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૭૧. जयापूर्णमनोरथाय नमः

પોતે થાળ બનાવીને પ્રત્યક્ષ શ્રીહરિને જમાડવાનો જીવુબાનો મનોરથ પૂરો કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૭૨. ललिताहर्षदाय नमः

પોતે થાળ બનાવીને પ્રત્યક્ષ શ્રીહરિને જમાડવાનો લાડુબાનો મનોરથ પૂર્ણ કરીને તેમને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૫૭૩. भक्तप्रियकारिणे नमः

ભક્તોનું પ્રિય કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૭૪. रमार्चिताय नमः

રાજબાએ પૂજેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૭૫. वृत्तालयपुरावासिने नमः

ગઢડાથી વિવિધ ગામોમાં વિચરણ કરતા પુષ્પદોલોત્સવ કરવા વડતાલમાં આવી નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૭૬. प्राप्तबान्धवशान्तिदाय नमः

વડતાલ આવેલ પોતાના બંધુજનોને શાન્તિ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૭૭. स्वामिनारायणाय नमः

સ્વં એટલે ઐશ્વર્ય, શ્રીહરિકૃષ્ણ મહારાજ સમગ્ર ઐશ્વર્યોથી યુક્ત છે માટે તેઓ સ્વામી કહેવાય છે. નાર એટલે જેમનો નાશ નથી થતો એવા જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એ ચાર નિત્ય તત્ત્વોનો સમૂહ. અયન એટલે સ્થાન. એ ચારે તત્ત્વોનું આશ્રય સ્થાન - આધાર શ્રીહરિકૃષ્ણ મહારાજ છે.

વળી શ્રીહરિકૃષ્ણ મહારાજ એ ચારે તત્ત્વોમાં નિત્ય વ્યાપીને રહ્યા છે, માટે એ ચારે શ્રીહરિકૃષ્ણ મહારાજનું નિવાસસ્થાન છે, તેથી પણ તેઓ નારાયણ કહેવાય છે. આમ શ્રીહરિકૃષ્ણ મહારાજ સ્વામી એવા નારાયણ છે, માટે **સ્વામિનારાયણ** એવી સાર્થક સંજ્ઞાવાળા શ્રીહરિકૃષ્ણ૦

૫૭૮. स्वीयभक्तौघाराधिताय नमः

વડતાલમાં પોતાના ભક્તસમૂહથી આરાધના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૭૯. प्रियाय नमः

પોતાના આશ્રિતોને પ્રિય એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૮૦. भूरिसन्तर्पिताशेषपार्षदाय नमः

વડતાલમાં સમગ્ર પાર્ષદોને ખૂબ જ સારી રીતે ભોજન કરાવીને તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૮૧. द्विजतर्पणाय नमः

વડતાલમાં પ્રાગજી દવે, મયારામ ભટ્ટ વગેરે બ્રાહ્મણોને જમાડીને તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૮૨. गङ्गासमर्पितस्वार्हफलाहाराय नमः

જેતલપુરના ગંગામાએ અર્પણ કર્યો છે, પોતાને યોગ્ય ફળાહાર જેમને એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૮૩. श्रितप्रियाय नमः

પોતાના આશ્રિતો જેમને પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૮૪. स्वभक्तावासयुगपद्दत्तेक्षाय नमः

વડતાલ પુષ્પદોલોત્સવમાં આવેલ પણ જેમનો ઉતારો વડતાલથી દૂર હતો, એવા તમામ ભક્તોને એકસાથે દર્શન આપનારા શ્રીહરિ૦

૫૮૫. भूरिरूपभृते नमः

પુષ્પદોલોત્સવમાં દૂર ઉતારાવાળા ભક્તોને એકસાથે દર્શન દેવા માટે અસંખ્ય રૂપ ધરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૮૬. भक्तसम्भावनाय नमः

પુષ્પદોલોત્સવમાં આવેલ ભક્તોની સારસંભાળ રાખનારા શ્રીહરિ૦

૫૮૭. नानादेश्यभक्तार्हणग्रहाय नमः

વિવિધ દેશોના ભક્તોની પૂજા ગ્રહણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૮૮. वर्णिमुन्यादिमहितश्रीमन्मूर्त्तये नमः

વર્ણી, સંતો અને હરિભક્તો વગેરે દ્વારા પૂજાયેલી શોભાયુક્ત મૂર્તિ છે જેમની એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૮૯. मुनीडिताय नमः
વડતાલમાં સંતોથી સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૫૯૦. दूरस्थभक्तयुगपद्दत्तेक्षाय नमः
વડતાલમાં એકાદશીના જાગરણની સભામાં રહ્યા થકા દૂર ઉતારાવાળા ભક્તોને એકસાથે દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૯૧. विस्मिताश्रिताय नमः
દૂર ઉતારાવાળા ભક્તોને સભામાં રહ્યા થકા એકસાથે દર્શન આપવારૂપ ઐશ્વર્ય બતાવીને આશ્રિતોને આશ્ચર્ય પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૯૨. पौरात्तपूजनाय नमः
વડતાલના જનોની પૂજા સ્વીકારનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૯૩. भ्रातृद्वयावासक्रमाशनाय नमः
વડતાલમાં બન્ને ભાઈઓના નિવાસ સ્થાને ક્રમશઃ ભોજન લેનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૯૪. भक्तौघदत्तदिव्येक्षाय नमः
પોતાના દર્શન માટે ભક્તોને દિવ્ય દૃષ્ટિ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૯૫. रङ्गखेलचलत्तनवे नमः
રંગક્રીડામાં થયું છે ચંચળ સ્વરૂપ જેમનું એવા શ્રીહરિકૃષ્ણ૦

૫૯૬. दोःसहस्रपरिक्षिप्तरङ्गाम्बवे नमः
હજાર હાથ ધારણ કરીને પાંચસો પિચકારીઓથી પ્યારા સંતો પર રંગ નાખનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૯૭. चित्रितेक्षकाय नमः
સંતો સાથે અનુપમ-મધુર ગાયન કરીને દર્શન કરનારા લાખો સ્ત્રી-પુરુષોને ચિત્ર જેવા સ્થિર કરી દેનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૯૮. चैत्राद्यनवमीश्रीमदुत्सवाय नमः
વડતાલમાં ચૈત્ર શુદી નવમીનો સુંદર ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૫૯૯. स्वापचायिताय नमः
ઉત્સવમાં પોતાના આશ્રિતોથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૬૦૦. मानभासार्हणप्रीताय नमः
ગાંફગામમાં મનુભા રાજાની પૂજાથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૬૦૧. दुर्गपत्तनमोदनाय नमः
ગઢપુર પધારી ભક્તોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૦૨. पक्वाम्रादिफलप्राशाय नमः
ગઢપુરમાં જીવુબા, લાડુબા વગેરેએ અર્પણ કરેલ પાકી કેરી, જાંબુ વગેરે ફળો જમનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૦૩. पोलिकाम्ररसाशनाय नमः
દાદા ખાચરની રસોઈ સ્વીકારી ધર્મકુળ સાથે ઘીમાં બોળેલી રોટલી અને કેરીનો રસ જમનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૦૪. सहकाररसादिस्वतर्पकाय नमः
સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો વગેરે પોતાના આશ્રિતોને કેરીનો રસ વગેરે જમાડીને તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૦૫. परिवेषकृते नमः
પોતાના આશ્રિતોને પીરસનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૦૬. महान्नकूटमहकृते नमः
દાદા ખાચરની પ્રાર્થનાથી ગઢડામાં મોટો અન્નકૂટોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૦૭. पाकशालानिरीक्षणाय नमः
પાકશાળામાં પધારી અન્નકૂટ ઉત્સવ માટેના પકવાનોનું નિરીક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६०८. आयन्मुन्याद्यभिगतये नमः
ગઢપુર અન્નકૂટોત્સવમાં આવતા સંતો-ભક્તોની સામે જઈ તેમનું સ્વાગત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६०९. भक्तसम्भावनोद्यताय नमः
ઉત્સવમાં આવેલા ભક્તોની સારસંભાળ કરવામાં તત્પર એવા શ્રીહરિકૃષ્ણ૦

६१०. भक्तावलोकितैश्वर्याय नमः
દેશાન્તરથી ગઢપુર આવતા શ્રીહરિના દર્શનાતુર ભક્તોને માર્ગમાં અનેક સ્વરૂપે દર્શન આપવા રૂપ ઐશ્વર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

६११. हेमतन्तुमयांशुकाय नमः
દિવાળીને દિવસે સોનાના તારવાળા વસ્ત્રો ધારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६१२. नानाविभूषणाय नमः
વિવિધ આભૂષણો ધારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६१३. नानादेश्यभक्तार्चिताकृतये नमः
વિવિધ દેશના ભક્તો દ્વારા વિવિધ સામગ્રીઓથી પુજાયેલા અદ્‌ભુત સ્વરૂપવાળા શ્રીહરિકૃષ્ણ૦

६१४. उन्मत्तगङ्गासलिलस्नानलीलाय नमः
ઘેલા નદીના જળમાં સ્નાનલીલા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६१५. मनःप्रियाय नमः
જળમાં તરવાની વિવિધ ચતુરાઈ જોઈને સંતો-ભક્તોના મનને પ્રિય લાગતા એવા શ્રીહરિકૃષ્ણ૦

६१६. दीपावल्युत्सवानन्दाय नमः
દિવાળીના ઉત્સવમાં સૌને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

६१७. **उत्तमार्चास्तवाप्तमुदे नमः**

બેસતા વર્ષના દિવસે દાદા ખાચરે કરેલ પૂજન અને સ્તુતિથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૰

६१८. **वर्णिसत्पूजितनुताय नमः**

બ્રહ્મચારીઓ તથા સંતોથી પુજાયેલા અને સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

६१९. **स्वन्नकूटावलोकनाय नमः**

વાસુદેવનારાયણ આગળ રચેલ સુંદર અન્નકૂટને જોનારા શ્રીહરિ૰

६२०. **भोज्यतर्पितमुन्यादये नमः**

વિવિધ ભોજનોથી સંતો વગેરેને તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૰

६२१. **तृप्तभक्तेक्षणस्मिताय नमः**

તૃપ્ત થયેલા ભક્તોને જોઈને સ્મિત કરનારા શ્રીહરિકૃષ્ણ૰

६२२. **प्रबोधन्युत्सवाह्लादाय नमः**

ગઢપુરમાં પ્રબોધની ઉત્સવમાં સર્વને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૰

६२३. **तर्पितस्वाश्रितव्रजाय नमः**

પ્રબોધની ઉત્સવમાં પોતાના આશ્રિતોને જમાડીને તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૰

६२४. **जयाद्यर्चास्तवप्रीताय नमः**

જીવુબા વગેરેના પૂજન અને સ્તુતિથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૰

६२५. **जयाप्रश्नकृतोत्तराय नमः**

જીવુબાએ પૂછેલ પ્રશ્નનો ઉત્તર કરનારા શ્રીહરિકૃષ્ણ૰

६२६. **जयतल्पस्थितये नमः**

ગઢપુરથી જેતલપુર પધારી ત્યાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૬૨૭. ज्येष्ठभ्रातृकारितसन्मखाय नमः

જેતલપુરમાં મોટા ભાઈ રામપ્રતાપજી દ્વારા શ્રેષ્ઠ મહાવિષ્ણુયાગ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૨૮. अहिंसाधर्मसम्पुष्टये नमः

અહિંસાધર્મનું પોષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૨૯. तर्पितासंख्यभूसुराय नमः

જેતલપુર યજ્ઞમાં અસંખ્ય બ્રાહ્મણોને જમાડીને તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૩૦. आज्यनिष्कासरिक्तोरुकुतूप्रेक्षिणे नमः

રસોયા બ્રાહ્મણોને આપવા માટે જેમાંથી ઘી કાઢ્યું છે, એવા ખાલી થયેલા ઘણા કૂડલાઓનું નિરીક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૩૧. स्मिताननाय नमः

ઘી ખૂટવાની વાત સાંભળીને જેમના મુખ પર મંદ હાસ્ય આવ્યું છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૬૩૨. स्वरूपानन्दमुनिराट्विनोदाय नमः

'ઘી ખૂટવાથી રસોયાઓ બૂમો પાડે છે, માટે તમારી લાજ જશે' એમ મુનિરાજ સ્વરૂપાનંદસ્વામીને કહીને વિનોદ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૩૩. मुनिहर्षिताय नमः

હું તો પરબ્રહ્મ એવા આપનો ઉપાસક છું, માટે મારી લાજ શું કામ જાય ? આ તો લક્ષ્મીજીનું કામ છે, માટે એમની લાજ જશે; એમ કહેનાર સ્વરૂપાનંદસ્વામી દ્વારા હર્ષિત થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૬૩૪. घृतपूर्णीकृतकुतूव्राताय नमः

ખાલી કૂડલાઓને છડી અડાડીને ઘીથી ભરી દેનારા શ્રીહરિકૃષ્ણ૦

६३५. **चित्रितवाडवाय नमः**

ખાલી કૂડલાઓને તુરંત ઘીથી ભરી દેવા રૂપ ઐશ્વર્ય બતાવીને બ્રાહ્મણોને આશ્ચર્યચકિત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६३६. **राज्ञीदत्तेक्षणाय नमः**

ઘોડાસર પુરના રાજમાતાને સ્વપ્નમાં દર્શન દેનારા શ્રીહરિકૃષ્ણ૦

६३७. **पुत्रयुक्तराज्ञीसमर्हिताय नमः**

ઘોડાસર પુરમાં રાજમાતા અને પુત્ર જાલમસિંહ દ્વારા સારી રીતે પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

६३८. **जाल्मसिंहार्थिताय नमः**

'મને તમારી કાંઈક સેવા આપો' એવી રાજા જાલમસિંહ દ્વારા પ્રાર્થના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

६३९. **सूर्यपुरायाताश्रिताञ्चिताय नमः**

ઘોડાસર પુરમાં સુરતથી આવેલા આશ્રિત સત્સંગીઓથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

६४०. **नरेन्द्रशिबिकारूढाय नमः**

ઘોડાસર પુરમાં વિચરણ કરીને સમગ્ર જનોને દર્શન આપવા માટે રાજાની પાલખીમાં વિરાજમાન થનારા શ્રીહરિકૃષ્ણ૦

६४१. **रम्यालङ्करणांशुकाय नमः**

સુરતના સત્સંગીઓએ અર્પણ કરેલા સુંદર અલંકાર અને વસ્ત્રો ધારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६४२. **पञ्चालायातभक्तेक्षाय नमः**

ઘોડાસરથી ડભાણ જતી વખતે રસ્તામાં પંચાલ દેશથી આવેલા ભક્તોએ જેમના દર્શન કર્યા છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૬૪૩. नमद्भक्तसमाधिदाय नमः
દંડવત્ પ્રણામ કરી રહેલા પંચાલ દેશથી આવેલા ભક્તોને સમાધિ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૪૪. भक्तधारितसद्वासोमण्डनाय नमः
તે ભક્તોએ ધારણ કરાવેલા શ્રેષ્ઠ વસ્ત્રોથી શોભતા શ્રીહરિકૃષ્ણ૦

૬૪૫. हर्षदेक्षणाय नमः
ભક્તોને આનંદ આપનારું છે દર્શન જેમનું, એવા શ્રીહરિકૃષ્ણ૦

૬૪૬. नानालङ्कारविलसद्रोहिताश्वाधिरोहणाय नमः
વિવિધ અલંકારોથી શોભતા લાલ વર્ણના ઘોડા પર વિરાજમાન એવા શ્રીહરિકૃષ્ણ૦

૬૪૭. आकृष्टप्रेक्षकमनसे नमः
દર્શન કરનારા ડભાણના જનોના મનને આકર્ષિત કરનારા શ્રીહરિ૦

૬૪૮. जनौघेक्षाय नमः
ડભાણના લોકોએ જેમનાં દર્શન કર્યા, એવા શ્રીહરિકૃષ્ણ૦

૬૪૯. दयार्द्रदृशे नमः
દયાથી ભરેલા નેત્રોવાળા શ્રીહરિકૃષ્ણ૦

૬૫૦. दर्भावतीस्थितये नमः
ડભાણમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૫૧. भक्तव्रातोपास्तिप्रसादिताय नमः
ડભાણના ભક્તસમૂહની સેવા-પૂજાથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૬૫૨. उच्चमञ्चस्थिताय नमः
સર્વ જનોને સુખપૂર્વક દર્શન થાય એ માટે ડભાણની બહાર વડ નીચે ઊંચા મંચ પર વિરાજમાન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૬૫૩. असंख्यजनालोक्याय नमः
અસંખ્ય જનોએ જેમનાં દર્શન કર્યાં છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૬૫૪. जनार्त्तिहृते नमः
લોકોના દુઃખને હરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૫૫. स्वानुजाज्ञाकराय नमः
પોતાના નાના ભાઈ ઈચ્છારામજીને ડભાણમાં મહાવિષ્ણુયાગ કરવાની આજ્ઞા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૫૬. चारुविष्णुयागविधापकाय नमः
ડભાણમાં સુંદર વિષ્ણુયાગ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૫૭. अश्नद्विप्रौघपङ्क्तीक्षाय नमः
ડભાણ યજ્ઞમાં જમનારા વિપ્રસમૂહોની હજારો હજાર લાંબી પંક્તિઓનું નિરીક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૫૮. दर्शितानेकचित्रकाय नमः
ડભાણ યજ્ઞમાં અનેક આશ્ચર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૫૯. पिहजग्रामगमनाय नमः
પીજના કાનદાસ વગેરે ભક્તોની પ્રાર્થના સ્વીકારી ડભાણથી પીજ ગામ પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૬૦. नाटपौरनृपादृताय नमः
નડિયાદના જનો અને રાજા દ્વારા આદર-સત્કાર કરાયેલા શ્રીહરિ૦

૬૬૧. काश्यपण्डितसंन्यासियुक्तविद्वत्पराभवाय नमः
નડિયાદમાં આવેલા કાશીના અદ્વૈતમતવાદી ચાર પંડિતો અને એક સંન્યાસી સહિત ત્યાંના વિદ્વાનોનો શાસ્ત્રાર્થમાં પરાભવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૬૨. विशिष्टाद्वैतसुमतस्थापकाय नमः

નડિયાદમાં કાશીના પંડિતો તથા સંન્યાસી સાથેના શાસ્ત્રાર્થમાં પોતાનો શુભ વિશિષ્ટાદ્વૈત મત સ્થાપનારા શ્રીહરિકૃષ્ણ૰

૬૬૩. असत्पराभवाय नमः

અસત્યનો પરાભવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૬૬૪. गोपालानन्दगदितस्वासाधारणलक्षणाय नमः

નડિયાદમાં કાશીના પંડિતો અને સંન્યાસીને સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીએ જેમના અસાધારણ લક્ષણો કહ્યાં, એવા શ્રીહરિકૃષ્ણ૰

૬૬૫. उदुम्बरपुरावासाय नमः

ઉમરેઠ ગામમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૬૬૬. पौरभक्तयजिग्रहाय नमः

ઉમરેઠના ભક્તોની સેવા-પૂજા સ્વીકારનારા શ્રીહરિકૃષ્ણ૰

૬૬૭. विद्वज्जेत्रे नमः

ઉમરેઠના વિદ્વાનોને જીતનારા શ્રીહરિકૃષ્ણ૰

૬૬૮. जडतरक्ष्मादेवोच्चारितश्रुतये नमः

ઉમરેઠના તદ્દન અભણ હરિશંકર બ્રાહ્મણ પાસે વેદ બોલાવનારા શ્રીહરિકૃષ્ણ૰

૬૬૯. पौरव्राताश्रितपदाय नमः

ઉમરેઠના જનોએ જેમનાં ચરણારવિંદનો આશ્રય કર્યો છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

૬૭૦. वसन्तोत्सवकारकाय नमः

ઉમરેઠમાં વસંતપંચમીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૬૭૧. आनन्दनगरानन्दाय नमः

આણંદ પધારી ત્યાંના જનોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૰

६७२. चारुवृत्तालयागमाय नमः
આણંદથી સુંદર વડતાલ ગામમાં પધારાનારા શ્રીહરિકૃષ્ણ૦

६७३. नानाशाखापुरचराय नमः
વડતાલના શાખાનગરો બામરોલી, મહુડિયાપરા વગેરેમાં વિચરણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६७४. दोलाखेलाय नमः
વડતાલના શાખાનગરોમાં ભક્તોએ બનાવેલા હિંડોળામાં ઝૂલનારા શ્રીહરિકૃષ્ણ૦

६७५. निजार्हिताय नमः
વડતાલના શાખાનગરોમાં પોતાના ભક્તોથી પુજાયેલા શ્રીહરિ૦

६७६. विचित्रचारुचरिताय नमः
વિવિધ ગામોમાં આશ્ચર્યકારી સુંદર ચરિત્રો કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६७७. स्वैश्वर्येक्षणकारकाय नमः
નરસંડામાં આવેલ ગર્વિષ્ઠ ધર્મદાસને શ્રીહરિની કોમળ આંગળી વજ્ર જેવી લાગી અને વળોટવા ગામમાં શ્રીહરિના દર્શને ઉઘાડા પગે આવતા ભક્તોને મધ્યાહ્ન સમયે પણ માર્ગ શીતળ જણાણો. આવાં પોતાનાં ઐશ્વર્યનું દર્શન કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

६७८. वृत्तालयकृतश्रीमत्पुष्पदोलामहोत्सवाय नमः
વડતાલમાં અતિ શોભાયમાન પુષ્પદોલનો મહોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६७९. आम्रबद्धमणिस्वर्णस्फुरद्दोलाधिरोहणाय नमः
બે આંબાના વૃક્ષોની વચ્ચે બાંધેલ તથા મણિઓ અને સોનાથી બનેલ હોવાથી ઝગમગતા બાર બારણાવાળા હિંડોળા પર વિરાજમાન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

६८०. हेमनद्धमणिश्रीमत्किरीटालङ्कृतिप्रभाय नमः
સુરતના ભીખારીદાસ ભક્તે ધારણ કરાવેલ મણિઓ જડેલ સોનાના સુંદર મુગટની કાન્તિથી શોભાયમાન શ્રીહરિકૃષ્ણ૦

६८१. भक्तधारितसद्भूषाभासिने नमः
સુરતના ભક્તોએ ધારણ કરાવેલા સુંદર આભૂષણોથી કાન્તિવાળા શ્રીહરિકૃષ્ણ૦

६८२. हैमशिरःपटाय नमः
સોનેરી સુરતી પાઘ ધારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६८३. अनेकरूपयुगपद्भक्तौघस्रक्चयग्रहाय नमः
અનેક રૂપ ધારણ કરીને ભક્તસમૂહના પુષ્પહારો એકસાથે ગ્રહણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६८४. नारुपन्तपरिपृष्टाय नमः
સયાજીરાવ રાજાના દીવાન બ્રાહ્મણ નારુપંતે જેમને પરિવારે સહિત મૂર્તિમાન ધર્મની અને તે ધર્મે જેમને પોતાનાં દર્શન આપ્યાં હોય, એવા પુરુષોની કથા પૂછી, એવા શ્રીહરિકૃષ્ણ૦

६८५. नानाधर्मनिरूपकाय नमः
નારુપંતના પ્રશ્નના ઉત્તરમાં દુર્વાસા મુનિ તથા મયારામ ભટ્ટની કથાઓ કહીને વિવિધ ધર્મોનું નિરૂપણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

६८६. साङ्ख्यज्ञानवदाय नमः
સભામાં બાલમુકુંદાનંદસ્વામીના પૂછવાથી સાંખ્યજ્ઞાનને કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

६८७. बालमुकुन्दानन्दहर्षदाय नमः
સાંખ્યજ્ઞાન કહીને બાલમુકુંદાનંદસ્વામીને હર્ષ પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૮૮. वृद्धात्मानन्दसम्प्रोक्तनिर्वेदाय नमः

વૃદ્ધ આત્માનંદસ્વામીના પૂછવાથી વૈરાગ્યનું સ્વરૂપ કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૮૯. विरतिप्रियाय नमः

વૈરાગ્ય જેમને પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૬૯૦. भक्तिभेदवदाय नमः

વડતાલ સભામાં ભક્તિના પ્રકાર કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૯૧. नानावार्त्ताकृते नमः

વડતાલ સભામાં વિવિધ કલ્યાણકારી વાર્તાઓ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૯૨. भक्तिपुष्टिकृते नमः

ભક્તિની પુષ્ટિ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૯૩. स्वप्रादुर्भावमहकृते नमः

વડતાલમાં રામનવમીના દિવસે પોતાના પ્રાદુર્ભાવનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૯૪. कृतसूर्यपुरव्रजये नमः

વડતાલથી સુરત તરફ પ્રયાણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૬૯૫. स्वभक्तोपासनातुष्टाय नमः

સુરતમાં પોતાના ભક્તોની સેવા-પૂજાથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૬૯૬. पौरभूपादिसत्कृताय नमः

સુરતના નગરજનો, રાજા મિરનશિર ઉલદીનખાં, દીવાન અરદેશર વગેરે દ્વારા આદર-સત્કાર કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૬૯૭. स्वभक्तादीश्वराद्यर्चाग्राहिणे नमः

સુરતમાં પોતાના ભક્તો વગેરે નગરજનોની તથા રાજા, દીવાન વગેરે અધિકારી જનોની પૂજા ગ્રહણ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૬૯૮. धर्मपुराञ्चनाय नमः

સુરતથી ધર્મપુર પધારનારા શ્રીહરિકૃષ્ણ૰

૬૯૯. बन्धुयुक्कुशलाराज्ञीसेविताय नमः

ધરમપુરમાં પોતાના સગાસ્નેહીઓ સહિત રાણી કુશળકુંવરબા દ્વારા સેવાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૭૦૦. कुशलास्तुताय नमः

રાજરાણી કુશળકુંવરબાથી સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૭૦૧. वादिविद्वद्विनिर्जेत्रे नमः

ધરમપુરમાં વાદી વિદ્વાનોને સારી રીતે જીતનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૦૨. कुशलातिप्रसादिताय नमः

ધરમપુરના રાજરાણી કુશળકુંવરબાએ પોતાના ભક્તિભાવથી અતિ પ્રસન્ન કરેલા શ્રીહરિકૃષ્ણ૰

૭૦૩. राजगायकसद्वाद्यगीतिश्रोत्रे नमः

ધરમપુરના રાજગાયકોનું તથા પોતાના ગવૈયા સંતોનું વાદ્યો સહિતનું ગાન સાંભળનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૦૪. अतिमानदाय नमः

કળાકુશળ અને સદ્‌ગુણી જનોને અતિ માન આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૦૫. विध्वस्तगायकमदाय नमः

પોતાના સંતો પાસે સુંદર ગાયન કરાવી રાજગાયકોનો મદ નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

७०६. देवानन्दप्रशंसकाय नमः

સદ્.શ્રીદેવાનંદસ્વામીનું સંગીત સાથેનું ગાયન સાંભળીને તેમની પ્રશંસા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

७०७. देवानन्दमुनिप्रत्तपारिबर्हाय नमः

સદ્.શ્રીદેવાનંદસ્વામીને પોતાની પ્રસાદીભૂત ધોળી રજાઈ ભેટ રૂપે આપનારા શ્રીહરિકૃષ્ણ૦

७०८. अस्मयप्रियाय नमः

ગર્વરહિત લોકો જેમને પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

७०९. रायसिंहार्चनग्राहिणे नमः

વાંસદાના રાજા રાયસિંહની પૂજા સ્વીકારનારા શ્રીહરિકૃષ્ણ૦

७१०. दुर्गपत्तनसंस्थितये नमः

વાંસદાથી અન્ય ગામોમાં વિચરણ કરતા ગઢપુર આવી ત્યાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

७११. करियानोल्लसत्कृष्णजन्माष्टमीव्रतोत्सवाय नमः

દેહા ખાચરની પ્રાર્થનાથી કરિયાણામાં આનંદોત્સવપૂર્વક શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવનારા શ્રીહરિકૃષ્ણ૦

७१२. चारुचन्दनलिप्ताङ्गाय नमः

સુંદર ચંદનથી લેપાયમાન અંગોવાળા શ્રીહરિકૃષ્ણ૦

७१३. माल्योष्णीषादिराजिताय नमः

વિવિધ પુષ્પોના હાર, તોરા વગેરેથી તથા પાઘ વગેરે વસ્ત્રાભૂષણોથી શોભતા શ્રીહરિકૃષ્ણ૦

७१४. स्वच्छनीरशुभोन्मत्तगङ्गादिव्यविहारकृते नमः

સ્વચ્છ જળવાળી મંગલકારી એવી ઘેલાનદીમાં દિવ્ય વિહાર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૧૫. ईशमुक्तव्रजालोक्याय नमः

બ્રહ્માદિ ઈશ્વરોએ અને વિવિધ ધામોના મુક્તોએ ઘેલાનદીમાં જેમનાં દર્શન કર્યાં છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૭૧૬. भक्तपौरव्रजेक्षिताय नमः

ભક્તજનો તથા અન્ય નગરજનોએ ઘેલાનદીમાં જેમનાં દર્શન કર્યાં છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૭૧૭. गङ्गातीव्रतपस्तुष्टाय नमः

પોતાને પામવા માટે ગંગાએ કરેલ તીવ્ર તપથી પ્રસન્ન થયેલા[૧] શ્રીહરિકૃષ્ણ૦

૭૧૮. गङ्गाभीष्टवरप्रदाय नमः

ગંગાના તીવ્ર તપથી પ્રસન્ન થઈ તેને અભીષ્ટ વર આપનારા[૨] શ્રીહરિકૃષ્ણ૦

૭૧૯. स्वयोगाप्तबलोन्मत्तगङ्गामाहात्म्यवर्धनाय नमः

શ્રીહરિનો નિત્ય સ્નાન કરવા રૂપી સંબંધ પામીને પાપી મનુષ્યોનો ઉદ્ધાર કરવાનું બળ-સામર્થ્ય પામીને ગંગા ઉન્મત્ત-ઘેલી થઈ. આવી ઘેલાનદીનું માહાત્મ્ય વધારનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૨૦. कर्मठग्रामविहितस्वन्नकूटमहामहाय नमः

ફૂલઝરી(ફૂલીબાઈ) રાણીની પ્રાર્થનાથી કરમડ ગામમાં અન્નકૂટનો સુંદર મહોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

---

૧. બદરિકાશ્રમમાં રહેલી મંદાકિની ગંગાએ નારાયણ થકી અક્ષરાધિપતિ સર્વોપરી શ્રીહરિનો મહિમા જાણ્યો. પછી તેણે સર્વોપરી શ્રીહરિનો અખંડ સંબંધ પામવા માટે મહાતપ કરવાની ઈચ્છાથી પૃથ્વી પર પશ્ચિમ પંચાળ દેશમાં જ્યાં સોમનાથ મહાદેવનું સ્થાન છે, તે પર્વતમાં વસતા વંકાયન ઋષિની પુત્રી રૂપે જન્મ લીધો. પછી તેણે મહાતપ કર્યું, તે તપથી સર્વોપરી શ્રીહરિ પ્રસન્ન થયા.

૨. મહાતપથી પ્રસન્ન થયેલા સર્વોપરી શ્રીહરિએ આકાશવાણી દ્વારા વર આપ્યો કે, હું પૃથ્વી પર અવતરીને ગઢપુરમાં નિવાસ કરીને રહીશ ત્યારે ત્યાં ઘેલા નદી રૂપે રહેલ તને તેં ઈચ્છેલ મારો નિત્ય સંબંધ થશે.

૭૨૧. भक्तफुल्लजवाराज्ञीचर्चिताय नमः
કરમડમાં ભક્ત રાણી ફૂલઝરીએ પૂજેલા શ્રીહરિકૃષ્ણ૰

૭૨૨. सचिवार्चिताय नमः
ફૂલઝરી રાણીએ પ્રેરેલા દીવાનથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૭૨૩. वलयाख्यपुरानन्दाय नमः
રાજા હરભમસિંહની વિનંતિથી વલ્લભીપુર પધારી ત્યાંના ભક્તોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૨૪. नरेन्द्रादिमहादराय नमः
વલ્લભીપુરના રાજા હરભમસિંહ, પુરજનો વગેરે દ્વારા મહા આદર-સત્કાર કરાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૭૨૫. हरिभ्रमाभिधक्ष्मेशमोटिन्याद्याप्तपूजनाय नमः
રાજા હરભમસિંહ, રાણી મોટીની વગેરેનું પૂજન સ્વીકારનારા શ્રીહરિ૰

૭૨૬. धर्मवंश्याशिताय नमः
વલ્લભીપુરમાં પોતાનો ઉતારો જ્યાં હતો એવા હરભમસિંહ રાજાના મહેલમાં ધર્મવંશી-બંધુજનો સાથે ભોજન લેનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૨૭. धर्मवंशीयार्चनभूषिताय नमः
વલ્લભીપુરના રાજા તથા ભક્તો દ્વારા વસ્ત્રાભૂષણ વગેરેથી ધર્મવંશીઓ સહિત પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૭૨૮. सुन्दरायनसंवासाय नमः
હેમરાજ શાહના આમંત્રણથી સુંદરિયાણા પધારી ત્યાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૨૯. वासन्तेयमहोत्सवाय नमः
સુંદરિયાણામાં વસંતપંચમીનો મહોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૩૦. भक्तकृतार्हणप्रीताय नमः

સુંદરિયાણામાં ભક્તોએ કરેલ પૂજનથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૰

૭૩૧. मङ्क्षिभूपतिपूजिताय नमः

વાંકિયામાં રાજા મોકા ખાચર દ્વારા પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૰

૭૩૨. धीमद्धठिभयक्ष्मेशस्वभक्तार्चातितोषिताय नमः

ગોંડળમાં બુદ્ધિમાન રાજા હઠીસિંહ અને પોતાના ભક્તોએ કરેલ પૂજા-સ્તુતિથી અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૰

૭૩૩. जीर्णदुर्गागमाय नमः

જૂનાગઢના નવાબ બહાદુરખાનની પ્રાર્થનાથી જૂનાગઢ પધારનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૩૪. भूपभक्तसेवाभिनन्दिताय नमः

જૂનાગઢમાં નવાબ તથા ભક્તોની સેવાથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૰

૭૩૫. पौरप्रदर्शिताश्चर्याय नमः

જૂનાગઢમાં લોકોની પ્રાર્થનાથી તેમના ઘેર પધરામણી કરી ત્યારે તેમણે કરેલા મનોરથોને અંતર્યામીપણે જાણીને તે મનોરથોને પૂરા કરવારૂપ આશ્ચર્ય જણાવનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૩૬. समाधिस्थीकृताश्रिताय नमः

જૂનાગઢમાં પોતાના આશ્રિતોને સમાધિ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૩૭. शिवरात्र्युत्सवकराय नमः

જૂનાગઢમાં શિવરાત્રીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૩૮. पण्डितादिपराभवाय नमः

શાસ્ત્રાર્થમાં વિવિધ મતવાદી ગર્વિષ્ઠ પંડિતો, વૈરાગીઓ વગેરેનો પરાભવ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૭૩૯. बुद्दाख्यपुरावासाय नमः

ભગાશેઠ વગેરે બોટાદના ભક્તોની પ્રાર્થનાથી ફૂલદોલનો ઉત્સવ કરવા બોટાદ પધારી ત્યાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૪૦. रङ्गखेलमहोत्सवाय नमः

બોટાદમાં રંગક્રીડાનો મહોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૪૧. भक्तपूजनसन्तुष्टाय नमः

બોટાદના ભક્તોએ કરેલ પૂજનથી સંતુષ્ટ થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૪૨. वादिप्रश्नकृतोत्तराय नमः

બોટાદમાં વિવિધ મતવાદીઓના કૂટ પ્રશ્નોના ઉત્તર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૪૩. वृत्तालयकृतस्वीयजन्मचित्रमहोत्सवाय नमः

વડતાલમાં રામનવમીના દિવસે પોતાના જન્મનો આશ્ચર્યકારી[૧] મહોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૪૪. भातृभोजितसद्वर्णिप्रमुखेक्षणमुद्धराय नमः

બારસના દિવસે પોતાના બંધુજનોએ સંતો, વર્ણીઓ, ભક્તો, અભ્યાગતો વગેરેને જમાડ્યા, તે જોઈને પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૪૫. समाध्युद्भासितैश्वर्याय नमः

વડતાલમાં ભક્તોને સમાધિમાં વિવિધ ધામોમાં તે તે ધામના અધિપતિ રૂપે પોતાનું દર્શન આપવા રૂપ ઐશ્વર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૪૬. दुर्जेयाचार्यनिर्जयाय नमः

વડતાલમાં આવેલ પંડિતોથી ન જિતાયેલ વેદાંતાચાર્યને જિતનારા શ્રીહરિકૃષ્ણ૦

---

૧. આ મહોત્સવમાં શ્રીહરિએ ભાવિક ભક્તોને દિવ્ય દર્શન આપ્યાં, સમાધિ કરાવી વગેરે આશ્ચર્યો બતાવ્યાં હતાં, માટે આશ્ચર્યકારી.

૭૪૭. आत्मीयदिव्यभावेक्षाप्राप्ताश्चर्यजनाश्रिताय नमः

પોતાનો દિવ્યભાવ-ઐશ્વર્ય[૧] જોઈને આશ્ચર્ય પામેલા જનોએ જેમનો આશ્રય કર્યો છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૭૪૮. सारङ्गपुरसंराजत्कृष्णजन्मोत्सवादराय नमः

જીવાખાચરની પ્રાર્થનાથી સારંગપુરમાં વિરાજતા થકા શ્રીકૃષ્ણ જન્મોત્સવનો આદર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૪૯. जीववर्ममहीपालभूरिसेवाप्रसादिताय नमः

સારંગપુરમાં રાજા જીવા ખાચરે ખૂબ જ સેવા કરીને પ્રસન્ન કરેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૫૦. कार्यायनगतये नमः

વસ્તા ખાચરની પ્રાર્થનાથી કારિયાણી ગામ પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૫૧. वास्तुक्ष्मेशसौधनिवासकृते नमः

કારિયાણીમાં વસ્તા ખાચરના વિશાળ દરબારમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૫૨. दीपावलिमहप्रीताय नमः

કારિયાણીમાં ઉજવાયેલ દીપાવલિ ઉત્સવથી પ્રસન્ન થયેલા શ્રીહરિ૦

૭૫૩. स्वन्नकूटेक्षणाप्तमुदे नमः

વસ્તા ખાચરના ઉત્તર ભુવનની બહાર ઓટલી ઉપર સ્થાપેલા બાળમુકુંદ ભગવાનની આગળ મુકુંદાનંદ આદિ વર્ણીઓએ રચેલ સુંદર અન્નકૂટ જોઈને પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

---

૧. ભરુચના ચાર ધનિક મુમુક્ષુ વણિક ભક્તોને તેમણે નક્કી કરેલ મુજબ ચરણારવિંદમાં સોળ ચિહ્નો બતાવ્યાં; આણંદના મૂળજીત બ્રાહ્મણને તેનું છાનું મહાપાપ કહી દીધું; સોજીત્રા ગામની પાપિષ્ઠ બ્રાહ્મણ સ્ત્રીને જમપુરી બતાવી. આવું ઐશ્વર્ય

૭૫૪. लौहग्रामकृतावासाय नमः

સુરા ખાચરની પ્રાર્થનાને વશ થઈ કારિયાણીથી લોયા પધારી ત્યાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૫૫. सूरदुर्गनिकेतनाय नमः

લોયામાં સુરા ખાચારના દરબારગઢમાં નિવાસ કરનારા શ્રીહરિ૦

૭૫૬. वृन्ताकशाकसंस्कारकारकाय नमः

સંતો-ભક્તોને જમાડવા માટે સ્વયં રીંગણાના શાકનો વઘાર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૫૭. तर्पिताश्रिताय नमः

લોયામાં રોજ પોતાના આશ્રિતોને પોતે બનાવેલ રીંગણાનું શાક જમાડીને તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૫૮. नागटङ्कपुराह्लादिने नमः

લોયાથી નાગડકા ગામ પધારી ત્યાંના જનોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૫૯. पञ्चालग्रामवासकृते नमः

જીણાભાઈની પ્રાર્થના સ્વીકારી નાગડકાથી વિચરણ કરતા પંચાળા ગામ પધારી ત્યાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૬૦. हेमन्तसिंहभूपादिपूजिताङ्घ्रिद्वयाय नमः

પંચાળામાં રાજા હેમંતસિંહ-જીણાભાઈ, તેમના પરિવાર તથા અન્ય ભક્તોએ પૂજ્યા છે ચરણકમળ જેમનાં એવા શ્રીહરિકૃષ્ણ૦

૭૬૧. अद्वयाय नमः

જેમની સમાન કે જેમનાથી અધિક સમર્થ, સદ્‌ગુણી, સુખી કે સ્વતંત્ર બીજો કોઈ નથી, એવા શ્રીહરિકૃષ્ણ૦

૭૬૨. शिवरात्र्युत्सवानन्दाय नमः

પંચાળામાં શિવરાત્રીના ઉત્સવમાં સૌને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૬૩. दोलालीलातिलालसाय नमः

ભક્તોને આનંદ દેવા માટે ફૂલદોલોત્સવમાં હિંડોળે ઝૂલવું વગેરે લીલા કરવા માટે અતિ ઉત્સુક શ્રીહરિકૃષ્ણ૦

૭૬૪. त्रेधाकुसङ्गवार्ताकृते नमः

પંચાળામાં અંદરનો કુસંગ, બહારનો કુસંગ તથા સત્સંગમાં કુસંગ એમ ત્રણ પ્રકારના કુસંગની વાર્તા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૬૫. ब्रह्मविद्याप्रकाशकाय नमः

પંચાળામાં ત્યાગી-ગૃહીની મહાસભામાં બ્રહ્મવિદ્યાના ભેદો કહીને તે વિદ્યા ઉપર પ્રકાશ પાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૬૬. मुनिप्रदर्शिताश्चर्याय नमः

પંચાળામાં રાસોત્સવના અંતે સંતોને રાધા, લક્ષ્મી તથા ધર્મ-ભક્તિ વગેરે સહિત કરોડો સૂર્ય-ચંદ્રથી અધિક શાંત-શ્વેત તેજે યુક્ત પોતાનું દર્શન કરાવી થોડા સમય માટે તેમના પૂર્વજન્મનું જ્ઞાન આપવા રૂપ આશ્ચર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૬૭. हेमन्तार्हणसंस्तवनाय नमः

જીણાભાઈએ જેમની પૂજા-સ્તુતિ કરી છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૭૬૮. जीर्णदुर्गपुरानन्दाय नमः

પંચાળાથી જૂનાગઢ પધારી ત્યાંના જનોને આનંદ આપનારા શ્રીહરિ૦

૭૬૯. हेमन्तागारवासकृते नमः

જૂનાગઢમાં હેમંતસિંહ રાજાના ભુવનમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૭૦. आत्मजन्मोत्सवकृतये नमः

પોતાના નિવાસની નજીક સંતો, વર્ણી વગેરેના નિવાસરૂપ વાડીમાં પોતાનો જન્મોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૭૧. स्वीयमोदाय नमः

જૂનાગઢમાં રહી પોતાના આશ્રિતોને ધર્માદિકની વાતો વગેરેથી આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૭૨. स्वचर्चिताय नमः

જૂનાગઢમાં વિવિધ દેશોથી આવેલા પોતાના આશ્રિતો દ્વારા વિવિધ ઉપચારોથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૭૩. अनेकरूपयुगपद्भक्तव्रातेक्षणप्रदाय नमः

જૂનાગઢમાં પૂર્ણિમાની રાત્રીએ રાસ લેતા હરેક સંત-ભક્તની સાથે એક જ સમયે અનેક રૂપે પ્રગટ થઈને ભક્તોને દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૭૪. गणेशादिवणिग्भक्तदत्तवस्त्रादिसन्धृतये नमः

ઉનાથી જૂનાગઢ આવેલ ગણેશભાઈ આદિ વણિક ભક્તોએ અર્પણ કરેલ વસ્ત્રાદિ ગ્રહણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૭૫. द्वारिकाप्रेषितात्मीयाय नमः

પોતાના બન્ને ભાઈઓને દ્વારકા યાત્રા કરવા મોકલનારા શ્રીહરિ૦

૭૭૬. उन्नडाख्यनृपादृताय नमः

જેતપુરમાં ઉન્નડ નામના રાજાથી આદર-સત્કાર કરાયેલા શ્રીહરિ૦

૭૭૭. पीठभूपार्हिताय नमः

રાજકોટમાં પીઠ (પીઠાવાળા) નામના રાજાથી પૂજાયેલા શ્રીહરિ૦

૭૭૮. दुर्गपुरावासस्वमोदनाय नमः

ગઢપુરમાં નિવાસ કરી પોતાના આશ્રિતોને આનંદ આપનારા શ્રીહરિ૦

૭૭૯. कृतचन्दनयात्रासन्महाय नमः

ગઢપુરમાં ચંદનયાત્રાનો મહોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૮૦. लक्ष्मीपुरागमाय नमः

ભક્તોની પ્રાર્થનાથી નૃસિંહ જન્મોત્સવ કરવા ગઢપુરથી અમદાવાદ પધારેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૮૧. नृसिंहजन्ममहकृते नमः

અમદાવાદમાં નૃસિંહ જયંતિનો મોટો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૮૨. प्रेमसम्भाविताश्रिताय नमः

અમદાવાદના અને આસપાસના ગામોમાંથી ઉત્સવમાં આવેલા પોતાના આશ્રિતોની પ્રેમે કરીને સારસંભાળ રાખનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૮૩. भग्नमामदवादाख्यग्रामगाय नमः

ભક્તોની પ્રાર્થનાથી ખોખરા-મહેમદાવાદ નામના નગરમાં પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૮૪. भक्तमोदनाय नमः

ખોખરા-મહેમદાવાદના ભક્તોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૮૫. असुरांशार्दितमुनित्राणकृते नमः

અમદાવાદથી ખોખરા-મહેમદાવાદ જતાં રસ્તામાં આસુરી વૈરાગીઓથી પીડિત સંતોનું રક્ષણ કરનાર શ્રીહરિકૃષ્ણ૦

૭૮૬. भूतिदर्शकाय नमः

સંતોને મારી રહેલા આસુરી વૈરાગીઓને ઘોડેસવાર પાર્ષદોએ સહિત દર્શન આપીને ભગાડવારૂપ યોગૈશ્વર્ય બતાવનારા શ્રીહરિ૦

૭૮૭. दैत्यांशार्दितसद्वृन्दप्रेक्षाय नमः

આસુરી વૈરાગીઓથી પીડિત સંતોનો સમૂહ તે અસુરોથી છૂટીને ખોખરા-મહેમદાવાદ પોતાની પાસે આવ્યો ત્યારે તેમને જોઈ રહેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૮૮. भूरिदयार्दिताय नमः

વૈરાગીઓ થકી સંતોને થતી પીડાને સાંભળીને સંતો પર અત્યંત દયાને કારણે દુઃખી થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૮૯. रोषदृग्भीतकालेशप्रार्थिताय नमः

વૈરાગીઓ થકી સંતોને થતી પીડા સાંભળીને જેમની રોષભરી દૃષ્ટિ થઈ અને એવી દૃષ્ટિથી ભય પામેલા કાળ, ઈશ્વર વગેરે જેમની પ્રાર્થના કરવા લાગ્યા, એવા શ્રીહરિકૃષ્ણ૦

૭૯૦. सद्वरार्थिताय नमः

શ્રીહરિના રોષથી ભય પામેલા કાળ વગેરેએ જગતનો નાશ કરવાની વાત કરી ત્યારે તેમ ન કરવા માટે શ્રેષ્ઠ સંતો વડે પ્રાર્થના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૭૯૧. स्वभक्तक्षत्रियद्वाराध्वस्तादेवांशदुर्जनाय नमः

ખોખરા-મેમદાવાદમાં પોતાના ક્ષત્રિય ભક્તો દ્વારા અસુરોના અંશ એવા દુર્જનોનો નાશ કરાવનાર શ્રીહરિકૃષ્ણ૦

૭૯૨. सद्दुर्गपत्तनानन्दाय नमः

સંતો સાથે શ્રેષ્ઠ ગઢપુરમાં આનંદ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૯૩. विविक्तस्थितिकारकाय नमः

પોતાના અવતારનો હેતુ વિચારવા માટે એકાંત સ્થળમાં બેસનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૯૪. कृतातिगूढसङ्कल्पाय नमः

એકાંત સ્થળે બેસી સમગ્ર લોકોના હિતાર્થે મંદિર, આચાર્ય અને શાસ્ત્રોનું નિર્માણ કરવા રૂપી અતિ ગૂઢ સંકલ્પ કરનારા શ્રીહરિ૦

૭૯૫. कारितानेकमन्दिराय नमः

પૃથ્વી પર અનેક મંદિર કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૯૬. कृतलक्ष्मीपुरावासाय नमः

ગઢપુરથી ગામોમાં વિચરણ કરતા નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા માટે અમદાવાદ પધારી ત્યાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૯૭. स्वीकृतक्ष्मेश्वरोपदाय नमः

અમદાવાદના અંગ્રેજ અધિકારીએ અર્પેલ (મંદિર માટેની જમીનરૂપી) ભેટનો સદ્.શ્રીઆનંદાનંદસ્વામી દ્વારા સ્વીકાર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૯૮. नरनारायणीयार्चाप्रतिष्ठोत्सवकारकाय नमः

અમદાવાદમાં નરનારાયણદેવની મૂર્તિની પ્રતિષ્ઠા કરવા નિમિત્તે મોટો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૭૯૯. एकाहप्राशितासङ्ख्यविप्राय नमः

મૂર્તિપ્રતિષ્ઠોત્સવ નિમિત્તે એક જ દિવસમાં ચોરાશી કરીને અસંખ્ય વિપ્રોને જમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૦૦. भूपादिचित्रकृते नमः

એક જ દિવસમાં મોટી ચોરાશી કરીને રાજા, દીવાનો, પુરજનો વગેરેને આશ્ચર્ય પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૦૧. भूरिदानकराय नमः

ચોરાશીમાં બ્રાહ્મણોને ખૂબ જમાડીને દક્ષિણા નિમિત્તે પુષ્કળ દાન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૦૨. नानाभूतिदर्शकाय नमः

અમદાવાદમાં વિવિધ પ્રકારનાં ઐશ્વર્યો બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૦૩. ईशित्रे नमः

અનંત જીવો, ઈશ્વરો, માયા અને સમગ્ર બ્રહ્મ કોટિના એકમાત્ર નિયંતા એવા શ્રીહરિકૃષ્ણ૦

૮૦૪. भुजङ्गबदरीशार्चाप्रतिष्ठाकृते नमः

ભુજનગરમાં નરનારાયણદેવની મૂર્તિની પ્રતિષ્ઠા કરનારા શ્રીહરિ૦

૮૦૫. द्विजार्चनाय नमः

નરનારાયણદેવની પ્રતિષ્ઠા નિમિત્તે ઈચ્છિત ભોજનો અને દક્ષિણાઓ વડે બ્રાહ્મણોનું પૂજન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૦૬. वृत्तालयपुरस्थात्रे नमः

લક્ષ્મીનારાયણાદિક દેવોની પ્રતિષ્ઠા કરવા માટે વડતાલમાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૦૭. शिल्पिव्रातप्रशंसनाय नमः

વડતાલનું મંદિર નિહાળી તેના શિલ્પીઓની પ્રશંસા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૦૮. लक्ष्मीनारायणाद्यर्चाप्रतिष्ठाविहितोत्सवाय नमः

લક્ષ્મીનારાયણ વગેરે દેવોની મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે મોટો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૦૯. भोजितासङ्ख्यभूदेवाय नमः

પ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે અસંખ્ય બ્રાહ્મણોને જમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૧૦. भूरिवित्तादिदानकृते नमः

પ્રતિષ્ઠા બાદ બ્રાહ્મણોને પુષ્કળ ધન વગેરેનું દાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૧૧. लक्ष्मीनारायणादीक्षामुख्यमाहात्म्यबोधकाय नमः
લક્ષ્મીનારાયણાદિ દેવોનાં દર્શન વગેરેનો મહિમા કહેનારા શ્રીહરિ૦

૮૧૨. स्वाज्ञावटपुरीगन्तृमुक्तानन्दजयप्रदाय नमः
પોતાની આજ્ઞાથી વડોદરા જનાર સદ્.શ્રીમુક્તાનંદસ્વામીનો શાસ્ત્રાર્થમાં વિજય કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૧૩. दुर्गपुर्यालयाय नमः
વડતાલમાં પ્રતિષ્ઠા ઉત્સવ પૂર્ણ કરી પોતાના નિવાસસ્થાન એવા ગઢપુર પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૧૪. लेख्यप्रतिमार्च्चाप्रवृत्तिकृते नमः
શ્રીકૃષ્ણાદિકની તથા પોતાની ચિત્રપ્રતિમાઓ કરાવીને તેમની પૂજા વગેરે પ્રવૃત્તિ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૧૫. स्वीयबान्धवयोगीन्द्रद्वारिकाप्रेषणाय नमः
પોતાના ભાઈઓ તથા યોગીન્દ્ર સચ્ચિદાનંદસ્વામીને યાત્રા માટે દ્વારિકા તીર્થમાં મોકલનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૧૬. शुभाय नमः
જેમનું સ્વરૂપ તથા તમામ ચેષ્ટાઓ શુભ છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૮૧૭. तीर्थस्थजनतापापज्ञापकाय नमः
તીર્થસ્થાનમાં રહેલા અજ્ઞાની જીવોના પાપને જણાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૧૮. सज्जनावनाय नमः
તીર્થમાં રહેતા પાપી લોકોથી સંતો-ભક્તોનું રક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૧૯. द्वारिकेशात्मकाय नमः
દ્વારિકાના સ્વામી એવા શ્રીકૃષ્ણના પણ આત્મા શ્રીહરિકૃષ્ણ૦

૮૨૦. भक्तक्लेशेक्षातिदयाकुलाय नमः

તીર્થોમાં ભક્તોને થતું દુઃખ જોઈને અતિ દયાને કારણે વ્યાકુળ થઈ ગયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૨૧. सच्चिदानन्दयोगीन्द्रवरदाय नमः

ધ્યાન કરતા સદ્.શ્રીસચ્ચિદાનંદસ્વામીને દ્વારિકાધીશ્વર રૂપે દર્શન આપી વરદાન[૧] આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૨૨. योगिचिन्तिताय नमः

યોગીઓ દ્વારા સ્મરણ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૨૩. वृत्तालयालयाह्लादाय नमः

વડતાલમાં રહેનારા ભક્તોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૨૪. रङ्गक्रीडामहोत्सवाय नमः

વડતાલમાં મહાન રંગોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૨૫. सत्प्रीताय नमः

વડોદરામાં શાસ્ત્રાર્થમાં જીતીને વડતાલ આવેલા સદ્. શ્રીમુક્તાનંદસ્વામી તથા સાથેના સંતો પર પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૨૬. गोमतीतीर्थप्रादुर्भावैककारणाय नमः

વડતાલમાં ગોમતી તીર્થના પ્રાગટ્યનું એકમાત્ર કારણ એવા શ્રીહરિ૦

૮૨૭. गोमतीसलिलस्नात्रे नमः

વડતાલમાં ગોમતીજી પ્રગટ થતાં તેના જળમાં સ્નાન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

---

૧. અહીંના ગોમતી આદિ તીર્થો સહિત હું તમારી સાથે વડતાલ આવીને ત્યાં નિવાસ કરીશ. આથી વડતાલની યાત્રા કરનાર સર્વ મનુષ્યોને દ્વારિકાની યાત્રા પણ થઈ જશે.(હ.લી.ક. ૯/૨૨/૫૧,૫૨)

૮૨૮. गोमतीजलखेलकृते नमः

ગોમતીના જળમાં વિવિધ પ્રકારની જળક્રીડા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૨૯. गोमतीतीर्थमाहात्म्यवृद्धिहेतवे नमः

ગોમતી તીર્થના મહિમાની વૃદ્ધિના કારણભૂત એવા શ્રીહરિકૃષ્ણ૦

૮૩૦. अशर्महृते नमः

વડતાલ આવી મહિમાપૂર્વક દેવદર્શન, તીર્થસ્નાનાદિ કરનારાના દુઃખ, પાપ વગેરે અમંગળને હરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૩૧. गुग्गुलिसञ्ज्ञभूदेवव्रातप्रश्नकृतोत्तराय नमः

'ગોમતી વગેરે તીર્થોની સાથે દ્વારિકાધીશ વડતાલમાં આવીને રહ્યા છે.' એવી શ્રીહરિની વાત સાંભળીને તે સભામાં બેઠેલા દ્વારિકાના ગુગળી નામના બ્રાહ્મણોએ પૂછેલ પ્રશ્નનો[1] ઉત્તર[2] આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૩૨. गुग्गुल्युद्बोधनाज्ञप्तमयाराममक्षमामराय नमः

પોતે કરેલ ઉત્તરને નહીં માનનારા ગુગળી બ્રાહ્મણોને સમજાવવા માટે મયારામ ભટ્ટને આજ્ઞા આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૩૩. गुग्गुलियुग्मयारामसमाधिप्राप्तिकारणाय नमः

ગુગળીઓની સાથે મયારામ ભટ્ટને સમાધિ થઈ તેનું કારણ એવા શ્રીહરિકૃષ્ણ૦

---

૧. પ્રશ્ન - ગોમતી આદિ તીર્થો સહિત દ્વારિકેશ તો પોતાની પ્રિય દ્વારિકામાં જ રહે, તેઓ અહીં વડતાલ શા માટે આવે ?

૨. ઉત્તર - જ્યાં ધર્મરહિત જનો રહેતા હોય એવા તીર્થમાં ગોમતી આદિ તીર્થો સહિત ભગવાન ન રહે અને જ્યાં ભગવદાશ્રિત એકાન્તિક સંતો-ભક્તો રહેતા હોય ત્યાંજ તેમને રહેવું ગમે છે. એવું તીર્થ હાલમાં વડતાલ છે, માટે તેઓ દ્વારિકાથી તીર્થો સહિત અહીં આવીને રહ્યા છે.(હ.લી.ક. ૯/૩૪/૧૪-૧૯)

૮૩૪. द्वारिकाधीश्वरप्रेक्षाकारकाय नमः

સમાધિમાં બ્રાહ્મણોને દ્વારિકાધિપતિ રણછોડરાયનું દર્શન કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૩૫. हर्षितद्विजाय नमः

સમાધિમાં દ્વારિકાધીશ રૂપે દર્શન આપી બ્રાહ્મણોનો સંશય નાશ કરીને તેમને આનંદ પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૩૬. दत्तवेदसुवर्णाङ्कमुद्रकृष्णोक्तसद्यशसे नमः

સમાધિમાં દ્વારિકાધીશ દ્વારા મયારામ ભટ્ટને ચાર સુવર્ણમુદ્રા તથા પોતાના ચાર આયુધોની છાપમુદ્રા અપાવીને શ્રીકૃષ્ણનો શ્રેષ્ઠ મહિમા જણાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૩૭. चतुर्मुद्राप्तिसंहृष्यन्मयारामाभिवन्दिताय नमः

સમાધિમાં ચાર આયુધોની અને ચાર સુવર્ણની મુદ્રા પામીને આનંદ પામેલા મયારામ ભટ્ટ દ્વારા સારી રીતે વંદન કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૩૮. मयारामद्विजप्रोक्तसमाधिवृत्तसंश्रुतये नमः

મયારામ ભટ્ટે કહેલ સમાધિમાં બનેલી તમામ બાબતોને સારી રીતે સાંભળનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૩૯. गुग्गुलिज्ञातमाहात्म्याय नमः

'શ્રીહરિકૃષ્ણ મહારાજ જ સર્વ અવતારના કારણ પુરુષોત્તમ છે' એવું પોતાનું માહાત્મ્ય સમાધિમાં દ્વારિકાધીશ દ્વારા ગુગળી બ્રાહ્મણોને જણાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૪૦. गुग्गुलिद्विजसंस्तुताय नमः

ગુગળી બ્રાહ્મણો દ્વારા સારી રીતે સ્તુતિ કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૪૧. तीर्थमाहात्म्यसंवक्त्रे नमः

ગોમતી વગેરે તીર્થોનો મહિમા સારી રીતે સમજાવનાર શ્રીહરિકૃષ્ણ૦

૮૪૨. क्षेत्रमाहात्म्यवर्धनाय नमः
પવિત્ર સ્થાનોનું માહાત્મ્ય વધારનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૪૩. तप्तमुद्राङ्कविधृतिप्रोक्तमाहात्म्यविस्ताराय नमः
તપ્તમુદ્રાની છાપ ધારણ કરવાનું વિસ્તારપૂર્વક માહાત્મ્ય કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૪૪. तप्तमुद्राधृतिफलप्रवक्त्रे नमः
તપ્તમુદ્રા ધારણ કરવાનું અનેક પ્રકારનું ફળ કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૪૫. मोदिताश्रिताय नमः
વડતાલમાં અમૃતથી પણ અધિક શ્રેષ્ઠ વાણીથી પોતાના આશ્રિતોને આનંદ પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૪૬. तप्तमुद्राङ्कितस्वीयाय नमः
જેમના આશ્રિતોએ ગોમતી જળમાં સ્નાન કરીને તપ્તમુદ્રાઓની છાપો લીધી છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૮૪૭. आत्मजन्ममहोत्सवाय नमः
વડતાલમાં રામનવમીના દિવસે પોતાના જન્મદિનનો મહોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૪૮. दुर्गावासातिसुखदाय नमः
ગઢપુરમાં નિવાસ કરી ત્યાંના ભક્તોને અત્યંત સુખ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૪૯. कृतकूर्मजनुर्महाय नमः
ગઢપુરમાં કૂર્મજન્મોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૫૦. कौमुदीमहकृते नमः
શરદપૂનમનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૫૧. स्वन्नकूटचारूत्सवाय नमः

સારા અન્નકૂટનો સુંદર ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૫૨. अध्वरिणे नमः

યજ્ઞ-યાગાદિ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૫૩. वृत्तालयागमाय नमः

પોતાના માતા-પિતાના જન્મનો શુભ મહોત્સવ કરવા માટે વડતાલ પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૫૪. दत्तविधानात्तसुतद्वयाय नमः

દત્તવિધિથી પોતાના મોટા તથા નાના ભાઈના એક એક, એમ બે પુત્રોને દત્તક લેનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૫૫. स्वपदस्थापितसुताय नमः

તે બંને પુત્રોને પોતાના પદ ઉપર સ્થાપન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૫૬. पुत्राधीनीकृताश्रिताय नमः

પોતાના આશ્રિતોને તે બંને પુત્રોને આધીન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૫૭. पुत्रप्रदत्तदेशादिव्यवस्थालेखाय नमः

તે પુત્રોને દેશવિભાગ વગેરેની વ્યવસ્થાનો લેખ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૫૮. ईक्षकाय नमः

સર્વકાળે સ્વયં પ્રત્યક્ષપણે બધું જ એકસાથે જોનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૫૯. यथाशास्त्रोदिताचार्यप्रोक्तशिक्षाय नमः

શાસ્ત્રોમાં બતાવેલા આચાર્યોના ધર્મો પ્રમાણે બંને પુત્રોને શિક્ષાવચનો કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

८६०. **समत्वयुजे नमः**

માયિક પદાર્થમાત્રમાં કાખના મુવાળાની જેમ સમભાવ રાખનાર તથા પોતાના આશ્રિતો પાસે રખાવનારા શ્રીહરિકૃષ્ણ૦

८६१. **सिंहजित्पार्थिवामात्यप्रार्थिताय नमः**

વડોદરાના રાજા સયાજીરાવ ગાયકવાડ વતી વડતાલ આવેલ દીવાન નારુપંત નાના દ્વારા વડોદરા આવવા પ્રાર્થના કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

८६२. **भूपभावविदे नमः**

સયાજીરાવના નિષ્કપટ અને વિશુદ્ધ ભાવને જાણનારા શ્રીહરિકૃષ્ણ૦

८६३. **वटपुर्यागमाय नमः**

વડોદરા પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

८६४. **राजपुत्रामात्याभ्युपागताय नमः**

શ્રીહરિ વડોદરા પધાર્યા ત્યારે રાજાની આજ્ઞાથી પુત્ર ગણપતરાવે તથા દીવાન નારુપંત નાનાએ સન્મુખ જઈ સત્કાર કરેલા શ્રીહરિ૦

८६५. **विभूषितद्विपारूढाय नमः**

વડોદરામાં પધારતી વખતે વિવિધ ભૂષણોથી મહાશોભાયમાન હાથી પર સવાર થયેલા શ્રીહરિકૃષ્ણ૦

८६६. **लोकचित्ताक्षिलोभनाय नमः**

હાથી પર સવાર થઈને વડોદરામાં પધારતા હતા, ત્યારે પોતાના દર્શન કરવા માટે આવેલા લોકોનાં ચિત્ત અને નેત્રોને લોભાવનારા શ્રીહરિકૃષ્ણ૦

८६७. **दृक्पवित्रीकृतजनव्राताय नमः**

પોતાના દર્શન કરવા આવેલા લોકોના સમૂહોને અમૃતમયી દૃષ્ટિથી પવિત્ર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૬૮. पौरसभाजिताय नमः
વડોદરા નગરના લોકો દ્વારા આદર-સત્કાર કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૬૯. विचलच्चामरश्रीमते नमः
નારુપંત નાના તથા ચિમનરાવ દ્વારા નખાતા ચામરની શોભાવાળા શ્રીહરિકૃષ્ણ૦

૮૭૦. सैन्यवाद्यरवश्रुतये नमः
પોતાના સ્વાગત માટે આવેલ વડોદરાના સૈન્યમાં વાગતાં વાદ્યોના સુંદર ધ્વનિને સાંભળનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૭૧. पौरगीतगुणोत्कर्षाय नमः
વડોદરા નગરજનોએ ગાયા છે ગુણો તથા ઉત્કર્ષ જેમના એવા શ્રીહરિકૃષ્ણ૦

૮૭૨. सिंहजिद्भुपवन्दिताय नमः
સયાજીરાવ ગાયકવાડ દ્વારા વંદન કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૭૩. शास्त्रसिद्धान्तनिर्णेत्रे नमः
શાસ્ત્રોના સિદ્ધાંતોના નિર્ણય કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૭૪. विद्वद्वृन्दस्मयापहाय नमः
વડોદરાની સભામાં વિદ્વાનોના વિવિધ પ્રશ્નોના આશ્ચર્યકારી ઉત્તરો આપીને તેમના ગર્વને ગાળી દેનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૭૫. विद्वत्सम्पृष्टविविधप्रश्नशीघ्रकृतोत्तराय नमः
સભામાં વિવિધ શાસ્ત્રોના પારંગત વિદ્વાનોએ પૂછેલા વિવિધ પ્રશ્નોના તત્કાળ ઉત્તર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૭૬. स्वीयवर्तनसद्रीतिप्रवक्त्रे नमः
સભામાં બુદ્ધિમાન જનોના પૂછવાથી પોતાના સંતો-ભક્તોના વર્તનની સદ્રીતિને કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૭૭. सभ्यचित्रकृते नमः

વિવિધ સંશયોને છેદનારી અમૃતથી પણ અતિ શ્રેષ્ઠ પોતાની વાણીથી સભામાં બેઠેલા સર્વને આશ્ચર્ય પમાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૭૮. पण्डितप्रोक्तमाहात्म्याय नमः

પોતાના વિવિધ પ્રશ્નો-શંકાઓના સુખકારી યોગ્ય સમાધાનો મળવાથી આશ્ચર્ય તથા આનંદ પામેલા પંડિતોએ જેમનો અપાર મહિમા ગાયો છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૮૭૯. विप्रदत्तोरुदक्षिणाय नमः

શાસ્ત્રાર્થ કરનારા તથા અન્ય હજારો બ્રાહ્મણોને રૂપામુદ્રા, સુવર્ણમુદ્રા વગેરે પુષ્કળ દક્ષિણા આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૮૦. दैतेयांशपराभूतये नमः

ઉપદ્રવ કરવાની ઇચ્છાવાળા અસુર લોકોનો કસમયે વરસાદ કરીને પરાજય કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૮૧. भक्तसेवाप्रसादिताय नमः

વડોદરાના ભક્તોએ કરેલ વિવિધ સેવાથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૮૨. सिंहजित्प्रार्थनाप्रीताय नमः

સયાજીરાવ સરકારે કરેલી પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૮૩. सिंहजित्स्वीकृतार्चनाय नमः

સયાજીરાવ સરકારે કરેલ પૂજાનો સ્વીકાર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૮૪. हितोपदेशगदित्रे नमः

સયાજીરાવ સરકારને મોક્ષ પ્રાપ્ત કરી લેવાનો હિતકારી ઉપદેશ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૮૫. **सिंहजित्संशयापनुदे नमः**
વડોદરાથી વડતાલ જઈ રહેલા શ્રીહરિને આસુરી જનો ઉપદ્રવ કરશે, એવા સયાજીરાવના સંશયને દૂર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૮૬. **सिंहजिद्भक्तिसन्तुष्टाय नमः**
સયાજીરાવ સરકારના ભક્તિભાવથી પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૮૭. **कृतवृत्तपुरस्थितये नमः**
વડોદરાથી વડતાલ પધારી ત્યાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૮૮. **रघुवीरार्यसन्तुष्टाय नमः**
આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને સંતોષ પમાડનારા તથા તેમનાથી સંતોષ પામનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૮૯. **तद्दत्ताभरणाम्बराय नमः**
વડોદરામાં મળેલ વસ્ત્રો, ભૂષણો, ધન વગેરે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને પ્રસન્નતા પૂર્વક અર્પણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૯૦. **पञ्चमस्कन्धसंश्रोत्रे नमः**
વડતાલમાં રહીને પ્રાગજી પુરાણી પાસે ભાગવતના પંચમ સ્કંધનું સારી રીતે શ્રવણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૯૧. **वसन्ताद्यदिनोत्सवाय नमः**
વસંતપંચમીનો ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૯૨. **सच्छास्त्रसारविदे नमः**
સચ્છાસ્ત્રોના સારને જાણનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૯૩. **शिक्षापत्रीलेखनकारकाय नमः**
પોતાના આશ્રિતોના હિત માટે વડતાલમાં શિક્ષાપત્રીનું લેખન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૯૪. **श्रीपत्तनागमाय नमः**

પુષ્પદોલોત્સવ કરવા માટે અમદાવાદ પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૯૫. **दोलामहकारिणे नमः**

અમદાવાદમાં પુષ્પદોલોત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૯૬. **सुखप्रदाय नमः**

પુષ્પદોલોત્સવમાં હિંડોળે ઝૂલી તથા રંગોત્સવ કરીને સંતો-ભક્તોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૯૭. **स्वाश्रितापचिताय नमः**

પોતાના આશ્રિતો વડે વિવિધ ઉપચારો, વસ્ત્ર, આભૂષણો વગેરેથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૮૯૮. **अयोध्याप्रसादप्रत्ततद्धनाय नमः**

પોતાના આશ્રિતોએ પૂજામાં અર્પણ કરેલ વસ્ત્રાભૂષણ વગેરે ધન આ.શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજને આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૮૯૯. **धौरेयनगरावासाय नमः**

મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે ધોલેરા નગરમાં પધારી નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૦૦. **रम्यमन्दिरवीक्षणाय नमः**

ધોલેરામાં તૈયાર થયેલ રમ્ય મંદિરનું નિરીક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૦૧. **मन्दिरस्थापितलसद्राधामदनमोहनाय नमः**

ધોલેરાના મંદિરમાં શ્રીરાધાજીએ સહિત શોભતા મદનમોહનજીની સ્થાપના કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૦૨. **पुत्रोक्तोभयसद्दीक्षाक्रमाय नमः**

ગઢપુરમાં શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રીરઘુવીરજી મહારાજને વિવિધ આશ્રમીઓ માટેની સામાન્ય અને મહા એમ બે પ્રકારની શુભ દીક્ષાનો વિધિ કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

९०३. जीवहितोद्यताय नमः

જીવોના હિત માટે સદા તત્પર એવા શ્રીહરિકૃષ્ણ૦

९०४. वृत्तालयजनाह्लादाय नमः

ગઢપુરથી ગામોમાં વિચરણ કરતા વડતાલ પધારી ત્યાંના લોકોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

९०५. रघुवीरार्यवल्लभाय नमः

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને પ્રિય અને શ્રીરઘુવીરજી મહારાજ જેમને પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

९०६. स्वाज्ञान्नकूटमहकृद्रघुवीरार्यमोदिताय नमः

પોતાની આજ્ઞાથી અન્નકૂટનો મહોત્સવ કરનાર આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ પર પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

९०७. दीपावलीमहानन्दिने नमः

વડતાલ દીપાવલીના ઉત્સવમાં મહાન આનંદ કરાવનારા શ્રીહરિ૦

९०८. भक्तार्चाग्रहणोत्सुकाय नमः

દીપાવલીના દિવસે વિવિધ દેશોમાંથી આવેલા પોતાના પ્રેમી ભક્તોની પૂજાને ગ્રહણ કરવા માટે ઉત્સુક એવા શ્રીહરિકૃષ્ણ૦

९०९. रघुवीरमहामूल्यवस्त्रभूषादिपूजिताय नमः

દીપોત્સવના દિવસે વિવિધ ઉપચારો, મહામૂલા વસ્ત્રો, આભૂષણો વગેરેથી શ્રીરઘુવીરજી મહારાજે જેમની પૂજા કરી છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

९१०. अन्नकूटेक्षणप्रीताय नमः

વર્ણીઓએ કરેલા અન્નકૂટના દર્શન કરીને અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિકૃષ્ણ૦

૯૧૧. वर्णिवृन्दप्रशंसकाय नमः

અન્નકૂટની રચના કરનારા વર્ણીઓના સમૂહની અત્યંત પ્રશંસા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૧૨. वर्णिमुन्यादिसंतृप्तिविधात्रे नमः

પંક્તિમાં અનેકવાર આનંદપૂર્વક પીરસીને બ્રહ્મચારીઓ, સંતો વગેરેને જમાડીને તૃપ્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૧૩. परिवेषकृते नमः

બ્રહ્મચારી, સંતો વગેરેને પંક્તિમાં પીરસનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૧૪. दुर्गस्थाश्रितदत्तेक्षाय नमः

વડતાલનો ઉત્સવ પૂર્ણ કરી ગઢપુર પધારી ત્યાં પોતાના આશ્રિતોને દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૧૫. वसन्तोत्सवमोदनाय नमः

ગઢપુરમાં વસંતપંચમીનો ઉત્સવ કરીને સંતો-ભક્તોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૧૬. सारङ्गनगरानन्दाय नमः

જીવા ખાચરની પ્રાર્થનાથી તેમના ગામ સારંગપુર પધારી ત્યાંના જનોને આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૧૭. जीववर्माद्युपासिताय नमः

જીવા ખાચર વગેરેથી ઉપાસના-સેવા કરાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૯૧૮. दोलाखेलातिललिताय नमः

હિંડોળે ઝૂલતી વખતે અને રંગે રમતી વખતે અતિ સુંદર લાગતા શ્રીહરિકૃષ્ણ૦

११९. स्वभक्तप्रत्तसद्वराय नमः

રંગોત્સવના અંતે પોતાના ભક્તોએ માંગેલ શ્રેષ્ઠ વરદાન રૂપે ફગવા આપનારા શ્રીહરિકૃષ્ણ૦

१२०. दुर्गपुर्यागमाय नमः

સારંગપુરમાં રંગોત્સવ કરીને પરત ગઢપુર પધારનારા શ્રીહરિકૃષ્ણ૦

१२१. स्वीयजन्मतिथ्युत्तमोत्सवाय नमः

પોતાની જન્મતિથિ ચૈત્ર સુદી નવમીને દિવસે ગઢપુરમાં શ્રેષ્ઠ ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१२२. जन्माष्टम्यादिमहकृते नमः

ગઢપુરમાં રહીને જન્માષ્ટમી, અન્નકૂટ, પ્રબોધની વગેરે ઉત્સવ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१२३. भक्तानन्दविवर्द्धनाय नमः

ભક્તોના આનંદને વધારનારા શ્રીહરિકૃષ્ણ૦

१२४. गोपालानन्दसद्वर्यप्रोक्तधर्मामृताय नमः

સંતોમાં શ્રેષ્ઠ સદ્.શ્રીગોપાલાનંદસ્વામીને ત્યાગીના ધર્મોના ઉપદેશવાળું ધર્મામૃત કહેનારા શ્રીહરિકૃષ્ણ૦

१२५. अवित्रे नमः

સંતો-ભક્તોનું રક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

१२६. नित्यानन्दोदितज्ञानाय नमः

સદ્.શ્રીનિત્યાનંદસ્વામીને જ્ઞાનોપદેશ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

१२७. शिवरामोक्तसद्वृषाय नमः

શિયાણી ગામના શિવરામ વિપ્રને શ્રેષ્ઠ ધર્મનો ઉપદેશ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૨૮. वसन्तोत्सवहृष्टात्मने नमः

ગઢપુરમાં વસંતોત્સવમાં પ્રસન્ન થયું છે, ચિત્ત જેમનું એવા શ્રીહરિકૃષ્ણ૦

૧૨૯. कृतश्रीनगरस्थितये नमः

અમદાવાદના ભક્તોની પ્રાર્થનાથી ગઢડાથી વિચરણ કરતા તેમના નગરમાં પધારી ત્યાં નિવાસ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૩૦. दोलोत्सवाश्रिताह्लादिने नमः

અમદાવાદમાં પુષ્પદોલોત્સવ કરીને પોતાના આશ્રિતોને અત્યંત આનંદ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૩૧. दत्तवार्तालयेक्षणाय नमः

અમદાવાદથી વડતાલ પધારી ભક્તોને દર્શનાદિકનો લાભ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૩૨. जीर्णदुर्गस्थापितश्रीराधिकारमणादिकाय नमः

જૂનાગઢમાં શ્રીરાધારમણ વગેરે દેવોની સ્થાપના કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૩૩. गुणातीतमुनीन्द्रात्मने नमः

સંતોમાં શ્રેષ્ઠ સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામીના આત્મા એવા શ્રીહરિકૃષ્ણ૦

૧૩૪. ब्रह्मानन्दासुवल्लभाय नमः

સદ્.શ્રીબ્રહ્માનંદસ્વામીને પ્રાણ જેવા પ્રિય એવા શ્રીહરિકૃષ્ણ૦

૧૩૫. दुर्गालयस्थापितश्रीगोपीनाथविलोकनाय नमः

ગઢપુરમાં શ્રીગોપીનાથજીની પ્રતિષ્ઠા કરી બે ઘડી સુધી અતિ સ્થિર દૃષ્ટિથી તે મૂર્તિ સામું જોઈ રહેનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૩૬. मुकुन्दानन्दसम्प्रोक्तबृहद्धर्माय नमः

શ્રીમુકુન્દાનંદ બ્રહ્મચારીને બ્રહ્મચર્યવ્રતના ધર્મોનો ઉપદેશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૩૭. व्रतिप्रियाय नमः

વ્રત કરનારા ભક્તો જેમને પ્રિય છે અને વ્રત કરનારા ભક્તોને જેઓ પ્રિય છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૧૩૮. शतानन्दोक्तसद्योगाय नमः

સદ્.શ્રીશતાનંદસ્વામીના પૂછવાથી તેમને શ્રેષ્ઠ અષ્ટાંગયોગનો ઉપદેશ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૩૯. अचिन्त्यैश्वर्याय नमः

જુદા જુદા સ્થળે પોતે સ્થાપન કરેલ નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિ દેવો દ્વારા અનેક આશ્ચર્યકારી અચિંતનીય ઐશ્વર્યો બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૪૦. दयाम्बुधये नमः

દયાના સાગર એવા શ્રીહરિકૃષ્ણ૦

૧૪૧. रहोविचारकृते नमः

પોતાના નિવાસસ્થાનમાં એકાંતમાં બેસી પોતાને કરવાનું સમગ્ર કાર્ય પૂરું થયું હોવાથી સ્વધામમાં જવાનો વિચાર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૪૨. ब्रह्मधाममुक्तकृतस्तुतये नमः

અક્ષરધામના મુક્તોએ જેમની સ્તુતિ કરી છે, એવા શ્રીહરિકૃષ્ણ૦

૧૪૩. पापतापापहृद्वार्ताय नमः

પોતાના સ્વધામગમન બાદ બન્ને આચાર્યો અને સદ્.શ્રીગોપાળાનંદ

સ્વામી આદિ શ્રેષ્ઠ સંતો દ્વારા જનોનાં પાપ અને તાપને ટાળનારી વાતો કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૪૪. कृतस्वाश्रितसान्त्वनाय नमः

સ્વધામગમનની પોતાની વાત સાંભળીને અતિ દુઃખી થઈ ગયેલા પોતાના આશ્રિતોને સાન્ત્વના આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૪૫. लक्ष्मीनारायणाद्यर्चाद्वाराश्चर्यप्रदर्शकाय नमः

પોતે સ્થાપેલી લક્ષ્મીનારાયણ વગેરે દેવોની પ્રતિમાઓ દ્વારા આશ્ચર્યો દેખાડનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૪૬. पूर्णकामाय नमः

સદા પૂર્ણકામ એવા શ્રીહરિકૃષ્ણ૦

૧૪૭. तिरोधानलीलादेवारिमोहनाय नमः

અસુરોને મોહ પમાડનારી અંતર્ધાનની લીલા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૪૮. स्वविश्लेषानलज्वालाज्वलद्भक्तार्पितेक्षणाय नमः

પોતાના વિયોગરૂપી અગ્નિની જ્વાળામાં બળતા ભક્તોને જુદા જુદા સ્થળે દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૪૯. रघुवीरशुभाज्ञाकृते नमः

પોતાના વિયોગથી વ્યાકુળ થઈને લક્ષ્મીવાડીમાં પોતાને બેસવાના સ્થાને આવેલા ભક્તો અને બંધુજનોએ સહિત શ્રીરઘુવીરજી મહારાજને દર્શન આપીને ત્યાં મંદિર કરવાની આજ્ઞા આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૫૦. रघुवीराप्तपादुकाय नमः

તે મંદિરમાં સ્થાપવા માટે શ્રીરઘુવીરજી મહારાજને પોતાની પાદુકા આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૫૧. विमानस्थाक्षरमहामुक्तदेवव्रजावृताय नमः

સ્વધામગમન વખતે વિમાનમાં અક્ષરધામના મહામુક્તો તથા દેવતાઓના સમૂહોથી વીંટળાયેલા થકા વિરાજમાન શ્રીહરિકૃષ્ણ૦

૯૫૨. भास्वद्दिव्यविमानस्थाय नमः

સૂર્ય સમાન અતિ તેજસ્વી દિવ્ય વિમાનમાં વિરાજમાન શ્રીહરિકૃષ્ણ૦

૯૫૩. महामुक्तामरार्चिताय नमः

વિમાનમાં મહામુક્તો અને દેવો વડે દિવ્ય ઉપચારોથી પુજાયેલા શ્રીહરિકૃષ્ણ૦

૯૫૪. स्वार्चाप्रदर्शितैश्वर्याय नमः

પોતાની પ્રતિમાઓ દ્વારા ઐશ્વર્યો જણાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૫૫. दत्तसाक्षान्निजेक्षणाय नमः

લક્ષ્મીવાડીમાં બનાવેલા મંદિરમાં અતિ ભાવથી દર્શન કરી રહેલા દેશાન્તરના ભક્તોને પોતાના સાક્ષાત્ દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૫૬. स्वार्चार्पितोपहारादिग्राहिणे नमः

પોતાની પ્રતિમાઓને ભક્તોએ અર્પણ કરેલ પૂજા, ભેટ વગેરે ગ્રહણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૫૭. भक्तेक्षणस्मिताय नमः

ભક્તોને જોઈને સ્મિત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૫૮. नीरसंरक्षितस्वीयाय नमः

સ.મુક્તાનંદસ્વામી, કૈવલ્યાનંદસ્વામી, સચ્ચિદાનંદસ્વામી, શ્રીરઘુવીરજી મહારાજ, જીવરામ વિપ્ર, બોચાસણના કાશીદાસ વગેરે પોતાના આશ્રિત અનેક સંતો-ભક્તોની નદી, સમુદ્ર વગેરેના જળમાં રક્ષા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૫૯. गरत्राताश्रितव्रजाय नमः

સદ્.શ્રીમુક્તાનંદસ્વામી, નિરંજનાનંદસ્વામી, આત્માનંદસ્વામી વગેરે પોતાના અનેક આશ્રિતોની ઝેર થકી રક્ષા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૬૦. अनलस्वजनत्रात्रे नमः

રામચંદ્ર વૈદ્ય, દક્ષિણ દેશના હરિભક્તોનો સંઘ, કલા ભક્ત વગેરે પોતાના અનેક આશ્રિતોની અગ્નિ થકી રક્ષા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૬૧. चौरस्वीयजनावनाय नमः

ધારાઈના વણિક ઉદ્ધવજી, બુરાનપુરનો સંઘ વગેરે પોતાના અનેક આશ્રિતોની ચોર થકી રક્ષા કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૬૨. निगडामोचितात्मीयाय नमः

માંગરોળના બેચર ભક્ત, વડોદરાના જગજીવનભાઈ વગેરે પોતાના અનેક આશ્રિતોને બેડીના બંધનમાંથી મુક્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૬૩. जनभूतार्त्तिभेदनाय नमः

મેઘવાના નરોત્તમભાઈ નાગર, જેતલપુરના રાઈબાઈ, દીનાનાથ ભટ્ટની દીકરી યમુના વગેરે અનેક જનોને થયેલ ભૂતના ઉપદ્રવનો નાશ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૬૪. स्वीयप्रासादिकजलप्रपानोरगमुक्तिदाय नमः

સર્પયોનીને પામ્યા પછી પોતાનું પ્રસાદીનું પાણી પીનાર ચાંગાના વસનદાસ જેવા જનોને મુક્તિ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૬૫. खुशालद्विजदत्तेक्षाय नमः

ટોડલામાં રહેતા ખુશાલભટ્ટને પોતાના દિવ્ય દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

९६६. खुशालैश्वर्यदर्शकाय नमः

ખુશાલ ભટ્ટ દ્વારા લોકોને સમાધિ કરાવીને ઐશ્વર્ય બતાવનારા શ્રીહરિકૃષ્ણ૦

९६७. खुशालभक्तराड्द्वारनानैश्वर्यप्रकाशकाय नमः

ભક્તરાજ ખુશાલ ભટ્ટ દ્વારા વિવિધ પ્રકારનાં અનેક ઐશ્વર્યો પ્રકાશનારા શ્રીહરિકૃષ્ણ૦

९६८. न्यग्रोधपत्तनाज्ञप्तगोपालानन्दसद्वराय नमः

સંતોમાં શ્રેષ્ઠ એવા સદ્.શ્રીગોપાળાનંદસ્વામીને મુમુક્ષોઓના સત્સંગ-પોષણ માટે વડોદરા જવાની આજ્ઞા આપનારા શ્રીહરિકૃષ્ણ૦

९६९. मुनीन्द्रप्रार्थनासद्योवृष्टिकृते नमः

સંતશિરોમણિ સદ્.શ્રીગોપાળાનંદસ્વામીની પ્રાર્થનાથી વડોદરા પ્રાંતમાં તત્કાળ વરસાદ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

९७०. मुनितोषिताय नमः

સંતોના ભાવ પૂર્ણ કરીને સંતોને સંતોષ પમાડનારા અને સંતોની પરા ભક્તિથી સ્વયં સંતોષ પામનારા શ્રીહરિકૃષ્ણ૦

९७१. व्यापकानन्दसम्प्राप्तवणिक्प्राज्यर्णमोचनाय नमः

ભોપાલમાં સદ્.શ્રીવ્યાપકાનંદસ્વામીને મળેલા ત્યાંના રાજાના કારભારી વણિકને રાજાના અતિ મોટા ઋણ-દંડમાંથી મુક્ત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

९७२. श्रेष्ठिकाकल्पभृते नमः

વણિકનો રાજાએ કરેલ કરોડ રૂપિયાનો દંડ ભરપાઈ કરવા અત્યંત શોભાયમાન ધનિક વણિકનો વેશ ધારણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૭૩. कोटिरूप्यमुद्राप्रदायकाय नमः

વણિકનો દંડ ચૂકવવા રાજાના દીવાનને કરોડ રૂપિયાની મુદ્રાઓ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૭૪. व्यापकानन्दसद्‌द्वारजीवितक्ष्मासुरात्मजाय नमः

હૈદ્રાબાદમાં સદ્‌.શ્રીવ્યાપકાનંદસ્વામી દ્વારા રાજાના કારભારી ઈન્દ્રજીત બ્રાહ્મણના મૃત પુત્ર હરદત્તને જીવિત કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૭૫. अखण्डानन्दमुन्यादिव्याघ्रापत्तिनिवारकाय नमः

ઘોર વનમાં સદ્‌.શ્રીઅખંડાનંદસ્વામીને વાઘ મળવાથી તેમને તથા સાથેના સંતોને આવેલ આપત્તિ દૂર કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૭૬. शतानन्दमुनिद्वारदलजिन्मुख्यमुक्तिदाय नमः

બદરિકાશ્રમમાં નરનારાયણના સ્થાનથી દક્ષિણે રહેતા યોગી દલુજી, વનમાં રહેતા એક હઠયોગી, સુભાનુસિંહ રાજા વગેરેને સ.શતાનંદસ્વામી દ્વારા મુક્તિ આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૭૭. दूरस्थभक्तदत्तेक्षाय नमः

પોતે જ્યાં વિરાજમાન હોય ત્યાંથી ઘણે દૂર દેશમાં રહેલા પોતાના ભક્તોને પણ દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૭૮. भक्तगेहकृताशनाय नमः

પોતાના ભક્તોને ઘેર ભોજન કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૭૯. समाधिस्थितिकृते नमः

અનેક જીવોને સમાધિ કરાવનારા શ્રીહરિકૃષ્ણ૦

૧૮૦. मृत्युत्रातस्वीयसमाश्रिताय नमः

પોતાના આશ્રિતોનું મૃત્યુ થકી રક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૦

૯૮૧. मारीत्रातस्वभक्तौघाय नमः
પોતાના અનેક ભક્તોની મરકીના રોગથી રક્ષા કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૯૮૨. याम्यत्रातजनव्रजाय नमः
અનેક લોકોનું યમદૂતોથી રક્ષણ કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૯૮૩. अन्तकालाश्रितस्वेक्षाप्रदाय नमः
અંતકાળે પોતાના આશ્રિતોને પોતાનું સુખકારી દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૯૮૪. भक्तावनक्षमाय नमः
પોતાના ભક્તોનું સર્વ પ્રકારે રક્ષણ કરવામાં સમર્થ એવા શ્રીહરિકૃષ્ણ૰

૯૮૫. विचित्रदिव्ययानस्थाय नमः
આશ્ચર્યકારી દિવ્ય વિમાનમાં વિરાજમાન એવા શ્રીહરિકૃષ્ણ૰

૯૮૬. दिव्यतेजोमयाकृतये नमः
દિવ્ય તેજસ્વી સાકાર મૂર્તિ એવા શ્રીહરિકૃષ્ણ૰

૯૮૭. नानाऽप्राकृतयानस्थपार्षदावृताय नमः
અનેક પ્રકારનાં દિવ્ય વિમાનોમાં પોતાના પાર્ષદો-મુક્તોથી વીંટળાયેલા થકા વિરાજમાન શ્રીહરિકૃષ્ણ૰

૯૮૮. ईक्षिताय नमः
ભક્તો જેમનાં દર્શન કરે છે અને જેઓ ભક્તોનાં દર્શન કરે છે, એવા શ્રીહરિકૃષ્ણ૰

૯૮૯. भक्तदत्ताक्षरपदाय नमः
પોતાના ભક્તોને પોતાનું શ્રેષ્ઠ અક્ષરધામ આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૯૯૦. भक्तवाञ्छितशर्मदाय नमः

ભક્તોને ઇચ્છિત સુખ આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૯૯૧. प्रणुन्नरघुवीरार्याय नमः

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને પ્રોત્સાહિત કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૯૯૨. कारितोत्तममन्दिराय नमः

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ દ્વારા અનેક નગરોમાં ઉત્તમ મંદિર કરાવનારા શ્રીહરિકૃષ્ણ૰

૯૯૩. निजार्च्चादिप्रतिष्ठाकृद्रघुवीरार्यतोषिताय नमः

પોતાની મૂર્તિ વગેરેની પ્રતિષ્ઠા કરનારા આચાર્ય શ્રીરઘુવીરજી થકી સંતુષ્ટ થનારા શ્રીહરિકૃષ્ણ૰

૯૯૪. गुरुत्वस्थापनमहप्रेरितार्याय नमः

શ્રીભગવત્પ્રસાદજીને આચાર્યપદ પર સ્થાપવા માટે ઉત્સવ કરવાની આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને પ્રેરણા આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૯૯૫. हितावहाय नमः

સહુનું સતત હિત કરનારા શ્રીહરિકૃષ્ણ૰

૯૯૬. विशालप्रज्ञभगवत्प्रसादप्रत्तगौरवाय नमः

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ દ્વારા વિશાળ બુદ્ધિવાળા શ્રીભગવત્પ્રસાદજીને ગુરુપદ આપનારા શ્રીહરિકૃષ્ણ૰

૯૯૭. शुकानन्दप्रदत्तेक्षाय नमः

શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથના વક્તા સદ્.શ્રીશુકાનંદસ્વામીને દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૰

९९८. मानसिंहेक्षणप्रदाय नमः

શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથના શ્રવણના અંતે પોતાના પ્રત્યક્ષ દર્શનને ઈચ્છતા શ્રોતા માનસિંહ રાજાને વક્તા સદ્.શ્રીશુકાનંદસ્વામીના અનુગ્રહથી પોતાનું દિવ્ય તેજોમય દર્શન આપનારા શ્રીહરિકૃષ્ણ૦

९९९. दिव्यतेजःस्फुरन्मूर्त्तये नमः

માનસિંહ રાજાને દર્શન આપ્યા ત્યારે કરોડો ચંદ્ર-સૂર્યની કાંતિ સમાન અતિ ઉજ્જ્વળ દિવ્ય તેજપૂંજથી પ્રકાશમાન મૂર્તિવાળા શ્રીહરિકૃષ્ણ૦

१०००. दिव्यवासोविभूषणाय नमः

માનસિંહ રાજાને દર્શન આપ્યા ત્યારે દિવ્ય વસ્ત્રો-આભૂષણોથી અલંકૃત એવા શ્રીહરિકૃષ્ણ મહારાજને મારા નમસ્કાર.

।। इति श्रीलोकमङ्गलनामावली समाप्ता ।।

।। એવી રીતે ગુજરાતી અનુવાદ સહિત લોકમંગલ નામાવલી સંપૂર્ણ ।।

લહિયા : સાધુ પરમસુખદાસના નારાયણ વાંચજો

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



।। श्रीहरिकृष्णाय नमो नमः ।।

શ્રીસહજાનંદસ્વામિશિષ્ય શુકાનંદમુનિકૃત

શ્રીહરિમહિમાષ્ટક

वसंततिलकावृत्तम् :

स्वामिन् परात्पर विभो पुरुषोत्तमाद्य, नारायणाक्षरनिवास कृपानिधान।।
श्रीकृष्ण निर्गुण सदीश्वर दिव्यमूर्ते, हे श्रीहरे मम भवान् दृशि गोचरोऽस्तु ।।१ ।।

સમગ્ર ઐશ્વર્યોના પતિ તથા જડ-ચિત્ સર્વના માલિક, સર્વથી પર એવા અક્ષરથી પણ પર, સર્વત્ર વ્યાપક, સર્વનું કારણ એવા પુરુષેત્તમનારાયણ, સદા અક્ષરધામમાં નિવાસ કરનારા, કૃપાના મહાસાગર, ભક્તોના મનને પોતાના સ્વરૂપમાં ખેંચનારા, માયાના સર્વ ગુણોથી રહિત, દિવ્ય મૂર્તિ અને સંતોના પતિ એવા **હે હરિવર ! કૃપા કરીને આપ મારી દષ્ટિમાં સદા પ્રત્યક્ષ રહો.** ।।૧।।

देवाधिदेव परमेश्वर वासुदेव, योगेश्वराक्षरनियामक शास्त्रयोने ।।
भूमंस्तपःप्रिय महापुरुषाक्षरात्मन्, हे श्रीहरे मम भवान् दृशि गोचरोऽस्तु ।।२ ।।

સર્વ દેવોના દેવ, સર્વ ઈશ્વરોના પણ પરમ ઈશ્વર, સર્વમાં વાસ કરનારા, તમામ યોગકળાઓના પતિ, અક્ષરના પણ નિયામક, શાસ્ત્રમાત્રનું કારણ તથા શાસ્ત્રથી જ જાણીશકાતા, સહુથી મોટા, તપપ્રિય, મહાપુરુષ રૂપે સૃષ્ટિનું સંવહન કરનારા અને અક્ષરના પણ આત્મા એવા **હે હરિવર ! કૃપા કરીને આપ મારી દષ્ટિમાં સદા પ્રત્યક્ષ રહો.** ।।૨।।

एकान्तधर्मधर सेश्वरसाङ्ख्ययोग, मार्गप्रवर्तक ऋषीश्वरवृन्दजुष्ट ।।
भक्तेप्सितप्रद वराभयपाणिपद्म, हे श्रीहरे मम भवान् दृशि गोचरोऽस्तु ।।३ ।।

પૃથ્વી પર પ્રગટ થઈ શુદ્ધ એકાંતિક ધર્મનું ધારણ-પોષણ કરનારા, પ્રાપ્ય તરીકે પરબ્રહ્મને સ્વીકારનાર સાંખ્ય તથા યોગ માર્ગને પ્રવર્તાવનારા, સંતો તથા રાજાઓના સમૂહથી સેવાયેલા, ભક્તોની ઈચ્છાઓ પ્રમાણે તેમને સુખ આપનારા અને અભયદાન આપનાર શ્રેષ્ઠ હસ્તકમળવાળા **હે હરિવર ! કૃપા કરીને આપ મારી દષ્ટિમાં સદા પ્રત્યક્ષ રહો.** ।।૩।।

सर्वेश्वरेश हृषीकेशपते परात्मन्, सत्सङ्गलभ्यपथ योगद सुप्रवृत्ते ।।
एकान्तिकप्रिय भवाम्बुधिपारदायिन्, हे श्रीहरे मम भवान् दृशि गोचरोऽस्तु ।।४ ।।

સર્વ ઈશ્વરોના પણ નિયામક, ઈન્દ્રિયોને નિયમમાં રાખનાર સંતોના પતિ, સર્વ આત્માઓના પણ પરમ આત્મા, એક સત્સંગથી જ પ્રાપ્ત થનારા, યોગની સિદ્ધિ રૂપ સમાધિ કરાવનારા, અનંત જીવોના કલ્યાણની સદ્પ્રવૃત્તિ કરનારા, એકાંતિક ધર્મ અને એકાંતિક ભક્તો જેમને પ્રિય છે એવા અને ભવસાગર પાર કરાવનારા એવા **હે હરિવર ! કૃપા કરીને આપ મારી દષ્ટિમાં સદા પ્રત્યક્ષ રહો.** ।।૪।।

श्रीमन्नवीनजलदासितसुन्दरास्य, सत्पुण्डरीकनयन प्रथितप्रताप ।।
नैकावतार परिरक्षितसाधुवृन्द, हे श्रीहरे मम भवान् दृशि गोचरोऽस्तु ।।५ ।।

નવા વાદળ જેવા શ્યામ અને સુંદર મુખારવિંદવાળા, શ્રેષ્ઠ સફેદ કમળ જેવા નેત્રોવાળા, સર્વત્ર પ્રસિદ્ધ પ્રતાપવાળા, અનંત અવતારોના અવતારી અને સંતોનું સર્વ રીતે રક્ષણ કરનારા એવા **હે હરિવર ! કૃપા કરીને આપ મારી દષ્ટિમાં સદા પ્રત્યક્ષ રહો.** ।।૫।।

नैकाण्डनायकनिषेवितपादपद्म, कल्याणकारिगुणवृन्दविभूषणाढ्य ।।
सूक्ष्मोज्वलाम्बरविधारणशोभिताङ्ग, हे श्रीहरे मम भवान् दृशि गोचरोऽस्तु ।।६ ।।

અનેક બ્રહ્માંડોના પતિ એવા ઈશ્વરો પણ જેમનાં ચરણકમળની સેવા કરે છે, અનેક કલ્યાણકારી ગુણોના સમૂહો રૂપી આભૂષણોથી યુક્ત, સૂક્ષ્મ અને અતિ ઉજ્જ્વળ વસ્ત્રો ધારણ કરવાથી શોભાયમાન અંગોવાળા **હે શ્રીહરિવર ! કૃપા કરીને આપ મારી દષ્ટિમાં સદા પ્રત્યક્ષ રહો.** ।।૫।।

धर्मान्ववायनिहितस्वकदेशीकत्व, निष्कामभक्तपरमप्रिय नैष्टिकेन्द्र ।।
ब्रह्मण्यदेव सकलाश्रितसौख्यकारिन्, हे श्रीहरे मम भवान् दृशि गोचरोऽस्तु ।।७ ।।

ધર્મવંશમાં પોતાનું આચાર્યપણું સ્થાપન કરનારા, નિષ્કામ ભક્તોને અત્યંત પ્રિય અને નિષ્કામ ભક્તો જેમને અત્યંત પ્રિય છે એવા, નૈષ્ઠિકવ્રતધારીઓમાં સર્વશ્રેષ્ઠ, બ્રાહ્મણોનો આદર કરનારા અને પોતાના તમામ આશ્રિતોને સુખ આપનારા એવા **હે હરિવર ! કૃપા કરીને આપ મારી દષ્ટિમાં સદા પ્રત્યક્ષ રહો.** ।।૭।।

अज्ञानसंतमसनाशनबोधभाव, कामादिशत्रुगणभीतिदनामधेय ।।
पाषण्डखण्डदलन प्रणतात्मबोध, हे श्रीहरे मम भवान् दृशि गोचरोऽस्तु ।।८ ।।

જેમનું જ્ઞાન અને ભક્તિ અજ્ઞાન રૂપી ગાઢ અંધકારનો નાશ કરનાર છે, જેમના નામમાત્રથી કામાદિક અંતઃશત્રુઓને ભય લાગે છે, પાખંડ ધર્મનું ખંડન કરીને તેનો નાશ કરનારા અને શરણાગતોને

પોતાના સ્વરૂપનું જ્ઞાન આપનારા એવા **હે હરિવર ! કૃપા કરીને આપ મારી દૃષ્ટિમાં સદા પ્રત્યક્ષ રહો.** ॥૮॥

हे भक्तिधर्मसुत हे हरिकृष्ण नाथ, हे नीलकण्ठ कलितारण पूर्णकाम ॥
सौम्यस्वभाव शरणागतवत्सलात्मन्, हे श्रीहरे मम भवान् दृशि गोचरोऽस्तु ॥९ ॥

હે ભક્તિ-ધર્મના પુત્ર ! લોકોના મનને હરીને પોતાના સ્વરૂપમાં ખેંચનારા હે હરિકૃષ્ણ ! હે મારા નાથ ! અમારા માટે કઠોર તપ કરનારા હે નીલકંઠ ! કળિયુગથી રક્ષણ કરનાર ! હે પૂર્ણકામ ! અતિ સૌમ્ય સ્વભાવવાળા ! શરણાગતો પર અતિ વાત્સલ્ય વરસાવનાર ! હે મારા આતમ ! **હે હરિવર ! કૃપા કરીને આપ મારી દૃષ્ટિમાં સદા પ્રત્યક્ષ રહો.** ॥૯॥

स्वीयेऽतितेजसि परेऽक्षरसंज्ञके च, धाम्न्यक्षरात्मनिलये निजपार्षदाग्र्यैः ॥
प्रेम्णा निषेव्यचरणाब्ज शुकेन चात्र, हे श्रीहरे मम भवान् दृशि गोचरोऽस्तु ॥१० ॥

_॥ इति श्रीशुकानन्दमुनिविरचितं श्रीहरिमहिमाष्टकं सम्पूर्णम् ॥_

સર્વથી પર, અતિ તેજાયમાન, અક્ષર નામના પોતાના ધામને મધ્યે અક્ષરરૂપ બ્રહ્મમહોલમાં પોતાના સર્વશ્રેષ્ઠ મુક્તો દ્વારા અને આ લોકમાં આપના સેવક શુકમુનિ દ્વારા અતિ પ્રેમથી સેવાઈ રહ્યાં છે ચરણકમળ જેમનાં એવા **હે હરિવર ! કૃપા કરીને આપ મારી દૃષ્ટિમાં સદા પ્રત્યક્ષ રહો.** ॥૧૦॥

_॥ એવી રીતે શ્રીશુકાનંદસ્વામીએ રચેલ શ્રીહરિમહિમાનું સ્તોત્ર સંપૂર્ણ થયું. ॥_

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



।। श्रीहरिकृष्णाय नमो नमः ।।

શ્રીસહજાનંદસ્વામિશિષ્ય શુકાનંદમુનિકૃત

અષ્ટપદી સ્તોત્ર

(ગુજરાતી અનુવાદ સાથે)

गुर्जररागे प्रतिमण्ठताले गीयते :

वृषकुलकञ्जविकाशन मतिदाशन ए, मतिदाशन ए ॥
नवघननीलशरीर, जय जय कृष्ण ! हरे ! ॥०१॥

ધર્મદેવના કુળરૂપી કમળને વિકસાવનારા, શુભમતિને આપનારા અને નવા વાદળ સમાન શ્યામ શરીરવાળા, હે હરિ ! હે કૃષ્ણ ! હે હરિકૃષ્ણ ! તમારો જય થાઓ, જય થાઓ. ॥૦૧॥

असुरगुरुक्षयकारक भवतारक ए, भवतारक ए ।।
प्रमुदितसुरमुनिवृन्द, जय जय कृष्ण ! हरे ! ।।०२।।

આસુરી ગુરુઓનો નાશ કરનારા, જીવોને ભવસાગરથી તારનારા તથા દેવો અને ઋષિમુનિઓને અત્યંત આનંદ આપનારા; હે હરિ ! હે કૃષ્ણ ! હે હરિકૃષ્ણ ! તમારો જય થાઓ, જય થાઓ. ॥૦૨॥

भक्तिमनोरथपुरक कलिदूरक ए, कलिदूरक ए ।।
मन्मथदर्पविभेद, जय जय कृष्ण ! हरे ! ।।०३।।

ભક્તિમાતાના મનોરથોને પુરા કરનારા, કળિયુગના દોષોને દુર કરનારા અને કામદેવના અભિમાનને તોડી નાખનારા હે હરિ ! હે કૃષ્ણ ! હે હરિકૃષ્ણ ! તમારો જય થાઓ, જય થાઓ. ॥૦૩॥

तुलसीजपमालाकर करुणाकर ए, करुणाकर ए ।।
वृषरिपुवंशविनाश, जय जय कृष्ण ! हरे ! ।।०४।।

તુલસીની જપમાળા હાથમાં ધારણ કરનારા, અત્યંત કરુણા કરનાર કરુણાસાગર, ધર્મના શત્રુ એવા અધર્મવંશનો વિનાશ કરનારા; હે હરિ ! હે કૃષ્ણ ! હે હરિકૃષ્ણ ! તમારો જય થાઓ, જય થાઓ. ॥૦૪॥

संसृतियमभयवारण मददारण ए, मददारण ए ।।
धृतसितसुक्ष्मसुवस्त्र, जय जय कृष्ण ! हरे ! ।।०५।।

જન્મમરણ અને યમદૂતોના ભયથી બચાવનારા, અભિમાનને નાશ કરનારા, સુક્ષ્મ અને સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કરનારા; હે હરિ ! હે કૃષ્ણ ! હે હરિકૃષ્ણ ! તમારો જય થાઓ, જય થાઓ. ॥૦૫॥

नैष्टिकधर्मसुपोषक, मलशोषक ए, मलशोषक ए ।।
कामाद्यरिकरिसिंह, जय जय कृष्ण ! हरे ! ।।०६।।

નૈષ્ઠિકધર્મનું (બ્રહ્મચર્યવ્રતનું) સારી રીતે પોષણ કરનારા, દોષોનો નાશ કરનારા, કામાદિક શત્રુઓરૂપી હાથીને પરાજય કરવા માટે સિંહ સમાન; હે હરિ ! હે કૃષ્ણ ! હે હરિકૃષ્ણ ! તમારો જય થાઓ, જય થાઓ. ॥૦૬॥

योगकलाविधिबोधक, मतिशोधक ए, मतिशोधक ए ।।
भक्तिधर्मतनुजात, जय जय कृष्ण ! हरे ! ।।०७।।

યોગકળાની વિવિધ રીતનો ઉપદેશ દેનારા, જીવોના અજ્ઞાનને ધોઈ બુદ્ધિને શુદ્ધ કરનારા, ભક્તિમાતા અને ધર્મદેવના પુત્ર; હે હરિ! હે કૃષ્ણ ! હે હરિકૃષ્ણ ! તમારો જય થાઓ, જય થાઓ. ॥૦૭॥

साधुशुकेन रचितमिदं शुभबुद्धिदं ए, शुभबुद्धिदं ए ।।
गीतमस्तु जनमोदं, जय जय कृष्ण ! हरे ! ।।०८।।

इति श्रीशुकानंदस्वामिविरचिताष्टपदी समाप्ता ।।

સારી શુભ બુદ્ધિને દેનારું મનુષ્યને આનંદ આપનારું આ અષ્ટપદીયમ્ ગીત (મેં) સાધુ શુકમુનિએ રચેલું છે. ॥૦૮॥

॥ એવી રીતે શ્રીઅષ્ટપદી સ્તોત્રનો ગુજરાતી અનુવાદ સંપૂર્ણ ॥

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



।। श्रीहरिकृष्णाय नमो नमः ।।

સદ્. શ્રીશુકાનંદસ્વામી કૃત કીર્તન

રાગ : કાફી

ઢાળ : આજ મેં તો ભેટ્યા રે, અંકભર

દર્શન દેજો રે સહજાનંદસ્વામી,
કરુણાના સાગર રે હરિ અંતરજામી...ટેક

ભક્તિધર્મસુત શ્રીપુરુષોત્તમ, મહાપ્રભુ કરજો સહાય;
ભક્તવત્સલ હરિ બિરુદ તમારું, તે જો વિસરી જાય;
રહ્યો હું તમારે રે, ચરણે શીશ નામી...દર્શન૦ ૧

શરણાગતવત્સલ તમે સમર્થ, અનેક ભુવનના ઈશ;
કરુણાદૃષ્ટિ કરો મુજ ઉપર, પ્રાણપ્રતિ જગદીશ;
વિસરી મ જાજો રે, દાસને બહુનામી...દર્શન૦ ૨

ભક્તકલ્પતરુ ભક્તપતિ તમે, મહેર કરો મહારાજ;
સમર્થને એ વાત છે સે'લી, તેણે સરે મારાં કાજ;
થાઉં હું સુખિયો રે, પ્રભુ તમને પામી...દર્શન૦ ૩

દર્શન કારણ મન તલપે છે, નથી રહેતી હૈયે ધીર;
તે માટે વિનંતી કરી કહું છું, સુણજો શ્યામ શરીર;
હવે તો ઘણી થઈ રે, કશી ન રહી ખામી...દર્શન૦ ૪

અવગુણ ચિત્ત ધરશો નહિ મારા, નિજજનના પ્રતિપાળ;
ગુણસાગર નિજ ગુણ સંભારી, દર્શન દેજો દયાળ;
આશા મારી પૂરો રે, હરિ અક્ષરધામી...દર્શન૦ ૫

બીજી આશ તજીને તમને, વરિયા કરી અતિ પ્રીત;
તમ વિના બીજું જે જે માયિક સુખ, તે તે સર્વે અનીત;
એવું તે વિચારી રે, મતિ મારી વિસામી...દર્શન૦ ૬

હે હરિકૃષ્ણ હે કૃષ્ણ હરિ, વળી શ્રીનારાયણ નામ;
સ્વામિનારાયણ નીલકંઠ તમે, સાંભળો શ્રીઘનશ્યામ;
હાથ જોડી કહું છું રે, થઈ હું તો નિષ્કામી...દર્શન૦ ૭

જુગ જુગ પ્રગટ થઈ જન કેરા, કાજ કરો છો કરતાર;
શુકમુનિની એ જ છે વિનંતી, સુણજો કરીને વિચાર;
તો મારાં દુ:ખડાં રે, સર્વે જાય વામી...દર્શન૦ ૮

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પરિશિષ્ટ - ૧

આચાર્યશ્રીવિહારીલાલજી મહારાજ કૃત

બુદ્ધિપ્રદીપ તથા ભક્તિસિદ્ધિ ગ્રંથની વિશેષતા સહ આવશ્યકતા

દોહરા :

વદે વિહારી લાલજી, સુણો ધરીને સ્નેહ;
સૌ સત્સંગી ગૃહસ્થને, અતિ હિતકારી એહ...૧૧

જે જન પરદેશે જશે, કરવાને ઉદ્યોગ;
મળે નહિ જો તે સ્થળે, સંત તણો સંજોગ...૧૨

તો તેણે ત્યાં રાખવો, સદૈવ આપ સમીપ;
વાંચીને વળી વિચારવો, પ્રતિદિન બુદ્ધિપ્રદીપ...૧૩

શુકમુનિએ તે છે સજ્યો, ગ્રંથ ભલો ગુણવાન;
દેશ કાલ આદિક કહ્યા, ધર્માધર્મ નિદાન...૧૪

આઠે સારા સેવીએ, તો મતિ સારી થાય;
એહ અસારા સેવતાં, બુદ્ધિ બગડી જાય...૧૫

ગોપાળાનંદ સ્વામીએ, વળી રચ્યો છે ગ્રંથ;
ભક્તિસિદ્ધિ શુભ નામ છે, પવિત્ર વર્ણન પંથ...૧૬

તેમાં ધર્મ અધર્મના, સમજાવ્યા છે સર્ગ;
અધર્મ સેવ્યાથી નરક, ધર્મ થકી અપવર્ગ...૧૭

તે પણ પરદેશે જતાં, રાખે હરિજન પાસ;
નિત્ય નિત્ય તેનો કરે, અતિ હેતે અભ્યાસ...૧૮

ધર્મ સર્ગ મનમાં ધરે, અધર્મથી રહી દૂર;
તો પોતાના ધર્મથી, જન નહિ ડગે જરૂર...૧૯

તેમ જ સુત સત્સંગીના, નિશાળ ભણવા જાય;
જ્ઞાન નહિ નિજ ધર્મનું, સંગે નાસ્તિક થાય...૨૦

તે માટે બે ગ્રંથ આ, શિશુપણથી જ શિખાય;
તો દૃઢ ધર્મ દિલે ઠશે, નહિ બીજે વહી જાય...૨૧

સમજે ધર્માધર્મ નહિ, નહિ તે શિશુનો વાંક;
વાંક પિતા માતા તણો, એ તો આડે આંક...૨૨

જો પિતાજી ઇચ્છે નહિ, પુત્ર તણું કલ્યાણ;
તો તે સુતનો શત્રુ થઈ, પડે નરકની ખાણ...૨૩

વિદ્યા વ્યવહારિક ઘણી, ભણાવશે ભલી ભાત;
પણ સદ્ધર્મ ન શીખવે, તો તે મૂરખ તાત...૨૪

ભણતાં ભણતાં કંઈક તો, ગયા જ જમને ધામ;
શ્રમ સઘળો નિષ્ફળ ગયો, કાંઈ ન સુધર્યું કામ...૨૫

પ્રતિદિન સુતને પૂછવું, શું ભણી આવ્યો ભ્રાત;
કેવા જનની આગળે, સાંભળી કેવી વાત...૨૬

હરિગીત છંદ :

પછી વચન બોલે તેહમાં જો, ભ્રમીત જેવું ભાળીએ;
સમજાવીને સતધર્મ તેના, સર્વ સંશય ટાળીએ...૨૭

અંગ્રેજી જો ભણનારને મન, ગાંઠ અવળી કદી વળે;
સત્સંગી અંગ્રેજી ભણેલો, હોય તેનાથી ટળે...૨૮

નહિ સંત સમજાવી શકે, અંગ્રેજીને સંશય ઠર્યો;
પણ ગરુડ ને સંશય પડ્યો તે, કાગ ભૂષંડીએ હર્યો...૨૯

છે કેની સાથે મિત્રતા, તે તો પિતાએ જાણવી;
નાસ્તિક પ્રસંગ રખે કરે, ઉર એવી શંકા આણવી...૩૦

વિદ્યા ભણ્યો પણ ફરી ફરી, જો જન્મ મરણ રહ્યું ખરું;
તાતે ભણાવ્યું એવું તો, તે પુત્રનું શું હિત કર્યું ?..૩૧

માતા-પિતા તો તે જ સાચાં, સાચી વિદ્યા શીખવે;
નિજ પુત્ર ન પડે નરકમાં, શુભ પ્રાપ્તિ પામે પર ભવે...૩૨

ઉદરાર્થ વિદ્યા આ સમયની, ભાળી તેહ ભણાવવી;
પણ પ્રથમથી સતધર્મ વિદ્યા, જીવ માંહી જડાવવી...૩૩

સત્પુરુષનો નિત્ય સંગ કરવા, સંમતિ આપે સહી;
સ્વચ્છંદી થઈને જાય વહી, કદી એમ થાવા દે નહીં...૩૪

ભણી મોટી પદવી મેળવી, શ્રીમંત મોટો તે થશે;
પણ તન તજી જ્યારે જશે, તેમાંનું શું સાથે જશે...૩૫

સત્ધર્મના જે કર્મ તે, પરલોકે સાથે આવશે;
વળી જીવને તે જરૂર જમના, મારથી મુકાવશે...૩૬

ભણતર તણા અભિમાનમાં, ને જુવાનીના જોરમાં;
ઈશ્વર તણી તો ઓશિયાળ, ધરે નહિ તે તોરમાં...૩૭

આ જીવ કોટી કલ્પથી, ભવસિંધુમાં ભમતો ભમે;
ભગવાનની ભક્તિ વિના, નહિ સુખ મળે કોઈ સમે...૩૮

અવતાર જો આ વ્યર્થ જાશે, શી ગતિ થાશે વળી;
ખૂબ દુઃખ ચારે ખાણમાં, પછી પામશે ભવમાં ભળી...૩૯

મળશે મનુષ્યનો જન્મ વળી, ભગવાનની ભક્તિ થશે;
ત્યારે જ ભવસાગર તરી, આ જીવ મુક્તિમાં જશે...૪૦

તે કારણે નિજ તનુજને, આ સાર તો સમજાવવો;
ઉદરાર્થ વિદ્યા એ પછી, અભ્યાસ અન્ય કરાવવો...૪૧

ભુજંગી છંદ :

ભલા આર્ય ખંડે ભલો પામી દેહ, ખુએ ખાનપાનાદિમાં જન્મ જેહ;
પીડા પૂર્ણ પામે પછી એહ પાપે, પિતા જ્ઞાની તે પુત્રને જ્ઞાન આપે...૪૨

વિના કૃષ્ણ ભક્તિ વિના ધર્મ પાળે, વિના પૂર્વનાં પાપ સંચિત બાળે;
મહા કષ્ટ તેનું પછી કોણ કાપે, પિતા જ્ઞાની તે પુત્રને જ્ઞાન આપે...૪૩

ખુએ વ્યર્થ જે જન્મ માનુષ્ય જાતિ, અરે શાસ્ત્ર એને કહે આત્મઘાતી;
ખરી જીવમાં એવી તો છાપ છાપે, પિતા જ્ઞાની તે પુત્રને જ્ઞાન આપે...૪૪

ભલે પામિયો તે ભલી ખૂબ બુદ્ધિ, કરે રાજનાં કાજ ઇન્દ્રાદિ સુધી;
વૃથા તે પ્રભુનું ન જો નામ જાપે, પિતા જ્ઞાની તે પુત્રને જ્ઞાન આપે...૪૫

જુએ સર્વ વસ્તુ જુએ રંક ભૂપ, જુએ તે કદાપિ નહિ આત્મ રૂપ;
પૂરો અંધ અજ્ઞાન ને તે પ્રતાપે, પિતા જ્ઞાની તે પુત્રને જ્ઞાન આપે...૪૬

ભમી ભોગ પંચેન્દ્રિના ભોગવે છે, ગમે તેમ તે લાજ મેલી લવે છે;
મહાપાપનો ઓઘ એ સ્થિર થાપે, પિતા જ્ઞાની તે પુત્રને જ્ઞાન આપે...૪૭

અરે એ જ અજ્ઞાની પૂરો પ્રમાણો, અરે એ જ છે નીચમાં નીચ જાણો;
મહાપાપ એનું કહો કોણ માપે, પિતા જ્ઞાની તે પુત્રને જ્ઞાન આપે...૪૮

સદા સારી બુદ્ધિ ન આપે પવિત્ર, નહિ તે ગુરુ કે નહિ તેહ મિત્ર;
નહિ તેહ માતા નહિ તેહ બાપે, પિતા જ્ઞાની તે પુત્રને જ્ઞાન આપે...૪૯

ભલે તેહ સંસારમાં હોય શૂરો, પડે પંડ ત્યારે જ પસ્તાય પૂરો;
વિપત્તિ પડ્યાથી અતિશે વિલાપે, પિતા જ્ઞાની તે પુત્રને જ્ઞાન આપે...૫૦

ભલી ભક્તિસિદ્ધિ સુબુદ્ધિપ્રદીપે, દીસે ગ્રંથ બે જ્ઞાનના બેય દીપ;
જુવે વાંચી તો ચિત્તમાં જ્ઞાન વ્યાપે, પિતા જ્ઞાની તે પુત્રને જ્ઞાન આપે...૫૧

પુષ્પિતાગ્રાવૃત્ત :

પ્રિય નિજ સુતને પિતાજી જેહ, સુધરમ તત્ત્વ જણાવશે જ તેહ;
તનુજની મતિનો તપાસ રાખે, ભગવદ ભક્તિ કર્યાનું નિત્ય ભાખે...૫૨

॥ ઈતિ શ્રીઆચાર્ય વિહારીલાલજી મહારાજ વિરચિત ભક્તિસિદ્ધિ તથા બુદ્ધિપ્રદીપ ગ્રંથની વિશેષતા સહ આવશ્યકતા સમાપ્ત ॥

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પરિશિષ્ટ - ૨

બુદ્ધિપ્રદીપ ગ્રંથની ભાષા (ગુજરાતી પદ્ય)

દોહરો :

શુકમુનિએ સારો રચ્યો, બુદ્ધિ પ્રદીપ જેહ;
વદે વિહારી લાલજી, સુણો હવે સૌ તેહ...૦૧

શાર્દૂલવિક્રીડિતવૃત્ત :

શ્રીગોલોકની મધ્ય બ્રહ્મપુરમાં સર્વેશ રાજે સદા,
કોટી જીવ તણો સુમોક્ષ કરવા જન્મ્યા કૃપાથી મુદા;
ભક્તિ ધર્મ તનુજ આપ જનને એકાંત ધર્મ પ્રદ,
વંદું તે મમ ઈષ્ટને મદનનો જેણે મટાડ્યો મદ...૦૨

દોહરા :

સમરું ભક્તિ-ધર્મસુત, પુરુષોત્તમ સુખધામ;
તેની આજ્ઞાથી રચું, બુદ્ધિપ્રદીપ નામ...૦૩

એકાંતિક ભક્તિ કરે, જે જન અત્ર સદાય;
તેમાં ધર્મ કુટુંબ સહ, કરે સદૈવ સહાય...૦૪

જે છે સર્ગ અધર્મનો, તે ભક્તિ મોઝાર;
જરૂર સૌએ જાણવું, છે જ વિઘન કરનાર...૦૫

દેશાદિક જે આઠ છે, હોય શુભાશુભ જ્યાંય;
વંશ સહિત ધર્માધરમ, તેહ રહે છે ત્યાંય...૦૬

દેશ કાલ ત્રીજી ક્રિયા, ધ્યાન શાસ્ત્ર દીક્ષાય;
મંત્ર સંગ એ આઠ તો, શુભ ને અશુભ ગણાય...૦૭

એ આઠે સત અસતનાં, લક્ષણ ઉચરું આજ;
સારી રીતે સમજવા, સૌ હરિજનને કાજ...૦૮

ધર્મ વરણ આશ્રમ તણા, વર્તે જહાં વિશેષ;
માન્યો છે સતશાસ્ત્રમાં, તેને તો સત દેશ...૦૯

એકાંતિક હરિજન વસે, પ્રભુ પ્રતિમા પૂજાય;
હરિના સ્થાપિત સ્થાન જ્યાં, તે સત દેશ ગણાય...૧૦

હરિએ કે હરિના જને, જહાં કરેલ નિવાસ;
તે સઘળા સત દેશ છે, સમજે વિવેકી દાસ...૧૧

જ્યાં વર્ણાશ્રમ ધર્મ નહિ, નહિ એકાંતિક ભક્ત;
અસત દેશ એ તો કહો, જ્યાં જન વિષયાસક્ત...૧૨

નૃપ કે નૃપના નોકરો, જોરાવરીએ જોય;
પરધન પરનારી હરે, અસત દેશ એ હોય...૧૩

વ્યભિચારી નરનારીઓ, જે સ્થળ વસે વિશેષ;
ચોર ઠગારા જ્યાં ઘણા, અસત કહ્યો એ દેશ...૧૪

વસે ઘણા જે દેશમાં, મદ્ય માંસ ખાનાર;
નાસ્તિક ઝાઝા જ્યાં વસે, અસત દેશ નિરધાર...૧૫

મદ્ય માંસ તાડી તથા, અશુચિ વસ્તુઓ જેહ;
દીસે બહુ જે દેશમાં, અસત દેશ છે એહ...૧૬

વળી જે સ્થળનાં જળ થકી, વિધ વિધ ઊપજે રોગ;
પ્રતિમા નહિ જ્યાં પ્રભુ તણી, અસત દેશ સંજોગ...૧૭

હોય ભલે સત દેશ પણ, જ્યાં મરકી ફેલાય;
તો તે સ્થળ તે અવસરે, અસત તુલ્ય દેખાય...૧૮

લશ્કરનો ભય જ્યાં વધે, કે જ્યાં પડે દુકાળ;
અસત દેશ એ જાણવો, દીસે વિષમ વિકરાળ...૧૯

જ્યાં ઉદ્યમ ચાલે નહીં, જ્યાં પોષણ નવ થાય;
અસત દેશ એ જાણવો, જો નિજ વતન ગણાય...૨૦

પવિત્ર કાળ હવે કહું, વાસર વ્રતના જેહ;
દિવસો હરિના જન્મના, પર્વણી દિન પણ તેહ...૨૧

અન્નકૂટ આદિક ભલા, ઉત્સવના દિન હોય;
દીક્ષા લીધાનો દિવસ, સમજો શુભ દિન સોય...૨૨

ગ્રહણ સૂર્યનું સોમનું, કપિલા છઠ જે વાર;
ઈત્યાદિક દિવસો ભલા, પુણ્ય વૃદ્ધિ કરનાર...૨૩

થાય વળી જે દિવસમાં, મહત પુરુષ મેળાપ;
સર્વોપરી તે સમય તો, એમ જાણજો આપ...૨૪

હરિગીત છંદ :

જે સમયમાં વીજળી પડે, ભૂકંપ જ્યારે થાય છે;
ઉતપાતથી દુઃખ ઊપજે તે, અસત કાળ ગણાય છે...૨૫

ઉદ્વેગ ઊપજે અંતરે, એવા બનાવ બને જહાં;
સૌ મનુષ્યને સુખ શાંતિ ન મળે, અસત કાળ કહો તહાં...૨૬

શ્રી ધર્મપુત્રે શ્રી મુખે, જનને કહ્યા આચાર છે;
તે સર્વ કહીએ સત ક્રિયા, તે સર્વદા સુખકાર છે...૨૭

શ્રવણાદિ નવધા ભક્તિ કરવી, કર્મ ધર્મ તણું કરે;
યમ નિયમ સંત સુવિપ્ર સેવા, સત્ક્રિયા શ્રુતિ ઉચ્ચરે...૨૮

હિંસા રહિત જે જજ્ઞ કરવા, દાન દેવું સુપાત્રને;
જાત્રા કરે તે સત્ક્રિયા છે, સુમતિ માણસ માત્રને...૨૯

શ્રી ધર્મપુત્ર પ્રભુ તણી, આજ્ઞાથી અવળું થાય છે;
એ તો જરૂર અસતક્રિયા, અતિ દુઃખ અંતે થાય છે...૩૦

અપમાન સંત તણું કરે, મદ્ય માંસનું ભક્ષણ કરે;
છળ કપટ દંભ અસત્ય ભાષણ, અસત એહ ક્રિયા ઠરે...૩૧

જૂગટું રમે કે પરસ્પર, જે વચન મારે મર્મનાં;
પરનારીથી ક્રીડા કરે, લક્ષણ અસત તે કર્મનાં...૩૨

ભક્તિધર્મના પુત્ર પ્રભુનું, રૂપ અંતર આણવું;
તે દિવ્ય રૂપ દયાળુનું, સતધ્યાન જીવમાં જાણવું...૩૩

સત ધર્મ સ્થાપક રામ, કૃષ્ણાદિક જનમ જે થાય છે;
તેનું તથા પ્રતિમા તણું, તે ધ્યાન સત કહેવાય છે...૩૪

પ્રત્યક્ષ પ્રભુનાં વસ્ત્ર ભૂષણ, સ્થાન આદિક જેહ છે;
શ્રીજીનું સ્મરણ કરાવનાર, સુધ્યાન લાયક તેહ છે...૩૫

તે સ્નેહથી સંભારવા, જીવમાંહી આઠે જામ છે;
સત્સંગી સર્વે જાણજો, સત ધ્યાન તેનું નામ છે...૩૬

જે ભૂત ભૈરવ કાલિકાદિ, મલિન દેવ મનાય છે;
એવાનું ધરવું ધ્યાન તે તો, અસત ધ્યાન ધરાય છે...૩૭

આ સર્વ આત્યંતિક પ્રલયમાં, લીન અક્ષરમાં થશે;
અવિનાશી અક્ષરધામમાં, સહ મુક્ત પુરુષોત્તમ વસે...૩૮

સર્વેશ તે સૌના નિયંતા, એમ પ્રતિપાદન કરે;
સત શાસ્ત્ર તેને સમજવું, એનો જ મહિમા ઉચ્ચરે...૩૯

વળી રામ કૃષ્ણાદિક હરિ, અવતાર પ્રતિપાદન કરે;
કહે માન્ય નરનારાયણાદિક, એ જ સતશાસ્ત્રો ઠરે...૪૦

સનકાદિ શુક નારદ પ્રમુખ, હરિભક્ત એકાંતિક ભલા;
તન મૂર્તિ પ્રતિપાદન કરે, સતશાસ્ત્ર કહીએ એટલાં...૪૧

વળી વચન હરિ અવતારનાં, કે સંત વચનો જાણીએ;
જે તેનું પ્રતિપાદન કરે, સતશાસ્ત્ર તેહ પ્રમાણીએ...૪૨

છે દિવ્ય જે આકાર હરિનો, તેહનું ખંડન કરે;
છે ચર અચર આ સૌ હરિ, તે અસતશાસ્ત્ર જ ઉચરે...૪૩

જે બ્રહ્મચર્ય વિના પ્રભુની, ભક્તિ કરવાનું કહે;
એવું જ આત્મજ્ઞાન પણ, તે અસત શાસ્ત્ર વિશે રહે...૪૪

શ્રીકૃષ્ણ આદિકનાં ચરિત્ર, વિશે અસુર દૂષણ ધરે;
બહુ યુક્તિથી નિંદા કરે, એ તો અસત શાસ્ત્રો અરે...૪૫

જે માંહી તામસી દેવની, મદ્ય માંસથી પૂજા કહી;
જીવ ઘાતનો ઉપદેશ જેમાં, અસત શાસ્ત્ર જ તે સહી...૪૬

સતશાસ્ત્ર પણ જો વિમુખ વાંચે, અસત જેવું જાણવું;
પ્રભુ ભક્તિથી તે પાડી નાંખે, એમ ઉરમાં આણવું...૪૭

તુલસીની કંઠી કંઠમાં, જપમાળા શાંત દિલે બણી;
વળી વેશ દીસે શાંત તે, ભલી ભાત દીક્ષા સત ભણી...૪૮

વળી હોય શાંત સ્વભાવ, ધર્મે સહિત હરિ ભક્તિ કરે;
તે તો સમજવી સત સુદીક્ષા, એમ સંતો ઉચ્ચરે...૪૯

ભાસે ભયંકર વેશ, ક્રૂર સ્વભાવ અપશબ્દો કહે;
એ અસત દીક્ષા જાણવી, પરનારી લંપટ જે રહે...૫૦

જન જેમ જોઈ વાઘને કે, સર્પને દેખી ડરે;
એવો ભયંકર વેશ અંગે, અસત દીક્ષામાં ધરે...૫૧

મદ્ય માંસનું ભક્ષણ કરે, ન ડરે જ અલ્પ અધર્મથી;
દિલ જાણજો તે અસત દીક્ષા, ક્રૂર એવા કર્મથી...૫૨

ગાંજો તથા ભંગાદિ પાને, નેત્ર રાતાં નીરખીએ;
વ્યભિચારના કરનાર જેમાં, અસત દીક્ષા પરખીએ...૫૩

હરિ નામના જે મંત્ર તે, કલ્યાણના કરનાર છે;
સત મંત્ર સર્વે સમજવા, તે મોક્ષના દાતાર છે...૫૪

શ્રી ધર્મકુળના પૂજ્ય, વાયુપુત્ર કિંકર રામના;
સત મંત્ર તેને જાણવો, દુઃખહરણ પૂરણ કામના...૫૫

જે મંત્ર ભૈરવ કાલિકાદિક, હોય તામસી દેવના;
તે અસત મંત્ર મનાય, તેની સુજ્ઞ ન કરે સેવના...૫૬

જે ભક્ત એકાંતિક હરિના, બુદ્ધિ નિર્મલ જેહની;
જાણે વિવેકી જન સઉ, સત સંગતી તો તેહની...૫૭

ભુજંગી છંદ :

સુણો સંતનાં લક્ષણો સંભળાવું, તમારો વળી સર્વ સંશે ટળાવું;
પૂરું બ્રહ્મચર્યે સુઅષ્ટાંગ પાળે, નહિ દ્રવ્યને સંગ્રહે કોઈ કાળે...૫૮

રૂડા સંત તે તો રસાસ્વાદ ત્યાગે, હરિ કે હરિભક્તમાં સ્નેહ લાગે;
ન માની ન ક્રોધી ન ઈર્ષા લગારે, નહિ કોઈનો તે કરે દ્રોહ ક્યારે...૫૯

અદેખાઈ ત્યાગે ધરે આત્મનિષ્ઠા, નલોભી જિતેન્દ્રિયવાળા વરિષ્ઠા;
ન તૃષ્ણા સુશાંતા શુચિ સ્વાત્મ તેહ, વ્રતો નિશ્ચળે ધારિયાં અંગ એહ...૬૦

ક્ષમાળુ દયાળુ સહુના સનેહી, નહિ શત્રુતા કોઈ સાથે વિદેહી;
તથા દેહ કે દેહ સંબંધીમાંય, પદાર્થે ન કાંઈ મમત્વે જણાય...૬૧

સ્વભાવે શિલા ને પવિત્રાઈ રાખે, સુદાંતા અદંભા નહિ ગર્વ દાખે;
ધરે ધૈર્ય પોતે તપોનિષ્ઠ તેવા, સદા શાસ્ત્રના તેહ અભ્યાસી એવા...૬૨

સદા આસ્તિકા વિષયોથી વિરક્તા, સુસંતોષવાળા સ્વકીર્તિ ન વક્તા;
રહે નિશ્ચળા બુદ્ધિ શ્રીકૃષ્ણમાંય, સદા સંત સાચા જ તે તો ગણાય...૬૩

નહિ મોહવાળા નહિ તે પ્રમાદી, વિશેષે ન રાખે કદી વસ્ત્ર આદિ;
અભીતા વિવેકી પ્રભુમાં જ પ્રીતિ, બીજી વાસના તો નહિ કોઈ રીતિ...૬૪

ક્રિયા ઉલટી તો કર્યાથી જ લાજે, નહિ ગ્રામ્ય વાર્તા કરે કાંઈ કાજે;
અહિંસા ગમે ધર્મ ચાડી ન ખાય, સદા તેહ તો સંત સાચા ગણાય...૬૫

જીતે સ્વ સ્વભાવે જીતે આપ ચિત્તે, પ્રભુ મૂર્તિમાંહી ધરે ચિત્ત નિત્ય;
કરે એટલું તો થઈ શૂરવીર, સદા સત્ય ધીમાન તે સંત ધીર...૬૬

કહ્યા શાસ્ત્રમાં જે ગુણો દોષ જેહ, સ્વબુદ્ધિ થકી જાણી લે સદ્ય તેહ;
તજે દોષને તેહ દત્તાત્રી પેરે, ગુણો સંઘરે જોઈને ઠેર ઠેરે...૬૭

પ્રભુ ભક્તિ ને ધર્મના જે કુમાર, વળી રામ કૃષ્ણાદિ રૂપે થનાર;
સદા એક તે શ્રીહરિના ઉપાસી, ખરા સંત સંસારથી તે ઉદાસી...૬૮

સદા શ્રીહરિ આપ સાકાર જે છે, મહાજ્યોતિમાં બ્રહ્મધામે વસે છે;
સદા તે પ્રભુમાં અતિ જેની નિષ્ઠા, અહો જાણવા સંત એ તો વરિષ્ઠા...૬૯

લીલા જે પ્રભુના બધા જન્મ કેરી, કહે ને સુણે પ્રીતિ રાખી ઘણેરી;
તથા તેની મૂર્તિ સદા દિવ્ય જાણે, ખરા સંત તેને જ શાસ્ત્રો પ્રમાણે...૭૦

સદા આપ આત્મા થઈ બ્રહ્મરૂપ, પરબ્રહ્મનું ધ્યાન ધારે અનૂપ;
કદી કાળ ભક્તિ ન તેની વિસારે, ખરા સંત તો શાસ્ત્ર તેને જ ધારે...૭૧

કરે ભક્તિ માહાત્મ્ય જ્ઞાને સહિત, ધરે ભૂષણો શીલ સ્વભાવ નિત્ય;
રૂડા સંત એવા તણો સંગ જેહ, સઉ જાણજો સત્ય સત્સંગ તેહ...૭૨

દોહરા :

અસત જનોનો સંગ તે, અસત સંગ કહેવાય;
તેનાં લક્ષણ હું કહું, જેથી અસત જણાય...૭૩

પ્રભુ ઉપર આસ્થા નહિ, શાસ્ત્રે નહિ વિશ્વાસ;
હરિજનની નિંદા કરે, અસત પુરુષ અભ્યાસ...૭૪

સંત તણા બહુ સદ્ગુણો, બ્રહ્મચર્ય આદિક;
તે તજી અવગુણ અલ્પ ને, ઉચરે કરી અધિક...૭૫

દયા કરી જગદીશ્વરે, દીધો આ નર દેહ;
ધર્મ ભક્તિ પણ નવ ધરે, અસત પુરુષ છે એહ...૭૬

ભાગ્ય હોય કે હરિકૃપા, તો જ થાય કલ્યાણ;
એમ માની ભક્તિ ન કરે, તે નર અસત અજાણ...૭૭

પરધન પરસ્ત્રી ચોરી લે, જે વળી રમે જુગાર;
મદ્ય માંસ ભક્ષણ કરે, અસત પુરુષ આચાર...૭૮

કામી ક્રોધી લોભિયા, મદ મત્સર અભિમાન;
દંભી સ્વ કીર્તિ ઉચરે, અસત પુરુષ નાદાન...૭૯

દેખે નહિ નિજ દોષને, નિર્દય અપરંપાર;
પર જનને પીડા કરી, અન્નાદિક લેનાર...૮૦

દિવ્ય મૂર્તિ સાકારનું, ખંડન તે કરનાર;
શિશ્નોદર રત તે સદા, અસત શાસ્ત્ર પર પ્યાર...૮૧

એવા પાપી હોય જે, સંગ તેહનો જેહ;
સમજુ જન સૌ સમજજો, અસત સંગ છે એહ...૮૨

એ રીતે સત અસત આ, દેશ કાલ આદીક;
સંક્ષેપે આઠે કહ્યા, સમજી લેજો ઠીક...૮૩

દેશાદિક સત સેવતાં, બુદ્ધિ નિર્મલ થાય;
સર્ગ સહિત શુભ ધર્મ તે, તેમાં આવી વસાય...૮૪

અસત આઠ એ સેવતાં, મતિ અતિ થાય મલિન;
અધર્મસર્ગ સહિત પછી, વશી કરે સ્વાધીન...૮૫

તે માટે હરિભક્ત જે, ધર્મ સર્ગ સંયુક્ત;
એ આઠે સત સેવજો, પ્રભુ ભજી થાવા મુક્ત...૮૬

અસત સેવશે જે જનો, દેશાદિક એ અષ્ટ;
ધર્મ થકી ને ભક્તિથી, તે જન થાશે ભ્રષ્ટ...૮૭

એકાંતિક ભક્તિ કરી, ઇચ્છે અક્ષરધામ;
જેના મનમાં હોય દઢ, અંતર ધરજ્યો આમ...૮૮

દેશાદિક સત અસતનાં, લક્ષણ કરી વિચાર;
જાણે મોહ પ્રમાદ તજી, વર્તે તે અનુસાર...૮૯

દેશાદિક સત અસતમાં, ઠરે કરીને ઠામ;
સર્ગ સુધર્મ અધર્મના, તેનાં હું કહું નામ...૯૦

શ્રદ્ધા શાંતિ દયા શુચિ, ગતિ મતિ મિત્રાચારી;
ક્ષેમ તિતિક્ષા તુષ્ટિ હ્રી, ક્રિયા ભક્તિ વૃષનારી...૯૧

જ્ઞાન વિરાગ અભયપણું, સત્યાર્જવ તપ જેહ;
શૌચ ક્ષેમ ને ધૈર્ય સુખ, સ્થિરતા મૃદુત્વ તેહ...૯૨

શમ દમ તુષ્ટિ ત્યાગ મખ, ક્ષમા ઉપાસન જાણ;
સ્મૃતિ આસ્તિકતા યોગ વળી, ઉપરતિ ને કલ્યાણ...૯૩

તેજ પ્રસાદ ને અધ્યયન, વિનય મૌન મૃદુ સામ્ય;
ધ્યાન દાન બ્રહ્મજ્ઞાન વળી, ઉદ્યમ સહ ગુણ સામ...૯૪

શ્રદ્ધા આદિક સર્વ ગુણ, ધર્મ સર્ગ મોઝાર;
મુખ્ય મુખ્ય એ તો કહ્યા, મુમુક્ષુને અધિકાર...૯૫

અહંકાર મમતા મૃષા, અસુયા ચિંતા જેહ;
આશા ઈર્ષા ને તૃષા, અધર્મ સર્ગ એહ...૯૬

દંભ લોભ મત્સર તથા, રસાસ્વાદ રીષ કામ;
અનમ્ર મદ અભિમાન વળી, અસત્ય કલહકુ નામ...૯૭

કરે દ્રોહ અપવિત્રતા, મદ્યપ નહિ વિશ્વાસ;
દ્યૂત ગર્વ નાસ્તિક ચુગલ, કપટ અને બહુ આશ...૯૮

રાગ દ્વેષ ભય દુઃખ વળી, વક્રતાઈ અજ્ઞાન;
વ્યસનાલસ્ય કઠણ વચન, હિંસા પાપ નિદાન...૯૯

અહંકાર આદિક ઘણા, અધર્મ દોષ ગણાય;
તજી પ્રમાદ જન સંતને, તજવા જોગ્ય સદાય...૧૦૦

દૈવી સર્ગ સુધર્મનો, આસુરી સર્ગ અધર્મ;
ભગવદગીતામાં કહ્યો, સમજુ સમજે મર્મ...૧૦૧

જે હરિજન એકાંતિકી, ભક્તિ વિઘ્ન રહિત;
ઈચ્છે અધર્મ સર્ગ તજી, ધર્મ સર્ગ ધરી પ્રીત...૧૦૨

હરિગીત છંદ :

કલ્યાણકારી બુદ્ધિને, દીપક પ્રકાશ કરે યથા;
આ ગ્રંથ બુદ્ધિપ્રદીપ નામે, શુકમુનિ નિર્મિત તથા...૧૦૩

મમ ઈષ્ટ સહજાનંદજી, વળી સંત તેના જેહ જો;
આ ગ્રંથથી મુજ ઉપર નિત્ય, પ્રસન્ન સર્વે તે થજો...૧૦૪

આ ગ્રંથ વાંચે કે સુણે, તે ધર્મ ને ભક્તિ કરી;
વાંછી તે સકળ સુખ પામશે, શુભ ધામ અક્ષરમાં ઠરી...૧૦૫

આ ગ્રંથ વારંવાર ભણશે, ધર્મ પથથી નહિ પડે;
એવી રીતે શ્રીજી સ્વયં, ઉચર્યા વચન શ્રીમુખ વડે...૧૦૬

મુનિજન તથા સતસંગીએ, પુષ્પાદિકે પૂજ્યા અહો;
સિંહાસને રાજે સભામાં, શ્રીજી મુજ મનમાં રહો...૧૦૭

પુષ્પિતાગ્રાવૃત્ત :

શુકમુનિ કૃતે બુદ્ધિનો પ્રદીપ, જન હિત ઉદ્ધવ પંથના અધીપ;
સ્થિર વસી શુભ ધામમાં વૃતાલે, સુગમ ગિરા વિરચી વિહારિલાલે...૧૦૮

।। ઈતિ શ્રીઆચાર્ય વિહારીલાલજી મહારાજ વિરચિતે બુદ્ધિપ્રદીપ ગ્રંથની ભાષા સમાપ્ત ।।

।। સદ્. શ્રીશુકાનંદસ્વામી કૃત ગ્રંથાદિ સંપૂર્ણ ।।

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

DVD

૧. સ્નેહગીતા
૨. પંચરત્ન
૩. અક્ષરબાવની
૪. ભક્તિસિદ્ધિ
૫. બુદ્ધિપ્રદીપ
૬. વિવેકસાર
૭. સર્ગ નિસરણી
૮. મુક્તવંદના
૯. હિંડોળા ઉત્સવ
૧૦. યમદંડ
૧૧. શિક્ષાપત્રીભાષ્ય
૧૨. યુવાશિબિર
૧૩. ભાલદેશની લીલા
૧૪. કુંડળધામ દર્શન
૧૫. વિવેકશતક કથા
૧૬. મૂર્ખશતક કથા
૧૭. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૮. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૯. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૨૦. દિવ્ય દિવ્ય મહારાજ *(કીર્તન દર્શન-૫)*
૨૧. માધુરી મૂર્તિ *(કીર્તન દર્શન-૬)*
૨૨. ગઢપુર મહિમા *(કીર્તન દર્શન-૭)*
૨૩. શ્રીજીચાલીસા *(કીર્તન દર્શન-૯)*
૨૪. યુવાની એક શક્તિ *(કીર્તન દર્શન-૧૦)*
૨૫. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૨૬. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૨૭. સાગર કથા પૂર-૧ થી ૧૪

MP5

૧. ભક્તચિંતામણિ
૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. મૂર્ખશતક કથા
૧૦. વિવેકશતક કથા
૧૧. વાસુદેવમાહાત્મ્ય
૧૨. વિવેકચિંતામણિ
૧૩. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૪. કીર્તનસહ ધ્યાન
૧૫. વડતાલધામનો મહિમા
૧૬. ઐશ્વર્યપ્રકાશ
૧૭. સંત આખ્યાન(૧૨ સંતોના આખ્યાન)
- સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
- સદ્.શ્રીશુકાનંદસ્વામી
- સદ્.શ્રીઆધારાનંદસ્વામી
- સદ્.શ્રીઈશ્વરચરણસ્વામી
- સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી
- સદ્.શ્રીનૃસિંહાનંદસ્વામી
- સદ્.શ્રીસ્વરૂપાનંદસ્વામી
- સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામી
- મૂળજી બ્રહ્મચારી
- જેરામ બ્રહ્મચારી

ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૧૨. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૩. કીર્તનમાળા ભાગ : ૧, ૨
૧૪. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૫. અદ્‌ભુતાનંદસ્વામીની મૂળવાતો
૧૬. સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૧૭. સદ્.શ્રીનિત્યાનંદસ્વામીના ગ્રંથો
૧૮. શિક્ષાપત્રી
૧૯. હરિસ્મૃતિ
૨૦. હરિરસામૃત
૨૧. નિત્યનિયમ
૨૨. સંત આખ્યાન
૨૩. નિર્ગુણદાસસ્વામીની વાતો
૨૪. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૫. કીર્તન દીપાવલી ભાગ-૧
૨૬. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૨૭. શ્રીપુરુષોત્તમલીલા
૨૮. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૨૯. શ્રીસ્વા. વિચરણ લીલામૃત
૩૦. સાગર સાર ભાગ : ૧ થી ૪
૩૧. ભક્ત આખ્યાન
૩૨. સદ્.શ્રીશુકાનંદસ્વામી કૃત ગ્રંથાદિ

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर
मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत
एवं स्वरूपभक्ति निर्णय
(गुजराती अनुवाद के साथ)

संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम्
श्रीमद्‌भगवद्‌गीताभाष्यम्

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા ૨૨ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્‌ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www.swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે

સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્ગ્રંથો તથા "સત્સંગ સેવક" નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરો પણ ગોઠવવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.



“જે ભક્ત ભગવાનને સંભારે છે
તે ભક્તને ભગવાન નિરંતર
સંભારે છે...મહારાજે અમને
સહુને કહ્યું હતું કે, ‘અમારું સુખ
તથા સર્વે મોટપ તે અમે સાધુને
આપી છે, પણ એ વાત કોઈને
સમજાતી નથી. તે અમારું શું સુખ
છે ? જે કોઈ પદાર્થમાં બંધાવું
નહીં તથા કોઈ પદાર્થને અર્થે
ક્લેશ કરવો નહીં ને અખંડ
ભગવાનમાં વૃત્તિ રાખવી.”

- સદ્.શ્રીશુકાનંદસ્વામી

ISBN 978-93-83456-58-1

